# ધોળ પદ કીર્તન સુમન



પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

# ધોળ - પદ - કીર્તન સુમન

: સંકલન :

**વસંતબેન ર. પરીખ**

: પ્રકાશક :

**શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ**

'વૈષ્ણવ પરિવાર સદન', ૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

DHOL-PAD-KIRTAN SUMAN
*Compiled by* Vasantben R. Parikh

© કોપીરાઈટ : શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

**પ્રાપ્તિસ્થાન :**

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦

- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

**પ્રથમ આવૃત્તિ :** જુલાઈ - ૨૦૦૬ : દેવશયની એકાદશી - ૨૦૬૨
**બીજી આવૃત્તિ :** ફેબ્રુઆરી - ૨૦૦૮
**ત્રીજી આવૃત્તિ :** મે - ૨૦૧૭

**પુસ્તક પ્રકાશન સહાય : રૂ. ૧૦૦/-**

**મુદ્રક :**
**પુષ્ટિ પ્રિન્ટ્સ**, મહેસાણા.

---

# પ્રસ્તાવના

કલૌ કેશવ કીર્તનાત્ - કલિયુગમાં પ્રભુનાં કીર્તન - ગુણગાન એ પ્રભુને પ્રસન્ન કરવાનો સૌથી સરળ ઉપાય. પૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા સાથે કરેલાં ગુણગાન જીવને પ્રભુની સમીપ લઈ જાય છે. તેના હૃદયમાં અલૌકિક આનંદની અનુભૂતિ કરાવે છે. પ્રભુ નામસ્મરણમાં એવી અદ્‌ભુત શક્તિ છે કે મનુષ્યને ગમે તેવા વિકટ સંજોગોમાં પણ જીવન જીવવાનું બળ પૂરું પાડે છે.

આવાં ગુણગાનમાં જીવન વ્યતીત-કરનાર શ્રી વલ્લભનાં કૃપાપાત્ર એવાં ગો. વા. પ. ભ. શ્રીમતી સુમનબેન દેસાઈએ જે સ્તોત્ર-પાઠ, ધોળ-પદ-કીર્તન વગેરે સાંભળ્યાં, ગાયાં, શીખ્યાં તે સર્વ પોતાની નોંધપોથીમાં, પોતાના હસ્તાક્ષરમાં ઉતારી લીધાં. નિત્યના સત્સંગમાં શીખેલાં સ્તોત્ર-ધોળ-પદ કંઠસ્થ કરી લીધાં. નિત્ય સ્મરણ - ગુણગાન માટે એક વિશાળ સંગ્રહ તૈયાર કર્યો. હૃદયમાં પ્રભુનું સ્મરણ સતત રહે તે માટે કેવો શ્રેષ્ઠ ઉપાય!

સુમનબેનને અતિ પ્રિય એવાં આ ધોળ-પદ વગેરેને તેમના સ્મરણાર્થે પુસ્તક રૂપે પ્રકાશિત કરવાનો પ. ભ. શ્રી હસમુખભાઈ દેસાઈએ મનોરથ કર્યો અને પરિણામે આજે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

એક સારું પુસ્તક એટલે એક કીમતી ઘરેણું. ઘરેણું વ્યક્તિના શરીરને શોભાવે તેમ કોઈ વ્યક્તિની યાદમાં પ્રકાશિત કરેલું એક પુસ્તક અનેક વ્યક્તિઓના જીવનમાંથી અજ્ઞાનનો અંધકાર દૂર કરી, જ્ઞાનનો પ્રકાશ ફેલાવી, તેમના જીવનને ઝગમગાવે. હૃદયને અને સમગ્ર જીવનને ઉજ્જવળ બનાવે. સુવર્ણનાં ઘરેણાં તો કદાચ લોકરમાં પડ્યાં રહે પણ આ ઘરેણાં તો ઘરના કબાટમાં રહીને પણ કબાટની અને ઘરની શોભા વધારે. વ્યક્તિની સંસ્કારિતાનો - ભગવદ્‌પ્રેમનો - ભગવદ્‌નામ ઉપરના પ્રેમનો ખ્યાલ આપે.

શ્રીમતી સુમનબેનના સંગ્રહને વ્યવસ્થિત કરી. જુદા જુદા વિભાગોમાં એને વહેંચી, એમને પ્રિય એવા સ્તોત્ર-પાઠ-ધોળ-કીર્તન વગેરેનો સમાવેશ કરી, સર્વ વૈષ્ણવોને ભગવદ્ ગુણગાન માટે ઉપયોગી થાય તેવા એક પુસ્તક રૂપે તેને પ્રકાશિત કરવાની સેવા શ્રી નવનીતભાઈ સી. શાહ અને શ્રી હસમુખભાઈ દેસાઈએ મને સોંપી, એ દ્વારા મને પણ ભગવદ્ ગુણગાનમાં બે ઘડી જીવ્યાનો આનંદ પ્રાપ્ત કરાવ્યો, તે માટે આ બંને ભગવદીયોનો હું આભાર માનું છું. ઝાલોદથી શ્રી મહેન્દ્રભાઈ દેસાઈએ તે માટે મને માર્ગદર્શન આપ્યું, વારંવાર પુસ્તકના કાર્ય માટે ફોન કરી તેનું સ્મરણ કરાવ્યું, તે માટે હું તેમની આભારી છું, તેમજ શ્રીવલ્લભસાખીના ભાવાર્થના પ્રકાશનની અનુમતિ આપવા બદલ શ્રીવલ્લભ સેવા પ્રચાર કેન્દ્રના શ્રી જિતેન્દ્રભાઈ પરીખ તથા અનુવાદક શ્રી ભાઈલાલભાઈ શં. શેઠનો પણ આભાર માનું છું.

આ પુસ્તકના પ્રકાશન માટે કાંકરોલી યુવરાજ પ. પૂ. ગો. ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહોદયશ્રીના આશીર્વાદ પ્રાપ્ત થયા છે, એ અમારું સૌભાગ્ય છે. તે માટે આપશ્રીનો ઋણસ્વીકાર કરું છું.

શ્રી હસમુખભાઈ અને શ્રીમતી સુમનબેનના, વિશાળ સંગ્રહને આ પુસ્તકમાં પૂર્ણ રીતે સમાવી શકાયો નથી તે માટે તેઓ મને ક્ષમા કરશે તેવી વિનંતી સાથે વિરમું છું.

- **વસંતબેન પરીખ**

# અનુક્રમણિકા

ક્રમ વિગત પાન. નં.

### શ્રીનાથજીનાં ધોળ

૧ ચાલો તો શ્રીજી જઈએ રે ૧
૨ સાચા સગા છો શ્રીનાથજી ૨
૩ વાંકે અંબોડે શ્રીનાથજીને ૨
૪ મારું મન મોહ્યું રે ૩
૫ શ્રીજી મેરા એસા રસિયા ૩
૬ આજની સોહાગી બહેનો ૪
૭ સૈયર મન મોહ્યું શ્રીનાથજીના ૪
૮ ગિરીકંદરામાંથી પ્રકટ થયા પ્રભુ ૫
૯ શ્રીનાથજીનું વદન કમળ ૭
૧૦ શ્રીજીબાવા તારો છેડો નહીં છોડું હું ૮
૧૧ આજ મારા મંદિરયામાં મહાલે ૮
૧૨ શ્યામ રંગ સમીપે ન જાવું ૯
૧૩ વ્રજના રસિયા શ્રી ગોવર્ધનનાથજી ૧૦
૧૪ શ્રીજી દોટ મુકી આવજો ૧૧
૧૫ શ્રી ગોવર્ધનનાથજી નોંધારાના નાથજી ૧૨
૧૬ શ્રીજી બાવા દિનદયાળા ૧૩
૧૭ નાના સરખા શ્રીનાથજી ૧૩
૧૮ શ્રી ગોવર્ધનવાસીનું પદ ૧૪

### શ્રી મહાપ્રભુજીનાં ધોળ

૧૯ આજે વધામણાં ચંપારણ્ય ધામમાં ૧૬
૨૦ મેરે ગુરૂ શ્રીવલ્લભ ૧૭
૨૧ શ્રીમદ્ વલ્લભાધીશ ૧૭
૨૨ મોટાં છે વન મોટાં ઝાડવાં રે લોલ ૧૮
૨૩ શ્રી લક્ષ્મણભટ્ટજીનું ધામ રે ૧૯
૨૪ વલ્લભના નામની હો કંઠી છે ડોકમાં ૨૦
૨૫ મેરો તો આધાર શ્રીવલ્લભ કે ૨૦
૨૬ જાય છે, જાય છે, જાય છે રે ૨૧
૨૭ શ્રી વલ્લભ શરણંમમ ૨૨
૨૮ આજની સોહાગી બેનો ૨૨
૨૯ નીરખી આનંદ આનંદ થાય ૨૩
૩૦ પ્રગટ્યા શ્રી વલ્લભરાય આજે ૨૪
૩૧ આજનો લ્હાવો લીજીયે રે ૨૫
૩૨ શ્રી લક્ષ્મણ ભટ્ટ ઘેર આજ રે વધામણાં ૨૫
૩૩ શ્રી વલ્લભવર ઘેર આવિયા રે ૨૮

ક્રમ વિગત પાન. નં.
૩૪ શ્રી લક્ષ્મણ સુતને હું નમું ૨૮
૩૫ ભક્તિકા ડંકા ભારતમેં ૩૦
૩૬ જી રે વૈશાખ વદી એકાદશી ૩૧
૩૭ વલ્લભનો કક્કો ૩૧
૩૮ પ્રગટ્યા દૈવી જીવ તારવા ૩૩
૩૯ મારા મહાપ્રભુજી ને ઉપરણો ધોતી ૩૫
૪૦ વિનંતી ૩૬
૪૧ શ્રી મહાપ્રભુજીને નિત્ય સંભારીએ જો ૩૬
૪૨ શ્રીમદ્ વલ્લભ કહો ૩૭
૪૩ શ્રી વલ્લભ પ્રગટ્યા એ પ્રગટ્યા ૩૮
૪૪ આંખ મારી મીચું ત્યાં ૩૯
૪૫ આજે મારે આનંદ ઉર ન સમાય ૪૦
૪૬ મંદિરને દ્વાર મેં તો બાંધ્યા તોરણિયાં ૪૧
૪૭ સખી આંબો રોપિયો ૪૧
૪૮ હું તો માંગુ શ્રી મહાપ્રભુજી એટલું રે ૪૩
૪૯ ચંપારણ્ય ચાલો સખી સ્નેહથી ૪૩

### શ્રી ગુંસાઈજીનાં ધોળ

૫૦ આજ સૈયર રે વધામણાં ૪૫
૫૧ વલ્લભને દ્વાર રે આનંદ અપાર રે ૪૬
૫૨ આજે આનંદ મારા રે અંગમાં ૪૬
૫૩ લીલી પાંદડીએ લીલી પાંદડીએ ૪૭
૫૪ પ્રગટે શ્રી વિઠ્ઠલનાથ ૪૮
૫૫ આજ મારા આંગણિયામાં ૪૯

### શ્રી ગોકુલનાથજીની વધાઈ

૫૬ રૂક્મિણી જાયો શ્રીવલ્લભલાલ ૫૦
૫૭ પ્રાકટ્ય અતુલ પ્રકટ ભયો સુનકે ૫૦

### શ્રી યમુનાજીનાં ધોળ

૫૮ ધન્ય શ્રી યમુના મા ૫૧
૫૯ દરશન દ્યો મા શ્રીયમુનાજી ૫૨
૬૦ મહારાણીમા મલકે છે ૫૩
૬૧ એવાં શ્રીયમુનાજીનાં નામ ૫૪
૬૨ ઘરચોળું પહેરીને યમુના પ્રીતમ જોડે ૫૪
૬૩ આજ જમુનાજી પધાર્યા મારે ઘેર રે ૫૫
૬૪ મેં તો જુગલ સ્વરૂપે જોયાં ૫૬
૬૫ યમુનામાના છે ગંભીર ઘણાં નીર ૫૭

ક્રમ વિગત પાન. નં.
૬૬ શ્રી જમુનાજી તો પ્રીતમનાં પટરાણી ૫૮
૬૭ આવ્યાં શ્રીયમુનાજીનાં નોતરાં ૫૯
૬૮ મા વૃંદાવનની કુંજમાં શ્રી જમુનાજી ૬૦
૬૯ જુઓ જુઓ મહારાણીજીનાં રૂપ ૬૦
૭૦ યમુનાના નીર અતિ ઊંડા સાહેલડી ૬૧
૭૧ શ્રીમહારાણીજીના પાન કરને તું પ્રાણી રે ૬૨
૭૨ ગંગા ને યમુના બે સૈયર ૬૩
૭૩ તમારા ચરણોમાં રહે મારું મન ૬૪
૭૪ ઉત્તમ વ્રત એકાદશી, સાહેલી રે ૬૫
૭૫ જનમ ધરી શ્રી જમુનાજીમાં ન્હાઈએ ૬૬
૭૬ શ્રીયમુનાજીની ધૂન ૬૭

### શ્રી હરિરાયજીનાં ધોળ

૭૭ ભાદરવો ભલે આવિયો ૬૮
૭૮ આવ્યા આવ્યા રે ગોકુળ કેરા રાજિયા ૬૯

### શ્રીકૃષ્ણલીલાનાં ધોળ

૭૯ આનંદ સાગર ઉમટ્યો રે લોલ ૭૦
૮૦ અતિ રે આનંદભર્યા આવે મારે અંગે ૭૨
૮૧ આજે વધામણાં રે ગોકુલ ગામમાં ૭૩
૮૨ આજે ગોકુળિયામાં નવરંગ નોબત વાગે જો ૭૪
૮૩ ધન્ય આઠો અંધારી રાત ૭૪
૮૪ મને મારું ગોકુલ યાદ બહુ આવે ૭૬
૮૫ શ્રીકૃષ્ણ કમલમુખ નિરખવા ૭૭
૮૬ અમને વહાલો લાગે છે બેની ૭૭
૮૭ આજે આનંદ મારે અતિ ઘણો ૭૮
૮૮ બધી સખીઓએ રે ૭૯
૮૯ આજ ગઈ'તી કાલિંદીને તીર રે ૭૯
૯૦ હું શું જાણું જે વહાલે ૮૦
૯૧ અલબેલા પ્રાણ આધાર રે ૮૧
૯૨ મણિમય ભૂમિ મહાવનમાં ૮૧
૯૩ બાલુડા બાલકૃષ્ણ જોઈને ૮૨
૯૪ રજભર્યા મારા લાલ લાડીલા ૮૨
૯૫ ધન્ય આજની ઘડી રળિયામણી ૮૩
૯૬ છેલડા હો છેલડા ૮૪

### રાસલીલાનાં ધોળ

૯૭ સખી આજરે વાગે ૮૫
૯૮ વ્હાલા મારા વૃંદાવનને ચોક ૮૬
૯૯ વૃંદાવન ગ્યાં'તા રે ૮૭
૧૦૦ તું તો શું મધુર વાગી ૮૭

ક્રમ વિગત પાન. નં.
૧૦૧ મારા વહાલાના વનમાંય ૮૯
૧૦૨ મીઠી લાગે છે મુને ૮૯
૧૦૩ બંસરી બજાવે કાન ૯૦
૧૦૪ વ્હાલો મારો કુંજમાં ૯૦
૧૦૫ મીઠા મીઠા નાદ વેણુના ૯૧
૧૦૬ રસિયે વગાડી રંગ વાસળી ૯૨

### હોળી લીલાનાં ધોળ

૧૦૭ હોળી આવી છે ૯૩
૧૦૮ કાન ગોવાળા ૯૪
૧૦૯ હોરી મારે ખેલવી છે ૯૪
૧૧૦ હોળી રમે ૯૫
૧૧૧ ગોકુળનો ગિરધારી ૯૬
૧૧૨ ફાગણ ચાલ્યો જાય રે ૯૬
૧૧૩ પિચકારી મને નવ મારશો ૯૭
૧૧૪ બરસાને આવજો રે ૯૮
૧૧૫ મેં તો કેસૂડાં ઉકાળી ગગરા ભર્યા ૯૯

### વિવિધ ધોળ

૧૧૬ અધિક માસનું ધોળ ૧૦૦
૧૧૭ સાંઝીનું ધોળ ૧૦૧
૧૧૮ ચતુઃશ્લોકીનું ધોળ ૧૦૪
૧૧૯ નવરત્નનું ધોળ ૧૦૫
૧૨૦ સિદ્ધાંત રહસ્યનું ધોળ ૧૦૭
૧૨૧ શ્રીકૃષ્ણાશ્રયનું ધોળ ૧૦૮
૧૨૨ શ્રીમદ્ ભાગવત રૂપી આંબાનું ધોળ ૧૦૯
૧૨૩ અષ્ટસખા અને અષ્ટદ્વારનું ધોળ ૧૧૦
૧૨૪ અષ્ટસમય અને અષ્ટસખાની ભાવનાનું ધોળ ૧૧૧
૧૨૫ વ્રજ પરિક્રમાનું ધોળ ૧૧૪
૧૨૬ દાણનું ધોળ ૧૧૫

### વૈષ્ણવ ભગવદીયનાં ધોળ

૧૨૭ શ્રી દામોદરદાસ હરસાનીજીનું ધોળ ૧૧૮
૧૨૮ હો હો રે મારો. ૧૧૯
૧૨૯ સત્સંગી વૈષ્ણવ પધાર્યા રે ૧૨૦
૧૩૦ 'તાદૃશી જન'નું ધોળ ૧૨૧
૧૩૧ આયે મેરે નંદનંદનકે ૧૨૨
૧૩૨ હોં વારિ ઈન વલ્લભીયન પર ૧૨૨

### બોધ-સિદ્ધાંત-દીનતા-આશ્રય-વિરહ-વિનંતીનાં ધોળ પદ

૧૩૩ સૂરદાસજીનું બોધ કીર્તન ૧૨૩

| ક્રમ | વિગત | પાન. નં. |
|---|---|---|
| ૧૩૪ | વહાલો મારો શ્રદ્ધાની | ૧૨૬ |
| ૧૩૫ | જયશ્રીકૃષ્ણ કહેવાની | ૧૨૬ |
| ૧૩૬ | કનૈયા તારો છે આધાર | ૧૨૭ |
| ૧૩૭ | નિશ્ચેના મહેલમાં વસે મારો વહાલમો | ૧૨૭ |
| ૧૩૮ | સત્સંગનો રસ ચાખ ઓ પ્રાણી | ૧૨૮ |
| ૧૩૯ | ગોપીજનના રે પ્રાણ મારા. | ૧૨૮ |
| ૧૪૦ | કાગળ શ્રીનાથજી વાંચીને | ૧૨૯ |
| ૧૪૧ | શ્રીજી બાવા દીન દયાળા | ૧૩૦ |
| ૧૪૨ | સાચા સંબંધી રે | ૧૩૧ |
| ૧૪૩ | અંતકાળે હરિનું સ્મરણ | ૧૩૧ |
| ૧૪૪ | અષ્ટાક્ષર મહામંત્ર | ૧૩૨ |
| ૧૪૫ | પુષ્ટિમાર્ગના પાંચ તત્ત્વ | ૧૩૨ |
| ૧૪૬ | શ્રી કૃષ્ણ: શરણં મમ એ મંત્ર સદાયે જપતો જા | ૧૩૩ |
| ૧૪૭ | જય શ્રી કૃષ્ણ | ૧૩૪ |
| ૧૪૮ | વિનંતીનું ધોળ | ૧૩૫ |
| ૧૪૯ | અષ્ટાક્ષરનું પદ | ૧૩૫ |
| ૧૫૦ | શ્રીવલ્લભ તુમ શરણાગત આયો | ૧૩૬ |
| ૧૫૧ | આશરો એક દૃઢ | ૧૩૬ |
| ૧૫૨ | શ્રીવલ્લભ પ્રભુના અંગની ભાવના | ૧૩૭ |
| ૧૫૩ | હરિજન સંગ છિનક જો હોઈ | ૧૩૭ |
| ૧૫૪ | પ્રભુ જન પર પ્રસન્ન જબ હોઈ | ૧૩૮ |
| ૧૫૫ | જા દિન સંત પાહુને આવત | ૧૩૮ |
| ૧૫૬ | હમારે શ્રી વિઠ્ઠલનાથ ધની | ૧૩૮ |
| ૧૫૭ | સબતેં શ્રી વલ્લભ નામ ભલો | ૧૩૮ |
| ૧૫૮ | ગોવર્ધનકી રહીએ તરેટી | ૧૩૯ |
| ૧૫૯ | વૃંદાવન એક પલક જો રહીએ | ૧૩૯ |
| ૧૬૦ | ભરોસો શ્રીવલ્લભ કો હી ભારી | ૧૩૯ |
| ૧૬૧ | ભરોસો દૃઢ ઈન ચરનન કેરો | ૧૩૯ |
| ૧૬૨ | એકડે એક મંગળાની રાખો ટેક | ૧૪૦ |

**વિવિધ આરતીઓ**

| ક્રમ | વિગત | પાન. નં. |
|---|---|---|
| ૧૬૩ | શ્રીમહાપ્રભુજીની આરતી | ૧૪૧ |
| ૧૬૪ | મંગલા આરતી (નિત્યની) | ૧૪૧ |
| ૧૬૫ | મંગલા આરતી | ૧૪૨ |
| ૧૬૬ | શ્રીયમુનાજીની આરતી | ૧૪૩ |
| ૧૬૭ | જય જય મહારાણી યમુના | ૧૪૩ |
| ૧૬૮ | જન્માષ્ટમીની આરતી | ૧૪૪ |
| ૧૬૯ | શ્રી મહાપ્રભુજીના ઉત્સવની આરતી | ૧૪૫ |
| ૧૭૦ | શ્રી ગુસાંઈજીના ઉત્સવની આરતી | ૧૪૫ |
| ૧૭૧ | રાજભોગ આરતી | ૧૪૫ |
| ૧૭૨ | સંધ્યા આરતી | ૧૪૬ |
| ૧૭૩ | શયન આરતી | ૧૪૬ |
| ૧૭૪ | ગુરુદેવની આરતી | ૧૪૬ |

**નિત્યનાં પદ**

| ક્રમ | વિગત | પાન. નં. |
|---|---|---|
| ૧૭૫ | જય જય શ્રીવલ્લભ પ્રભુ | ૧૪૭ |
| ૧૭૬ | ગાઉં શ્રીવલ્લભ ધ્યાઉં શ્રીવલ્લભ | ૧૪૭ |
| ૧૭૭ | જય જય શ્રીવલ્લભ નંદ | ૧૪૮ |
| ૧૭૮ | પ્રાતસમેં શ્રીવલ્લભ સુતકો | ૧૪૮ |
| ૧૭૯ | લાલન જાગો હો ભયો ભોર | ૧૪૮ |
| ૧૮૦ | લાલકો મુખ દેખન હોં આઈ | ૧૪૮ |
| ૧૮૧ | પ્રાત સમે ઘર ઘર તે | ૧૪૯ |
| ૧૮૨ | છગન મગન પ્યારે લાલ | ૧૪૯ |
| ૧૮૩ | હોં બલિ બલિ જાઉં | ૧૪૯ |
| ૧૮૪ | કમલનયન હરિ કરોં કલેવા | ૧૫૦ |
| ૧૮૫ | જો કોઈ શ્રીયમુના નામ સંભારે | ૧૫૦ |
| ૧૮૬ | શ્રીયમુનાજી તિહારો દરસ મોહી ભાવે | ૧૫૦ |
| ૧૮૭ | જગતમેં શ્રીયમુનાજી પરમ કૃપાલ | ૧૫૧ |
| ૧૮૮ | શ્રી જમુના યહ પ્રસાદ હોં પાઉં | ૧૫૧ |
| ૧૮૯ | મંગલ મંગલ વ્રજભૂમિ મંગલ | ૧૫૧ |
| ૧૯૦ | મંગલ આરતી ગોપાલકી | ૧૫૨ |
| ૧૯૧ | આજ નંદલાલ મુખચંદ નૈનન નિરખ | ૧૫૨ |
| ૧૯૨ | આજ ઊઠિ ભોર નવકુંજ કાનન સખિ | ૧૫૨ |
| ૧૯૩ | ગોવર્ધનગિરિ સઘન કંદરા | ૧૫૩ |
| ૧૯૪ | કમલસી અઁખિયા લાલ તિહારી | ૧૫૩ |
| ૧૯૫ | કહો તુમ સાંચી કહાં તે આયે | ૧૫૩ |
| ૧૯૬ | આયે મેરે ભોર પિયારે | ૧૫૪ |
| ૧૯૭ | આવન કહ ગયે અજહુ ન આયે | ૧૫૪ |
| ૧૯૮ | સાંઝકે સાંચે બોલ તિહારે | ૧૫૪ |
| ૧૯૯ | લટપટી પાગકે પેચ સંવારો | ૧૫૪ |
| ૨૦૦ | હરિજસ ગાવત ચલી વ્રજસુંદરી | ૧૫૫ |
| ૨૦૧ | હમારો અંબર દેહો મુરારિ | ૧૫૫ |
| ૨૦૨ | આવો ગોપાલ સિંગાર બનાઉં | ૧૫૫ |
| ૨૦૩ | ભોગ સિંગાર મૈયા સુન મોકોં | ૧૫૬ |
| ૨૦૪ | પ્રાતસમય ગિરિધર રાધા દાઉ | ૧૫૬ |
| ૨૦૫ | સોભા આજ ભલી બન આઈ | ૧૫૭ |
| ૨૦૬ | સુતહી જિમાવત જશોદા મૈયા | ૧૫૭ |
| ૨૦૭ | લાલકો મીઠી ખીર જો ભાવે | ૧૫૭ |
| ૨૦૮ | આજ ગોપાલ પાહુને આયે | ૧૫૭ |
| ૨૦૯ | આજ હમારે ભોજન કીજે | ૧૫૮ |
| ૨૧૦ | ભોજન કરત પિય અરુ પ્યારી | ૧૫૮ |
| ૨૧૧ | મોહન જેંવત છાક સલોની | ૧૫૮ |
| ૨૧૨ | આજ દધિ મીઠો મદન ગોપાલ | ૧૫૯ |
| ૨૧૩ | અચવન કીજે કૃપા નિધાન | ૧૫૯ |
| ૨૧૪ | પાન ખવાવત કર કર લીરી | ૧૫૯ |
| ૨૧૫ | બાત હિલગકી કાસોં કહિયે | ૧૬૦ |
| ૨૧૬ | જાકો મન લાગ્યો ગોપાલસોં | ૧૬૦ |
| ૨૧૭ | સુંદર મુખકી હોં બલબલ જાઉં | ૧૬૦ |
| ૨૧૮ | બૈઠે હરિ રાધે સંગ | ૧૬૧ |
| ૨૧૯ | ચલો કિન દેખન કુંજ કુટિ | ૧૬૧ |
| ૨૨૦ | સુબલ શ્રીદામા કહ્યો સખનસો | ૧૬૨ |
| ૨૨૧ | પ્રીતમ પ્રીતિ હી તે પૈયે | ૧૬૨ |
| ૨૨૨ | બિરાજત બનમાલા જુ ગરે | ૧૬૨ |
| ૨૨૩ | ઝુકિ રહી સુન મુરલીકી ટેર | ૧૬૩ |
| ૨૨૪ | બ્યારુ કરત હૈ ઘનશ્યામ | ૧૬૩ |
| ૨૨૫ | હસિ હસિ દૂધ પીવત નાથ | ૧૬૩ |
| ૨૨૬ | સોહત ગિરિધર નાસિકા ગજ મોતી | ૧૬૪ |
| ૨૨૭ | યહ મન લાગ્યો રી મેરો | ૧૬૪ |
| ૨૨૮ | માન ન કીજે પિયસો બાવરી | ૧૬૪ |
| ૨૨૯ | રાધિકા આજ આનંદ મેં ડોલે | ૧૬૫ |
| ૨૩૦ | પૌઢે માઈ મદનમોહન શ્યામ | ૧૬૫ |
| ૨૩૧ | કુંજ મહલમેં પોઢે દોઉ | ૧૬૫ |
| ૨૩૨ | સખિયન રુચિ રુચિ સેજ બનાઈ | ૧૬૬ |
| ૨૩૩ | જાગો હો તુમ નંદકિશોર | ૧૬૬ |
| ૨૩૪ | લાલ માઈ કરત કલેઉ ભોર | ૧૬૬ |
| ૨૩૫ | બોલે માઈ ગોવર્ધન પર મુરવા | ૧૬૭ |
| ૨૩૬ | દેખો માઈ એ બડભાગી મોર | ૧૬૭ |
| ૨૩૭ | શોભા માઈ સબ દેખનકી બહાર | ૧૬૭ |
| ૨૩૮ | આરોગત નાગર નંદકિશોર | ૧૬૮ |
| ૨૩૯ | ઘૂમિ ઘૂમિ ઘટા આઈ | ૧૬૮ |
| ૨૪૦ | લાડિલો લડયાય બુલાવત ધેનુ | ૧૬૮ |
| ૨૪૧ | લાલ માઈ ભીંજત આયે ગેહ | ૧૬૯ |
| ૨૪૨ | બ્યારુ કરત હૈ મોહનલાલ | ૧૬૯ |
| ૨૪૩ | રાધે રૂપકી ઘટા હો | ૧૬૯ |
| ૨૪૪ | તેરો મન ગિરિધર બિનુ ન રહેગો | ૧૭૦ |
| ૨૪૫ | દોઉ મિલિ પોઢે ઊંચી અટા હો | ૧૭૦ |
| ૨૪૬ | સોવત નીંદ આઈ ગઈ સ્યામહિ | ૧૭૦ |

**વર્ષોત્સવનાં પદ**

| ક્રમ | વિગત | પાન. નં. |
|---|---|---|
| ૨૪૭ | સબે મિલિ મંગલ ગાવો માઈ | ૧૭૧ |
| ૨૪૮ | રાની તેરો ચિરંજીયો ગોપાલ | ૧૭૧ |
| ૨૪૯ | હેરી હે આજ નંદરાયકે | ૧૭૧ |
| ૨૫૦ | સબ ગ્વાલ નાચે ગોપી ગાવે | ૧૭૨ |
| ૨૫૧ | હરિ જન્મત હી આનંદ ભયો | ૧૭૩ |
| ૨૫૨ | યહ ધન ધર્મ હી તે પાયો | ૧૭૩ |
| ૨૫૩ | ધન્ય રાની જસુમતિ ગૃહ | ૧૭૩ |
| ૨૫૪ | યહ નિત નેમ જશોદાજુ મેરે | ૧૭૪ |
| ૨૫૫ | માઈરી કમલનયન શ્યામસુંદર | ૧૭૪ |
| ૨૫૬ | પ્રગટ્યો સબ વ્રજકો શૃંગાર | ૧૭૪ |
| ૨૫૭ | હમારો દાન દેહો ગુજરેટી | ૧૭૫ |
| ૨૫૮ | મેરી ભરી મટુકિયાં લે ગયો | ૧૭૫ |
| ૨૫૯ | આજ દધિ કંચન મોલ લઈ | ૧૭૫ |
| ૨૬૦ | અહો વિધના તોપે અચરા પસારિ | ૧૭૫ |
| ૨૬૧ | હરિકો વામનરૂપ બનાયો | ૧૭૬ |
| ૨૬૨ | અરી તુમ કોન હો રી | ૧૭૬ |
| ૨૬૩ | મુરલી હરીકો નાચ નચાવત | ૧૭૭ |
| ૨૬૪ | દેખો દેખો રી નાગર નટ | ૧૭૭ |
| ૨૬૫ | ચલહુ રાધિકે સુજાન | ૧૭૮ |
| ૨૬૬ | ધનતેરસ દિન અતિ સુખદાઈ | ૧૭૮ |
| ૨૬૭ | દેખો ઈન દીપનકી સુંદરાઈ | ૧૭૮ |
| ૨૬૮ | સુરભિ કાન જગાય ખરિકે | ૧૭૯ |
| ૨૬૯ | ગોકુલકો કુલદેવતા પ્યારો | ૧૭૯ |
| ૨૭૦ | બડડેનકો આગે દે ગિરિધર | ૧૮૦ |
| ૨૭૧ | નીકી ખેલી ગોપાલકી ગૈયા | ૧૮૦ |
| ૨૭૨ | દેખોરી હરિ ભોજન ખાત | ૧૮૦ |
| ૨૭૩ | બલિહારી ગોપાલકી ગોવર્ધન ધાર્યો | ૧૮૧ |
| ૨૭૪ | ચિરંજીયો લાલ ગોવર્ધનધારી | ૧૮૧ |
| ૨૭૫ | ભાઈદૂજ જાનિકે જસુમતિ | ૧૮૧ |
| ૨૭૬ | પ્રથમ ગોચારન ચલે ગોપાલ | ૧૮૨ |
| ૨૭૭ | દેવ જગાવત જશોદા મૈયા | ૧૮૨ |
| ૨૭૮ | મૈયા મોહિ ઐસી દુલહની ભાવૈ | ૧૮૨ |

ક્રમ વિગત પાન. નં.
૨૭૯ શ્રીવિઠ્ઠલ મંગલરૂપ નિધાન ૧૮૩
૨૮૦ સુનોરી આજ નવલ બધાયો હૈ ૧૮૩
૨૮૧ જે વસુદેવ કિયે પૂરન તપ ૧૮૪
૨૮૨ શ્રી વલ્લભનંદન રૂપ અનૂપ ૧૮૪
૨૮૩ શ્રીવલ્લભ પ્રભુ કરુનાસાગર ૧૮૫
૨૮૪ જાગિ હો લાલ ગુપાલ ૧૮૫
૨૮૫ કરો કલેઉ કહત જશોદા ૧૮૬
૨૮૬ પ્રથમ સમાજ આજ વૃંદાવન ૧૮૬
૨૮૭ શ્રી પંચમી પરમ મંગલ દિન ૧૮૬
૨૮૮ ખેલત બસંત નિસ પિય સંગ જાગી ૧૮૭
૨૮૯ શ્યામ સુભગતન સોભિત છીટેં ૧૮૭
૨૯૦ જશોદા નહીં બરજે અપનો લાલ ૧૮૮
૨૯૧ હરિરિહ વ્રજયુવતી શતસંગે ૧૮૮
૨૯૨ શ્રીગિરિધરલાલકી બાનિક ઉપર ૧૮૯
૨૯૩ વંદો પદ પંકજ વિઠ્ઠલેશ ૧૮૯
૨૯૪ આજ બસંત બધાયો હૈ ૧૯૦
૨૯૫ હરિજુકે આવનકી બલિહારી ૧૯૦
૨૯૬ શ્રી ગોવર્ધનકી શિખર ચારૂ પર ૧૯૧
૨૯૭ શ્રી રાધાપ્યારી નવલબિહારી ૧૯૧
૨૯૮ ચલિ રાધે તોહિ શ્યામ બુલાવે ૧૯૧
૨૯૯ ખેલત ખેલત પોઢિ શ્રી રાધા ૧૯૨
૩૦૦ ખિલાવન આવેગી વ્રજનારી ૧૯૨
૩૦૧ ઐસે રીઝે ભીજે આયેરી લાલ ૧૯૨
૩૦૨ રંગનિ રંગ હો હો હો હોરી ૧૯૩
૩૦૩ મોહન પ્રાતહી ખેલત હોરી ૧૯૩
૩૦૪ ઘોષ નૃપતિ સુત ગાઈએ ૧૯૩
૩૦૫ હોરી ખેલત સાંવરો ૧૯૫
૩૦૬ શ્રીગિરિવર ધારી લાલ છબિલો ૧૯૫
૩૦૭ બરસાનેકી નવલ નારિ મિલિ ૧૯૬
૩૦૮ નેક મોહોડો માંડન દેહો ૧૯૬
૩૦૯ લાગ્યો રે લાગ્યો મોસો હોરી ખેલન ૧૯૭
૩૧૦ લાલ તુમ ખેલો હોરી ૧૯૭
૩૧૧ ચલે હરિ ભાવતે રસ લેન ૧૯૭
૩૧૨ મનમોહન અદ્ભુત ડોલ બની ૧૯૭
૩૧૩ મદનગોપાલ ઝૂલત ડોલ ૧૯૮
૩૧૪ બ્રજકી તોહિ લાજ મુકુટવારે ૧૯૮
૩૧૫ કાન્હા ધર્યો રે મુકુટ ૧૯૮
ક્રમ વિગત પાન. નં.
૩૧૬ આજુ બધાઈ મંગલ ચાર ૧૯૯
૩૧૭ પ્રગટે કૃષ્ણાનન દ્વિજરૂપ ૧૯૯
૩૧૮ હોં જાચક શ્રીવલ્લભ તિહારો ૧૯૯
૩૧૯ કેસરકી ધોતી પહિરે ૨૦૦
૩૨૦ રુચિર પદ કમલ શ્રી વલ્લભાધીશકે ૨૦૦
૩૨૧ પ્રગટે પુષ્ટિમહારસ દેન ૨૦૦
૩૨૨ પ્રગટ વ્હે મારગ રીત દિખાઈ ૨૦૧
૩૨૩ રાજત રથ બૈઠે પિય પ્યારી ૨૦૧
૩૨૪ આજ માઈ રથ બૈઠે ગિરિધારી ૨૦૨
૩૨૫ તેસોઈ વૃંદાવન તેસીયે હરિતભૂમિ ૨૦૨
૩૨૬ ઝૂલત સાંવરે સંગ ગોરી ૨૦૨
૩૨૭ ઝૂલત ગોકુલચંદ હિંડોરે ૨૦૩
૩૨૮ ઝૂલત લાલ ગોવર્ધનધારી ૨૦૩
૩૨૯ હિંડોરે માઈ કુસુમન ભાંત બનાઈ ૨૦૩
૩૩૦ માઈ ફૂલકો હિંડોરો બન્યો ૨૦૪
૩૩૧ ઝૂલત વલ્લભવર સુખદાઈ ૨૦૪
૩૩૨ પવિત્રા પહેરે નંદકુમાર ૨૦૪
૩૩૩ શ્રાવણમાસ શુક્લ એકાદશી ૨૦૫
૩૩૪ પવિત્રા પહેરત ગિરિધરલાલ ૨૦૫
૩૩૫ રાખી નંદલાલ કર સોહે ૨૦૫

**સ્તોત્ર પાઠ**

૩૩૬ શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્ ૨૦૬
૩૩૭ શ્રી દૈન્યાષ્ટકમ્ ૨૦૭
૩૩૮ શ્રીકૃષ્ણશરણાષ્ટકમ્ ૨૦૯
૩૩૯ શ્રી અષ્ટાક્ષર મંત્રાર્થનિરૂપણમ્ ૨૧૧
૩૪૦ શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્ ૨૧૫
૩૪૧ શ્રીનંદકુમારાષ્ટકમ્ ૨૧૭
૩૪૨ શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકી ૨૧૮
૩૪૩ જન્મવૈફલ્યનિરૂપણાષ્ટકમ્ ૨૧૯
૩૪૪ શ્રીગોકુલાષ્ટકમ્ ૨૧૯
૩૪૫ શ્રીગોકુલેશાષ્ટકમ્ ૨૨૦
૩૪૬ શ્રીકૃષ્ણજપમાળા ૨૨૨
૩૪૭ ભક્તિપોષણ ૨૩૦
૩૪૮ બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ ૨૫૫
૨૪૯ શ્રીવલ્લભસાખી ૨૫૭
૩૫૦ શ્રીયમુનાજીનાં ૪૧ પદ ૨૮૨
૩૫૧ પુષ્ટિમાર્ગીય સંક્ષિપ્ત સેવારીતિ ૨૯૪

# શ્રીનાથજીનાં ધોળ

## ચાલો તો શ્રીજી જઈએ રે

ચાલો તો શ્રીજી જઈએ રે, શ્રીમુખ સુંદર જોવાને.
આવો તો તત્પર થઈએ રે, શ્રીમુખ સુંદર જોવાને.
મને ઘરમાં લાગે ઘેલું રે, શ્રીમુખ સુંદર જોવાને.
હું તો કાંઈ ન સમજુ પેલું રે, શ્રીમુખ સુંદર જોવાને.
હું તો ઘરનો ધંધો ભૂલી રે, શ્રીમુખ સુંદર જોવાને.
હું તો અંગો અંગે ફૂલી રે, શ્રીમુખ સુંદર જોવાને.
મને ભૂખે ભોજન નવ ભાવે રે, શ્રીમુખ સુંદર જોવાને.
સેજડીએ નિદ્રા ન આવે રે, શ્રીમુખ સુંદર જોવાને.
મારા મનમાં મન્મથ વસિયા રે, શ્રીમુખ સુંદર જોવાને.
મુરલીમાં કામણ કીધાં રે, શ્રીમુખ સુંદર જોવાને.
મારાં મન હરીને લીધાં રે, શ્રીમુખ સુંદર જોવાને.
કોઈ નંદજીનો લાલ મિલાવો રે, શ્રીમુખ સુંદર જોવાને.
જશોદાજીના પ્રાણ આધાર રે, શ્રીમુખ સુંદર જોવાને.
એવા રસિકરાય ગિરિધારી રે, શ્રીમુખ સુંદર જોવાને.
દાસનો દાસ જાય બલિહારી રે, શ્રીમુખ સુંદર જોવાને.

⁂

## સાચા સગા છો શ્રીનાથજી

સાચા સગા છો શ્રીનાથજી સોહાગી મારે,
સાચા સગા છો શ્રીનાથજી... ૧.
બીજું સગું તે સૌ મુખથી કહેવાનું,
દુ:ખમાં નહિ આવે કોઈ સાથજી... સોહાગી. ૨.
અખિલ બ્રહ્માંડના ઈશ છે એ મહાપ્રભુ,
જગતની દોરી જેને હાથજી... સોહાગી. ૩.
એ પ્રભુને છોડી બીજે જ્યાં જ્યાં ભટકવું,
ત્યાં ત્યાં ધુમાડાના બાથજી... સોહાગી. ૪.
'ગોપાલલાલ' એમના ચરણમાં જવાને,
શરણે પડયો છું અનાથજી... સોહાગી. ૫.

❀

## વાંકે અંબોડે શ્રીનાથજીને

વાંકે અંબોડે શ્રીનાથજી ને સુંદર શ્યામ સ્વરૂપ,
શ્રી વલ્લભસુત સેવા કરે, એ શ્રી ગોકુલના રે ભૂપ. ૧.

પાઘ બાંધે વહાલો જરકસી, ને સુંદર વાઘા સાર,
પટકા તે છે પચરંગના, સજીયા તે સોળે શૃંગાર. ૨.

કેસરી તિલક સોહામણા, નાસિકા વેસર સાર,
ચિબુકની અતિ કાંતિ છે, કંઠે મોતીના હાર. ૩.

હડપચીએ હીરલો ઝગમગે, તેના તેજ તણો નહીં પાર,
અધર બિંબ એ રસિક છે, ઝળકે તે જ્યોત પ્રકાશ. ૪.

બાંહે બાજુબંધ બેરખા, હરિના ખીંટળિયાળા કેશ,
નિરખ્યા ને વળી નિરખશું, એનો પાર ના પામે શેષ. ૫.

ડાબી બાજુએ ગિરિવર ધર્યો, જમણે કટિ મધ્ય હાથ,
કૃપા કરો શ્રીનાથજી, મ્હારા હૈડાં તે ટાઢા થાય. ૬.

પાયે ઘૂઘરી રણઝણે, મોજડીએ મોતીના હાર,
કૃપા કરો શ્રીનાથજી બલિહારી તે માધવદાસ. ૭.

માધવદાસ કહે હરિ, મારું માગ્યું આપો ને મહારાજ,
વળી વળી કરું વિનતી, મને દેજો ને વ્રજમાં વાસ. ૮.

❀

## મારું મન મોહ્યું રે

મારું મન મોહ્યું રે, શ્રીગિરિધરલાલને લટકે,
લટકે ને વળી મટકે, મારું મન મોહ્યું રે શ્રી ગિરિધરલાલને લટકે.

મોર મુકુટ મકરાકૃત કુંડલ, પીતાંબરને પટકે... મારું૦
વેણુ વગાડી વ્હાલે વશ કરી લીધાં, વેંત વાંસલડીના કટકે... મારું૦

હું જલ જમુના ભરવા ગઈ'તી, હેલ ચડાવીને અટકે... મારું૦
'વલ્લભ'ના સ્વામી સંગ રંગભર રમતાં, ઘર ખોયા નવ ખટકે... મારું૦

❀

## શ્રીજી મેરા એસા રસિયા

શ્રીજી મેરા એસા રસિયા, મુજને બોલાવે વહાલો ઘડી ઘડી
મોર મુકુટ પીતાંબર સોહે, બંસી બજાવે વહાલો તાન ભરી ॥૧॥

સબ સખીયનમેં રાસ રચ્યો હે, દરસન દે વ્હાલો ઘડી ઘડી,
દોડ દોડ દરસનકું જાવે, ઝાપટ વાગે તડા તડી ॥૨॥

ચાર ચોકકો મંદિર બનાયો, આપ બિરાજે વહાલો છપરતરી,
'નંદદાસ' પ્રભુકી છબિ નિરખત, શ્રીજી કે ચરણમેં જાય પરી ॥૩॥

## આજની સોહાગી બહેનો

આજની સોહાગી બહેનો શ્રીજીદ્વાર ચાલો,
આજની બડભાગી બહેનો શ્રીજીદ્વાર ચાલો. (૧)

નિકુંજ નાયકને નયણે નીરખવા,
પ્રેમ રસનું પાન કરવા શ્રીજી દ્વાર ચાલો. (૨)

મંગલા કરો શૃંગાર કરો, ગ્વાલનાં દર્શન કરો,
રાજભોગની ઝાંખી કરવા શ્રીજીદ્વાર ચાલો. (૩)

ફૂલ ઘરમાં ફૂલ ભરવા, પાનઘરમાં બીડાં કરવા,
શાક ઘરની સેવા કરવા શ્રીજી દ્વાર ચાલો. (૪)

સેવા કરો દર્શન કરો જમના જળના બેડાં ભરો,
મીસરી ઘરમાં મીસરી ભરવા શ્રીજી દ્વાર ચાલો. (૫)

નાથુવાસમાં શ્રીનાથજીનાં ગૌમાતા બિરાજે,
કછવાઈમાં ગોઠ કરવા શ્રીજી દ્વાર ચાલો. (૬)

લેહરિયાં પહેરો, ચૂંદડી પહેરો, રંગબેરંગી સાડી પહેરો,
મહાપ્રસાદનો સ્વાદ લેવા શ્રીજી દ્વાર ચાલો. (૭)

⁂

## સૈયર મન મોહ્યું શ્રીનાથજીના...

સૈયર મન મોહ્યું શ્રીનાથજીને લટકે,
હાંરે એના લટકે મટકે ને પીળે પટકે... સૈયર૦ (૧)

હાંરે કીધું કામણ મોરલીના કટકે,
હાંરે એનાં કુટિલ નેણ બાણ હૈયે અટકે... સૈયર૦ (૨)

હાંરે ધમકતી શી ચાલે ચિત્ત ચટકે,
હાંરે એનું રૂપ જોઈ કાળજું છટકે... સૈયર૦ (૩)
હાંરે એની છેલ છબીલી છબી ખટકે,
હાંરે એને જોયા વિના જીવ મારો ઝટકે... સૈયર૦ (૪)
હાંરે છૂટી લટો આવી ભાલ પર લટકે,
હાંરે જાણે અધરપાન કરે આવી ગટકે... સૈયર૦ (૫)
હાંરે મોટા મુનિજન મોહ્યા છે જેને મટકે,
હાંરે તેનો વિરહ થતાં ફાટી મરું ફટકે... સૈયર૦ (૬)
હાંરે એનાં ચરણ કમળમાં ચિત્ત ભટકે,
હાંરે 'લાલાલહેરી'ને બોલાવી લેશો લટકે... સૈયર૦ (૭)

⁂

## ગિરિકંદરામાંથી પ્રકટ થયા પ્રભુ

*(અ.સૌ. શ્રીજશોદાબેટીજી કૃત શ્રીનાથજીના પ્રાગટ્યનું ધોળ)*

ગિરિકંદરામાંથી પ્રકટ થયા પ્રભુ, આપ ગોવર્ધનનાથ રે,
નંદ જશોમતિ કેરા લાલા, વ્રજ સૌ કીધું સનાથ, ગોવર્ધન રસિયા રે,

મારે મન વસિયા વ્રજનાથ, મધુરું વ્હાલો હસિયા રે. (ટેક)

શ્રાવણ સુદ પાંચમના દહાડે, થયું ભુજા દરશન રે,
ગિરિકંદરામાં બિરાજે મારો વહાલો, શું કહું પ્રસન્ન વદન. ગો૦

ઘણા દિવસ ભુજાનું પૂજન, ચાલ્યું તે વ્રજમાંય રે,
દૂધ લઈને સ્નાન કરાવે, મહિમા કહ્યો ન જાય. ગો૦

છિદ્ર સહિત શિલા ગિરિવરની, તેમાં શ્યામ સ્વરૂપ રે,
એક ગાય ત્યાં નિત્ય જાય છે, દૂધ સ્રવે તદ્ રૂપ. ગો૦

એક બ્રાહ્મણની ગાય હતી તેણે, પૂછી ગોવાળિયાને પેર રે,
દૂધ ઘટે છે નિત્ય કેમ મારું, દોહી લઈ જાય તું ઘેર. ગો૦

ત્યારે ગોવાળિયાએ એમ કહ્યું જે, ખબર કાઢું નિરધાર રે,
કોણ પ્રકાર થાય છે આ ગૌનો, કહું સમજાવી સાર. ગો૦

સાંજ સવાર ગૌ ટોળામાંથી, ગિરિવર ઉપર જાય રે,
ઊભી રહીને દૂધ સ્રવે નિત્ય, પ્રાણજીવનને પાય. ગો૦

ગૌ પ્રકાર જોઈ ગોવાળિયો, બ્રાહ્મણને લાવ્યો સંગ રે,
અચરજ જોઈ વિસ્મય થયું મન, કહાવ્યું સૌને ઉમંગ. ગો૦

સૌ વ્રજવાસી ગિરિ પર આવ્યા, બોલ્યા મુખથી બોલ રે,
કોઈ દેવતા કે દ્રવ્ય હોય એમ, કીધો મુખથી તોલ. ગો૦

ગિરિ શિલા ઉંચકીને જોયું, તો દીઠા સુંદર શ્યામ રે,
પૂછયું દેવતા પર્વત કેરા, શું છે તમારું નામ. ગો૦

પ્રાણજીવન ત્યારે એમ બોલ્યા કે, દેવદમન મુજ નામ રે,
મહિમા ચાલ્યો વ્રજમાં ઝાઝો, પૂર્ણ કરે મન કામ. ગો૦

દૂધ દહીં વ્રજવાસી કેરા, આરોગે નંદલાલ રે,
ઝારખંડમાં જઈ શ્રીમહાપ્રભુજીને, આજ્ઞા કરી તત્કાલ. ગો૦

ઈન્દ્ર, નાગ ને દેવદમન તે, પ્રગટ થયા વ્રજમાંહે રે,
ગિરિવર ઉપર આપ પધારી, સેવા ચલાવો ત્યાંહ. ગો૦

શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા, સદુપાંડેને ઘેર રે,
વચન સુણ્યાં ગિરિવર પ્રભુનાં, વાત પૂછી કરી પેર. ગો૦

સદુપાંડે શ્રીમહાપ્રભુજીને, કહે છે પ્રાગટ્યનો પ્રકાર રે,
દેવદમન નામે પ્રગટ્યા છે, મહિમા અપરંપાર. ગો૦

ગિરિવર ઉપર આપ પધાર્યા, સામા મળ્યા નિજનાથ રે,
અંગોઅંગ ભેટી સુખ ઉપન્યું, જોડ્યા પછી બેઉ હાથ. ગો૦

ગોવર્ધન ઉદ્ધરણ ધીરનું, નામ ધર્યું શ્રીનાથરે,
મોરપિચ્છનો મુગટ ધરાવ્યો, બંસી દીધી હાથ. ગો૦

પાટે બેસાડીને ભોગ ધરાવ્યો, ત્યાંથી પધાર્યા આપ રે,
'નિજજન' મન આનંદ વધાર્યો, દૂર કીધા તન તાપ... ગો૦

## શ્રીનાથજીનું વદનકમળ

જેણે એકવાર શ્રીનાથજીનું વદનકમળ જોયું.

મનુષ્ય દેહ ધર્યો તેનો સફળ છે,
જન્મ મરણ દુઃખ ખોયું....જેણે૦

કોટિ કલ્પનું મેલું થયેલું મન,
એક પલકમાં ધોયું....જેણે૦

મેવાડ દેશમાં બિરાજે મારો વહાલમો,
શેષ શંકરે ચિત્ત પ્રોયું....જેણે૦

કમળ ચોક રતન ચોક જગમોહન જોયું,
રળ્યો એક બાકી સર્વે ખોયું,....જેણે૦

'દયા'ના પ્રીતમજીશું પ્રીત નથી જેને,
માતપિતા નામને વગોવ્યું.....જેણે૦

⁂

## શ્રીજીબાવા તારો છેડલો નહીં છોડું હું

*(રચના : પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયા)*

શ્રીજીબાવા તારો છેડલો નહીં છોડું રે,
આ જગત છૂટે તો એને છોડું હું. શ્રીજીબાવા૦ (૧)

તું ભલે તરછોડે તડપાવે મને,
નેહનો નાતો કદી નવ તોડું હું. શ્રીજીબાવા૦ (૨)

જેમ નીરખે છે ચકોરી ચંદ્રને,
એમ મુખથી નેણ હવે માંડુ હું. શ્રીજીબાવા૦ (૩)

મનનો માલિક એક તું છે વ્હાલા,
મનની સાંકળને બીજાથી છોડું હું. શ્રીજીબાવા૦ (૪)

માટલું આ પ્રણયનું છલકાવજે,
તું ન છલકાવે તો એને ફોડું હું. શ્રીજીબાવા૦ (૫)

શ્રાવણીને શ્રીજી તું સંભાળજે,
શ્રાવણી કહે છે શરણ ના છોડું હું. શ્રીજીબાવા૦ (૬)

❀

## આજ મારા મંદિરિયામાં મહાલે...

આજ મારા મંદિરિયામાં મહાલે શ્રીનાથજી,
જોને સખી કેવા રૂમઝુમ ચાલે શ્રીનાથજી. આજ૦

સખી જશોદાનો જાયો ને નંદનો દુલારો,
મંગળાની ઝાંખી કેવી આપે શ્રીનાથજી. આજ૦

સુંદર એવા મેવાડ દેશમાં રહેતા શ્રીનાથજી,
નિત નવાં દર્શન વૈષ્ણવોને દેતા શ્રીનાથજી. આજ૦

જરકસી જામા પહેરી ઊભા શ્રીનાથજી,
આખા જગના સાચે સાચા સુબા શ્રીનાથજી. આજ૦

માથે મુગટ ભાલે તિલક શોભે શ્રીનાથજી,
બંસરીનો સૂર મીઠો લાગે શ્રીનાથજી. આજ૦

કાને કુંડળ નાકે નથની શ્રીનાથજી,
હડપચીના હીરલા ઉપર વારી જાઉં શ્રીનાથજી. આજ૦

મોતી માળા મોહન માળા શોભે શ્રીનાથજી,
પુષ્પની માળા ઉપર વારી જાઉં શ્રીનાથજી. આજ૦

બાંહે બાજુબંધને હાથે પોંચી શ્રીનાથજી,
કેડના કંદોરા ઉપર વારી જાઉં શ્રીનાથજી. આજ૦

પાયે નૂપુર ઝીણાં શોભે શ્રીનાથજી,
ઝાંખી કરતાં ગોપીઓનાં મન લોભે શ્રીનાથજી. આજ૦

વૈષ્ણવજનને અતિ વહાલા શ્રીનાથજી,
દેજો અમને વ્રજમાં વાસ શ્રીનાથજી. આજ૦

❀

## શ્યામ રંગ સમીપે ન જાવું

શ્યામ રંગ સમીપે ન જાવું મારે,
આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું.

જેમાં કાળાશ તે તો સહુ એક સરખું,
સર્વમાં કપટ હશે આવું... મારે૦

કોકિલાનો શબ્દ હું સુણું નહિ કાને,
કાગવાણી શકુનમાં ન લાવું... મારે૦

નીલાંબર કાળી કંચુકી ન પહેરું,
જમુનાના નીરમાં ન નહાવું... મારે૦

મરકત મણિ ને મેઘ દૃષ્ટે ન જોવા,
જાંબુ વંત્યાક ના ખાવું... મારે૦

'દયા' ના પ્રીતમ સાથે મુખે નિયમ લીધો,
પણ મન કહે છે પલક ના નિભાવું... મારે૦

❀

## વ્રજના રસિયા શ્રીગોવર્ધનનાથજી

વ્રજના રસિયા શ્રીગોવર્ધનનાથજી
વ્રજના રસિયા, વ્રજમાં વસિયા, શ્રીગોવર્ધનનાથજી.

તમ કાજે અહીં વ્રજ વસાવ્યું, સૌએ હાથોહાથજી,
વ્રજમાં ગિરિવર, વ્રજમાં જમુના, ચંદ્રસરોવર ઘાટજી.

'ગોવિંદ' 'કૃષ્ણ' 'હરે' 'મુરારિ' શોભે વ્રજની વાટજી,
વ્રજમાં ગોકુલ, વ્રજમાં નંદગામ, લઈ આવો બરસાના સાથજી.

વ્રજમાં કુંજ-નિકુંજ, વ્રજમાં ભૂમિ હરિયાળી, બારેમાસ મલ્હારજી,
લઈ આવો શુક, મયુર, કોકિલ, તે વિણ કોણ ગાય સારંગ જી.

વ્રજમાં સુખદ વાયુ, જમુના જળ મીઠું, હરિત તૃણ વળી ઝાઝું જી,
ગોચારણ કાજે લઈ આવો નવલખ ગાયનાં ઝુંડ જી.

વ્રજમાં આવ્યા, વ્રજવાસી સાથ લાવ્યા, લાવ્યા વલ્લભનાથજી,
રાધા-માધવ સંગે ખેલે, નર્તન વ્રજની સહુ બાલ જી.

ધન્ય ધન્ય વ્રજની ભૂમિને, ધન્ય આ ધરતીનાં ભાગ્ય જી,
બલિગૃહે આપ પધાર્યા, અસુરજન કરવા નિહાલ જી.

❀

## શ્રીજી દોટ મૂકી આવજો

*(રચના : પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયા)*

સાત સાગર પાર શ્રીજી દોટ મૂકી આવજો;
સાથે શ્રીયમુનાજી અને વલ્લભ પ્રભુને લાવજો.
સાત સાગર... ૧.

વ્રજભૂમિનાં સુખ દોહ્યલાં શ્રીનાથજી તમે લાવજો;
ગિરિરાજ ગોવર્ધન અને કુંજો કદમની લાવજો.
સાત સાગર... ૨.

ગોપ ગોપીજન અને શ્રીરાધિકાજીને લાવજો;
ગોલોક-ગોકુળની બધી લીલા, પ્રભુ! અહીં સ્થાપજો.
સાત સાગર... ૩.

વલ્લભ પ્રભુનાં વ્હાલીડાં, વિઠ્ઠલ પ્રભુનાં લાડીલાં;
સાતે સ્વરૂપ બાળક સહિત, દર્શન જીવોને આપજો.
સાત સાગર... ૪.

વૈષ્ણવજનોનાં ચિત્તમાં ભક્તિ, દૃઢાશ્રય સ્થાપજો;
પ્રતિબંધકારક તંતુઓ, વચલા સહુના કાપજો.
સાત સાગર... ૫.

વર્ષો થયાં વિખૂટા પડ્યાં, શ્રીનાથજી સાંભળજો;
વ્યાકુળ હૃદયના જીવને શ્રીનાથજી ઉગારજો.
સાત સાગર... ૬.

જેવાં છીએ તેવાં પ્રભુ! નિજનાં કરીને માનજો;
દોષો ઘણા પડશે છતાં દૃષ્ટિ દયાની રાખજો.
સાત સાગર... ૭.

અધિકાર કહેવાનો નથી તોયે કહે છે 'શ્રાવણી';
વૈષ્ણવજનોની આંખનાં આંસુ, પ્રભુ! તમે લૂછજો.
સાત સાગર... ૮.

* * *

### શ્રીગોવર્ધનનાથજી નોંધારાના નાથજી

શ્રીગોવર્ધનનાથજી નોંધારાના નાથજી,
પકડો મારો હાથજી શ્રીગોવર્ધનનાથજી.

ગોવર્ધન કર ધાર્યો છે, ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો છે,
ભક્તોનો ભય ટાળ્યો છે, શ્રીગોવર્ધનનાથજી.

કેસર તિલક બીરાજે છે, માથે મુગટ શોભે છે,
દેખી દુખડાં ભાગે છે, શ્રીગોવર્ધનનાથજી.

કાને કુંડલ લટકે છે નાકે મોતી ઝળકે છે,
દેખી મુખડું મલકે છે, શ્રીગોવર્ધનનાથજી.

કર કમળની છડી છે પીળો પટકો ઓપે છે,
દેખી દિલડું લોભે છે, શ્રીગોવર્ધનનાથજી.

પીળાં પીતાંબર શોભે છે ચરણે ઝાંઝર ઝમકે છે,
દેખી હૈયું હરખે છે, શ્રીગોવર્ધનનાથજી.

હસ્તમાં કંકણ શોભે છે, મુખ પર મોરલી સોહે છે,
દેખી મનડું મોહે છે, શ્રીગોવર્ધનનાથજી.

શ્રીજી હૈયે આવોને, મારા તાપ મિટાવોને,
ગોવિંદ મુખ દેખાવો રે, શ્રીગોવર્ધનનાથજી.

* * *

### શ્રીજીબાવા દીનદયાળા

શ્રીજીબાવા દીનદયાળા ભક્ત તમારો જાણજો,
હરિગુણ ગાતાં દોષ પડે તો સેવા અમારી માનજો.
હું અપરાધી કાંઈ ન સમજું નામ તમારું અપાર છે,
મેવાડમાં પ્રભુ તમે વસીને દર્શન દેવા આવજો.
ગૌલોક વાસી વ્રજનાવાસી બુદ્ધિ અમારી સુધારજો,
જન્મમરણના બંધન છૂટે એવી બુદ્ધિ આપજો.
અંતઃસમય પ્રભુ દયા કરીને દર્શન દેવા આવજો,
દાસ ઉપર પ્રભુ દયા કરીને ચરણ શરણમાં રાખજો.

* * *

### નાના સરખા શ્રીનાથજી

નાના સરખા શ્રીનાથજી, નાના નાના રે હાથ,
નાની લકુટિઓ કરગ્રહી, સુંદર દીસો છો પ્રાણનાથ... નાના૦
નાના સરખા ગોવાળિયા, નાની સરખી રે ગાય,
માથે શિંગડી રે શોભતી, ગૌધન ચારવાને જાય... નાના૦

નાની બંસીરે કરગ્રહી, હર્યાં ગોપીનાં મન,
રૂડો નંદજીનો લાડિલો, રૂડું શ્રીવૃંદાવન... નાના૦

નાની સરખી રે મોજડી, નાના સરખા રે પાય,
પાયે રણઝણ ઘૂઘરી, અણવટ વિછુવા સાર... નાના૦

પ્રભુજીના મુખે મોરલી, વાઇ વેણુ રસાલ,
શબ્દે મોહી રે ગોપિકા, રોતાં મેલ્યાં છે બાળ... નાના૦

કાલિંદીને કાંઠડે ઊભા, વગાડો છો વેણ,
જાવા દો ને રે જાદવા, કે વ્રજમાં થાશે પોકાર..... નાના૦

આંગળી સાહીને તાણશો, પ્રભુ મારું ધ્રુજે છે અંગ,
સઘળી ગોપિકાઓ આવશે, તમને ઘેરશે મહારાજ... નાના૦

કે બંસીબટના ચોકમાં, ઊભા વજાડો છો વેણ,
માધવદાસની વિનંતી આપો શ્રી વ્રજમાં વાસ... નાના૦

⁂

## શ્રીગોવર્ધનવાસીનું પદ

શ્યામવરણ ગિરિવરધરણ ગોપીજન ચિત્તચોર,
બ્રજરાજકુંવર જીયમેં બસો, સુન્દર નંદકિશોર.

શ્રી ગોવર્ધનવાસી સાંવરે લાલ, તુમ બિન રહ્યો ન જાય હો,
વ્રજ રાજ લડેતે લાડિલે (ધ્રુવપદ)

બંક ચિત્તોં મુસિકાયકે લાલ, સુંદર બદન દિખાય,
લોચન તલફે મીન જ્યોં લાલ, પલ છિન કલ્પ વિહાય હો.

સપ્તક સ્વર બંધાન સોં લાલ, મોહન વેણુ બજાય,
સુરત સુહાઈ બાંધિકે નેક, મધુર મધુર સ્વર ગાય હો.

રસિક રસીલી બોલની લાલ, ગિરિ ચઢ ગૈયાં બુલાય,
ગંગ બુલાઈ ઘુમરી નેંક, ઊંચી ટેર સુનાય હો.

દ્રષ્ટિ પરી જા દિન તેં લાલ, તબ તેં રૂચે નહિ આંન,
રજની નીંદ ન આવહી મોહે, વિસર્યો ભોજન-પાન હો.

દર્શનકો નૈનાં તપે લાલ, બચન સુનન કો કાન,
મિલવેકો હિયરો તપેં, મેરે જીય કે જીવનં પ્રાન હો.

મન અભિલાષા વ્હૈ રહી લાલ, લગત ન નયન નિમેષ,
એક ટક દેખું આવતો પ્યારો, નાગર નટવર ભેષ હો.

પૂરણ શશિ-મુખ દેખકેં લાલ, ચિત્ત ચોંટયો વાહી ઠોર,
રૂપ સુધા રસ પાન કેં લાલ, સાદર ચંદ્ર ચકોર હો.

લોક લાજ કુલ વેદકી લાલ, છાંડયો સકલ વિવેક,
કમલ કલિ રવિ જ્યોં બઢે લાલ, ક્ષણ ક્ષણ પ્રીત વિશેષ હો.

મન્મથ કોટિક વારને લાલ, દેખત ડગમગી ચાલ,
યુવતી જન મન ફંદના લાલ, અમ્બુજ નયન વિશાલ હો.

યહ રટ લાગી લાડિલે લાલ, જૈસે ચાતક મોર,
પ્રેમ નીર બરખા કરો લાલ, નવ ઘન નંદકિશોર હો.

કુંજ ભવન ક્રીડા કરો લાલ, સુખનિધિ મદન ગોપાલ,
હમ શ્રી વૃન્દાવન માલતી, તુમ ભોગી ભ્રમર ભૂપાલ હો.

યુગ યુગ અવિચલ રાખિયેં લાલ, યહ સુખ શૈલ નિવાસ,
શ્રી ગોવર્ધન ધર રૂપપેં, બલ જાય ચતુર્ભુજદાસ હો.

⁂ ⁂ ⁂

# શ્રીમહાપ્રભુજીનાં ધોળ

## આજે વધામણાં રે ચંપારણ્ય ધામમાં

આજે વધામણાં રે ચંપારણ્ય ધામમાં,
શ્રીલક્ષ્મણ ઘેર વલ્લભ પ્રભુ પ્રગટ્યા. વધામણાં રે૦

ઘર ઘરથી આવ્યા છે વૈષ્ણવ ટોળે મળી,
નવા નવા સહુ સાજ જો સજાવ્યા. વધામણાં રે૦

નિરખી રહ્યા સૌ હૈયે આનંદભરી,
શ્રીવલ્લભ મુખ જોઈ હરખાયા. વધામણાં રે૦

ચંપારણ્ય ધામમાં નંદ મહોત્સવ છાયો,
નાચતાં ગોપ ગોપી આવ્યાં. વધામણાં રે૦

ચંપારણ્યની ગલીઓમાં દહીં-દૂધ વેરાયાં,
ગુલાલને પુષ્પો વરસાવ્યાં. વધામણાં રે૦

પુષ્ટિનો નાથ ઝૂલે સોનાના પારણે,
દાસ 'ગોપીજન' આનંદ પામે. વધામણાં રે૦

⁂

---

## મેરે ગુરુ શ્રીવલ્લભ

મેરે ગુરુ શ્રીવલ્લભ
જુગ જુગ રાજ કરો. (૨)... મેરે ગુરુ શ્રીવલ્લભ

સમરથ ગુરુ હમારે, શ્રીવલ્લભ નામ હૈ,
વ્રજ કે ચંદ્ર સમાન હૈ...
મેરે ગુરુ શ્રીવલ્લભ

દિયો બ્રહ્મસંબંધ, લીયો શરણમેં
પધરાઈ પ્રભુ કી સેવા, કૃપાદૃષ્ટિ કી ખાન હૈ...
મેરે ગુરુ શ્રીવલ્લભ

અતિ દયાલુ, અતિ કૃપાલુ, કિયો પુષ્ટિ પ્રકાશ
દેવી જીવકે નાથ હૈ...
મેરે ગુરુ શ્રીવલ્લભ

નંદાલય કે બાલવિહારી, નિકુંજ કે યુગલવિહારી,
સદા સેવામેં રખિયો દાસી તિહારી હૈ...
મેરે ગુરુ શ્રીવલ્લભ

⁂

## શ્રીમદ્ વલ્લભાધીશ...

શ્રીમદ્ વલ્લભાધીશ, મારા શિર પર ગાજે છે;
બાંધી પ્રીત એમની સાથ, મારા શિર પર ગાજે છે.
ગાજે છે ગાજે છે, મારા હૈયામાં એ નાચે છે. શ્રીમદ્. (૧)

હવે ભય રહ્યો મને શાનો, મને મળ્યા શ્રીવ્રજનો રાણો;
એણે ગ્રહ્યો મારો હાથ, મારા શિર પર ગાજે છે. શ્રીમદ્. (૨)

ભલે દુરીજન દેખી દાઝે, ભલે જગત રૂઠે સંગાથે;
પણ નહિ છોડું એ નાથ, મારા શિર પર ગાજે છે. શ્રીમદ્૦ (૩)
જોયું મેં જગ સર્વ તપાસી, જુઠી જગ માયાની ફાંસી;
નવ દીઠો કશામાં સાર, મારા શિર પર ગાજે છે. શ્રીમદ્૦ (૪)
એને પલ પણ નહિ વિસારું, જેણે ચિત્તડું ચોર્યુ મારું;
નવ લોક લાજ ગણકારું, મારા શિર પર ગાજે છે. શ્રીમદ્૦ (૫)
એક વલ્લભવર અલબેલા, નિરખ્યા બધાથી નિરાળા,
વૈશ્વાનર વલ્લભ રૂપ, મારા શિર પર ગાજે છે. શ્રીમદ્૦ (૬)
એ છે અદેય દાનના દાતા, તેથી નિજ્જન સર્વે પોષાતા;
ભાવાત્મક રસ ભરપૂર, મારા શિર પર ગાજે છે. શ્રીમદ્૦ (૭)
સોહંતા ભાવ છટાથી, વનરાવન રમિયા રસદાની;
ઉર વસો સદા એ નાથ, મારા શિર પર ગાજે છે. શ્રીમદ્૦ (૮)

⁂

## મોટાં છે વન મોટાં ઝાડવાં રે લોલ

મોટાં છે વન મોટાં ઝાડવાં રે લોલ, એથી મોટું છે જનમ સ્થાનજો...
શ્રીમહાપ્રભુજીની જોડ જગમાં નહીં મળે રે લોલ...
શ્રીવલ્લભની જોડ જગમાં નહીં મળે રે લોલ...
બ્રહ્મસંબંધ આપ્યાં જીવને રે લોલ, સોંપ્યો છે શ્રીજીને હસ્ત જો...
પુષ્ટિમાર્ગને સ્થાપિયો રે લોલ, દૈવી જીવને કાજ રે... શ્રીવલ્લભની૦
પૃથ્વી પરિક્રમા નિસર્યા રે લોલ, પાયે ચાલીને ત્રણ વાર રે...
સૌને નિરુત્તર કરિયા રે લોલ, જ્યાં જ્યાં થયા છે વાદ... શ્રીવલ્લભની૦
સિદ્ધાંત સમજાવિયા ભાવથી રે લોલ, રચ્યા છે ષોડશગ્રંથ રે...
શ્રીજીને પાટે પધરાવિયા રે લોલ, સેવાનો કીધો પ્રકાર રે...
સરખી સાહેલીઓની વિનંતી રે, રાખો ચરણની પાસ રે... શ્રીવલ્લભની૦

## શ્રીલક્ષ્મણ ભટ્ટજીનું ધામ રે

શ્રીલક્ષ્મણ ભટ્ટજીનું ધામરે દીસે અતિ સુખકારી,
કાંકરવાડ ગામ રે તે ઉપર જાઉં વારી.
છે તૈલંગ બ્રાહ્મણ રે મહા પવિત્ર કુળ જાણો,
એમના કુલ મધ્યે રે શ્રીવલ્લભ પ્રગટ્યા જાણો.
શ્રીવલ્લભ ગુણ ગાઉં રે આનંદ પ્રેમ ભરી,
તૈલંગ-કુલ મંડન રે લક્ષ્મણ તાત સહી.
શેષ નાગ સરીખા રે જેને મુખે સહસ્ત્ર ફણી,
તે તો પાર ન પામ્યા રે લીલા રસ સિંધુ તણી.
અગ્નિકુંડ મધ્યે પ્રગટ્યા રે તે લીલા ન જાય કહી,
અગ્નિ મધ્યે રમતા રે માતાજીએ દીઠા જ્યારે.
એ છે સુત મારો રે ધાઈને આવ્યાં ત્યારે,
અગ્નિએ માર્ગ દીધો રે માતાજીને આવ્યાં જાણી.
બેઉ કર સાહીને કુંવરને લીધા તેડી,
અમરાપતિ જુવે રે રત્ન વિમાન ચઢી.
દેવ-દંદુભિ વાજે રે ચહું દિશ લાગી ઝડી,
સુર-વનિતા સહુકો રે જોવાને આવ્યા મળી.
અંજલી ભરી ભરીને રે પુષ્પની વૃષ્ટિ કરી,
સેવક સુખ સારુ રે કે કરૂણા-સિંધુ ભરી.
ફરી વ્રજ પ્રગટ્યા રે દ્વિજવર રૂપ ધરી,
એ શોભા જોઈને રે કહે હરિદાસ ફરી.
વ્રજમાં વાસ આપજો રે કે વિનંતિ ચિત્ત ધરી.

## વલ્લભ નામની હો કંઠી છે ડોકમાં

વલ્લભ નામની હો કંઠી છે ડોકમાં.
વિઠ્ઠલ નામની હો કંઠી છે ડોકમાં.

જુઠ્ઠું બોલાય નહીં ખોટું કરાય નહીં
અવળું બોલાય નહીં હો માળા છે ડોકમાં.

ક્રોધ કદી થાય નહીં, પર નિંદા થાય નહીં,
કોઈને દુભાવાય નહીં હો માળા છે ડોકમાં.

પર ને પીડાય નહીં, હું પદ ગવાય નહીં
પાપ પોસાય નહીં હો માળા છે ડોકમાં.

ધનને સંઘરાય નહીં, એકલા જવાય નહીં
ભેદ રખાય નહીં હો, માળા છે ડોકમાં.

બોલ્યું બદલાય નહીં ટેકને તજાય નહીં
લાજ્યા લજવાય નહીં, હો માળા છે ડોકમાં.

વલ્લભ કહે છે સત્ય ચુકાય નહીં
શ્રીજી ભૂલાય નહીં હો, માળા છે ડોકમાં.

⁂

## મેરો તો આધાર શ્રીવલ્લભ કે

મેરો તો આધાર શ્રીવલ્લભ કે ચરણારવિંદ
વલ્લભ કે ચરણારવિંદ વલ્લભકે ચરણારવિંદ

મેરે માથેકો શિંગાર શ્રીવલ્લભકે ચરણારવિંદ
મેરે ગલેકો હાર શ્રીવલ્લભ કે ચરણારવિંદ

મેરે હૃદયકો હાર શ્રીવલ્લભ કે ચરણારવિંદ
સર્વ સારકો સાર શ્રીવલ્લભ કે ચરણારવિંદ

એ દેખો વારંવાર શ્રીવલ્લભ કે ચરણારવિંદ
નિરખો વારંવાર શ્રીવલ્લભ કે ચરણારવિંદ

વલ્લભ કે ચરણારવિંદ વિઠ્ઠલ કે ચરણારવિંદ
જાઉં મૈં બલિહાર શ્રીવલ્લભ કે ચરણારવિંદ

⁂

## જાય છે, જાય છે, જાય છે રે

જાય છે, જાય છે, જાય છે રે ચિત્ત મારું ચંપારણ ધામમાં જાય છે.
આઠે પહોર મને સ્મરણ શ્રીવલ્લભનું,
સ્વપ્નામાં વલ્લભ વલ્લભ થાય છે રે... ચિત્ત મારું...(૧)
જન્મ સ્થળને નજરે નિહાળતાં,
અગ્નિ તે કુંડનાં દર્શન કરતાં,
જીવન કૃતાર્થ થાય છે રે... ચિત્ત મારું...(૨)
ભારત પરિક્રમા ત્રણ કરતા,
માયા તે વાદનું ખંડન કરતા,
પુષ્ટિનું પ્રાગટ્ય થાય છે રે... ચિત્ત મારું...(૩)
દૈવી જીવને શરણે જ લેતા,
બ્રહ્મ સંબંધનું દાન જ દેતા,
દેહની શુદ્ધિ વિસરાય છે રે... ચિત્ત મારું...(૪)
લક્ષ્મણ નંદન આનંદ કંદ,
છોડ્યા છે બંધન કોટિક જનમનાં,
રાખ્યા છે વલ્લભે શરણે રે... ચિત્ત મારું...(૫)

## શ્રીવલ્લભ શરણં મમ

શ્રીવલ્લભ શરણં મમ શ્રી વલ્લભ શરણં મમ;
શ્રીવલ્લભ શરણં મમ જય શ્રી વલ્લભ શરણં મમ.

દૈવોધ્ધાર પ્રયત્નાત્મા, ભક્તજનોના પ્રાણસખા;
શ્રીમદ્ ભાગવત વ્યાખ્યાતા, જય શ્રી વલ્લભ૦

ગૂઢ અર્થ શ્રી ભાગવતનો, મથન કરી રસ પ્રાપ્ત કર્યો;
શ્રી સુબોધનીજીમાં ધરિયો, જય શ્રી વલ્લભ૦

ભક્તિ માર્ગ કમલ વિકાસક, ભક્તજનોના પાપ શોષક;
બ્રહ્મ સંબધે દોષ હારક, જય શ્રીવલ્લભ૦

શ્રીમદ ભાગવત પ્રત્યેક પદ, એ ઉજ્જવલ વિમલ મૌકિતક;
એ માળા ધરી સુશોભિત, જય શ્રી વલ્લભ શરણં મમ.

❀

## આજની સોહાગી બેનો...

આજની સોહાગી બેનો ચંપારણ્ય ચાલો,
આજની બડભાગી બેનો ચંપારણ્ય ચાલો.

ચાલો બેનો ચાલો બેનો ચંપારણ્ય ચાલો,
જગત ગુરુની ઝાંખી કરવા ચંપારણ્ય ચાલો.

ચંપારણમાં અગ્નિ કુંડે પ્રગટ્યા શ્રીમહાપ્રભુજી,
દૈવી જીવને દર્શન આપી શીતલ છાયા વરસાવી.

શ્રીલક્ષ્મણ ભટ્ટજી તાત એમના એલમ્માજી માત છે,
જનનીએ ગોદમાં લઈને લાલને ખેલાવ્યા.

ચરણે ચાલી નેહને નિહાળી પુષ્ટિમાર્ગ પ્રગટાવ્યો,
દૈવી જીવને શરણે લીધા બ્રહ્મસંબંધ કરાવ્યા.

માયા વાદનું ખંડન કર્યુ પુષ્ટિ માર્ગનું સ્થાપન કીધું,
પુષ્ટિમાર્ગનો ઝંડો શ્રીમહાપ્રભુજીએ ફરકાવ્યો.

વલ્લભજન તો એટલું માગે કૃપા વૃષ્ટિ વર્ષાવજો,
દાસ ઉપર દયા કરીને ચરણ શરણમાં રાખજો.

❀

## નીરખી આનંદ આનંદ થાય

નીરખી આનંદ આનંદ થાય,
રૂડું ચંપારણ્ય છે ગામ; રૂડું ચંપારણ્ય છે ધામ,
નીરખી આનંદ આનંદ થાય.

ધન્ય શ્રીલક્ષ્મણ તાત; ધન્ય ઈલમ્માગારુ માત,
જેણે જાયા શ્રીવલ્લભરાય...(૨)
નીરખી આનંદ આનંદ થાય.

ચૈત્ર માસે કૃષ્ણ એકાદશે; પ્રગટ્યા મહાપ્રભુ ઈશ,
પુષ્પવૃષ્ટિ આકાશથી થાય... (૨)
નીરખી આનંદ આનંદ થાય.

નંદ મહોત્સવ મંગલ હુવો; જુઓ વનની મધ્યે કેવો,
વૈષ્ણવજન સૌ દોડી આવે; હૈયા માંહી બહુ હરખાયે,
રાખો ચરણ કમલની માંહ્ય... (૨)
નીરખી આનંદ આનંદ થાય.

❀

## પ્રગટ્યા શ્રીવલ્લભરાય આજે

પ્રગટ્યા શ્રીવલ્લભરાય, આજે આનંદ છે.
આજે આનંદ છે, આજે આનંદ છે.
વર્ત્યો જયજયકાર, આજે આનંદ છે.

દૈવી જીવોને કાજે પ્રગટ્યા ભૂતલમાં,
આપ્યાં છે બ્રહ્મસંબંધનાં દાન... આજે....૦

ચંપારણમાં વ્હાલે પ્રાગટ્ય લીધું,
માતા ઈલમ્માજીના લાલ... આજે....૦

માયા તે વાદનું ખંડન કીધું,
સ્થાપ્યો છે પુષ્ટિનો માર્ગ... આજે....૦

વિદ્યાનગરમાં વ્હાલે પંડિતો જીત્યા છે,
ધર્યું શ્રીઆચાર્ય નામ... આજે....૦

લક્ષ્મણભટજીના લાલ જ કહીએ,
શ્રીવિઠ્ઠલનાથજીના તાત... આજે....૦

પત્રાવલંબે વ્હાલે પંડિતો જીત્યા છે,
કાશી નગરની માંય... આજે....૦

દાસનો દાસ કહે છે કર જોડીને,
રાખો ચરણની પાસ... આજે....૦

* * *

## આજનો લહાવો લીજીયે રે

આજનો લહાવો લીજીયેરે કાલ કોણે દીઠી છે,
સખી આજનો લહાવો લીજીયે રે.

ફૂલની ગાદીને ફૂલના તકિયા,
ફૂલના બિછાનાં બિછાવીયે રે. કાલ....

સોનાનાં સોગટાં ને રેશમની ચોપાટ,
હીરલાનાં પાસાં ઢળાવીયે રે. કાલ....

વાણીના મેહુલા ને આનંદની હેલી,
સુખને સરવડે ભીંજાવીયે રે. કાલ....

વલ્લભના સ્વામી પ્રભુ રસિક શીરોમણી,
વળી વળી મુખડાં નિહાળીયે રે. કાલ....

* * *

## શ્રીલક્ષ્મણ ભટ્ટ ઘેર આજ રે વધામણાં

શ્રીલક્ષ્મણ ભટ્ટ ઘેર આજ રે વધામણાં,
પ્રગટ્યા શ્રીવલ્લભ રાય રે, સૈયર સૌ દીજીએ વધામણાં.

પ્રથમ નંદઘેર પ્રગટ્યા વધામણાં;
દ્વિતીયે દ્વિજવર અવતાર રે...

પંદરસો પાંતરીસ સંવતે વધામણાં;
મધ્યાહ્ન સમે સુખ રાશ રે...

વૈશાખ વદી એકાદશી વધામણાં;
શુભ નક્ષત્ર શુભ વાર રે...

ચંપારણ સોહામણાં વધામણાં;
અગ્નિનો કુંડ ધન્ય ધન્ય રે...

બાળ સ્વરૂપે મધ્ય કુંડમાં વધામણાં;
ચરણ અંગુષ્ટ મુખ માંય રે...

દેવના દુંદુભી વાગ્યાં વધામણાં;
પુષ્પની વૃષ્ટિ થાય રે...

ધાઈને તે પુત્ર લીધા ગોદમાં વધામણાં;
મુખ ચુંબન છૂટી દૂધ ધાર રે...

માતે દીધા તાતને ઉછંગમાં વધામણાં;
વર્ત્યો છે જય જયકાર રે....

શ્રીલક્ષ્મણ તાત આનંદિયા વધામણાં;
હરખ્યાં શ્રીઈલમ્માજી માત રે...

શ્રીવલ્લભને કેસરી ઉપરણો વધામણાં;
કંઠી ને ચર્વિત ઓગાળ રે...

રત્ન જડિત કેરે પારણે વધામણાં;
ઝુલાવે શ્રીઈલમ્માજી માત રે...

નંદ જશોદાજી આવિયાં વધામણાં;
ગોપી ગ્વાલ સમાજ રે...

એક નાચે ને ફરે ફૂદડી વધામણાં;
ગોરસની મચીએલ કીચ રે...

એક ગાયે ને ફરે ફૂદડી વધામણાં;
મંગલ વધાઈ રસાલ રે...

કદલીના સ્થંભ રોપાવીયા વધામણાં;
તોરણ બાંધ્યા છે દ્વાર રે...

મોતીના ચોક પૂરાવીયા વધામણાં;
કુંમકુમ કેસર સાર રે...

નામ કરણ ગર્ગમુનીએ કર્યાં વધામણાં;
શ્રીવલ્લભ આચાર્ય સુખ રાશ રે...

નામ સમર્પણ આપીયાં વધામણાં;
કરગ્રહી સોપ્યાં છે નિજ નાથ રે...

ગુઢ સ્વરૂપે નિજ સ્વામિની વધામણાં;
નર દેહ ધર્યો અમ કાજ રે...

અંગીકૃત સર્વે જાણશે વધામણાં;
વિમુખને એ રસ દૂર રે...

અમૃત કલ્પ વૃક્ષ દ્રુમ ફળ્યો વધામણાં;
શાખા પત્ર ફલ રસ રૂપ રે...

આપ સેવેને સેવા શીખવે રે વધામણાં;
જન્મો જનમની દાસી રે...

ગાય શીખેને સાંભળે વધામણાં;
હોય વ્રજમાં વાસ રે...

* * *

## શ્રીવલ્લભવર ઘેર આવિયા

શ્રીવલ્લભવર ઘેર આવિયા,
આજ સખી શ્રીવલ્લભવર ઘેર આવિયા. (ટેક)

દૈવી તે જીવના ભાગ્ય વિસ્તરિયા,
પોતે તે પ્રગટ પધારિયા... આજ૦ (૧)

કેસરી તે ધોતી ને કેસરી ઉપરણા,
કુમકુમને પગલે પધારિયા... આજ૦ (૨)

'પુરુષોતમ' પ્રભુ કી છબી નિરખત,
ચરણકમલ શિર ધારિયા... આજ૦ (૩)

⁂

## શ્રીલક્ષ્મણ સુતને હું નમું

શ્રીલક્ષ્મણ સુતને હું નમું ને કરું તે પ્રણામ,
વાણી તે મુજને આપજો જેમ ગાઉં જશ વિસ્તાર. (૧)

મનમાં તે આનંદ અતિ ઘણો મુખડે કહ્યો નવ જાય,
કૃપા હોય જો તમ તણી દાસ કાંઈક ગાય. (૨)

શ્રીલક્ષ્મણ ભટ્ટજી તાત એમના ઈલમ્માજી માત,
પ્રગટ લીલા તમ તણી સાંભળો કહું એક વાત. (૩)

શ્રીલક્ષ્મણભટ્ટજીનાં સ્વપ્નમાં શ્રીજી પધાર્યા ઘેર,
વિશ્વાધાર તમ ઘેર પ્રગટશે તેની તે કરજો પેર. (૪)

કાશીએ જાઓ વેગે કરી શ્રીઈલમ્માજી લેજો સાથ,
પૂર્ણ પુરુષોત્તમ પ્રગટશે માર્ગમાં એ નાથ. (૫)

સાત વર્ષ અહીંયા રહો તો યે પ્રગટ નવ થાય,
ગર્ભવંતા દુઃખ પામશે ઈલમ્માજી માય. (૬)

વચન લઈ માથે ચઢાવ્યું પ્રભુ તમે કહો છો સત્ય,
તમારું કહેવું સત્ય છે મારે ચાલવું નિરધાર. (૭)

ત્યાંથી તે વહાલોજી પધારિયા માળા તે આપી બે,
એક કંઠી કંઠે ધરી બીજી જપ કરવાની જેહ. (૮)

ભક્તિ સુંદરીને ભાવરૂપી મણકા એકસો આઠ,
એ માળા નિત્ય ફેરવવી ગ્રંથનો કરવો પાઠ. (૯)

ઉપરણો શ્રીઅંગનો શ્રીજીએ આપ્યો સાર,
તે વસ્ત્ર લઈ ઓઢાડજો બાળકને વળી ત્યાંય. (૧૦)

નેત્ર ઉઘાડીને જોયું તો દીઠાં વસ્ત્ર અમૂલ્ય,
સ્વપ્નું અમારું સત્ય છે હવે ચાલવું નિરધાર. (૧૧)

ત્યાંથી પ્રભુજી પધારિયા ચંપારણ રહ્યું ગાઉ ચાર,
રાત્રે રસોઈ ત્યાં કરી મનમાં કરી વિચાર. (૧૨)

શ્રીકૃષ્ણ શ્રીપ્રિયાજી બેઉ, સુંદરી સૌ સાથ,
બેઉને દર્શન આપિયાં મળ્યા સ્વપ્નમાં એ નાથ. (૧૩)

તંબોળ લઈ પ્રિયાજીએ આપ્યું જન્મ ઘુંટી બાળ,
રસના વળશે તે તણી બીજી વાણી તણો નહીં પાર. (૧૪)

પ્રાગટ્ય શ્રીવલ્લભદેવનું આનંદ કહ્યો નવ જાય,
દેવનાં દુંદુભિ વાગિયાં પુષ્પની વૃષ્ટિ થાય. (૧૫)

પ્રગટ થઈ પરાક્રમ કીધાં વળી આનંદ છે અપાર,
નામ નિવેદન આપીને કર્યો પુષ્ટિ અંગીકાર. (૧૬)

સેવા વિવિધ કરી શીખવી ભકતની પૂરી આશ,
જુગ જુગ જીવોને મારા વહાલમા બલિહારી માધવદાસ. (૧૭)

માધવદાસ એટલું માંગે મારું માંગ્યું આપોને મહારાજ,
વળી વળી કરે વિનંતી મને આપોને વ્રજમાં વાસ. (૧૮)

⁂

## ભક્તિકા ડંકા ભારતમેં

ભક્તિકા ડંકા ભારતમેં, બજાવાયા શ્રીમહાપ્રભુજીને,
પુષ્ટિકા ઝંડા સૃષ્ટિમેં, ફરકાયા શ્રીમહાપ્રભુજીને.
ભૂતલમેં કલિયુગ આય બસા, અરુ ઘોર તિમિર ઘન છાય રહા,
કર નષ્ટ તિમિર ભક્તિ રોશન, પ્રકટાયા શ્રીમહાપ્રભુજીને.
છોટી વયમેં સંકટ સહકર, ભારતમેં પરિભ્રમણ કીયા,
વિશ્વકો અપના ઉગ્ર તેજ, દિખલાયા શ્રીમહાપ્રભુજીને.
ગ્યારહ વર્ષમેં શાસ્ત્ર ઔર, વેદાદિ વિદ્યાભ્યાસ કિયા,
ભારત કે સબ પંડિતગનકો, અપનાયા શ્રીમહાપ્રભુજીને.
વિદ્યાનગરીમેં દેશ દેશકે, વિપ્ર વિબુધવર આય રહે,
સબ અંપને મત બતાનેમેં, મિથ્યા શોર મચાય રહે.
વહાં જાકર માયા વાદ તિમિરકો, બ્રહ્મવાદસે નષ્ટ કીયા,
કર વિશ્વ વિજય સાકાર બ્રહ્મ, દિખલાયા શ્રીમહાપ્રભુજીને.
દીક્ષા દેકર દૈવીજનકો, શરણાગતિકા ઉપદેશ દિયા,
શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સરસ, સમઝાયા શ્રીમહાપ્રભુજીને.
વેદ ભાગવત ગીતા પ્રેમકી, દિવ્ય જ્યોત પ્રકટાય દઈ,
વિજય ધ્વજ ધર્મ સનાતનકા, ફરકાયા શ્રીમહાપ્રભુજીને.

## જી રે વૈશાખ વદી એકાદશી

જી રે વૈશાખ વદી એકાદશી રે, જીરે વલ્લભજી પધરાવ્યાની પેર રે;
શ્રીલક્ષ્મણ ભટ્ટ ઘેર સોહેલો જી.
જી રે ઈલમ્માજીએ મનમાં વિચાર્યુ રે, જી રે સુતને પધરાવીએ ઘેર રે.
જી રે અગ્નિકુંડે માર્ગ જ આપિયો રે, જી રે બેઉ સ્તને વહે છે દૂધ ધાર રે.
જી રે નિજ જન સર્વે ઉદ્ધારવાને, જી રે ભક્તિનો કીધો ઉપદેશ રે.
જી રે બ્રહ્મસંબંધ કરાવિયા રે, જી રે સેવા કરાવી છે પ્રીત રે.
જી રે પુષ્ટિમાર્ગની વિવિધ ગતિ રે, જી રે કોને તે નવ કહેવાય રે.
જી રે એવા તે કુળમાં શ્રીકૃષ્ણ પ્રગટ્યા રે, જી રે અઢળક શ્રીવલ્લભરાય રે.
જી રે નિઃસાધન જનહિત એ પ્રભુ રે, જી રે પ્રકટ દેખાડી છે રીત રે.
જી રે એહના કારણે હરિએ દેહ ધરી રે, જી રે તેમાં તે સંશય નહીં લગાર રે.
જી રે અધમ જીવ ઉદ્ધારવારે, જી રે શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશ રે.
જી રે એઉનાં ચરણકમલ સેવીએ રે, જી રે છોડીએ સકળ ક્લેશ રે.
જી રે હરિદાસ શોભા પ્રભુની નીરખતાં રે; જી રે ચરણ કમલ ધરી ધ્યાન રે.

⁂

## વલ્લભનો કક્કો

**ક**ક્કો કરેલું સમર્પણ સાચું, સદા કૃપા વલ્લભની યાચું;
**ખ** ખા ખરેખરી વાત, વલ્લભ અગ્નિ સ્વરૂપ સાક્ષાત્;
**ગ** ગગા ગણતાં ના આવે પાર, વલ્લભ ગુણ તણા ભંડાર;
**ઘ** ઘા ઘણું કહે શું થાય, વલ્લભનામે કષ્ટ કપાય;
**ચ** ચા ચૈન સૌથી પહેલું, વલ્લભ નામ જપી લે વહેલું;
**છ** છા છેલ છબીલા પ્યારા, વલ્લભ પ્રાણપતિ છે પ્યારા;

**જ** જા જન્મ મરણ દુ:ખ જાય, પૂરણ વલ્લભ કૃપા જો પમાય;
**ઝ** ઝા ઝીણવટથી તું જો, નહીં તો પસ્તાશે પૂરો;
**ટ** ટા ટહેલ કરી લેજે, વૈષ્ણવ જન તણી સ્હેજે;
**ઠ** ઠામ નથી હો ઠાલું, વલ્લભ નામ રસે રસવાળું;
**ડ** ડા ડગીશ નહીં લગાર, વલ્લભ ચરણ સેવામાં સાર;
**ઢ** ઢા ઢાળ પડીને થાય, ચિત્ત વલ્લભ ચરણમાં રાખ;
**ણ** વલ્લભ કૃષ્ણ તણા અવતાર, પ્રગટ્યા છે અગ્નિસ્વરૂપ સાક્ષાત્;
**ત** તા તાર જીવનનો કાચો, ચૂકીશ નહીં લાભ લેવાનો સાચો;
**થ** થા એ સ્થિર થવાનું કામ, જ્યાં નહીં અન્યાશ્રયનું નામ;
**દ** દા દીનતા રાખ તું ઝાઝી, સદ્ગુરુ કૃપા કરશે ઝાઝી;
**ધ** ધા ધારેલું નહીં થાય, કેવળ વલ્લભ કૃપા જો પમાય;
**ન** ના નામ મહિમા મોટો, જેનો જગમાં ના મળે જોટો;
**પ** પા પ્રેમ સહિત તું કહેજે, નિષ્કામ બનીને ઉચરજે;
**ફ** ફગા ફૂલ દે એ સેવાનાં, ભક્તિ રસથી ભરેલાં;
**બ** બારે વન ઉપવનની, પરિક્રમા કરી લે વ્રજની;
**ભ** ભા સાધન ભક્તિનું સાચું, પણ વલ્લભ કૃપા વિના કાચું;
**મ** મા નામ મમતાનું છોડ, જ્યાં ઈશ તણો સંજોગ;
**ય** યા યદુકુળના નાથ, વ્યાપક વિશ્વ તણા છે તાત;
**ર** રા રમણ રેતીની રજને, વંદુ પ્રેમ સહિત લોટીને;
**લ** લા દિવ્ય લીલાનો સુંદર સાર, છે વ્રજ વનિતાનો નિર્મળ ભાવ;
**વ** વા વેદાન્તે વિખ્યાત, વલ્લભ વૈશ્વાનર સાક્ષાત્;
**સ** સા છે શુદ્ધ બુદ્ધિનું કામ, જ્યાં નહીં કૂડ કપટનું કામ;
**શ** શા છે શ્યામ સુંદર શ્રીનાથ, કરજો હૃદય કમળમાં વાસ;

**ષ** ષ છે પ્રેમ કરો વિશેષ, રીઝશે રાસ વિહારી રસેશ;
**હ** હા હિંમતને વળી હામ, વિશ્વાસ તણું આ કામ;
**ળ** વાદળનો ચમકાર, વ્હાલા વલ્લભનો શણગાર;
**ક્ષ** ક્ષાય થશે આ કામ, અક્ષાય સુખનું વૈકુંઠ ધામ;
**જ્ઞ** જ્ઞાન એકલું નહીં આવે કામ, ભક્તિ સાથે તે પંકાય;
જપો શ્રી યમુનાજીના જાપ, ટળશે અનેક જન્મોનાં પાપ,
શ્રી હરિ ગુરુ વૈષ્ણવમાં સરખો ભાવ, એ વૈષ્ણવનો છે ઉત્તમ ભાવ.
કકો પ્રેમ સહિત રટાય, નિશ્ચે રીઝે નંદકુમાર.
વિનંતી દાસ તણી ઉર ધારી, વસજો હૃદય કમળમાં વાસ,

⁂

## પ્રગટ્યા દૈવી જીવ તારવા

*(રાગ : આવ્યા શ્રીગોકુલ તારવા... )*

પ્રગટ્યા દૈવી જીવ તારવા,
વલ્લભ પ્રભુ પ્રગટ્યા દૈવી જીવ તારવા.
વૈષ્ણવોને મહાસુખ આપવા
વલ્લભ પ્રભુ પ્રગટ્યા દૈવી જીવ તારવા.
ઈલમ્માગારુજીની કૂખે અવતરિયા,
લક્ષ્મણ ભટ્ટજીના કુળમાં... વલ્લભ પ્રભુ૦
ચંપારણ્યની ભૂમિ પવિત્ર થઈ,
વૈશ્વાનર રૂપે પધારિયા... વલ્લભ પ્રભુ૦
શાસ્ત્રો, પુરાણ, વેદ, સ્મૃતિ જાણીને,
શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સ્થાપવા... વલ્લભ પ્રભુ૦

વિજય નગરમાં આપ પધારિયા,
પંડિતોના ગર્વ ઉતારિયા... વલ્લભ પ્રભુ૦

દેવકીના પુત્ર કૃષ્ણ એક માત્ર સાર છે,
સેવા ભક્તિનો માર્ગ સ્થાપવા... વલ્લભ પ્રભુ૦

પુષ્ટિ-મારગના આપ પ્રવર્તક,
બ્રહ્મ-સંબંધને આપવા... વલ્લભ પ્રભુ૦

શ્રીજી, યમુનાજી, શ્રીવ્રજ-ગિરિરાજજી;
વલ્લભકુળ પંચતત્ત્વ સ્થાપવા... વલ્લભ પ્રભુ૦

ચોરાશી વૈષ્ણવોને આપે શરણે લીધા.
લખ ચોરાશીથી છોડાવવા... વલ્લભ પ્રભુ૦

ચોરાશી બેઠકોમાં કૃષ્ણ-કથાઓ કહી,
ભક્તિમાર્ગે પ્રીતિ વધારવા... વલ્લભ પ્રભુ૦

પૃથ્વી-પરિક્રમા આપે કીધી ત્રણ
નિજ ભક્તોને સુખ આપવા... વલ્લભ પ્રભુ૦

મ્લેચ્છ-સામ્રાજ્યમાં હીણો પડેલો ધર્મ,
હિંદુત્વનું ગૌરવ વધારવા... વલ્લભ પ્રભુ૦

કોટિ-કુસુમાયુધ-લાવણ્ય રૂપથી,
પુષ્ટિ-જનોનાં મન મોહવા... વલ્લભ પ્રભુ૦

**રચયિતા : શ્રી જયંત જી. ગાંધી (જૂનાગઢ)**

⁂



---

## મારા મહાપ્રભુજીને ઉપરણો-ધોતી

મારા મહાપ્રભુજીને ઉપરણો-ધોતી,
લાગે ના ઠંડી-ગરમીની જ્યોતિ;

ખુલ્લે પગે એ દોડી દોડી જાય,
‘શ્રીકૃષ્ણ શરણં મમ’ જપતા જાય.

અષ્ટાક્ષર મંત્રનો એવો જોશ,
ભલે હોય માગશર કે પોષ;

ઉપરણો ઓઢીને બેસી જાય,
કાતીલ ઠંડીથી ના અકળાય.

પરિક્રમા કીધી ત્રણ વાર,
ભલે હોય વૃષ્ટિ તણી ધાર;

ભાગવત વાંચી કર્યા પાવન,
વૈષ્ણવ ચોર્યાશી બેઠક ચોર્યાશી.

પાવન થયા સૌ વૈષ્ણવજન
અર્પ્યા સૌએ તન મન ધન.

બ્રહ્મસંબંધથી જોડ્યો ભાવ,
ભેગા મળી વલ્લભ-ગુણ ગાવ.

અલ્પ બુદ્ધિવાળો ‘હરિદાસ’
વીનવે પ્રભુજીને લેવા પાસ

મતિ મારી નથી કંઈ ઘણી,
મેં તો ધરી આ બારીક કણી.

⁂

## વિનંતી

**રચયિતા - પૂ. ગો. શ્રી ઈંદિરાબેટીજી**

વલ્લભ વ્હાલા વિનંતિ મારી ભાવ ભરી સ્વીકારજો;
અમ સરખા જીવોને નિજની સેવા મહીં સંભારજો. (૧)

વિકળ હૃદય ને નયન આંધળાં આપને જોવા ઝંખે,
કમળ સમી બે આંખડીમાંથી અમૃત રસ વરસાવજો. (૨)

મધદરિયામાં નાવડી વલ્લભ! હાલક ડોલક થાતી;
અંત સમે અલબેલા પ્રભુજી! નાવડી એ હંકારજો. (૩)

ચંચળતા ચગડોળે ચઢતી અમને રોજ ભમાવે;
વંઠેલા ચિત્તડાંને વલ્લભ! ચરણોમાં ચોંટાડજો. (૪)

અજવાળાં અંતરને આપી દોષ-દોષ સહુ કાપી;
સપનામાં સૂતેલા જનને નિંદરથી ઉઠાડજો. (૫)

કહે 'શ્રાવણી' વલ્લભ વ્હાલા! પુષ્ટિનો રસ આપજો;
કરુણાના કરનારા વલ્લભ! પોતાના કરી રાખજો. (૬)

## શ્રીમહાપ્રભુજીને નિત્ય સંભારી એ જો

શ્રીમહાપ્રભુજીને નિત્ય સંભારીએ જો;
એમનું સ્મરણ હૃદયમાં લાવીએ જો;... શ્રી૦
એમનું સ્મરણ કર્યાથી સુખ થાય છે જો;
ત્રિવિધ તાપ ટળે મહા દુ:ખ જાય છે જો... શ્રી૦

સર્વોત્તમ પાઠ ગાયત્રી મંત્ર જાણીએ રે
વૈષ્ણવ ધર્મ જાણીએ એ રસ માણીએ રે... શ્રી૦
નામ એકસો ને આઠનો એ પાઠ છે જો
પાઠ કરવાથી પ્રભુમાં પ્રેમ થાય છે જો... શ્રી૦

લીલા લલિતમાં મન મારું જાય છે રે,
પ્રેમ આસક્તિ વ્યસન સર્વે થાય છે જો... શ્રી૦

કૃપા મેળવી લીલામાં જીવ જાય છે
દયા દીનતા કર્યાથી કાર્ય સિદ્ધ છે જો... શ્રી૦

## શ્રીમદ વલ્લભ કહો...

શ્રીમદ્ વલ્લભ કહો, શ્રીમદ્ વલ્લભ કહો
વલ્લભ નામ વિના ઉદ્ધાર નહિ.
શ્રીમહાપ્રભુજી વિના ઉદ્ધાર નહિ.
શ્રીમહાપ્રભુજી વિના બેડો પાર નહિ.
શ્રીનાથજી વિના બીજું શરણ નહિ.
વિઠ્ઠલેશ વિના મને ગમતું નથી.
મથુરેશ વિના મને ચેન નથી.
નવનીતલાલ વિના નવધાભક્તિ નહિ... શ્રીમદ્ વલ્લભ...૦
દ્વારકાધીશ વિનાની કુંજ નહિ.
ગોકુલનાથજી વિના ગિરિરાજ નહિ.
ગોકુલચંદ્ર વિના રાસ - વિલાસ નહિ.
બાલકૃષ્ણ વિના કોઈ પ્રબળ નહિ... શ્રીમદ્ વલ્લભ...૦

મદનમોહન વિના વેણુનાદ નહિ.
શ્રી જમુનાજી વિના કોઈ દયાળુ નહિ.
નટવર નિરખ્યા વિના મારા નેણ નહિ.
કલ્યાણરાય વિનાનું કલ્યાણ નહિ... શ્રીમદ્ વલ્લભ...૦

ચંપારણ્ય વિના બીજે પ્રાગટ્ય નહિ.
ચરણાટ વિના નિજધામ નહિ.

હરિરાયજી વિના દીનતા નહિ.
પુષ્ટિમારગ વિના બીજો ધર્મ નહિ.... શ્રીમદ્ વલ્લભ...૦
આ વલ્લભના દાસનો દાસ કહે છે.
તમારા ગુણ લીલાનો પાર નહિ... શ્રીમદ્ વલ્લભ...૦

⁂

## શ્રીવલ્લભ પ્રગટ્યા એ પ્રગટ્યા

શ્રીવલ્લભ પ્રગટ્યા એ પ્રગટ્યા, શ્રી લક્ષ્મણ ભટ્ટજીને ઘેર રે...
થઈ રહી છે લીલા લ્હેર રે, પુષ્ટિની કરવા પેર રે... શ્રીવલ્લભ૦

થયા અવની પર અજવાળાં રે, ત્રિલોકના તિમિર ટાળ્યાં રે...
વહાલે વેણ અમારાં પાળ્યાં રે... શ્રીવલ્લભ૦

આદરથી આવ્યા હરિ ઘેર રે... પોતાનાંની કરવા પેર રે...
શીખવી સેવાને કીધી મહેર રે... શ્રીવલ્લભ૦

માયામત કીધો ખંડ રે... પાંખડીનો કીધો દંડ રે...
એહુનો યશ વાધ્યો નવખંડ રે... શ્રીવલ્લભ૦

એ લક્ષ્મણ ભટ્ટજીના નંદ રે... વહાલો પૂર્વજન્મના ચંદ રે...
વર્તાવે છે અહીં આનંદ રે... શ્રીવલ્લભ૦

એ છે ઈલમ્માજીના લાલ રે, વહાલે વૈષ્ણવ ઉપર કીધું વહાલ રે,
વહાલે દાન દીધાં કર્યાં ન્યાલ રે... શ્રીવલ્લભ૦

નવખંડમાં નવા નવા દેશ રે, એહના ગુણ ગાયે નિગમ મહેશ રે,
એમનો પાર ન પામે શેષ રે... શ્રીવલ્લભ૦

સુખડાંની લહેરો જાયે રે, ત્યાં તો આનંદ ઉર ન સમાયે રે,
હરિદાસ વલ્લભ ગુણ ગાયે રે... શ્રીવલ્લભ૦

⁂

## આંખ મારી મીંચુ ત્યાં

આંખ મારી મીંચુ ત્યાં શ્રીવલ્લભ નીરખું,
ધન્ય મારા ગુરુજી આ કૃપા તેની લેખું.

વદન કમળ ઘણા તેજથી સોહે,
પુષ્ટિજનોનાં મનડાં એ મોહે.

ભવ્ય લલાટે કુમકુમ તિલક છે,
કરુણાર્દ્ર નયનોની મીઠી ઝલક છે.

ઓષ્ઠકમલથી અષ્ટાક્ષર જપતા,
જમણે કર ગૌમુખી-માળા ફેરવતા.

કંઠમાં તુલસીની માળા સોહે છે,
શ્રીકરમાં કમળનાં પુષ્પો સોહે છે.

શ્વેત ધોતીને ઉપરણો ધર્યા છે,
ચરણકમળ નખચંદ્ર છટા છે.

કોટિ - કુસુમાયુધ - લાવણ્ય જેવું,
દિવ્ય મનોહર રૂપ છે એવું.

વૈશ્વાનર શ્રીવલ્લભ પ્રભુકૃપાએ,
બ્રહ્મસંબંધ શ્રીજીથી થયા છે.

શ્રીજી, યમુનાજી, શ્રીવ્રજ, ગિરિરાજ,
વલ્લભકુળ-પાંચેથી પુષ્ટિ-સમાજ.

દઢ છે ભરોસો શ્રીવલ્લભ ચરણે,
પુષ્ટિ જનો માત્ર એમના શરણે,

સદા સુખદાયી શ્રીસર્વોત્તમ પ્રભુજી,
વલ્લભી વૈષ્ણવના વહાલા ગુરુજી.

⁂

## આજ મારે આનંદ ઉર ન સમાય

આજ મારે આનંદ ઉર ન સમાયજી,
પ્રગટ્યા શ્રીવલ્લભવર સુકુમારજી.

ભૂતલ ભાગ્ય તણો નહિ પાર જી;
દૈવી તે જીવનો કરવા ઉદ્ધાર જી.

મંદિર માંહે તે ચોક પુરાવ્યા જી,
તોરણ બારણિયે બંધાવ્યાં જી.

હું યે કરું વિધિવિધના શણગાર જી,
હરખે તેડાવું તે સહિયર સાથ જી.

નાચું, ગાવું, તાળી તે પાડું બેઉ હાથજી,
કોને કહું? કહ્યું તે નવ કહેવાયજી.

છબી પર જન રસિક બલિ જાયજી,
આજ મારે આનંદ ઉર ન સમાયજી.

## મંદિરને દ્વાર મેં તો બાંધ્યા તોરણિયાં

મંદિરને દ્વાર મેં તો બાંધ્યાં તોરણિયાં;
કુમકુમના સાથિયા પુરાય રે, સાહેલી આજે વધામણાં.
ચંપા તે રણ્યમાં ને અગ્નિના કુંડમાં;
પ્રગટ્યા શ્રીવલ્લભ રાય રે, સાહેલી આજે વધામણાં.
કદલીના સ્થંભ મેં તો રોપ્યા છે આંગણે;
નોબતના નાદ સંભળાય રે, સાહેલી આજે વધામણાં.
માતા ઈલંમાજી પારણે ઝુલાવે;
આનંદ ઉર ન સમાય રે, સાહેલી આજે વધામણાં.
એ સુખ શોભા કહેતાં ન આવે;
રસિક પ્રિયા ગુણ ગાય રે, સાહેલી આજે વધામણાં.
મંદિરને દ્વાર મેં તો બાંધ્યા તોરણિયાં;
કુમકુમના સાથીયા પુરાય રે, સાહેલી આજે વધામણાં.

⁂

## સખી આંબો રોપિયો

જીરે તેલંગ તિલક ત્રિભુવન ધણી,
વહાલો પ્રગટ્યા શ્રીલક્ષ્મણ ગૃહે... સખી આંબો રોપિયો

શ્રીલક્ષ્મણજીએ આંબાને વાવિયો,
શ્રી ઈલમ્માજી શ્રેષ્ઠ પ્રકાશ... સખી આંબો રોપિયો

સંવત પંદરસો પાંત્રીસે આંબો પ્રગટ્યો,
ચૈત્ર વદી એકાદશી દિન... સખી આંબો રોપિયો

ચંપારણ્યમાં આંબાનું પ્રાગટ્ય,
આંબાનું મૂળ અગ્નિ સ્વરૂપ... સખી આંબો રોપિયો

પ્રથમ આંબાને બે ડાળો પ્રસરી,
શ્રીગોપીનાથ શ્રીવિઠ્ઠલનાથ... સખી આંબો રોપિયો

આંબો પ્રેમરસથી સિંચાય છે,
આંબાની ડાળીઓ પહોંચી આકાશ... સખી આંબો રોપિયો

આંબો ચૌદ ભુવનમાં છાઈ રહ્યો,
તેના વેદ કરે રે વખાણ... સખી આંબો રોપિયો

શ્રી સિદ્ધાંત રહસ્ય આંબે મોર આવ્યો,
શ્રી સુબોધિનીજી આંબાનું ફળ... સખી આંબો રોપિયો

આંબો પ્રથમ કોણે કોણે અનુભવ્યો,
આંબે રહ્યા છે કોણ રખવાળ... સખી આંબો રોપિયો

આંબો દામોદરદાસે અનુભવ્યો,
કૃષ્ણદાસ આંબો રખવાળ... સખી આંબો રોપિયો

માધવભટ કાશ્મીરીએ આંબો વેડિયો,
રસ ભોક્તા ચોરાસી વૈષ્ણવ... સખી આંબો રોપિયો

કલિયુગમાં કલ્પવૃક્ષ શ્રી મહાપ્રભુજી,
એહની શાખાઓ પ્રસરી અનેક... સખી આંબો રોપિયો

આંબો એક ચિત્તથી જે સાંભળે,
એનો વ્રજમાં અવિચલ વાસ... સખી આંબો રોપિયો

ધન્ય ધન્ય તેલંગ તિલક આંબાને,
સૂરદાસ બલિહારી જાય... સખી આંબો રોપિયો

⁂

---

## હું તો માગું શ્રી મહાપ્રભુજી એટલું રે

હું તો માગું શ્રી મહાપ્રભુજી એટલું રે;
આપના ચરણોમાં પ્રીતિ થાય... હું તો૦ (૧)
દુઃખના તૂટી પડે જો અમ પર ડુંગરા રે;
તોય સ્મરણ આપનું ન જાય... હું તો૦ (૨)
સુખના સાગર કદી ઉછળે રે;
તોય સેવામાં ચિત્ત પરોવાય... હું તો૦ (૩)
જીવના દોષો સામું જોશો નહિ રે;
જીવના દોષો તણો નહિ પાર... હું તો૦ (૪)
મનડું ઝુરે સદા વિયોગથી રે;
આંખડી અળગી ન તમથી થાય... હું તો૦ (૫)
જકડાયેલા જગત જંજાળમાં રે;
છૂટવા સમજાવો કોઈ ઉપાય... હું તો૦ (૬)
મહાપ્રભુજી આશા જીવની એજ છે રે;
આપનાં વારે વારે દર્શન થાય... હું તો૦ (૭)
દાસના દાસની આ છે વિનંતી રે;
આપજો ચરણકમલમાં નિવાસ... હું તો૦ (૮)

⁂

## ચંપારણ ચાલો સખી સ્નેહથી

ચંપારણ ચાલો સખી સ્નેહથી ઓ ગોપિકાઓ;
ચંપારણ ચાલો સહુ સ્નેહથી.
ત્યાં છે મારા વલ્લભનાં સ્નેહ-સંભારણાં;
સ્નેહવારિમાં આપણે નાહીએ. (૨)

ઓ ગોપિકાઓ! ચંપારણ ચાલો સહુ સ્નેહથી.
દૈવી જીવોને કાજે વલ્લભ પ્રગટિયા,
શરણે લીધા છે દૈવી જનને. (૨)
ઓ ગોપિકાઓ! ચંપારણ ચાલો સહુ સ્નેહથી.
પાવન ધામ છે ને નિર્મળ નીર છે
નીરખીને મન હરખાય છે (૨)
ઓ ગોપિકાઓ! ચંપારણ ચાલો સહુ સ્નેહથી.
એક એક પગલે શ્રી વલ્લભનું નામ છે.
રોમ રોમ વ્યાકુળ થાય છે; (૨)
ઓ ગોપિકાઓ! ચંપારણ ચાલો સહુ સ્નેહથી
વૈષ્ણવનું પહેલું એ ચંપારણ સ્થાન છે,
અમૂલખ નામ છે અમારું (૨)
ઓ ગોપિકાઓ! ચંપારણ ચાલો સહુ સ્નેહથી.
વલ્લભનાં ચરણોમાં ચિત્ત મારું રહેજો,
હૃદિયામાં રટજો એ નામને; (૨)
ઓ ગોપિકાઓ! ચંપારણ ચાલો સહુ સ્નેહથી

**- વીણા શેઠ (અમદાવાદ)**

* * *

# શ્રીગુસાંઈજીનાં ધોળ

## આજ સૈયર રે વધામણાં

આજ સૈયર રે વધામણાં, વ્રજ વાગ્યાં નિશાન;
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી, થયા કોટિ કલ્યાણ;

ચાલની ચાલ ઉતાવળી, લાલને જોવાને જઈએ;
તન તડપે છે મન મેલીને આપણે આનંદ લઈએ. આજ૦

અમી રે ભરી હરિની આંખડી નયણાં છે રે રસાલ;
ચરિત્ર કરે મન ભાવતા પારણે પોઢ્યા દયાળ. આજ૦

એ તો નિદ્રા નહિ કરે સેવાના છે રસીયા;
માધવદાસના પ્રભુજી મારે મન વસીયા. આજ૦

* * *

## વલ્લભને દ્વાર રે આનંદ અપાર રે

વલ્લભને દ્વાર રે આનંદ અપાર રે;
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી...

હાંરે ત્યાં તો નોબતના નાદ સંભળાય છે;
હાંરે ત્યાં તો મળી માનુની મંગળ ગાય છે;
હાંરે સજી સોળે શૃંગાર રે ચાલી વ્રજનાર રે;
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી...

હાંરે કોઈ ફૂલડાની છાબ લઈ આવે;
હાંરે કોઈ મોતીડે નાથને વધાવે;
હાંરે બાંધે તોરણિયાં દ્વાર રે, ફૂલડાંના હાર રે;
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી...

હાંરે માતા અક્કાજી પારણે ઝુલાવે;
હાંરે ત્યાં તો રસિક ભક્તોના ભાવને મનાવે,
હાંરે દીધા આશિષ અપાર રે, હરખ્યા નરનાર રે;
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી...

⁂

## આજે આનંદ મારા રે અંગમાં

આજે આનંદ મારા રે અંગમાં, રસ વાધ્યો છે રૂડા રંગમાં;
પધાર્યા શ્રીવિઠ્ઠલનાથ... નજરો ભરી ભરી નિરખીયે. (૧)
ધન્ય ધન્ય શ્રીવલ્લભતાતને, ધન્ય ધન્ય શ્રીઅક્કાજી માતને;
જેણે જાયા શ્રીજુગના આધાર... નજરો૦ (૨)

ધન્ય ધન્ય શ્રીયમુનાજી નીરને, ધન્ય ધન્ય લહેર તરંગને;
ધન્ય ધન્ય શ્રીઠકુરાણી ઘાટ... નજરો૦ (૩)
ધન્ય ધન્ય શ્રીવૃન્દા તે વનને, ધન્ય ધન્ય કદમ કેરી છાયને;
વ્હાલે કીધો રે કાંઈ વેણુનો નાદ... નજરો૦ (૪)
ધન્ય ધન્ય શ્રીગોકુલની ગલીઓને, ધન્ય ધન્ય શ્રીશ્યામાજુના જૂથને,
ગોપી મળીને રે મંગલ ગાય... નજરો૦ (૫)
ધન્ય ધન્ય શ્રીવ્રજના જીવનને, ધન્ય ધન્ય સર્વે સાથને;
બલિહારી જાય માધવદાસ... નજરો૦ (૬)

⁂

## લીલી પાંદડીએ લીલી

લીલી પાંદડીએ લીલી પાંદડીએ માંડવડો;
મહા ઓચ્છવને દિન રળિયામણો સોહાય રે.
પડવે પહેલા મંગળ ધોળ ગવાય રે;
બીજે બધાનાં હૈયા બહુ હરખાય રે.
ત્રીજે તોરણ આસોપાલવનાં બંધાય રે;
ચોથે ચોઘડિયાં રૂમઝૂમ રૂમઝૂમ વાગે રે.
પાંચમે પ્રભુજીનાં મંગળ ગીત ગવાય રે;
છઠ્ઠે છોગાળા નંદકુંવર ઘેર આવ્યા રે.
સાતમે ગોકુળનાથજીનો મહાઓચ્છવ થાય રે;
આઠમે પ્રભુજીનાં મંગળ ગીત ગવાય રે.
નોમે ગુંસાઈજીનો જલેબી ઓચ્છવ થાય રે;
દશમે પ્રભુજીનાં કળશ ભરાય રે.
એરે જોઈને વૈષ્ણવ બહુ હરખાય રે;
દાસ હરખે ગુણ ગાય રે.

## પ્રગટે શ્રીવિઠ્ઠલનાથ

પ્રગટે પ્રગટે હાં હાં રે પ્રગટે પ્રગટે શ્રીવિઠ્ઠલનાથ ગુસાંઈજી,
શ્રીમહાપ્રભુને આંગણે... એ અમારે આંગણે૦

કલિયુગ જીવ ઉદ્ધારણ કાજે આવ્યા શ્રીવિઠ્ઠલમહારાજ,
બાજે બાજે હાં હાં રે બાજે બાજે ઘર ઘરમાં રંગ વધાઈ,
શ્રીમહાપ્રભુજીને આંગણે... એ અમારે આંગણે૦

જગતમાં થઈ રહ્યો જય જય કાર, મળીને આવ્યાં વ્રજની નાર,
મોંઘાં મોંઘાં હાં હાં રે મોંઘાં મોંઘાં ઓવાર્યાં વસ્ત્ર,
મહાપ્રભુજીને આંગણે... એ અમારે આંગણે૦

હાથમાં લઈને કંચનથાળ, મોતીના ચોક પૂરાવે ગ્વાલ,
નાચે નાચે હાં હાં રે નાચે નાચે વ્રજનારી મળીને સાથે,
શ્રીમહાપ્રભુજીને આંગણે... એ અમારે આંગણે૦

દૈવી જીવને શરણે લીધા, એમના જન્મ કૃતાર્થ કીધા,
વહાલે વહાલે હાં હાં રે વહાલે વહાલે વૈષ્ણવના મોદ બઢાવ્યા,
શ્રીમહાપ્રભુજીને આંગણે... એ અમારે આંગણે૦

નૌમી પોષ કૃષ્ણ બડભાગી, ઓચ્છવ આનંદે અનુરાગી,
જગમાં જગમાં હાં હાં રે જગમાં જગમાં પ્રસરી એ નામ દુહાઈ,
શ્રીમહાપ્રભુજીને આંગણે... એ અમારે આંગણે૦

અમ સરખા પાપી તાર્યા, તેને ભવથી પાર ઉતાર્યા,
કહે છે કહે છે હાં હાં રે કહે છે કહે છે વ્રજવાસીદાસ,
શ્રીમહાપ્રભુજીને આંગણે... એ અમારે આંગણે૦

*

## આજ મારા આંગણિયામાં...

આજ મારા આંગણિયામાં મોતીના મેહ વરસ્યા રે.
મોતીના મેહ વરસ્યા, વ્હાલા મોતીના મેહ વરસ્યા રે.

ઘેર પધાર્યા શ્રીગોકુલનાથ હૈયાં મારાં હરખ્યાં રે.
હૈયાં મારાં હરખ્યાં વ્હાલા હૈયાં મારાં હરખ્યાં રે. આજ...

ધોતી ઉપરણા કેસરીને કેસર ભીની પાઘ રે,
કેસર ભીની પાઘ મારા વ્હાલા કેસરભીની પાઘ રે. આજ...

કાને કુંડલ ઝગમગેને તેજ તણો નહીં પાર રે,
તેજ તણો નહીં પાર મારા વ્હાલા તે જ તણો નહીં પાર રે. આજ...

કંઠે બિરાજે તુલસીમાળા ગુંજામાળા પુષ્પની માળા સોહે રે,
ગુંજાની માળા સોહિએ વ્હાલા પુષ્પમાળા સોહિયે રે. આજ...

બાંહે બાજુ બંધ બેરખાને પ્હોંચીઓ રત્ન જડાવ રે,
પ્હોંચીઓ રત્ન જડાવ વ્હાલા, પ્હોંચીઓ રત્ન જડાવ રે. આજ...

કેડે સોહાયે કટિ મેખલાને ઝાંઝરનો ઝણકાર રે,
ઝાંઝરનો ઝણકાર મારા વ્હાલા ઝાંઝરનો ઝણકાર રે. આજ...

દાસનો દાસ વિનંતિ કરે મને આપો શ્રીગોકુલ વાસ રે,
આપો શ્રીગોકુલવાસ મારા વ્હાલા આપો શ્રીગોકુલ વાસરે. આજ...

આજ મારા આંગણિયામાં મોતીના મેહ વરસ્યારે.

* * *

# શ્રીગોકુલનાથજીની વધાઈ

(રાગ-સારંગ)

રૂક્મિણી જાયો શ્રીવલ્લભલાલ ।
અગહન સુદિ સાતેં શુભ દિન અતિ, પ્રગટ્યો ભક્તન પ્રતિપાલ ।।૧।।
કૌન સુફલ કીને શ્રીવિઠ્ઠલ ગોકુલનાથ નિહાર્યો બાલ ।
વૃંદાવનકો ચંદ ઉદય ભયો ભક્ત જનન પ્રતિપાલ ।।૨।।

⁂

(રાગ-સારંગ)

પ્રાગટ્ય અતુલ પ્રકટ ભયો સુનકે, જહાં તહાં તેં સુંદરિ ઊઠિ ધાઈ ।
વધાઈ વધાઈ વધાઈ કહત હૈ, મોદભરી મંદિરમેં આઈ ।।૧।।
ધન્ય રુક્મિની તેરી કૂખ સુહાગિની, ભાગ્યન યહ નિધિ ભૂતલ આઈ ।
અષ્ટ સિદ્ધિ નવ નિધિ અલૌકિક યા દેખત હમ પાઈ વધાઈ ।।૨।।
મગન ભઈ નિજ અંગ ન સમારતિ, બારત તનમન-પ્રાન સમેતી ।
અનેક મનોરથ કીયે ભાવતેં ન્યોછાવર કર સંપત્તિ દેતી ।।૩।।
ચિરંજીયો જુગ જુગ યહ બાલક, યા ઘરકી સુખ સંપત્તિ બાઢો ।
દરશન દાનકી ભીક્ષા માગત, દાસ ગોપાલ દ્વાર રહ્યો ઠાડો ।।૪।।

⁂

# શ્રીયમુનાજીનાં ધોળ

## ધન્ય શ્રીયમુના મા

ધન્ય શ્રીયમુના મા! કૃપા કરી શ્રી ગોકુલ વ્રજ સુખ આપજો;
વ્રજની રજમાં અહર્નિશ અમને, સ્થિર કરીને સ્થાપજો... ટેક.
તમો મોટાં છો શ્રી મહારાણી, તમે જીવ તણી કરુણા જાણી;
શરણે લેજો અમને તાણી, ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી૦
શ્રીવૃંદાવનની વાટમાં, ન્હાવું શ્રીયમુના ઘાટમાં;
વહાલે રાસ રમાડ્યા રાતમાં, ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી૦
ચાલો તો થઈએ વ્રજવાસી, પરિક્રમા કરીએ ચોરાશી;
મારા જન્મ-મરણની ટાળી ફાંસી, ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી૦
પધરાવો સાત સ્વરૂપ સેવા, આરોગાવો મીઠા મેવા;
વૈષ્ણવને લાભ ઘણો લેવા, ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી૦

ગોકુલ મથુરાની ગલીઓમાં, મહારાજ મુજને ત્યાં મળીયા;
મારા સકલ મનોરથ સફળ થયા, ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી૦
નંદજીનો વહાલો વનમાળી, કાલિંદીને કાંઠે ધેનુ ચારી;
વહાલો હસી હસી અમશું લે તાળી, ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી૦
ચાલો તો શ્રીયમુનાજી નાહિએ, એવા અખંડ વ્રજવાસી થઈએ;
એવી નૌતમ લીલા નિત્ય ગાઈએ, ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી૦
સખી! સમરોને સારંગપાણી, વૈષ્ણવને વહાલી એ વાણી;
એ લીલા 'હરિદાસે' જાણી, ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી૦

⁂

## દરશન દ્યો મા શ્રી યમુનાજી

દરશન દ્યો મા શ્રી યમુનાજી, હું તો બીજા કશાથી નથી રાજી;
પાન કરાવો અમૃત જલનાં, જોર હઠાવો માયા બળનાં,
રટણ કરાવો શ્રી રાધાવરનાં... દરશન દ્યો મા શ્રી યમુનાજી.

શરણ પડ્યો છું દુખડાં કાપો, તાપ નિવારી સુખડાં આપો,
યુગલ સ્વરૂપ મારા હૃદયમાં સ્થાપો... દરશન દ્યો મા શ્રી યમુનાજી.

અહરનિશ સેવામાં દિન ગાળું, કૃષ્ણ કૃપાએ દીનતા માગું,
અવિચળ પદ આપો પાયે લાગું... દરશન દ્યો મા શ્રી યમુનાજી.

માયા જાળ ટાળો શ્રી મહારાણી, માજી લીલામાં લો તાણી,
દૈવી જીવ ઉપર કરુણા જાણી... દરશન દ્યો મા શ્રી યમુનાજી.

છોડાવી દ્યો વિષયાસક્તિ, માનસી સેવામાં દ્યો અનુરક્તિ,
શ્યામ ચરણમાં દ્યો મા દઢ ભક્તિ... દરશન દ્યો મા શ્રી યમુનાજી.

દુર્ગુણ મારા કાઢી નાખો, વાંક હમારો હોય તો સાંખો,
વ્રજમાં વાસ કરું એમ મુખ ભાખો... દરશન દ્યો મા શ્રી યમુનાજી.

લાલા લહેરી સેવક તારો, દીન થઈ આવ્યો અતિ દુઃખિયારો,
ઉગરવાનો બીજો મા નથી આરો... દરશન દ્યો મા શ્રી યમુનાજી.

⁂

## મહારાણી મા મલકે છે

મારો સોનાનો ઘડુલો રે... હાં મહારાણી મા મલકે છે
મારી મોતીની ઈંઢોણી રે... હાં મહારાણી૦

ચૂંદડીની ઓરકોર, પાલવની કોરમોર,
માનું મુખડું મલકે છે... હાં મહારાણી૦

વૃંદાવનની વાટમાં ને યમુનાજીના ઘાટમાં
જલ ભરવા મારે જાવું છે... હાં મહારાણી૦

નંદજીનો લાલો ને જશોદાનો જાયો
કાનો મારગડા રોકે છે... હાં મહારાણી૦

વૃંદાવનની વાટમાં ને યમુનાજીના ઘાટમાં
કાનો દધિના દાણ માગે છે... હાં મહારાણી૦

મધુવનની કુંજમાં ને સાંકડી ખોરમાં
મહીની મટુકી વ્હાલો ફોડે છે... હાં મહારાણી૦

શરદ પૂનમની અજવાળી રાતે
કાનુડો રાસ રમાડે છે... હાં મહારાણી૦

'માધવદાસ'ના સ્વામી શામળિયા
કાનુડો વ્હાલો વ્હાલો લાગે છે... હાં મહારાણી૦

⁂

## એવાં શ્રી જમુનાજીનાં નામ

એવાં શ્રી જમુનાજીનાં નામ, અમને પ્રાણપ્યારાં છે,
એવાં મહારાણીજીનાં નામ, અમને પ્રાણપ્યારાં છે.

પ્રાણ પ્યારા છે, અમને અધિક વહાલાં છે,
એવાં શ્રી જમુનાજીનાં નામ, અમને પ્રાણપ્યારાં છે.

સૂરજ દેવતાની દીકરી ને, યમરાજાની બેનડી,
વરિયા ચૌદ ભુવનના નાથ, અમને પ્રાણપ્યારાં છે.

શ્યામ ઘાટે ગોકુલ ઘાટે, ઠકરાણી ઘાટે બીરાજતાં,
આરતી વિશ્રામ ઘાટે થાય, અમને પ્રાણપ્યારાં છે.

જમુનાજીનાં પાન કરતાં, પાપી પાવન થાય છે,
એહુના દર્શનથી દુઃખ જાય, અમને પ્રાણપ્યારાં છે.

તાલ મૃદંગ ને વેણુ વાગે, શોભાનો નહિ પાર રે,
બલિહારી જાય માધવદાસ, અમને પ્રાણપ્યારાં છે.

* * *

## ઘરચોળું પહેરીને યમુના પ્રીતમ જોડે...

ઘરચોળું પહેરીને યમુના પ્રીતમ જોડે આવ્યાં રે,
મનના માંડવડે મેં તો મોતીડે વધાવ્યાં રે. ઘરચોળું૦

માથે સહેરો કાને કુંડલ મુખ પર મરવટ માંડી રે,
પાનેતર ને ચૂંદડી ઓઢી મન મંદિરીયે આવ્યાં રે. ઘરચોળું૦

આગળ યમુના પાછળ પ્રીતમ બંને સાથે આવ્યાં રે,
મારા મનના ભવન દ્વાર પર ચોખલીએ વધાવ્યાં રે. ઘરચોળું૦

કંકુવર્ણી પહેલી પગલી મન મંદિરીયામાં પાડી રે,
બીજે પગલે ફૂલડાં વેરી ભીતર ભવન સિધાવ્યાં રે. ઘરચોળું૦

નયન કુંભનાં જળથી મેં તો ચરણ ચોળી પખાળ્યા રે,
મસ્તક જેવું શ્રીફળ મૂકી ચરણ ઉપર વારી રે. ઘરચોળું૦

હૈયાના ઉમળકે મેં તો આરતી લઈ ઉતારી રે,
મનડું મોટું કુંજ સદન છે સદા બિરાજે જોડી રે. ઘરચોળું૦

યમુનાને ગિરધરની જોડી સુખમાં સદા બિરાજે રે,
યમુનાને ગિરધરની જોડી 'શ્રાવણી' જાય બલિહારી રે. ઘરચોળું૦

- રચના : પૂ. ગો. શ્રી ઇંદિરાબેટીજી

* * *

## આજ જમુનાજી પધાર્યા મારે ઘેર રે...

આજ જમુનાજી પધાર્યા મારે ઘેર રે,
આનંદની લ્હેર આજ આનંદની લ્હેર.

માએ કરી છે ઘણી મહેર રે,
આનંદની લ્હેર આજ આનંદની લ્હેર.

સોના સૂરજ આજ ઊગ્યો આંગણીએ;
જમુનાજી પધાર્યા આજ ઉરની લાગણીએ;
હાંરે મારા હૈયામાં હરખ ન માય રે... આનંદની

તોરણ પતાકા મેં તો બાંધ્યા બારણીએ;
કુમકુમના ચોક પૂર્યા જમુના કારણીએ;
આજ ફૂલડાં વેર્યા છે ઠેર ઠેર રે... આનંદની

જમુનાજી નીરખી મારી આંખો હરખાય છે;
મંગળ ગીત મારી મંડળીઓ ગાય છે;
હાંરે વાગે વાગે શરણાયુના સૂર રે... આનંદની

સત્સંગ ગંગામાં નહાવા સહુ મળીયા;
પૂર્વ જન્મના પાપો સહુ ટળીયા;
હાંરે આજ મટી ગયા ચોરાસીના ફેર રે... આનંદની

માખણ ને મીસરી માને ધરાવું;
જમુનાજીના જલની ઝારી ભરાવું;
આજ ગોપીયુંને થાય લીલા લ્હેર રે... આનંદની

માધવદાસના સ્વામી શામળીયા;
જન્મો જન્મના પુન્ય જ ફળીયા;
હાંરે અમને આપો શ્રીવ્રજમાં વાસ રે...
આનંદની લ્હેર આજ આનંદની લ્હેર...

## મેંતો જુગલ સ્વરૂપે જોયા

મેં તો જુગલ સ્વરૂપે જોયાં શ્રી જમુનાજી રે.
મારાં ભવનાં દુઃખડાં ખોયાં શ્રી જમુનાજી રે.
પહેરે ચોળી કસુંબલ સાડી શ્રી જમુનાજી રે.
એવાં સ્વરૂપ નીરખવાને દોડી શ્રી જમુનાજી રે.
નેપુર ઘુઘરી વાગે ચરણે શ્રી જમુનાજી રે.
મારું મન તમારે શરણે શ્રી જમુનાજી રે.
માજી તમ પાસે મારું મન શ્રી જમુનાજી રે.
ઘેર બેઠા તપે મારું તન શ્રી જમુનાજી રે.

શોભો નંદકુંવરની સંગે શ્રી જમુનાજી રે.
સુંદર રૂપે શ્યામ સ્વરૂપે શ્રી જમુનાજી રે.
તમને મોહ્યા છે વ્રજના ભૂપ શ્રી જમુનાજી રે.
સદા બિરાજો વ્રજમાંય શ્રી જમુનાજી રે.
પોતાના ભક્તોની કરવા સહાય શ્રી જમુનાજી રે.
શોભા જોઈ કહે હરિદાસ શ્રી જમુનાજી રે.
અમને આપજો વ્રજમાં વાસ શ્રી જમુનાજી રે.
માજી હું તો તમારો દાસ શ્રી જમુનાજી રે.
રાખો ચરણ કમલની પાસ શ્રી જમુનાજી રે.

## યમુનામાના છે ગંભીર ઘણાં નીર

યમુનામાના છે ગંભીર ઘણાં નીર;
કિનારે દીવા બળે રે લોલ.

ત્યાં છે મારા મહારાણી સુંદરશ્યામ;
આંખડીએ અમી ઝરે રે લોલ... યમુનામાના૦

ત્યાં છે મારા મહાપ્રભુજી ગોરા;
ભાલે એમને તિલક શોભે રે લોલ... યમુનામાના૦

ત્યાં છે મારા મેવાડના શ્રીનાથ;
હડપચીએ હિરલો ઝગે રે લોલ... યમુનામાના૦

રમે છે મારું વલ્લભ મંડળ આજ રાસે;
હૈયે એમને આનંદ ઘણો રે લોલ... યમુનામાના૦

⁂

# શ્રી જમનાજી તો પ્રીતમનાં પટરાણી

શ્રી જમનાજી તો પ્રીતમનાં પટરાણી, રમે છે રાસ કુંજમાં રે લોલ.
શ્રી જમનાજી તો મોહનનાં મહારાણી, રમે છે રાસ રંગમાં રે લોલ.

શ્રી જમનાજી શ્યામ વરણ સુકુમારી, રમે છે રાસ રંગમાં રે લોલ.
શ્રી જમનાજી વશ કીધા ગિરધારી, રમે છે રાસ રંગમાં રે લોલ.

શ્રી જમનાજી કમલ સરીખાં નેણ, રમે છે રાસ રંગમાં રે લોલ.
શ્રી જમનાજી તો ઉચરે અમૃત વેણ, રમે છે રાસ રંગમાં રે લોલ.

શ્રી જમનાજી તો સોળે સજે શણગાર, રમે છે રાસ રંગમાં રે લોલ.
શ્રી જમનાજી તો કંઠે એકાવન હાર, રમે છે રાસ રંગમાં રે લોલ.

શ્રી જમનાજી તો ચરણે ઝાંઝરનો ઝમકાર, રમે છે રાસ રંગમાં રે લોલ.
શ્રી જમનાજીની શોભા અપરંપાર, રમે છે રાસ રંગમાં રે લોલ.

શ્રી જમનાજીની ચટકે ચૂંદડી લાલ, રમે છે રાસ રંગમાં રે લોલ.
શ્રી જમનાજી તો ચાલે છે હંસગતિ ચાલ, રમે છે રાસ રંગમાં રે લોલ.

શ્રી જમનાજી ગોપીજનો ગુણ ગાય, રમે છે રાસ રંગમાં રે લોલ.
શ્રી જમનાજી પ્રેમ સુધારસ પાયે, રમે છે રાસ રંગમાં રે લોલ.

શ્રી જમનાજી રસિક પ્રિયા લાગે પાય, રમે છે રાસ રંગમાં રે લોલ.
શ્રી જમનાજી ચરણ કમલ રજ માથે, રમે છે રાસ રંગમાં રે લોલ.

* * *







# આવ્યાં શ્રીયમુનાજીનાં નોતરાં

આવ્યાં શ્રી યમુનાજીનાં નોતરાં ને;
મારે જાવું છે વ્રજ પરદેશ રે,
રાજ કોઈ રોકો નહિ... ટેક.

વ્રજભૂમિ છે ઢુંકડી ને,
કાંઈ છેટા શ્રીઠકુરાણી ઘાટ રે... રાજ૦

જમુનાને કાંઠી ઊભી નાવડી ને,
મારો વ્હાલો જુવે છે વાટ રે... રાજ૦

નાવમાં બેસીને અમે ચાલીયાં ને,
કાંઈ પહોંચ્યાં શ્રી ઠકુરાણી ઘાટ રે... રાજ૦

ગંગા નાહ્યા ને નાહ્યા ગોમતી ને,
મારે કરવા શ્રી યમુના પાન રે... રાજ૦

નાવમાં બેસીને અમે આવીયાં ને,
કાંઈ પહોંચ્યા શ્રીવિશ્રામ ઘાટ રે... રાજ૦

વિશ્રામ ઘાટના ચોકમાં,
કાંઈ બિરાજે બાળ સ્વરૂપ રે... રાજ૦

નિરખવા શ્રીનાથજીને,
કાંઈ વૈષ્ણવની ભીડાભીડ રે... રાજ૦

વલ્લભદાસની વિનંતી રે,
અમને દેજો શ્રી વ્રજમાં વાસ રે... રાજ૦

* * *

## મા વૃંદાવનની કુંજમાં શ્રી જમુનાજી

મા વૃંદા તે વનની કુંજમાં શ્રી જમનાજી;
રંગ રસિયો રમે છે રાસમાં શ્રી જમનાજી.
મા વહાલે વગાડી રૂડી વાંસળી શ્રી જમનાજી;
પૂરી વ્રજ સુંદરીની આશ રે શ્રી જમનાજી.
મા રાસ રમવાને પધારજો શ્રી જમનાજી;
તમે સોળે સજો શણગાર રે શ્રી જમનાજી.
મા ચણીયા ચોળીને ચૂંદડી શ્રી જમનાજી;
સોહે કંઠે એકાવન હાર રે શ્રી જમનાજી.
માં કેડે કંદોરો કટી મેખલા શ્રી જમનાજી;
માં ચૂડી કંકણ હાથ સાંકળાંરે શ્રી જમનાજી.
માં બાંહે બાજુબંધ બેરખા શ્રી જમનાજી;
સોહે કાને ઝૂમખા તણી જોડ રે શ્રી જમનાજી.
સોહે નથમાં નાચતો મોર રે શ્રી જમનાજી;
માં સરખી સાહેલીના સાથમાં શ્રી જમનાજી.
સહુ રમજો ગરબા રાસ રે શ્રી જમનાજી;
મા રસિક પ્રિયા કરે વિનંતી શ્રી જમનાજી.

## જુઓ જુઓ મહારાણીજીનાં રૂપ

જુઓ જુઓ મહારાણીજીનાં રૂપ;
શ્યામ સંગ શ્યામ બન્યાં રે,
કરવા ભક્ત તણો ઉદ્ધાર;
કૃષ્ણ સંગે કૃષ્ણ બન્યાં રે... જુઓ૦

પહેર્યાં ચણીયા ચોળી ને સાડી અંગ;
કુમકુમ કેસરની ટિલડી સોહે સંગ,
મોહ્યા મોહ્યા શ્રીમદનગોપાલ;
શ્યામ સંગ શ્યામ બન્યાં રે... જુઓ૦

માને પાયે તે નૂપુરને ઘુઘરી બાજે;
માના હસ્ત કમળમાં ચૂડી સાજે,
લીલી મોતીની માળા સોહાય;
શ્યામ સંગ શ્યામ બન્યાં રે... જુઓ૦

માનાં નયનો નિજ જગ ગોતી રહ્યાં;
માના હસ્તકમળ આશિષ આપી રહ્યાં,
કરવા કૃષ્ણ અધરામૃત પાન;
શ્યામ સંગ શ્યામ બન્યાં રે... જુઓ૦

કૃષ્ણ તુર્ય પ્રિયાજીની સંગે રમે;
ત્યાં ગોપીજન આનંદ ઉરમાં ભરે,
ત્યાં દાસનો દાસ બલિહારી;
શ્યામ સંગ શ્યામ બન્યાં રે... જુઓ૦

## યમુનાનાં નીર અતિ ઊંડા સાહેલડી

યમુનાનાં નીર અતિ ઊંડા સાહેલડી;
કેમ કરી ઘડુલો ભરાય, હું તો હારી સાહેલડી... ૧.

ઘડુલો ન ડૂબે મારો હાથ નવ પૂગે;
ભરતાં કમર લચકાય, હું તો હારી સાહેલડી... ૨.

નંદનો કુંવર આ વખતે જો આવે;
તો મારાં પાણીડાં ભરાય, હું તો હારી સાહેલડી... ૩.

કોણ સાહેલી મારો સંદેશો આપશે;
આપું મારા હૈયા કેરો હાર, હું તો હારી સાહેલડી... ૪.

કુમુદિની કિશોરે કાંઈ કામણીયું કીધું;
એના વિના ઘડી ના રહેવાય, હું તો હારી સાહેલડી... ૫.

## શ્રી મહારાણીજીનાં પાન કરને તું...

શ્રીમહારાણીજીનાં પાન કરને તું પ્રાણી રે;
એ છે અધમ ઉદ્ધારણ જાણી... શ્રી મહારાણીજીનાં૦

એમનું માહત્મ્ય છે પદ્મપુરાણે રે;
પૃથ્વી પર શ્રી વારાહજી વખાણે રે,
એ તો વ્રજવાસી સુખ માણે... શ્રી મહારાણીજીનાં૦

સુંદર મથુરાજી નિકટ બિરાજે રે;
મંદ મંદ મહાધુનિ ગાજે રે,
એમનાં દર્શનથી દુઃખ ભાજે... શ્રી મહારાણીજીનાં૦

વિશ્રામઘાટે તે આરતી થાય રે;
સામા પ્રભુજીના મુકુટ બિરાજે રે,
ચોબા હાથીની ગર્જનાએ આવે... શ્રી મહારાણીજીનાં૦

ત્યાં તો વૈષ્ણવની ભીડ ભરાય રે;
ત્યાં તો આરતી - ધોળ ગવાય રે,
ત્યાં તો જય જય શબ્દ ઉચ્ચારે... શ્રી મહારાણીજીનાં૦

એમનાં સ્મરણથી સુખ થાય રે;
તેહનાં પ્રાયશ્ચિત દૂર પળાય રે,
જેમ સિંહ દેખીને મૃગ નાસે... શ્રી મહારાણીજીનાં૦

જે કોઈ પયપાન શ્રી યમુનાજીનાં કરશે રે;
તેનો યમકિંકર ભય ટળશે રે,
કહે છે 'રસિક' રાધાવરને વરશે... શ્રી મહારાણીજીનાં૦

## ગંગા ને યમુના બે સૈયર

ગંગા ને યમુના બે સૈયર સંગે સંગે ચાલી રે;
યમુનાએ પ્રીતમના સુખની વાતો વચ્ચે ખોલી રે.

યમુનાજીની વાતોમાં ગંગા મનથી બોલી રે;
સૈયર તારા શામળીયાએ મુજને રસમાં ઝબોળી રે.

મારે વરવું શામળીયાને ભરી દે મુજ ઝોળી રે;
હું તો છું ચરણોનું ધોવણ કેમ ગમું તેને ભોળી રે.

યમુના તો હરખથી નાચી હસતાં હસતાં બોલી રે;
ગંગા ગોરી સૈયર મારી પેલી પ્રીતમ પોળી રે.

ચાલો ત્યાં છે હરિવર મારા મળશું મનડું ખોલી રે;
યમુનાએ ગંગાની ઝારી પ્રીતમ મુખમાં મેલી રે.

ગોરી ગંગા યમુના સંગે બની વધારે ધોળી રે;
પ્રીતમજી મન ખોલી બોલ્યાં મને ગમી આ રૂપાળી રે.

યમુનાજી બોલ્યા સૈયર ઉઠો આપણ દઈએ તાળી રે;
શામળીયા પ્રીતમની તું તો ખૂબ બની છે વ્હાલી રે.

રૂમઝુમ રૂમઝુમ કરતી ગંગા પ્રીતમ સંગે ખેલી રે;
ગંગાના ગોરા અંગો પર પાનેતરને ચોળી રે.

ગંગાએ સેવ્યા શામળીયા એ તો જગને ભૂલી રે;
નૂતન દેહ ધરીને ગંગા રસ સાગરમાં મ્હાલી રે.

યમુનાએ ગંગાને આપી અષ્ટ મહાસિદ્ધિ મૂળી રે;
ગંગા યમુના બે સહિયરની 'શ્રાવણી' પગની ધૂળી રે.

* * *

## તમારા ચરણોમાં રહે મારું મન

તમારા ચરણોમાં રહે મારું મન, યમુનાજી એવું માગું છું;
મારું તન તમારી સમીપ રહે, રોમ રોમ પ્રભુની સેવા કરે,
રહે અષ્ટ પ્રહર તમારું ધ્યાન, વલ્લભ એવું માગું છું... તમારા૦
મારા હાથ સતત સેવામાં રહે, મારી જીભ સ્મરણ કર્યા રે કરે;
મનડું પ્રભુ સેવામાં તત્પર, પ્રભુજી એવું માગું છું... તમારા૦
મારા પગ સદા વ્રજયાત્રા કરે, મારા કાન ગુનગાન સાંભળ્યા કરે;
દિન રાત રહે એજ ભાન, યમુનાજી એવું માગું છું... તમારા૦
ચિત્તડુ મારું ફૂળમાળામાં જ રહે, મન મારું વસ્ત્રની માનસી રે કરે;
બુદ્ધિ રહે સામગ્રીમય, વલ્લભ એવું માગું છું... તમારા૦
મને લૌકિક બંધનો બાંધે નહી, મારું મન સંસારમાં લાગે નહીં;
માયા સ્પર્શે ના વ્રજલતાને લગાર, પ્રભુજી એવું માગું હું... તમારા૦

* * *

## ઉત્તમ વ્રત એકાદશી, સાહેલી રે,

ઉત્તમ વ્રત એકાદશી, સાહેલી રે,
આજ મારે અપવાસ,
જમુનાજી જઈએ ઝીલવા, સાહેલી રે,

રંગીલી ગલી રળિયામણી, સાહેલી રે,
વૈષ્ણવની ભીડાભીડ, જમુનાજી૦ ...૧

સરખી સૈયર ટોળે મળી, સાહેલી રે,
હૈડે હરખ ન માય, જમુનાજી૦ ...૨

વહુ બેટી હીંડે મલપતાં, સાહેલી રે,
સૌ કોને દર્શન થાય, જમુનાજી૦ ...૩

સાકર કેરા કરા પડયા, સાહેલી રે,
દુધડે વરસ્યા મેહ, જમુનાજી૦ ...૪

ગોકુળ રળિયામણું, સાહેલી રે,
સુંદર જમુનાનાં નીર, જમુનાજી૦ ...૫

જમુનાજીમાં ઝીલતાં, સાહેલી રે,
છૂટા મેલ્યા કેશ, જમુનાજી૦ ...૬

વ્રજવાસી સામા મળ્યા, સાહેલી રે,
હરખે સાહીશું વેશ, જમુનાજી૦ ...૭

પરસાદ મેલો મોકળા સાહેલી રે,
ઠોર તણો નહીં પાર, જમુનાજી૦ ...૮

'માધવદાસની' વિનતી સાહેલી રે,
આપો વ્રજમાં વાસ, જમુનાજી૦ ...૯

* * *

## જનમ ધરી શ્રી જમુનાજીમાં ન્હાઈએ

જનમ ધરી શ્રી જમુનાજીમાં ન્હાઈએ,
પાપ મૂકી સહેજે પાવન થઈએ.

જમુનાજી તો જમની પાસે રે આવ્યાં,
બહેન જાણી બાંધવે રે બોલાવ્યાં.

માગો બહેની ! હું રે આપું છું વચન,
હું તો તારા ઉપર થયો છું પ્રસન્ન.

જમરાજ! જોર તારું છે રે ઝાઝું,
(માટે) તારી પાસે પસલી હું તો માગું.

માગું મુજ જલમાં આવીને જે ન્હાયે,
તારું તેડું કદી તેને નવ થાયે.

ત્યારે હસી બોલ્યા જમરાજ વાણી,
તારું જેને ડીલે અડશે પાણી.

તેની પાસે કદી મારે નવ જાવું,
ઘણો પાપી હોય તોય ન બોલાવું.

ધન્ય જેણે વ્રજમાં તે પૂર્યો વાસ,
બલિહારી જાય છે માધવદાસ.

⁂





---

## શ્રીયમુનાજીની ધૂન

મથુરામાં મહારાણીજી, ગોકુલમાં મહારાણીજી;
સકલ સિદ્ધિનો સાજ સજેલાં શ્રીયમુને મહારાણીજી. (૧)
શ્રમ સરિતા મહારાણીજી, રસ ભરિતા મહારાણીજી;
નંદનંદનનો નેહ ભરેલાં, શ્રીયમુને મહારાણીજી. (૨)
કુંજ કુંજ મહારાણીજી, પ્રેમ પુંજ મહારાણીજી;
રાસ રસીલાં, છેલ છબીલાં શ્રીયમુને મહારાણીજી. (૩)
રસ ભર શ્રીમહારાણીજી, મદભર શ્રીમહારાણીજી;
કમલ-છડી કરકમલ લીધેલાં, શ્રીયમુને મહારાણીજી. (૪)
દુઃખ હર્તા મહારાણીજી, સુખ કર્તા મહારાણીજી;
પ્રાણ પ્રીતમનું દાન દેનારા, શ્રીયમુને મહારાણીજી. (૫)
અતિ દુર્લભ મહારાણીજી, સ્નેહ સુલભ મહારાણીજી;
મદન-મનોહર મન મોહનનાં-પ્યારાં શ્રીમહારાણીજી. (૬)
રાસ-રસિક મહારાણીજી, કૃપા અધિક મહારાણીજી;
વ્રજજનના વ્હાલાનાં અતિશે-વ્હાલાં શ્રીમહારાણીજી. (૭)
મનહરણી મહારાણીજી, સુખ કરણી મહારાણીજી;
વૃંદાવનની કુંજે કુંજે રમતાં શ્રીમહારાણીજી. (૮)
ચપલ-નયન મહારાણીજી, મધુર વચન મહારાણીજી;
કુમારિકાના કામ પુરન્તાં, શ્રીયમુને મહારાણીજી. (૯)
તુર્ય પ્રિયા મહારાણીજી, તરૂણ ત્રિયા મહારાણીજી;
મુકુટ કાછની સાજ સજેલાં, શ્રીયમુને મહારાણીજી. (૧૦)
વ્રજેશ-પ્રિય મહારાણીજી, રસેશ-હિય મહારાણીજી;
નિજ 'વ્રજરત્ન' પ્રતિ કરુણાળુ, શ્રીયમુને મહારાણીજી. (૧૧)

* * *

# શ્રીહરિરાયજીનાં ધોળ

(ભાદરવા વદ-૫)



(૧)

ભાદરવો ભલે આવિયો વદ પંચમી સાર રે,
પ્રાગટય શ્રી હરિરાયજી જુગમાં જય જયકાર રે,
પોતાનું પણ પાળવા છોડાવ્યો સંસાર રે,
દૈવી તે જીવ ઉદ્ધારવા, શ્રમ લીધો અપાર રે,
કોડે શ્રી કલ્યાણરાયજી દે છે અતિ ઘણાં દાન રે,
જાચક જન રે સંતોષિયા, અતિ આદર માન રે,
ઘેર ઘેરથી રે સોહાસણી હીંડે મોડલા મોડ રે,
પ્રભુજી પોતાના પ્રગટિયા જોવાના છે કોડ રે,
વેણી તે ગૂંથી પુષ્પો તણી પૂર્યો સેંથલો સાર રે,
કાને તે ઝાલ ઝબુકતી હાર લટકે ઉર ઉપર રે,
ભાલ તિલક કુમકુમ તણાં લલાટ ટીલડીએ સાર રે,
નાકે તે મોતી લટકતાં બિંબ અધર રસાળ રે,
દંત જાણે રે દાડમ કળી ઓષ્ઠ દીસે પ્રવાળ રે,

ચોળી તે પહેરી જરકસી, પહેર્યા નવરંગી ચીર રે,
ગાતાં તે ગીત સોહામણાં પહોંચ્યાં મંદિર માંહ્ય રે,
જઈને જોયાં રે જીવનધણી અંગે ઉલટ ન માય રે,
વાજાં તે વાગે વિવિધ તણાં તોરણ દ્વાર રે,
ઘેર ઘેર ગોરી ઉછળે દાસલડાં બલિહારી રે,

⁂

(૨)

આવ્યા આવ્યા રે ગોકુળ કેરા રાજીયા, ગુણનિધિ હરિરાય રે,
વહાલા રે અમારા દીઠડા પૂરી છે મનડાની આસ,
ભાદરવા વદી પંચમી ભલી, ભલી આજુની રાત રે,
શ્રી કલ્યાણરાય ઘેર પ્રગટિયા ઉછંગે શ્રી હરિરાય રે,
કોણ ઘોડે ને કોણ હાથીએ કોણ ભલે રે તોખારજી,
કોણ બીરાજે સુખપાલમાં ચોપાસે ચમર ઢોળાયજી,
શ્રી રાયજી ઘોડેને હરિરાય હાથીંએ ગોપેશ્વરજી તોખારજી,
શ્રી વિઠ્ઠલેશરાયજી બિરાજે સુખપાલમાં ચોપાસે ચમર ઢોળાયજી,
મથુરા તે નગરીમાં જનમિયા વસીયું ગોકુળ ગામજી,
વસુદેવને ઘેર જનમિયા ઉત્સવ નંદજીને દ્વાર રે,
સિંહાડ નગરીમાં જનમિયા વાસ શ્રીખીમનોર ગામજી,
જમના વહુજી ગોદ ખેલાવિયા પૂરવા વૈષ્ણવની આશજી,
વૈષ્ણવ જન સુખ પામિયા બલિહારી માધવદાસજી.

* * *

# શ્રીકૃષ્ણલીલાનાં ધોળ

## આનંદ સાગર ઉમટ્યો રે લોલ

આનંદ સાગર ઉમટ્યો રે લોલ, વસુદેવ દેવકીને દ્વાર જો...
આઠમ ભાદરવા વદી રે લોલ, રોહિણી નક્ષત્ર બુધવાર જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

પીળા પીતામ્બર પહેરિયાં રે લોલ, ઓઢ્યા ઉપરણા સાર જો...
મસ્તકે મુકુટ બીરાજતા રે લોલ, કુંડળ ઝળકે છે કાન જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

ભાલ તિલક મૃગમદ તણા રે લોલ, ખીંટળિયાળા કેશ જો...
ચારે ભુજાએ આયુધ ધર્યા રે લોલ, શંખ ચક્ર ગદા પદ્મજો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

નાકે નકવેસર શોભતાં રે લોલ, ચુની છે લાલ ગુલાલ જો...
અધર ઉપર મોતી ઢળકતાં રે લોલ, હડપચીએ હીરલાની કાંત જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

બાંહે બાજુબંધ બેરખા રે લોલ, પહોંચી છે રત્ન જડાવજો...
હાથે હાથફૂલ સોહે મુદ્રિકા રે લોલ, ઉર ગજ મોતીના હાર જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

કેડે સોહે કટિ મેખલા રે લોલ, ચરણે ઝાંઝરનો ઝંકાર જો...
એવા પ્રભુજીને નીરખ્યા રે લોલ, દુઃખ ગયા સર્વે દૂર જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

વસુદેવ દેવકીજી હરખ્યા રે લોલ, નીરખ્યાં છે મુખ સ્વરૂપ જો...
એવા પ્રભુને ક્યાં રાખશું રે લોલ, કોપ્યો છે કંસ રાય ભૂપ જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

ત્યારે બાળક એમ બોલીયા રે લોલ, સાંભળો અમારી વાત જો...
નંદ તણા દરબારમાં રે લોલ, મેલી આવો મુજ તાત રે...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

કન્યા લઈને વહેલા આવજો રે લોલ, સરશે તમારા કાજ જો...
તે તમે કંસને દેખાડજો રે લોલ, મોહશે એનાં મન જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

એમ કહીને માયા ફેરવી રે લોલ, ધર્યું છે બાલસ્વરૂપ જો...
વિસ્મય થયા વસુદેવ દેવકી રે લોલ, સ્વપ્નું થયું છે સત્ય રે...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

ભાંગી ભોગળ ખોલ્યા બારણાં રે લોલ, સૂતા છે સહુ દરવાન જો...
મસ્તકે ધરી હરિ નિસર્યા રે લોલ, લીધી છે ગોકુળની વાટ જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

ઝરમર વરસે છે મેહુલો રે લોલ, ચહુદિશ ચમકે છે વીજ જો...
આગળ સહુ ધડકતાં રે લોલ, શેષ નાગે કીધી છે છાંય જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

શ્રીયમુનાજી વહે છે ભરપૂરમાં રે લોલ, ઊઠે લહેર તરંગ જો...
ચરણ કમળ હરિના સ્પર્શ શું રે લોલ, નીચાં થયાં છે નીર જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

દીધો માર્ગ નીર ઉતર્યાં રે લોલ, પહોંચ્યા છે શ્રીનંદ તણા દરબાર જો...
સુતા દીઠા સહુ સાથને રે લોલ, મનમાં કીધો વિચાર જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

શ્રીયશોદાજીની ગોદમાં રે લોલ, પોઢાવ્યા છે ગિરિધરલાલ જો...
કન્યા લઈને વહેલા પાછા વળ્યા રે લોલ, જો જો પ્રભુના ખ્યાલ જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

જાગ્યા જશોદાજી તે સમે રે લોલ, નીરખ્યા છે સુંદર શ્યામ જો...
નંદ અતિ ઘણું હરખીયા રે લોલ, આપ્યાં છે રત્ન કેરાં દાન જો...
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ...

## અતિ રે આનંદભર્યા આવે...

અતિ રે આનંદ ભર્યા આવે મારે અંગે,
શ્યામ સુંદર વર શોભો છો સંગે. (૧)
મુખડાં જોયાં વિના પાણીડાં નવ પીઉં રે,
રસિક સુંદર વર જોઈ જોઈ જીવું રે. (૨)
રસિક સુંદર વરશું એ રઢ લાગી.
જન્મો જન્મ મારી ભાવઠ ભાંગી. (૩)
સગપણ તો શામળીયાનું સાચું,
બાકી સર્વે દીસે છે કાચું. (૪)
મુજને ન વારો મારી રે માડી,
દર્શન કરવા જઈશું રે દોડી. (૫)

કહેશે તેને કહેવારે દેશું,
આપણ સર્વે સાંભળી રેશું. (૬)
નંદના કુંવર તમે ન કરો વડાઈ,
મોટા થયા મારું માખણ ખાઈ. (૭)
નંદના કુંવર તમે બહુ રંગ રસિયા,
અમારે કારણ વ્હાલો વ્રજમાં વસિયા. (૮)
અતિ રે આનંદ ભર્યા નંદ ઘેર જઈશું,
દર્શન કરીને સુખિયા રે થઈશું. (૯)
ઘણા રે દિવસના વાયદા રે વળિયા,
'વલ્લભ' પ્રભુ શ્રી ગોવર્ધન મળિયા. (૧૦)

## આજે વધામણાં રે ગોકુળ ગામમાં

આજે વધામણાં રે ગોકુળ ગામમાં
જશોદાએ શ્રીકૃષ્ણ જાયા... વધામણાં૦
વહેલી સવારમાં જશોદાજી જાગ્યાં
કૃષ્ણ મુખ જોઈ હરખાયાં... વધામણાં૦
દાસી દોડીને આવી નંદરાય પાસે
મંગળ સંદેશા સુણાવ્યાં... વધામણાં૦
ઘેર ઘેરથી નીકળી વ્રજની ગોવાલણી
નવા નવા સાજને સજાવ્યાં... વધામણાં૦
ગોકુલની ગલીઓમાં દહીં દૂધ રેલ્યાં...
નાચંતાં નંદ ઘેર આવ્યાં... વધામણાં૦
વ્રજનાં નરનારીનાં મુખ થયાં મીઠડાં
ભૂદેવોએ આશિષો વરસાવ્યા...વધામણાં૦

વૈષ્ણવોનો નાથ આવ્યો આહીરને ઝૂંપડે
ગોપીઓએ પ્રેમથી વધાવ્યો... વધામણાં૦

## આજે ગોકુળિયામાં નવરંગ નોબત વાગે

આજે ગોકુળિયામાં નવરંગ નોબત વાગે જો,
આ શરણાયું વાગે રે નંદજીને આંગણે.... આજે૦
આ કળશ ભરીને વ્રજનાં નારી ઊભાં જો,
આ તોરણિયાં બાંધ્યા રે નંદજીને આંગણે.... આજે૦
આ આંગણિયામાં કદળીના સ્થંભ રોપ્યા જો,
આ જાચક આવી ઊભા નંદજીને આંગણે.... આજે૦
આ ભીડ ઘણેરી નાચે ગોપી ગ્વાલ જો,
આ સાથિયા પૂર્યા રે નંદજીને આંગણે.... આજે૦
આ જન્મ્યા જન્મ્યા કુમુદિનીના ચંદ જો,
આ પારણિયાં બાંધ્યા રે નંદજીને આંગણે.... આજે૦

## ધન્ય આઠો અંધારી રાત

ધન્ય આઠો અંધારી રાત કે ભાદરવા વદી રે લોલ.
ધન્ય મથુરા ધન્ય ગોકુલ ગામ કે ધન્ય જમુના નદી રે લોલ.
ત્યાં પ્રગટ્યા શ્રીસુંદરશ્યામ કે, કમલદલ લોચના રે લોલ.
પૂરવા વ્રજજન કેરી કામ કે ભક્ત દુ:ખ મોચના રે લોલ.
પ્રગટ્યા મથુરામાં યદુરાય કે શ્રીવસુદેવ ગૃહે રે લોલ.
નીરખે દેવકીજી મુખચંદ કે મન આનંદ લહેરે રે લોલ.
વિનંતી કરી કહે ધન્ય આજ કે એવા પ્રભુ નીરખ્યા રે લોલ.

આંગણે ઊભા શ્રીવસુદેવ કે અતિ ઘણું હરખ્યા રે લોલ.
રત્ન તણાં કરવા બહુ જત્ન કે કહો કેમ કીજીયે રે લોલ.
એવું સ્વરૂપ સુંદર નાથ કે બીજાં વપુ લાજીએ રે લોલ.
પ્રભુજીએ લીધું બાળ સ્વરૂપ કે કહે છે તાતને રે લોલ.
મુજને ગોકુલમાં જઈ સોંપો કે જશોદા માતને રે લોલ.
ભાંગી ભૂંગળ ખોલ્યાં કમાડ કે કારાગૃહ તણાં રે લોલ.
જેહના કૃષ્ણ સરીખા પુત્ર કે તેને શી મણા રે લોલ.
સૂતા દ્વારપાળ સર્વ સાથ કે કર્યું કૌતુક હરિ રે લોલ.
આજ્ઞા માગી શ્રીગોકુલ કે માયા અવતરી રે લોલ.
મસ્તક લીધા યદુરાય કે ચાલ્યા શ્રીગોકુલ ભણી રે લોલ.
વરસે મેઘ ધરી રહ્યો કે છત્ર શેષ ફણી રે લોલ.
પધાર્યા નંદ તણે દરબાર કે સૂતા સહુ દીઠડાં રે લોલ.
પોઢાડ્યા શ્રીયશોદાજીની સેજ કે ગિરધર મીઠડા રે લોલ.
કન્યા લીધી શ્રી વસુદેવ કે આવ્યા મથુરા ફરી રે લોલ.
જશોદા જાગ્યાં દીઠા પુત્ર કે કહે હરખ ભરી રે લોલ.
તેડાવ્યાં સગાં કુટુંબી આજ કે સહુ વ્રજ સાથને રે લોલ.
આપો મણિ માણેક ભંડાર કે આભરણ જેહને રે લોલ.
આપો દ્વિજ જનને બહુ દાન કે ગો વચ્છ તણાં રે લોલ.
આંગણે નંદ તણે બહુ ભીડ કે આવ્યા વ્રજ જન બારણે રે લોલ.
બાંધી કચ્છ ખેલે નર નારી હળદ ઘૃત દૂધ ઘણાં રે લોલ.
એવા ઓચ્છવ નિત્ય અખંડ કે વૈષ્ણવ જાય વારણે રે લોલ.
હૈયે હરખ તણો નહિ પાર કે વૈષ્ણવ જાય વારણે રે લોલ.
શોભા જોઈ કહે હરિદાસ કે દર્શન નિત્ય આપજો રે લોલ.
તમારી લીલા નિત્ય અપાર કે હૃદયમાં સ્થાપજો રે લોલ.

* * *

## મને મારું ગોકુલ યાદ બહુ આવે

મને મારું ગોકુલ યાદ બહુ આવે,
મને તારા મથુરામાં જરાયે ન ફાવે.
મને મારા ગોવાળ યાદ બહુ આવે,
મારા માટે નવાં નવાં માખણ લાવે.
મને મારી ગોપીઓ યાદ બહુ આવે,
મારા માટે નવાં નવાં ખિલૌના લાવે.
મને મારાં જશોદામા યાદ બહુ આવે,
ખાંડણીએ બાંધ્યો એ તો કેમ રે વિસરાય.
મને મારાં યમુનાજી યાદ બહુ આવે,
કાળીનાગને નાથ્યો એ તો કેમ રે ભૂલાય.
મને મારા યમુનાના ઘાટ યાદ બહુ આવે,
રાધા દુલારી ત્યાં જળ ભરવા આવે.
વૃંદાવનની વાટો મને યાદ બહુ આવે,
બંસી બટનો ચોક મને યાદ બહુ આવે.
શરદ પૂનમની રાત મને યાદ બહુ આવે,
ગોપીઓનો પ્રેમ મને કદીયે ન ભૂલાય.
બારણાં વાસીને છપ્પન ભોગ ધરાવે,
માખણ મીસરીનો ભોગ ધરાવે.
માખણ મીસરીને તોલે કાંઈ નવ આવે,
મને મારી વ્રજભૂમિ યાદ બહુ આવે.
થનક થનક થૈઈ થૈઈ રાસ રચાવે,
કૃષ્ણ કહે ઓધવ ઝાઝું શું બોલવું.
ગોકુલની લીલાનો પાર ના આવે,
મને મારું ગોકુલ યાદ બહુ આવે.

* * *

## શ્રીકૃષ્ણ કમલમુખ નીરખવા

શ્રીકૃષ્ણ કમલમુખ નીરખવા ચાલો શ્રીનંદજીને ઘેર રે,
જશોદા એ શ્રીકૃષ્ણ જન્મીયા હરખિયા નંદજી મહેર રે,
ચૌદ ભુવન કેરા ભૂષણા નંદ સુત શ્રીગોકુળ આવ્યા રે,
ગોપીકા સર્વે ટોળે મળી હરિને વધાવવાને જાય રે,
અંતર ઘટ રે ઉતાવળી હરિને જોવાની અપેક્ષાય રે,
પૂજ્ય પવિત્ર પ્રભુજી તણાં ગાય છે નૌતમ ગીત રે,
ગીત ગાયે સ્વર સોહાયે થયાં છે એકાગ્ર ચિત્તરે,
ભેટો લાવ્યાં બહુ ભામિની ચાંલ્લો લાલને કીજેરે,
હરખતાં નીરખતાં પ્રીત શું મોહનને ઉછંગે લીજે રે,
ભીડ થઈ ઘર આંગણે નંદ જશોદાને મન ભાવ્યાં રે,
વ્રજભૂમિનાં સુખ શું કહું નાથને મોતીડે વધાવ્યા રે,
માધવદાસના પ્રભુજી પરિવાર સ્થિર કરી સ્થાપ્યો રે,
દાસ ઉપર દયા કરીને વાસ વ્રજમાંહે આપ્યો રે.

* * *

## અમને વહાલો લાગે છે બેની...

અમને વહાલો લાગે છે બેની, નંદનો કનૈયો;
અમને પ્યારો લાગે છે બેની, નંદનો કનૈયો;

જળ ભરવાને કાજે અમે જમુનાજી ગ્યાતાં,
અમને બેડલાં ચડાવે, બેની નંદનો કનૈયો. ૧.

મહી વેચવાને કાજે અમે મથુરાજી ગ્યાતાં,
મારાં મીઠડાં ગોરસ ચાખે, બેની નંદનો કનૈયો. ૨.

નંદનો કનૈયો ઓલ્યો, જશોદાનો જાયો,
એ છે ગોપીજનનો પ્યારો, બેની નંદનો કનૈયો. ૩.

જમુનાને તીરે તીરે, ધેનુ ચરાવે,
મીઠી મોરલી બજાવે, બેની નંદનો કનૈયો. ૪.

નટવરને નિરખ્યા વિના, ઘડીયે ન ચાલે,
મારે કરમે એ લખાયો, બેની નંદનો કનૈયો. ૫.

વૃંદા તે વનની કુંજ ગલીમાં,
મારો છેડલો ન છોડે, બેની નંદનો કનૈયો. ૬.

'દયા'ના પ્રીતમજીએ, કરૂણા રે કીધી,
અમને રાસ રમાડે, બેની નંદનો કનૈયો. ૭.

⁂

## આજે આનંદ મારે અતિ ઘણો

આજે આનંદ મારે અતિ ઘણો, શ્રીગોકુલ જય જયકાર રે;
ધન્ય ધન્ય નંદ જશોમતિ, જેણે જાયા જુગના આધાર રે. (૧)
આપે નંદ વધામણાં રે, જાચક ઉભા દ્વાર રે;
કનક વસ્ત્ર સોહામણાં રે, બ્રાહ્મણ ભરિયા ભાર રે. (૨)
મંગળ ગાય મળી માનુની, કીધા સોળે શણગાર રે;
નહિ સુંદર ત્રિલોકમાં રે, જેવા નંદકુમાર રે. (૩)
શુભદિન શુભ ગ્રહ શુભ નક્ષત્ર રે, શુભ વેળાને શુભ વાર રે;
લગ્ન નક્ષત્ર જન્મોતરી, લખી લાવ્યા ગર્ગાચાર્ય રે. (૪)
દધિ છાંટે ગોવાળીયા, ત્યાં નાચે નરને નાર રે;
કુસુમ વૃષ્ટિ સુરપતિ કરે, 'જન ગોવિંદ' બલ બલહાર રે. (૫)

⁂

## બધી સખીઓએ રે

બધી સખીઓએ રે, આજ ઘેરી લીધા ઘનશ્યામને,
નાનકડા નંદજીના લાલને રે, આજ ઘેરી લીધા ઘનશ્યામને.
પીતાંબર ઉપર ચણિયો પહેરાવ્યો,
કાપડું પહેરાવ્યું નંદલાલને રે... આજ૦
મુકુટ ઉતારીને ઓઢણી ઓઢાડી,
વેણી ગૂંથી વાલાજીના વાળમાં રે... આજ૦
તિલક ઉપર ટીલડી ચોંટાડીને,
આંજણે દીપાવ્યા નંદલાલને રે... આજ૦
નાકે નથડી ને કાને હીરા લટકાવ્યા,
ગોરા ગોરા ગાલ રંગ્યા લાલના રે... આજ૦
પગના ઝાંઝર રૂમઝુમ બાજે,
વારી જાઉં લટકંતી ચાલને રે... આજ૦
માખણની લાલચમાં લલચાવ્યા લાલને,
આંગણે નચાવ્યા નંદલાલને રે... આજ૦
જગત નચાવનાર રૂમઝુમ નાચે,
વશ થયા ભક્તોના વ્હાલને રે... આજ૦
'માધવ'ના સ્વામી બન્યા રંગીલી રાધિકા,
રંગે રમાડી વ્રજબાલને રે... આજ૦

⁂

## આજ ગઈ'તી કાલિંદીને તીર રે

આજ ગઈ'તી કાલિંદીને તીર રે, ભરવાને પાણી રે,
તીરે ઊભા શ્રીહળધરવીર રે, સારંગ પાણી રે... આજ૦

શોભે ફૂલડાનો તોરો શીશ રે, કસુંબલ ફેંટો રે,
ઊભો ડોલરિયો દિલદાર રે, રંગીલો ઓઢે રેંટો રે... આજ૦

કર્યા તિલક કેસરનાં ભાલ રે, ફૂલડાંની માળા રે,
વા'લો ચાલે છે હંસગતિ ચાલ રે, લાગે રૂપાળા રે... આજ૦

શોભે સર્વે ગોવાળિયાની સાથ રે, ઊભો અલબેલો રે;
જેણે જોયો 'દયા'નો નાથ રે, રસરૂપ રેલો રે... આજ૦

⁂

## હું શું જાણું જે વહાલે

હું શું જાણું જે વહાલે, મુજમાં શું દીઠું?
વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું... હું શું જાણું૦

હું જાઉં જલ જમુના ત્યાં પૂંઠે-પૂંઠે આવે;
વગર બોલાવ્યો વહાલો બેડલું ચડાવે... હું શું જાણું૦

વઢું ને તરછોડું તોયે, રીસ ના લાવે;
કાંઈ કાંઈ મિસે, મારે ઘેર આવીને બોલાવે... હું શું જાણું૦

દૂર થકી દેખી મુને, દોડ્યો આવે દોટે;
પોતાની માળા કહાડી પહેરાવે માટી કોટે... હું શું જાણું૦

એકલડી દેખી મુજને પાવલે એ લાગે;
રંક થઈને કાંઈ કાંઈ મ્હારી પાસે માગે... હું શું જાણું૦

જ્યાં જ્યાં જાતી ત્યાં ત્યાં આડો આવી ઢૂંકે;
'દયા'નો પ્રીતમ મ્હારી કેડ નવ મૂકે... હું શું જાણું૦

⁂

## અલબેલાજી પ્રાણ આધાર રે

અલબેલાજી પ્રાણ આધાર રે, તમ પર વારી રે;
તમારે નયણે શ્રીનંદકુમાર રે, મોહી વ્રજનારી રે. અલ૦

તમ સંગે રંગીલા લાલ રે, લાગ્યો છે નેડો રે;
નહીં મેલું શ્રી નટવરલાલ રે, કા'ન તારો છેડો રે. અલ૦

છોગાવાળા મનોહર છેલ રે, નંદજીના લાલા રે;
ગુણવંતા પધારો મારે ઘેર રે, વ્રજપતિ વ્હાલા રે. અલ૦

છબિ જોઈને અલૌકિક શ્યામ રે, મોહ્યું મન મારું રે;
'દયા' પ્રીતમજી તન મન ધન રે, તમ પર વારું રે. અલ૦

⁂

## મણિમય ભૂમિ મહાવનમાં

મણિમય ભૂમિ મહાવનમાં શ્રીયશોદાજી ઘર સોહિયે;
શ્રીબાલકૃષ્ણજી ખેલે છે, માખણ મિશ્રિ મુખ મેલે છે,
એવી બાલ લીલા રસ રેલે છે... મણિમય૦
હળવે હળવે ઘુટુરૂન ચાલે છે, પ્રતિબિંબ જોઈને ઝાલે છે,
એવાં અદ્‌ભુત સુખ જનનીને આલે છે... મણિમય૦
નેપુર કટિ કિંકણિ વાજે છે, શબ્દ સુણીને રતિપતિ લાજે છે,
એવી ઉપમા નંદ ઘેર છાજે છે... મણિમય૦
ઝગુલી ટોપી અંગે ઓપી, મુખ શોભા જોઈ રહ્યાં ગોપી,
તેણે કૂળ મરજાદા સહુ લોપી... મણિમય૦
વ્હાલો રત્ન જડિત ઝુલે પલના, ઝુલાવે સૌ વ્રજની લલના,
મુખ જોયા વિના ન પડે કલના... મણિમય૦

ત્રણ માસની લાલની વય ભારી, શકટાસુરને નાખ્યો મારી,
એ માહાત્મ્ય જોઈ રહ્યાં નરનારી... મણિમય૦
વ્હાલે માસી તે પૂતનાને મારી, સ્તન પાન કરીને તેને તારી,
એ છબી પર 'નિજજન' બલિહારી... મણિમય૦

## બાલુડા બાલકૃષ્ણ જોઈને

બાલુડા બાલકૃષ્ણ જોઈને
આ મન મોહ્યું બાલુડા બાલકૃષ્ણ જોઈને,
આજ ગઈ હતી નંદ ભવનમાં
સુધ બુધ સાન આવી ખોઈને... આ મન૦
રાત દિવસ મને રટણ લાગ્યુ એનું
કહેવાતું નથી દુઃખ કોઈને... આ મન૦
ખાન પાન ગાન તાન કશું નથી ગમતું
ઘરમાં ફરૂં છું ઘેલી થઈને... આ મન૦
'લાલાલહેરી'ને ઘણી થઈ છે આતુરતા,
દર્શન વિના રહું રોઈને... આ મન૦

## રજભર્યા મારા લાલલાડીલા

રજભર્યા મારા લાલલાડીલા, ધેનુ ચારીને ઘેર આવ્યા રે;
ધેનુ ચારીને ઘેર આવ્યા મારા વ્હાલા, ધેનુ ચારીને ઘેર આવ્યા રે;
ગોપીઓનો વિરહ સમાયો મારા વ્હાલા... ધેનુ ચારીને૦
હાથમાં છે લાકડીને ખભે છે કામળી,
નયનો નચાવતા આવ્યા રે....
નયનો નચાવતા આવ્યા રે મારા વ્હાલા.... ધેનુ ચારીને૦

માતા જશોદાજી આરતી ઉતારે,
રાઈને લૂણ ઉતારે રે....
રાઈને લૂણ ઉતારે મારા વ્હાલા.... ધેનુ ચારીને૦
મુખમાં છે મોરલીને ચરણમાં છે નેપૂર,
બંસી બજાવતા આવ્યા રે....
બંસી બજાવતા આવ્યા રે મારા વ્હાલા.... ધેનુ ચારીને૦
પુરુષોત્તમ પ્રભુ કી છબી નિરખત,
ચરણ કમલ શીશ નમાવ્યાં રે....
ચરણ કમલ શિશ નમાવ્યાં મારા વ્હાલા.... ધેનુ ચારીને૦

## ધન્ય આજની ઘડી રળિયામણી

ધન્ય આજની ઘડી રળિયામણી,
હાંરે મારો વ્હાલોજી પધાર્યાની વધામણી હોજી રે... ધન્ય૦
હાંરે હું તો કદલીના સ્તંભ રોપાવતી,
હાંરે મારા વ્હાલાજીના મંડપ રચાવતી હોજી રે... ધન્ય૦
હાંરે પૂરે પૂરે સોહાગણ સાથિયા,
હાંરે મલપતા આવે હરિ હાથિયા હોજી રે... ધન્ય૦
હાંરે હું તો મોતીડાના ચોક પુરાવતી,
હાંરે મારા વ્હાલાજીની આરતી ઉતારતી હોજી રે... ધન્ય૦
હાંરે હું તો ફૂલડાંની સેજ બિછાવતી,
હાંરે મારા વ્હાલીડાને ફૂલડે વધાવતી હોજી રે... ધન્ય૦
હાંરે હું તો જાઉં શ્રીવલ્લભજીને વારણે,
હાંરે મહેતા 'નરસૈંયા' નો સ્વામી ઉભો બારણે હોજી રે... ધન્ય૦

⁂

## છેલડા હો છેલડા

છેલડા હો છેલડા માખણના ઘેલડા,
રાધાના જીવન પ્રાણ... છેલડા૦
આવો અલબેલા ઘરમાં એકલડા,
ન આવો તો નંદજીની આણ... છેલડા૦
ઓઢી છે ઘાટડીને જોઉં તમારી વાટડી,
શ્યામ સલુણા સુજાન... છેલડા૦
હળવેથી આવજો ને સાંકળ ખખડાવજો,
જોજો ન થાયે કોઈને જાણ... છેલડા૦
સાસુ કઠોર છે ને નણંદી ચકોર છે,
કરી મૂકે બુમરાણ... છેલડા૦
ઉરના આસન પર પધરાવું નટવર,
પૂજું ચરણ સુખ ખાણ... છેલડા૦
માખણને મીસરી ખવડાવું શ્રીહરિ,
ગોવિંદના ભાગ્ય તણા ભાણ... છેલડા૦

* * *

## રાસલીલાનાં ધોળ

### સખી આજરે વાગે

સખી આજરે વાગે શ્રીવૃંદાવન વાંસળી,
મારે મંદિરિયે સંભળાય... ટેક૦
સખી વાંસળી તે કેરા વેણમાં,
મારું ચિત્ત ઘણું અકળાય... સખી૦
સખી સુધ બુધ ભુલી સુંદરી,
જીરે ઘર તજીને વન જાય... સખી૦
સખી અવળાં તે આભરણ પહેરિયાં,
જીરે અવળાં ઓઢયાં ચીર... સખી૦
સખી કરનાં તે કંકણ જોડના,
જીરે નૂપુર ધરિયાં કાન... સખી૦
સખી નયને તે સિંદૂર સારિયા,
જીરે કાજળટીલડી લલાટ... સખી૦
સખી ગાયોનાં દોહન ચુકિયાં,
જીરે વાછરાં બાંધ્યા છે બહાર... સખી૦

સખી ઘરનાં તે કામકાજ મૂકિયાં,
જીરે રોતાં મેલ્યાં છે બાળ... સખી૦
સખી મેલ્યાં તે માત તાત ભ્રાતને,
જીરે મેલ્યાં પતિ પુત્ર પરિવાર... સખી૦
સખી આસો તે માસ સોહામણો,
જીરે સોહામણી શરદની રાત... સખી૦
સખી 'માધવ'ના સ્વામીને વિનવું,
જીરે વ્હાલા રંગે રમાડોને રાસ... સખી૦

⁂

## વ્હાલા મારા વૃંદાવનને ચોક

વ્હાલા મારા વૃંદાવનને ચોક કે, વહેલેરા પધારજો રે લોલ,
એવા શ્રીગોકુલની વ્રજનાર કે, વેગે બોલાવજો રે લોલ... ૧.
મુજને રાસ રમ્યાના કોડ કે, વ્હાલા સંગ બેલડી રે લોલ,
મધરાતે વાઈ મધુરી વેણ કે, હું થઈ ઘેલડી રે લોલ... ૨.
આવો રૂડો બંસી બટનો ચોક કે, અતિ સોહામણો રે લોલ,
સુંદર શ્રીયમુનાજીનાં નીર કે, તટ રળિયામણો રે લોલ... ૩.
આવી રૂડી શરદપૂનમની રાત કે, ચંદ સોહામણો રે લોલ,
લેવા મુખડાનાં તંબોલ કે, રસ વાધ્યો ઘણો રે લોલ... ૪.
ફરતાં ગાન કરે વ્રજનાર કે, વચ્ચે મારો વાલમો રે લોલ
મળીયા 'માધવદાસ'ના નાથ કે, રંગ જામ્યો ઘણો રે લોલ... ૫.

⁂

## વૃંદાવન ગ્યાં'તા-રે

વૃંદાવન ગ્યાં'તા-રે રાસ ખેલવા, દોડી દોડી ગ્યાં'તા-રે રાસ ખેલવા.
બંસી સુણી ગ્યાં'તા-રે રાસ ખેલવા.
ચંદ્ર ખીલ્યો નભની માંહ્ય, યમુના તીરે વડની છાંય,
કા'ન ઉભો બંસી વાય-રે રાસ ખેલવા.
દૂધ ઉભરાઈ જાય, વચ્છ ગાય ધાવી જાય,
તોય ગોપી દોડી જાય-રે રાસ ખેલવા.
વસ્ત્ર અવળાં ધર્યાં, હાર પગમાં પહેર્યાં,
ઝાંઝર ગળે ધર્યાં-રે રાસ ખેલવા.
કેશ વીખરાઈ જાય, વસ્ત્ર પગમાં આંટી ખાય,
ભાન ભૂલી ગોપી જાય-રે રાસ ખેલવા.
દોડતી બે ભાનમાં, કડાં પહેર્યાં કાનમાં,
ચિત્ત ભગવાનમાં-રે રાસ ખેલવા.
પિતા પતિ ભાઈને માય રોકવાને સર્વે જાય,
તોયે ગોપી દોડી જાય-રે રાસ ખેલવા.
ગોપી દોડી કૃષ્ણ પાસ, ઉરમાં ધરીને ઉલ્લાસ,
આનંદ પૂરોને આજ-રે રાસ ખેલવા.

⁂

## તું તો શું મધુર વાગી

તું તો શું મધુર વાગી, હું તો ઝબકીને જાગી;
સુણવા મધરાતે ભાગી, અલી મોરલી...
એવા વ્રજના વ્હાલીડે વગાડી;
દીધા અંતરના દ્વાર ઉઘાડી,

મીઠા સ્વરે એ લગની લગાડી;
ભર નિંદ્રામાંથી જગાડી,
એવું કરી દીધું મન, ભટકું વગડે ને વન;
સઘળા છોડાવ્યા સ્વજન... અલી મોરલી...

કોણે ઝાડ ઉપરથી કપાવી;
કેવા ઘડવૈયા પાસે ઘડાવી,
કોણે કાનાની કમ્મરે સોહાવી;
કોણે હરિવરના હોઠે ચડાવી,
પેલો નંદનો કુંવર છોડે ન પળવાર;
કેવી તું નસીબદાર... અલી મોરલી...

અંગે તુજને કરી છેદવાળી;
રંગે શ્યામ વર્ણ કરી કાળી,
લાગે વાગે ત્યારે તો રસાળી;
જાણે રાધાજી કરતાં રૂપાળી,
મારો ઉપાય જો ચાલે સંગ છોડાવી દઉં કાલે;
મને શોક થઈ સાલે... અલી મોરલી...

બહુ પ્રાણપ્રીતમને તું પ્યારી;
અધરામૃત તણી અધિકારી,
હશે પૂર્વે પુણ્ય ઘણાં ભારી;
તને શ્રીકૃષ્ણએ સ્વીકારી,
જરા દયા હું પર લાવી, દેહભાન દે ભુલાવી;
દઈ દે શ્યામમાં સમાવી... અલી મોરલી...

* * *

## મારા વહાલાના વનમાંય

મારા વ્હાલાના વનમાંય વાગે રૂડી વાંસલડી,
હું તો ઘેલી ફરું ઘરમાંય કોણે દીધી સાંકલડી...વાગે૦
કુંભ વિના જળ ભરવાને ચાલી, શિર પર મેલી ઈંઢોણી રે,
ગરણું લઈ જળ ભરવા બેઠી, કુંભની સુધબુધ ભૂલી રે...વાગે૦
ગુણીયા વિના ગૌ દોવા બેઠી, સાડી ભીંજાઈ નવ જાણી રે,
વાછરુંને વાળતાં ગોપીએ બાળક બાંધ્યાં તાણી...વાગે૦
ઘી તાવીને છાશમાં રેડ્યાં, દૂધમાં રેડ્યાં પાણી રે,
નેતરું લઈ નાવલીયો બાંધ્યો, ઘરનો ધણી નવ જાણી...વાગે૦
પાત્ર વિના મેં ભોજન પીરસ્યાં, મોદક મરચાં ભેળી રે,
સાકર વડીના શાક વઘાર્યાં, સેવમાં સૂંઠ જ ભેળી...વાગે૦
સાસુ કહે વહુને વંતર વળગ્યું, અવચળીયા ઉતરાવો રે,
દિયર કહે ભોજાઈને બાંધો, સાન કરી સમજાવો રે...વાગે૦
તન મન ધન મારા પ્રાણ હરિ, મારો વહાલો મથુરા જાય રે,
રામકૃષ્ણ પ્રભુ એ રસ પીતાં વારે તેને સમજાવો રે...વાગે૦

* * *

## મીઠી લાગે છે મુને

મીઠી લાગે છે મુને કૃષ્ણ તારી બંસરી,
બંસરીના નાદે રમું રાસ રે, રંગીલી રસીલી બંસરી...
ભર નિંદ્રામાંથી ઝબકી જગાડતી,
વ્યાકુળ બનાવે દિન રાત રે, રંગીલી...
ભૂલાવે ઘરકામ ભુલાવે સાન ભાન,
છોડાવે સાહેલીનો સાથ રે, રંગીલી...

ગોકુલમાં ગાજતી વૃંદાવનમાં વાગતી,
વાગે છે મધુવનમાં ખાસ રે, રંગીલી...
શરદ પૂનમની રઢિયાળી રાતડી,
શ્રી'વલ્લભ' રમાડો હવે રાસ રે, રંગીલી...

* * *

## બંસરી બજાવે કાન

બંસરી બજાવે કાન યમુનાને કાંઠડે,
વેણુ વગાડે ચિત્તચોર, નંદજીનો છૈયો નઠોર.
આછા આભલિયામાં તારલીયા ચમકે;
ચમકે છે ચાંદલો ચકોર - નંદજીનો૦
નાચે છે ઢેલડીને ટહૂકે છે મોરલા;
નાચે છે કાનજી કિશોર - નંદજીનો૦
શાને રિસાયા મન મોહન સોહામણા;
શાને રહ્યા છો અબોલ - નંદજીનો૦
પ્રેમના પ્રકાશ પ્રાણ, પ્રાણના પ્રકાશ છો;
કંપે મારા કાળજાની કોર - નંદજીનો૦
'માધવદાસ' ના સ્વામી શામળીયા,
એતો મારા ચિત્તડાના ચોર - નંદજીનો૦

* * *

## વ્હાલો મારો કુંજમાં

વ્હાલો મારો કુંજમાં વાય છે વાંસળી રે લોલ,
નાદે વેધી છે મારી પાંસળી રે લોલ... ૧.

હું તો સુણતાં ભૂલી સહુ ચાતુરી રે લોલ,
મોહન મળવા થઈ છું અતિ આતુરી રે લોલ... ૨.
તાલાવેલી લાગી છે મારા તનમાં રે લોલ,
નથી ગોઠતું કાંઈ મુજને ભવનમાં રે લોલ... ૩.
મારું ચિત્ત ચોંટે નહીં ઘર કામમાં રે લોલ,
મારું મન પેઠું છે ઘનશ્યામમાં રે લોલ... ૪.
મુને મોહન લાગે છે ઘણો મીઠડો રે લોલ,
અવર એવો તે કોઈ નથી દીઠડો રે લોલ... ૫.
સખી હવે તો મળી ને સુખ મહાલીયે રે લોલ,
સખી મહિડાં વેચ્યાના મિષે ચાલીએ રે લોલ... ૬.
સખી ધન્ય દહાડો તે અવતારમાં રે લોલ,
જે દિ' રમીયે નંદકુંવર સંગમાં રે લોલ... ૭.
વ્હાલો મળતાં સહુ સુખ આપશે રે લોલ,
સહેજે ઉરના સંતાપ સહુ કાપશે રે લોલ... ૮.
સખી શામળો છે સાગર ઉલ્લાસનો રે લોલ,
પ્રાણ જીવન પ્યારો છે 'દયા' દાસનો રે લોલ... ૯.

* * *

## મીઠા મીઠા નાદ વેણુના

મીઠા મીઠા નાદ વેણુના દૂરથી,
આવી આવીને મારે કાને અથડાય;
નંદનો કિશોર પેલો માખણનો ચોર ઘેલો,
ગાયોને ચારવા વનમાં જાય. મીઠા૦
માથે મુગટમાં મોરપીચ્છ શોભતાં,
ફૂલોના ઝૂમખા હાથે સોહાય. મીઠા૦

છમ છમા છમ, છમ છમા છમ ઘુઘરીયો બોલે
ઢોલકના નાદમાં મનડું મોહાય. મીઠા૦
કામકાજમાં મારું ચિતડું ન ચોંટે,
વેણુના નાદમાં મનડું મોહાય. મીઠા૦
પૂનમનો ચંદ્રમા ખીલ્યો આકાશમાં,
જોઈ જોઈને કહાન કેવા હરખાય. મીઠા૦
આસપાસ નાચતી ઘેલી સૌ ગોપીઓ,
વચમાં રાધાને કહાન કેવા સોહાય. મીઠા૦

⁂

## રસિયે વગાડી રંગ વાસળી

રસિયે વગાડી રંગ વાંસળી, પાંસળી મારી પ્રોઈ;
વિકળ કરી મુને વાલમે, વાંકી દૃષ્ટિએ જોઈ... ૧.
સખી પનઘટ પર હું પડી, મારી કાયા રે કંપે;
ભેદ ન જાણે કોઈ ભામિની, લઈ લઈ હૃદય શું ચંપે... ૨.
કોઈ કહે અખતર અડયું, કોઈ કહે કાળે રે કરડી;
એક સખી સમજી ગઈ, લાલા લહેરે રે મરડી... ૩.
તેણે કહ્યું સરકો સહુ, એક મંત્ર મુજ પાસે;
સંભળાવું એના શ્રવણમાં, વિષ ઉતરી જાશે... ૪.
તેણે કહ્યું મારા કાનમાં, હું છું શ્યામની સંગી;
નિશ્ચય હું તુજને મેળવું, સુણી ઉઠી ઉમંગી... ૫.
સર્વે વખાણી તે ત્રિયા, વિખડું તેણે વાળ્યું;
'દયા' ના પ્રિતમજી શું મેળવી, મારું વિરહ દુઃખ ટાળ્યું... ૬.

* * *

---

# હોળી લીલાનાં ધોળ



## હોળી આવી છે

હોળી તો વ્રજવાસી ખેલે, ખેલે વ્રજની નાર
હોળી આવી છે.
જમનાજીના કાંઠે ખેલે નંદજીનો લાલ. હોળી૦
મોર મુગટને મુખડું મલકે, ઊડે અબીલ ગુલાલ. હોળી૦
પીળા પીતામ્બર જરકસી જામા પીચકારી તૈયાર હોળી૦
કેસુડાનો રંગ રૂપાળો, ઊડે ગોકુલ ગામ હોળી૦
કેસર ભીની સાડી મારી, જોબન ઘેલી નાર. હોળી૦
અંગે અંગે ઉર ઉમંગે, રસિયાજી રસ રાજ. હોળી૦
વસંતના વાયુ વાયા, ચાલે ચમકતી ચાલ. હોળી૦
સખા મંડળ સ્વામી શામળિયા, ઉતારો ભવ પાર. હોળી૦

⁂

## કાન ગોવાળા

આવોને અલ્યા કાન ગોવાળા,
આપણે રમીએ હોળી રે...
આપણે રમીએ હોળી મ્હારા વ્હાલા,
આપણે રમીએ હોળી રે... આવો ને૦
તું રે શામળિયો ને હું રાધા ગોરી (૨)
સરખા સરખી જોડી રે... આવો ને૦
ચોવા ચંદન ઓર અરગજા (૨)
કેસર ગાગર ઘોળી રે... આવો ને૦
હું રે છાંટુને મારો શામળિયો છાંટે (૨)
ભરી ગુલાલની ઝોળી રે... આવો ને૦
તમારું રે પીળું પીતાંબર પલળે (૨)
મારી તે નવરંગ ચોળી રે... આવો ને૦
શામળિયે સહુ સખીઓને જોતાં (૨)
રાધાને રંગભેર રોળી રે... આવો ને૦

## હોરી મારે ખેલવી છે

હો હો હો હો હોરી મારે ખેલવી છે.
પેલા કાનજી છેલાની સાથે, હોરી મારે ખેલવી છે.
જશોદાના જાયાની સાથે, હોરી મારે ખેલવી છે.
નંદના નંદનની સાથે, હોરી મારે ખેલવી છે.
રાધાજીના રંગીલાની સાથે, હોરી મારે ખેલવી છે.

ગુલાલ ઉડાડીશ હૈયાના હેતનાં, અબીર છે લૌકિક ત્યાગ. હોરી૦
કેસૂડાનાં નીર મારા વ્હાલાનાં વ્હાલનાં, ચોવા ચતુરાઈ ત્યાગ. હોરી૦
નયનોની પિચકારી ભરી પ્રેમ રસથી, પ્રીતમનાં નૈનોમાં છાંટી. હોરી૦
અંજન આંજી રૂડાં શ્યામના રંગના, ખેલું વિરહની હોળી. હોરી૦
શ્યામના ગુણગાન ફાગ મારે ગાવા, શ્વાસનો બજાવી ડફ. હોરી૦
અનન્યાશ્રયનો ઢોલ બજાવવો, દીનતા તે કુંમકુંમા રંગ. હોરી૦
કેસર ઘોળું વ્હાલા શ્યામના સંયોગનાં, રોમ રોમ શીતળ થાય. હોરી૦
વ્હાલાના હાસ્યમાં ફૂલ મોગરાનાં, સુવાસ હૈડે ભરાય. હોરી૦
મનડું આલિંગે પ્રીતમનાં અંગને, અંગોઅંગ પુલકિત થાય. હોરી૦
દાડમકળી સમ દંત પ્રીતમના, દર્શને મન હરખાય. હોરી૦
વલ્લભચરણરજ ફગવો છે મારે, પનો પ્રીતમ રસપાન. હોરી૦
દીનદાસને એવી હોરી ખેલવી, શ્રીવિઠ્ઠલેશકૃપાએ નિત્ય નિત્ય. હોરી૦

## હોળી રમે

હોળી રમે નંદજીનો લાલ,
ગોકુળ ઘેલુ થયું છે.
ઊડે ઊડે અબીલ ગુલાલ...ગોકુલ.
સોના ગાગરમાં કેસૂડા ભર્યા
પિચકારી તૈયાર... ગોકુલ૦
કાનાના હાથમાં સોનાની પિચકારી
રસિયો આવ્યો છે રાધાના ઘાટમાં
જોવા જેવો થયો છે ખેલ
શેરીએ રમે નંદજીનો લાલ...ગોકુલ૦

⁂

## ગોકુળનો ગિરધારી

આવ્યો આવ્યો, ગોકુળનો ગિરધારી,
એ તો ખોબલિયે છાંટે ગુલાલ... ગોકુળનો ગિરધારી.
આજે રસિયો રમે છે રંગ હોળી,
જોવા જેવો બન્યો છે તાલ... ગોકુળનો ગિરધારી.
લીધી હાથે કનકની પિચકારી,
વ્હાલો ચાલે ચમકતી ચાલ... ગોકુળનો ગિરધારી.
રાધા જાતી'તી જમુના જળ ભરવા,
વ્હાલે રંગ્યા રાધાના ગાલ... ગોકુળનો ગિરધારી.
ભીંજી ચોળી ને નવરંગ ચુંદલડી,
રંગ ઘેલો બન્યો છે ગોપાલ... ગોકુળનો ગિરધારી.
રાધા વિનવે કાનાને કર જોડી,
મારો કેડો મેલોને નંદલાલ... ગોકુળનો ગિરધારી.
પ્રેમ પાછળ છે પાગલ શામળિયો,
એ તો ભક્તોના હૈયાનો હાર... ગોકુળનો ગિરધારી.

⁂

## ફાગણ ચાલ્યો જાય રે

ફાગણ ચાલ્યો જાય રે, આવો ગિરિધારીલાલ.
આંસુડાં છલકાય રે, આવો ગિરિધારીલાલ.
મનમાં કાંઈ કાંઈ થાય રે, આવો ગિરિધારીલાલ.
મનડું બહુ મૂંઝાય રે, આવો ગિરિધારીલાલ.
યમુનાતટ સોહાય રે, આવો ગિરિધારીલાલ.

હોળી ખેલ રચાય રે, આવો ગિરિધારીલાલ.
પિચકારી ભરી લવાય રે, આવો ગિરિધારીલાલ.
કેસૂડો છિડકાય રે, આવો ગિરિધારીલાલ.
ચુંદલડી ભીંજાય રે, આવો ગિરિધારીલાલ.
અબીલ ગુલાલ ઉડાય રે, આવો ગિરિધારીલાલ.
ખેલત હૈ વ્રજરાય રે, આવો ગિરિધારીલાલ.
ઢોલ મૃદંગ બજાય રે, આવો ગિરિધારીલાલ.
ફગુવા ખેલ ખેલાય રે, આવો ગિરિધારીલાલ.
શોભા કહી ન જાય રે, આવો ગિરિધારીલાલ.
ઉર આનંદ ઉભરાય રે, આવો ગિરિધારીલાલ.
દેહદશા ભૂલાય રે, આવો ગિરિધારીલાલ.
વલ્લભરસિક રાય રે, આવો ગિરિધારીલાલ.
તનના તાપ બુઝાય રે, આવો ગિરિધારીલાલ.

⁂

## પિચકારી મને નવ મારશો

પિચકારી મને નવ મારશો, નવ મારશો હો નંદલાલ પિચકારી.
વહાલા ગોકુળ ગામને ગોંદરે, ઉડે અબીલ ગુલાલ.
મારે માથે પાણીનું બેડલું, મારી કેડમાં નાનેરું બાળ.
ઘરે સાસુ તો મારી ખીજશે, મારી નણંદ દેશે ગાળ.
મારી દેરાણી જેઠાણી મેંણા બોલશે, મારે ઘેરે છે શોકનું સાલ.
વ્હાલા વૃંદાવનની કુંજમાં, ખેલે છે નંદકુમાર.
દાસ વલ્લભના સ્વામી પ્રભુ શામળા, અમને રંગે રમાડો રાસ.

⁂

## બરસાને આવજો રે

*(રાગ : અમે મહિયારા રે... ગોકુલ ગામના)*

બરસાને આવજો રે, સુંદર શામળા,
પિચકારી લાવજો રે, સુંદર શામળા,
સખા સંગાથે વ્હાલા વહેલા વહેલા આવજો (૨)
રાધા રાણીને બહુ માનથી બોલાવજો (૨)
બંસરી બજાવજો રે, સુંદર શામળા... બરસાને૦
આવ્યા વસંતના હોળીના દહાડલા (૨)
લાડીલી સંગે ખેલે કૃષ્ણજી લાડલા (૨)
હૈયાં હરખાવજો રે, સુંદર શામળા... બરસાને૦
શરમ આવે તો અમે સાડી પહેરાવશું (૨)
વાંકડિયા વાળમાં અમે વેણી બંધાવશું. (૨)
ઝાંઝર ઝમકાવજો રે, સુંદર શામળા... બરસાને૦
સેંથામાં શોભતું સિંદુર પુરાવશું (૨)
નથણી પહેરાવીને આંખો અંજાવશું (૨)
બિંદી બનાવશું રે... સુંદર શામળા... બરસાને૦
સખી તણો સાજ અમે સ્નેહે સજાવશું (૨)
હોળીના ફાગ અમે ગાશું ગવરાવશું. (૨)
ફગવા તે આપજો રે, સુંદર શામળા... બરસાને૦
વૈષ્ણવના નાથ આજે હોળી ખેલે છે. (૨)
રાધાને કૃષ્ણની જોડી બને છે (૨)
હૈયાને ઠારજો રે, સુંદર શામળા... બરસાને૦

* * *

## મેં તો કેસૂડાં ઉકાળી ગગરા ભર્યાં

મેં તો કેસૂડાં ઉકાળી ગગરા ભર્યાં,
પ્યારા છાંટવા તમ શ્રીઅંગ... હોરી આવી છે.
મેં તો કેસર ઘોળીને કુંડીઓ ભરી,
વ્હાલા રંગવા છબીલા નાથ... હોરી આવી છે.
મેં તો પિચકારી લીધી હેમ તણી,
એ છે મોતી રત્ન જડાવ... હોરી આવી છે.
રંગ છાંટીશ તમારા નૈનોમાં,
આવજો બરસાના શ્યામ... હોરી આવી છે.
મેં તો અબીલ ગુલાલની ફેંટો ભરી
તમ સંગે ખેલવા નાથ... હોરી આવી છે.
મેં તો અગર ચંદનની ઝોળીઓ ભરી
ભેળ્યાં સુગંધી દ્રવ્યો અપાર... હોરી આવી છે.
મેં તો અગર ચંદનના ચોવા કર્યા
વ્હાલા રંગવા તમારું શ્રીઅંગ... હોરી આવી છે.
મેં તો પોટલીઓ બાંધી રંગ રંગની
હું તો ખોલાવીશ તમને પ્રાણ... હોરી આવી છે.
વ્હાલા ફાગણ માસ આવ્યો રૂડો
બરસાના આવજો નાથ... હોરી આવી છે.
સંગે સખા રંગીલા લઈ આવજો
લાવજો ફગવો અપાર... હોરી આવી છે.

* * *

# અધિક માસનું ધોળ

## અધિક માસ સોહામણો

આવ્યો અધિક માસ સોહામણો,
મારા અંગે આનંદ ન માય, પુરુષોત્તમ પધારિયા.
મેં તો શેરી વળાવીને સજ કરી,
ફૂલડાં વેરાવ્યાં સારી વાટ, પુરુષોત્તમ૦
મેં તો ચીરનાં ચંદરવા બંધાવિયા,
પથરાવ્યા લીલા-પીળા પાલ, પુરુષોત્તમ૦
મેં તો દ્વારે દ્વારે તોરણ બાંધિયા,
મોતીડે પૂર્યા રે ચોક, પુરુષોત્તમ૦
મેં તો કદલીના સ્તંભ રોપાવિયા,
દીવડા પ્રગટાવિયા ચોમેર, પુરુષોત્તમ૦
મેં કંચનથાળ કરે ગ્રહ્યા,
પ્રેમે વધાવિયા જદુરાય, પુરુષોત્તમ૦
મેં તો પ્રેમથી પ્રભુને પધરાવિયા,
મારું આગણિયું ઝળહળ થાય, પુરુષોત્તમ૦
મેં તો શણગાર ધર્યા મન ભાવતા,
સેવા-ભાવ થકી રે અપાર, પુરુષોત્તમ૦
મેં તો ભોગ ધરાવ્યા ભાવથી,
મધુ મેવા વિવિધ પકવાન,પુરુષોત્તમ૦
મેં તો ઝારી ભરાવી યમુના-જળે,
આચમન કરો રે પ્રાણાધાર, પુરુષોત્તમ૦
મેં તો ધર્યા કૈં પાનનાં બીડલાં,
વેણુ ધારો હે વ્રજના નાથ, પુરુષોત્તમ૦

મેં તો દર્પણ દેખાડિયું પ્રેમથી,
એ છે પુષ્ટિ તણાં વ્રતદાન, પુરુષોત્તમ૦
અધિક માસમાં જે કોઈ એ કરે,
ગૃહ તેનું થશે પ્રભુધામ, પુરુષોત્તમ૦
ઉજવે વર્ષદિનના જે ઉત્સવો,
તે પામે પુરુષોત્તમ ધામ, પુરુષોત્તમ૦
વિનવે 'ગોપીજન' કર જોડીને,
લેજો 'અધિક' અધિક પ્રભુનામ, પુરુષોત્તમ૦

⁂

# સાંઝીનું ધોળ

## ચાલો તો બરસાના જઈએ

ચાલો તો બરસાના જઈએ, લાડલીજીને સાથે લઈએ,
જઈને વહાલાજીને કહીએ રે - રસિક પ્યારી૦
વ્રજવામા ભેગાં થઈને, કીર્તિજીને દ્વારે જઈએ,
જઈને રૂડી વાત કરીએ રે - રસિક પ્યારી૦
કીર્તિજીએ કુંવરી શણગારી, રતિ રંભાને વિસારી,
એવી રાધા છે સુકુમારી રે - રસિક પ્યારી૦
સાંઝી રમવાને માટે, કુંવરીજીને દેજો સાથે,
જાવું છે શ્રીયમુનાજીને ઘાટે રે - રસિક પ્યારી૦
સર્વે મળી આવ્યાં ત્યાંય, શ્રીજમુનાજીની કુંજમાંય
વિવિધ વૃક્ષની છાંય રે - રસિક પ્યારી૦
વહાલો મારો ગેંદે રમે, વ્રજ વનિતાને ગમે,
કોટિ કામ આવી નમે રે - રસિક પ્યારી૦

પુષ્પ વીણે વ્રજબાલા, આવ્યા ત્યાં શ્રીનંદલાલા,
કરત વિવિધ ખ્યાલ રે - રસિક પ્યારી૰
ભામાને પૂછે શ્યામ, ફૂલ વીણો છો શાને કામ,
ક્યાં છે તમારા ગામ રે - રસિક પ્યારી૰
સાંઝી પૂરવાને કાજ, મળી સર્વે સમાજ
ફૂલ વીણવા આવ્યાં આજ રે - રસિક પ્યારી૰
સાંઝીની છે રીત ન્યારી જુઓને ચતુરાઈ મારી,
એમ કહે છે ગિરધારી રે - રસિક પ્યારી૰
લલિતા વિચાર કરે, મન અતિ મોદ ભરે,
કેમ તેડી જાઉં ઘેરે રે - રસિક પ્યારી૰
યુવતીએ યુક્તિ વિચારી, પહેરાવું ચોળી ને સાડી,
તો તો એ ન જાણે માડી રે - રસિક પ્યારી૰
સુંદરીએ શણગાર કર્યાં, સબળામાંથી તે અબળા કર્યા
શ્યામા સખી નામ ધર્યાં રે - રસિક પ્યારી૰
વ્રજવામા ઘેરે ચાલી, સાથે લીધા વનમાળી
કંઠે બાહુલી ઝાલી રે- રસિક પ્યારી૰
સાથે ચાલ્યા રંગ રાતાં, હળી મળી ગીત ગાતાં
આવ્યાં સહુ મદમાતાં રે - રસિક પ્યારી૰
આવ્યાં સર્વે એમ જાણી, હરખાયાં કીર્તિરાણી
રમવાની વાત જાણી રે - રસિક પ્યારી૰
લાડલીજીને પૂછે માત, કોણ છે એ તમારી સાથ,
કોણ એનાં માત તાત રે - રસિક પ્યારી૰
વાસો વસે નંદગામ, શ્યામા સખી તેનાં નામ
સાંઝી રમવાની હામ રે - રસિક પ્યારી૰

કીર્તિરાણી રાજી થઈને, રાધેશ્યામ સાથે લઈને,
બેઠાં ભુવનમાં જઈને રે - રસિક પ્યારી૰
રાધા-શ્યામ સાથે રાજે, વ્રજબાલા સહુ સમાજે,
નિરખી અનંગ લાજે રે - રસિક પ્યારી૰
શ્યામા ઘર દૂર તમારું, પોઢો અહીં કીજે વાળુ,
એટલું કહ્યું માનો મારું રે - રસિક પ્યારી૰
ચંદને શું લીંપી ભીંત, ફૂલની સાંઝી ચિત્રિત,
પુષ્પ શોભિત ઘણાં રે - રસિક પ્યારી૰
લલિતાએ બીડાં આપ્યા હાથે, શ્યામા પોઢ્યાં પલંગ માથે
પુષ્પ શૈયાની માંય રે - રસિક પ્યારી૰
મીઠા બોલે મૃદુ વેણ, રજનીના સુખ ચેને,
આળસ ભરેલા નૈણ રે - રસિક પ્યારી૰
જાગે શ્યામા રાધા પ્યારી, ઘેરે આવી વ્રજનારી,
વિવિધ સામગ્રી સારી રે - રસિક પ્યારી૰
સર્વે મળી ભોજન કીધાં, મુખવાસ બીડાં દીધાં,
વ્રજ જનને સુખ દીધાં રે - રસિક પ્યારી૰
ચાલ્યાં સર્વે વ્રજ વાટે, યમુના નાહવાને કાજે,
આવ્યાં કાલિંદી કાંઠે રે - રસિક પ્યારી૰
વસ્ત્ર ત્યાં ઉતારી દીધાં, લલિતાને હાથે દીધાં,
સર્વેના મનોરથ સીઝ્યારે રે - રસિક પ્યારી૰
મૈયા વાટ જુવે ધામ, મારે જાવું નંદગામ,
બની આવ્યું આવું કામ રે - રસિક પ્યારી૰
જશોદાજી ગોતવાને ચાલ્યાં, લાલ દેખી મન ભાવ્યાં,
હેતે કરી બોલાવ્યા રે - રસિક પ્યારી૰

મુખ પર ફેરવી હાથ, પૂછે જશોદા માત,
લાલા ક્યાં રહ્યા રાત રે - રસિક પ્યારી૦
લાલાએ બનાવી વાત, સુણોને જશોદા માત,
ગોવર્ધનમાં રહ્યો રાત રે - રસિક પ્યારી૦
દોડી ગાય તેની પાછે, ગયો રે ગોવર્ધન વાટે
ગોવર્ધને બોલાવ્યો માટે રે - રસિક પ્યારી૦
પાકાં ફળ મુજને દીધાં, પ્રેમે કરીને મેં લીધાં
તેની પાસે સેન કીધાં રે - રસિક પ્યારી૦
લાલાના મુખની વાણી, સુણીને જશોદા રાણી
મન માંહે હરખાયા રે - રસિક પ્યારી૦
દાસીના છો પ્રભુ પ્યારા, શ્રીગોવર્ધન મુરલીવાળા
જશોદાના કુંવર કાળા રે - રસિક પ્યારી૦

* * *

## ચતુઃશ્લોકીનું ધોળ

ભજનીય નિત્ય વ્રજરાય, સર્વે ભાવે ભજનીય નિત્ય વ્રજરાય,
ખરેખર એ ધર્મ પોતાનો, અન્ય નહીં જ કદાય...૧

યોગક્ષેમ પ્રભુ પોતે કરશે, સેવો સદા વ્રજરાય,
પ્રભુ સર્વે સમર્થ છે તેથી નિશ્ચિંત રહેવું સદાય...૨

જો કદી નિજ હૃદય વિષે, શ્રીગોકુલાધીશ ધરાય,
તો પછી લૌકિક વૈદિક કેરી, ચિંતા કરે છે બલાય...૩

સ્મરણ-ભજન શ્રીકૃષ્ણ ચંદ્રનું, ત્યજવું નહીં જ જરાય,
ભક્ત-વત્સલ પ્રભુ વલ્લભ કેરી, શીખધરો ઉરમાંય...૪

## નવરત્નનું ધોળ

### શ્રીમદ્ વલ્લભ શ્રીમહાપ્રભુજીને ...

શ્રીમદ્ વલ્લભ શ્રીમહાપ્રભુજીને નમુંજી
શ્રીવિઠ્ઠલેશ પ્રભુ લાગું પાય
શ્રીબાલકૃષ્ણજીને પ્રણમુંજી
શ્રી વ્રજભૂષણજી પરમ કૃપાલ... શ્રીમદ્...ટેક
શ્રીવલ્લભદેવે મહા કરૂણા કરીજી, જેથી જીવનું કારજ થાય,
સર્વે વૈષ્ણવની કૃતિ એહ છે જી, સઘળી ચિંતા નિવૃત્ત થાય...શ્રીમદ્.૧
દ્દઢ આશરો શ્રીમહાપ્રભુજીનો રાખિયેજી, ચિંતા નવ ધરીએ લગાર,
સર્વે આત્મા શ્રીજીને સમર્પિયેજી, એ છે ભક્ત તણો આધાર...શ્રીમદ્.૨
પુષ્ટિમાર્ગમાં શ્રીજી રહે સદાજી, જીવ કીધા છે અંગીકાર,
લૌકિકની ગતિ ન આપે કદાજી, પ્રભુ નથી જોતા અધિકાર...શ્રીમદ્.૩
નામ નિવેદન કીધાં થકીજી, પ્રભુ રાખે પોતાની પાસ,
વશ ન થાય એ પ્રભુ કો થકીજી, વશ થઈ રહ્યા વલ્લભી પાસ...શ્રીમદ્.૪
નિવેદન મંત્રનું સ્મરણ નિત્ય કરવુંજી સર્વદા ભગવદીય સાથ,
અવૈષ્ણવની સંગે ન ફરવું જી, કૃપા થાય તાદશી હાથ...શ્રીમદ્.૫
ફળની ચિંતા નવ રાખીયેજી, પ્રભુ સર્વેશ્વર કહેવાય,
સર્વનો આત્મા શ્રીજીને સાક્ષી છે જી, દૂર ભક્તિથી કેમ રહેવાય...શ્રીમદ્.૬
પ્રભુને ગમે તે ખરું એમ જાણવું જી, હરિનું બીરદ છે દીનદયાળ,
સ્ત્રી પુત્રાદિક પુષ્ટિમાં આણવાજી, યોગ્યતા ન વિચારે દયાળ...શ્રીમદ્.૭
નિવેદન કરવું સર્વે સંગાથ શું જી, અન્ય વિનિયોગની ચિંતા ન આણ,
અજ્ઞાની હોય કીંવા જ્ઞાનશુંજી, સમજું છું એવું અધિક ન જાણ...શ્રીમદ્.૮
જેણે આત્મ નિવેદન કીધું છે જી, તેના ઉદ્ધારમાં સંદેહ ન આણ,
પ્રાણ સંગાથે શ્રીમહાપ્રભુજીએ દીધું છે જી, તેથી સંશય મનમાં ન આણ...શ્રીમદ્.૯

સમર્પણ મહા સમર્થ છે જી, ન જાણશો ઓછી વાત,
એ કોઈ અંશકળા નથી પૂર્ણ છે જી, શ્રીજી પુરુષોત્તમ સાક્ષાત્...શ્રીમદ્.૧૦
પ્રભુ પોતે સર્વથી પર છે જી, વળી મહા સમર્થ છે એ નાથ,
ભક્તના દુ:ખ હર્તા સુખકારી છે જી, ચિંતા નવ કીજીએ માથે નાથ...શ્રીમદ્.૧૧
લૌકિક વૈદિક જે કર્મ છે જી, તે હરિ સિદ્ધ થવા દે નહીં,
તોયે સેવા સમર્પણ ધર્મ છે જી, તેથી મન દૂર કીજે નહીં....શ્રીમદ્.૧૨
પુષ્ટિ માર્ગમાં શ્રીજી રહે સદાજી, વળી જીવનું કીધું શું હોય,
પ્રભુ કરે તે સુખ માની રહીયેજી, સાક્ષી થઈ રહે સુખ હોય...શ્રીમદ્.૧૩
દીનતા ભાવ મનમાં રાખીયેજી, બીજા સાધનનું નથી કામ,
સર્વદા સેવા કરી શ્રીજી સાધવાજી, ગુરુની આજ્ઞા થકી એ કામ...શ્રીમદ્.૧૪
ગુરુની આજ્ઞા ઉલ્લંઘન નવ કીજીએજી, શ્રીજીની ઈચ્છાએ થાય તે થાય,
આપણું મન ગુરુજીને દીજીએજી, પ્રભુથી અધિક રાખીએ ભાવ...શ્રીમદ્.૧૫
સેવા કરો નિત્ય ચિત્ત પ્રીતશુંજી, તો સુખી થાશો આ જગમાંય,
પરીક્ષા અર્થે શ્રીજી કદી નવ સુણેજી, નવ ઉદ્વેગ ધરો મનમાંય....શ્રીમદ્.૧૬
તોયે ધીરજ રાખી સેવા કરવીજી, પ્રભુ સુખ કર્તા છે સત્ય,
એમની લીલા જોઈ ચિંતા દૂર કરવીજી, વૈષ્ણવને એરે જણત્ય...શ્રીમદ્.૧૭
એકાદશ ઈંદ્રિય પ્રભુને સન્મુખજી, સેવામાં દિવસને રાત,
એકે ઈંદ્રિય વિમુખ નવ કીજીએજી, સર્વાત્મ ભક્તિ કરો અહો રાત...શ્રીમદ્.૧૮
શ્રીકૃષ્ણ શરણં મમ: સદા જપોજી, ન વિસરશો પળ એક માત્ર,
એ જુગતેથી ચિંતા દૂર થશેજી, થાશો શ્રીજીના કૃપાપાત્ર...શ્રીમદ્.૧૯
શ્રીમહાપ્રભુજી કહે અમારી એ મતિજી, વળી એજ છે નિરધાર,
સર્વે વૈષ્ણવ રાખજો ચિત્ત ધરીજી, શ્રીવલ્લભજી પ્રાણ આધાર...શ્રીમદ્.૨૦
આ અમૂલ્ય રત્ન જે કોઈ ચિત્ત ધરેજી, તેને પુષ્ટિ ભક્તિ દઢ ફળ હોય,
જે આ ધોળ ગાયે ને ચિત્ત ધરેજી, તેને પરમ આનંદ સુખ હોય...શ્રીમદ્.૨૧

❖

## સિદ્ધાંત રહસ્યનું ધોળ

પુષ્ટિમાર્ગ સિદ્ધાંતની, સાંભળ કહું એક વાત,
શ્રાવણ સુદ એકાદશી, વચન કહ્યાં જે રાત....૧
શ્રીમદ્ વલ્લભને મન, ઈચ્છા ઉપની એહ,
આજ્ઞા બ્રહ્મસંબંધની, પ્રભુજીએ કીધી તેહ....૨
પોતાના જન જાણીને, ચિંતા ધરી મનમાંહ,
આતુરતા દીઠી ઘણી, શ્રીજી પધાર્યા ત્યાંહ....૩
શ્રી પૂર્ણ પુરુષોત્તમ તમે છો, જીવ છે દોષ સહિત,
તે ઉદ્ધારન કારણે, પ્રભુજી ધરજો ચિત્ત....૪
ત્યારે શ્રીજી એમ બોલીયા, સાંભળો વલ્લભ રાય,
નામ સમર્પણ જે કરે, તેના પ્રાયશ્ચિત જાય....૫
જીવ જાત હોય જે કોઈ, આવે જ્યારે શરણ,
તે ઉપર કરૂણા કરી, રાખીશ મારે ચરણ....૬
પવિત્રું કરી સુત્રનું, પહેરાવ્યું શ્રી જગદીશ,
કેસરી રંગે રંગીયું, તાર ત્રણસેં ત્રણવીસ....૭
મીશ્રી ભોગ ધરાવીને, વસ્ત્ર પહેરાવ્યાં તેણી વાર,
કોર છેડા કર્યા કેસરી, ધોતી ઉપરણા સાર....૮
સેવક જન સુખ કારણે, શ્રીજીએ કીધો શ્રમ,
નામ સમર્પણ આપીને, રાખ્યો વૈષ્ણવ ધર્મ....૯
શ્રી ગિરિધારીજી મંદિરે પધાર્યા, એ સુખ કહ્યાં નવ જાય,
'હરિદાસ' શોભા જોઈને, આનંદ મંગલ ગાય....૧૦

❖

# શ્રી કૃષ્ણાશ્રયનું ધોળ

સર્વ માર્ગનો નાશ થયેથી,
કલિ ખલ ધર્મનો ધારી છે,
પાખંડથી ભરપૂર લોકમાં,
કૃષ્ણ તે જ ગતિ મારી છે...૧
મ્લેચ્છા ક્રાન્ત આ દેશ થયેથી,
પાપ પુંજ અતિ ભારી છે,
સાધુ-પીડાથી વ્યગ્ર લોકમાં, -શ્રીકૃષ્ણ...૨
ગંગાદિક અતિ શ્રેષ્ઠ તીર્થમાં,
મૂર્ખજનો અધિકારી છે,
અધિદૈવિક અંતર્ધાનમાં, -કૃષ્ણ...૩
પાપ પંથ પરવર્યા સાધુ પણ,
મૂઢ અને અહંકારી છે,
યત્ન શીલ સહુ લાભ પૂજામાં, -કૃષ્ણ...૪
યોગી થયા વ્રત ટેક વિનાના,
મંત્ર શક્તિ પણ હારી છે,
નાશ અર્થને ભાગ્ય તણો ત્યાં, -કૃષ્ણ...૫
અનેક વાદથી ભ્રમિત કર્મમાં,
વૃત્તિ જનોની ભારી છે,
યત્ન એક પાખંડ તણો ત્યાં, -કૃષ્ણ...૬
અજામિલાદિકની મલિનતા,
જેણે કૃપાથી સંહારી છે,
મહાત્મ્ય સઘળું પ્રકટ કરંતા, -કૃષ્ણ...૭
પ્રાકૃત સર્વે દેવ મંડળી,
ગણ્યો આનંદ દેનારી છે,
પૂર્ણાનંદના દાતા પ્રભુ તેથી, -કૃષ્ણ...૮

વિવેક ધૈર્યનો ધ્વંસ થયો છે,
ભક્તિ પણ નહીં ધારી છે,
પાપ વિષે આસક્ત દીન જન, -કૃષ્ણ...૯
સર્વ સામર્થ્ય સહિત દયાળુ,
સર્વ અર્થ કરનારાને, શરણાગત ઉદ્ધાર
કરંતા, જણાવું છું પ્રભુ મારાને, -કૃષ્ણ...૧૦
કૃષ્ણાશ્રય આ સ્તોત્ર તણો જે,
પાઠ કરે પ્રભુ પાસે જાય, શ્રીમદ્ વલ્લભ એમ કહે છે,
-કૃષ્ણ તણો તેને આશ્રય થાય, -કૃષ્ણ...૧૧

⁂

# શ્રીમદ્ ભાગવતરૂપી આંબાનું ધોળ

## આંબો અખંડ ભુવનથી ઉતર્યો

આંબો અખંડ ભુવનથી ઉતર્યો, વ્રજભૂમિમાં આંબાનો વાસ
સખી રે આંબો રોપિયો - ટેક.

વસુદેવે તે બીજ વાવિયું, હુવો દેવકીજી ક્ષેત્ર પ્રકાશ...સખી.
આંબે જશોદાજીએ જળ સિંચિયાં, નંદ ગોપ આંબાના રખવાળ...સખી.
બ્રહ્માજીએ ચાર પત્ર લખ્યા, મુનિ નારદે કીધી છે જાણ...સખી.
વ્યાસમુનિએ તે ચાર પત્ર કર્યા, તેના નવ ખંડમાં નામ...સખી.
આંબો ધ્રુવ પ્રહ્લાદે અનુભવ્યો, તેનાં સેવનારાં વ્રજનાર...સખી.
દ્વાદશ સ્કંધ આંબાના થડ થયાં, ત્રણસો પાંત્રિસ અધ્યાય છે ડાળ...સખી.
અઢાર હજાર શ્લોક આંબે તીરખી, પોણોસો લક્ષ અક્ષર આંબે પાન...સખી.
પ્રકરણ તેંતાળીશનાં આંબે ઝૂમખાં, શ્રીમદ્ભાગવત આંબા કેરાં ફળ...સખી.
કલ્પવૃક્ષ થઈ આંબો દુઝિયો, એની ચૌદ ભુવનમાં છે છાંય...સખી.
તે ફળ શુકદેવજી વેડી લઈ ગયા, પરીક્ષિત બેઠા ગંગાજીને તીર...સખી.

તે રસ રેડ્યો પરીક્ષિત શ્રવણમાં, ખરો અનુગ્રહનો આધાર...સખી.
સાત દિવસમાં શ્રીકૃષ્ણ-પદ મળ્યું, જય શ્રીપુરુષોત્તમ અભિરામ...સખી.
કલિયુગમાં પુષ્ટિમાર્ગમાં પરવર્યો, ધન્ય ધન્ય તે તૈલંગકુળ અવતાર...સખી.
આંબો ગાયે શીખે ને સાંભળે, તેનો ચરણ કમલમાં વાસ...સખી.
જાઉં શ્રીવલ્લભકુળને વારણે, બલિહારી જાય 'માધવદાસ'...સખી.
આંબો અખંડ ભુવનથી ઉતર્યો, વ્રજભૂમિમાં આંબાનો વાસ...સખી.

⁂

## અષ્ટસખા અને અષ્ટદ્વારનું ધોળ

સુંદર સુરભિકુંડ કિનારે, સદા વસે પરમાનંદદાસ,
બાલલીલાનો અનુભવ કરવા, રહે શ્રી નવનીતપ્રિયજીની પાસ...૧
પુષ્ટિ સૃષ્ટિના બંને સાગર, પરમાનંદ ને સૂરસાગર,
અષ્ટસખા હૃદયે બિરાજે, ગિરવરધર નટવર નાગર....૨
માનસી ગંગા દ્વાર નંદનું, ગિરિરાજજીનું મુખ ગણાય,
શ્રીગોકુલચંદ્રમાજીને રિઝવવા, સદા કરે કીર્તનનું ગાન...૩
કદમ ખંડી ગોવિંદસ્વામીની, સદા વસે ત્યાં ગોવિંદદાસ,
શ્રી દ્વારકાધીશનાં કીર્તન કરીને, આનંદ મંગળ ગુણલાં ગાય...૪
જમુનાવતા કુંભનદાસજી, મુખ્ય દ્વાર આન્યોર ગણાય,
શ્રી નિકુંજનાયકને નિહાળીને, ગુણગાન પ્રીતે ગાય...૫
આદિવૃંદાવન ચંદ્રસરોવર, પરાસોલીથી એ ઓળખાય,
શ્રીમથુરાનાથના મુખ્ય કીર્તનીયા, સદા હી સૂરદાસ ગણાય...૬
રુદ્રકુંડ નિવાસી ચતુર્ભુજદાસ, સદા સેવે શ્રી ગોકુલનાથ,
લીલાનું અવલોકન કરવા, સદા રહે પિતાની પાસ...૭
અપ્સરાકુંડે છીતસ્વામીજી, એકાંતે લેતા ભગવદ્ નામ,
શ્રી વિઠ્ઠલનાથજીને રીઝવવા, સદા કરે કીર્તનનું કામ...૮

શ્રી મદનમોહનજીના કીર્તનીયા, કૃષ્ણદાસ સદા ગુણગાય,
બિલછુકુંડે રહે નિરંતર, નિત્ય લીલાનાં દર્શન થાય...૯
કરિ ગિરિગોવર્ધન પરિક્રમા, મુખ્ય સ્થળે સૌ આવી મળે,
શ્રી મુખારવિંદના દર્શન કરીને, લીલાનું અવલોકન કરે...૧૦
સદા સર્વદા થાય અભિષેક, ગૌમાતાના દૂધ વડે,
સાયંકાળે શૃંગાર ધરીને, દર્શન કરજો પળે પળે...૧૧
ગોવર્ધનગિરિ સઘન-કંદરા, શ્યામા શ્યામ વિહાર કરે,
ખટ્ઋતુ ત્યાં સદા બિરાજે, નયણે નિરખિ ચિત્ત ધરે...૧૨
અષ્ટસખા અને અષ્ટદ્વારનું, નિત્ય નિયમથી ગાન કરે,
થાય કૃતારથ આ અવનીમાં, ભવબંધનનાં દુઃખ ટળે...૧૩
કહે 'પુરુષોત્તમ' પ્રીતે ગાજો, ભગવદ્ પદરજમાં ન્હાજો,
ભગવદ્ લીલા નયણે નીરખી, આનંદે મશગુલ થાજો...૧૪

⁂

## અષ્ટસમય અને અષ્ટસખાની ભાવનાનું ધોળ

ચાલો સખી આપણે શ્રીજી જઈએ રે,
નિત્ય ઉઠી શ્રીયમુનાજીમાં ન્હાઈએ રે,
ત્યાં જઈ દર્શનનાં સુખ લઈએ.... ચાલો. ટેક
પ્રથમ દર્શન મંગળા તણાં, સ્વરૂપ શ્રીનવનીતલાલ,
પરમાનંદદાસ કીર્તન કરે, તોક સખા વ્રજબાલ.
શ્રીનવનીતલાલમાં આસક્તિ અનૂપ રે,
એ છે ચંદ્રસખીનું સ્વરૂપ રે,
ગ્વાલપગા શૃંગાર અનૂપ.... ચાલો. ૧
બાલલીલા અનુભવ કરો, શ્રવણ પ્રાગટ્યનું સ્થાન,
પ્રથમ દ્વાર ગિરિરાજનું, સુરભિ શ્યામ તમાલ.

બીજાં દર્શન શૃંગારનાં કરીએ રે,
શ્રીગોકુલચંદ્રમાજીમાં ચિત્ત ધરીએ રે,
નંદદાસનાં કીર્તન અનુસરીએ.... ચાલો. ૨

ભોજસખા સારસ્વત કલ્પમાં, સખી ઈન્દુલેખા પ્રમાણ,
આસક્તિ શ્રીગોકુલચંદ્રમાં, ફેંટા શૃંગાર વખાણ.
રાસલીલાનો અનુભવ કરીએ રે,
ધ્યાન ઉદર સ્થાનનું ધરીએ રે,
માનસીગંગા પીપર પેડ જઈએ.... ચાલો. ૩

ત્રીજાં દર્શન ગ્વાલનાં, આપે શ્રી દ્વારિકાનાથ,
ગોવિંદસ્વામી કીર્તન કરે, શંખચક્ર ધર્યા હાથ.
સારસ્વત કલ્પમાં સખા શ્રીદામા રે,
નિત્ય લીલામાં સખી છે ભામા રે,
ગુપ્ત શ્રી દ્વારકાનાથની શ્યામા.... ચાલો. ૪

ટિપારાનો શૃંગાર છે, હિંડોળા લીલા જાણ,
પ્રાગટય પ્રભુ નેત્ર સ્થાનથી, દર્શન ગ્વાલ વખાણ.
ગોવિંદ સ્વામીની કદમ ખંડી જઈએ રે,
ઐરાવત કુંડ પર રહીએ રે,
ત્રીજું દ્વાર ગિરિરાજજીનું કહીએ.... ચાલો. ૫

ચોથાં દર્શન રાજભોગનાં, જઈ નિરખો શ્રીનાથ,
કુંભનદાસ કીર્તન કરે, ઊભા નિકુંજે વ્રજનાથ.
સારસ્વત કલ્પમાં અર્જુન જાણો રે,
નિત્ય લીલામાં વિશાખા પ્રમાણો રે,
આસક્તિ શ્રીનાથજીમાં જાણો.... ચાલો. ૬

શૃંગાર ધર્યા કુલ્હે તણાં, નિકુંજ લીલાને દ્વાર,
પ્રાગટય પ્રભુ હૃદય સ્થાનથી, દર્શન દીનદયાલ.

ઠોર આન્યોરમાં સદુપાંડે રે,
સદા શ્રીજી સ્વરૂપે બિરાજે રે,
ચોથું દ્વાર ગિરિરાજજીનું ગાજે.... ચાલો. ૭

પાંચમાં દર્શન ઉત્થાપન તણાં, આપે શ્રી મથુરેશ,
સૂરદાસ કીર્તન કરે, નટવર ગોદ સુરેશ.
સારસ્વત કલ્પમાં કૃષ્ણસખા કહીએ રે,
નિત્ય લીલામાં ચંપકલતા લહીએ રે,
આસક્તિ શ્રી મથુરેશજીમાં કહીએ.... ચાલો. ૮

પાગ શૃંગાર બનાય કેં, માનલીલા સુખકંદ,
પ્રાગટય પ્રભુ મુખારવિંદથી, ગોચારન આનંદ,
ચંદ્ર સરોવરની કંદરા માંહે રે,
સદા રસરૂપે બિરાજે રે,
પાંચમું દ્વાર ગિરિરાજજીનું ગાજે.... ચાલો. ૯

છઠ્ઠાં દર્શન ભોગ શૃંગારના, આપે શ્રી ગોકુલનાથ,
ચતુર્ભુજદાસ કીર્તન કરે, યુગલ સ્વામિની સાથ.
સારસ્વત કલ્પમાં સખા સુબાહુ રે,
નિત્યલીલામાં સુશીલા સખી ત્યાંહી રે,
ગોકુલનાથજીમાં આસક્તિ આહી.... ચાલો. ૧૦

સહેરાનો શૃંગાર છે, અન્નકૂટ લીલા જાણ,
પ્રાગટય પ્રભુ હસ્ત કમલથી, ભોગદર્શન ઉર આણ.
રૂદ્રકુંડ ઉપર નિવાસ રે,
આમલીના પેડ નીચે વાસ રે,
એવી અન્નકૂટ લીલાની હૃદે આસ.... ચાલો. ૧૧

સાતમા દર્શન સંધ્યા આરતી, આપે શ્રી વિઠ્ઠલનાથ,
છીતસ્વામી કીર્તન કરે, કટિ પર ધર્યા દોઉ હાથ.

સારસ્વત કલ્પમાં સખા સુબલ રે,
નિત્ય લીલામાં પદ્માસહચરી નિર્મલ રે,
શ્રી વિઠ્ઠલનાથજીમાં આસક્તિ અતુલ.... ચાલો. ૧૨

શૃંગાર સજ્યો દુમાલા તણો, સદા શ્રી વિઠ્ઠલનાથ,
પ્રાગટ્ય કટિ સ્થાનથી, નિજ્જન કીધા સનાથ,
સુંદર દર્શન સંધ્યા આરતી રે,
અપ્સરા કુંડે, રમણ રસ પાતી રે,
શ્યામ તમાલનું દ્વાર સાત.... ચાલો. ૧૩

આઠમાં દર્શન શયનનાં, આપે શ્રીમદનમોહન,
કૃષ્ણદાસ કીર્તન કરે, છબી બની અતિ સોહન,
સારસ્વત કલ્પમાં ઋષભ જાણો રે,
નિત્ય લીલામાં લલિતા પ્રમાણો રે,
આસક્તિ શ્રીમદનમોહનજીમાં જાણો.... ચાલો. ૧૪

શૃંગાર ધર્યો છે મુકુટનો, શ્રીમન્મથ મોહનલાલ,
સખા પ્રાગટ્ય શ્રી ચરણથી, વેણુ વગાડી રસાલ.
બિલછુ કુંડે રાજે કૃષ્ણદાસ રે,
શ્યામ તમાલ નીચે છે વાસ રે,
વૃક્ષ નીચે ગિરિરાજજીનું દ્વાર આઠ.... ચાલો. ૧૫

## વ્રજ પરિક્રમાનું ધોળ

વ્રજ મેરે મન ભાઈ એસી વ્રજ મેરે મન ભાઈ...ટેક.
વિશ્રામઘાટે શ્રી યમુનાજી ન્હાય કે, નીકે નેમ લિવાઈ,
કેશવરાય કે દર્શન કરકે, શ્રી મહાપ્રભુજી દર્શાઈ...વ્રજ. ૧

મધુવન તાલ કમોદ બહુલાવન, શાન્તન કુંડમેં ન્હાઈ,
રાધાકૃષ્ણ કુંડકી મહિમા, મોંપે બરની ન જાઈ...વ્રજ ૨
ગોવર્ધન કી દે પરિક્રમા, માનસી ગંગા ન્હાઈ,
કુસુમોખર ઓર ચંદ્ર સરોવર, ગોવિંદ કુંડમેં ન્હાઈ...વ્રજ ૩
આન્યોર ઓર અપ્સરા કુંડ હોય, જતિપુરામેં આઈ,
પરમંદરા ઓર આદિ બદ્રિ, અલક ગંગા પ્રકટાઈ...વ્રજ ૪
કામાકામ સકલ પરિપૂરણ, ચિત્ર વિચિત્ર મન ભાઈ
બરસાનો ઓર નંદગામ હોય, કોકિલા વનમેં આઈ...વ્રજ ૫
જાવ બઠેન ઓર અંજન વન હોય, ગામ કરેલા આઈ
પ્રેમ સરોવર ઓર પીસાયો, પાંડવ ગંગા ન્હાઈ...વ્રજ ૬
બટ સંકેત ખીદ્રવન હોય કે, જબ તન તપત બુઝાઈ,
શેષનાગ છાયા હરિ ઉપર, પોઢે યાદવ રાઈ...વ્રજ ૭
ખેલન વન ઓર ચીર ઘાટ હોય કે નંદઘાટ ગૌ પાઈ
બચ્છવન બેલ ભદ્ર ભાંડીર વન, માન સરોવર આઈ...વ્રજ ૮
કર સ્નાન લોહવન હોય કે શ્રી બલદાઉ સુખદાઈ,
ફેર મહાવન શ્રી ગોકુલકી, ગત શારદ નહીં પાઈ...વ્રજ ૯
ધન્ય મથુરા, ધન્ય શ્રી વૃંદાવન, ધન્ય ધન્ય યશોદા માઈ,
જાકી મહિમા અગમ નિગમ હૈં, પ્રગટે કુંવર કન્હાઈ...વ્રજ ૧૦
બારે વન બારે ઉપવન કી, લીલા ગાય સુનાઈ,
શ્રી 'પુરુષોત્તમ' કહત સકલ બન, આવા ગમન મિટાઈ...વ્રજ ૧૧

## દાઈનું ધોળ

અરિ જશુમતિ હરવાઈ, બોલોને દાઈ
સખી સુન આઈ, દધરન આઈ
અબ હો પોઢે મહેલ નંદરાની, આયે પાઉં પરછીઓ
પોઢે પોઢે મહેલ નંદરાની, આયે થાઉં પરછીઓ (૧)

તતક્ષણ કાઢયાં અરિ તેલ, અરિ સરલ ફુલેલ
તરત શિર મેલો, ખરે જન બોલો
અબટો અરજન અલંક સંવારો, કહો અન્ય કાહુકો
મરજન અલંક સંવારો, કહો અન્ય કાહુકો (૨)
જશોમતી પલખે લગાઈ, અરિ માયા ઓ આઈ
ગયો ગર્ભ સિહાઈ, અરિ પીડત આઈ,
અબહો પોઢયો સકલ પરિવાર કે કાહુ ન જાગ્યો.
વસુદેવજી ઠાડે હરિદ્વાર, લિએ અરિ પ્રાણે આધારે (૩)
વસુદેવજી ઠાડે, લિયે પ્રાણ આધાર
અરિ કરત વિચારે, અરિ ઉઘડે કિમાડ,
અબટો મોહન સજયા રાખો કે કન્યા લે ચલે,
મોહન સજયા રાખો કે કન્યા લે ચલે (૪)
તતક્ષણ જશોમતિ જાગી અતિ અનુરાગી,
અતિ બડ ભાગી, હરિ ચરણે જી લાગી,
અબટો દિયો રે નંદજી બુલાયે આયે દર્શન કરો,
દિયો રે નંદજી બુલાયે આયે દર્શન કરો. (૫)
મંગળ કળશ ભરાઈ અરિ મોદી તે લગાઈ
અરિ સુન હિનવાઈ અરિ સુપડે પોઢાઈ,
સબ તો લે લે મોહન નામ સબે પ્રિયા ગાવહિ.
લે લે મોહન નામ સબે પ્રિયા ગાવહિ. (૬)
અરિ જશોમતિ ભોળી અરિ હડધે જી ચોરી,
હડધે જી આ ધોરિ અરિ ચરણે જી લાગી,
સબ તો ચિરંજીવો નંદજીકો લાલ
જ્યાં રો જમના જલ રહે જ્યાં રો ગંગા જલ રહે (૭)
જ્યાં રો ચાંદો સૂરજ તપે ધરતી મધ,
શેષનાગ જીવો નંદન કો લાલ
ધરતી મધ શેષ નાગ જીવો નંદજી કો લાલ
નંદજી કી મધરે કી દધ રે અતિ નાગ રે કી આગ રે (૮)

એનું રૂપી કોણ ચાખ રે,
એની બાત કોણ આગ,
અબ હો દિયો રે નંદજી બંધાઈ તિહારે ઘર પુત્ર ભયો
દિયો રે નંદજી બંધાઈ તિહારે ઘર પુત્ર ભયો (૯)
નંદજીકી તિલકે નક બેસના,
કોટના હીરામણિ મોતીઅન કી લર
અબતો દિએરે હાથન કે ગજરા કે પોંચી હેમકા
દીએ હાથન કે ગજરા રે પોંચી હેમની (૧૦)
નંદજીકી ચોટી બાજુબંધ,
બાજુબંધ ઓર બજેટડા
અબ તો દિયે રે પાંઉન કે વિછુંવા કે તે હર નવ ગ્રહે
દિએ રે પાઉન કે વિછુંવા કે કે હર નવ ગ્રહે (૧૧)
નંદજીકે છીપાએ અંગિઆ,
અરિ ટીપારેકી ડંડીઆ
અરિ ગજહા અરિ લેંઘા,
અબ તો દિઓરે આંજન
મુખ માંગ્યો કે દધરનકો સબ દીયો,
દિયો રે આંજન મુખ માંગ્યો કે દધરન કો સબદીયો (૧૨)
દધરન દેત આશિષ જીવો,
કોટિ વરિષ અબ તો
ચિરંજીવો નંદજીકો લાલ કે,
જ્યાં રો જમના જળ રહે
જ્યાં રો ગંગાજલ રહે, જ્યાં રો ચાંદો સૂરજ તપે,
ધરતી મધ શેષ નાગ, જીવો નંદજીકો લાલ (૧૨)
જે હરિ લીલા યે ગાલે,
ફીર જન્મ નહિ પાવે
જે હરિ લીલા યે ગાલે,
ફીર જન્મ નહિ પાવે

અબતો નંદદાસની દાસ ચરણ રજ પાવો હી
‘નંદદાસ’ નિજદાસ ચરણ રજ પાવો હી (૧૩)

* * *

## વૈષ્ણવ ભગવદીયનાં ધોળ

### શ્રી દામોદરદાસ હરસાનીજીનું ધોળ

શ્રીદામોદરદાસ હરસાની અતિ હરખે ભર્યા, ઉપર બેઠા જોતા હુતા વાટજો,
ભાઈ સર્વે ધન કાઢીને ઢગલા કર્યા, તેહેનાં સામાં જોયાં નહિ લગારજો.
શ્રીદામોદરદાસ... ૧

એટલામાં તો પ્રભુ પોતે પધારિયા, આવતા નીરખ્યા પોતાના નિજ નાથજો,
દોટ મેલીને દોડી પાસે આવિયા, પડયા ને જોડયા છે બેઉ હાથજો.
શ્રીદામોદરદાસ... ૨

હાથ સાહીને પ્રભુ પોતે ઉઠાડિયા, પૂછયું દમલા આવ્યો તેહની વારજો,
શીશ નમાવી સ્વામી પ્રત્યે બોલિયા, વાટ ક્યારની જોતો હતો મહારાજજો.
શ્રીદામોદરદાસ... ૩

ત્યાંથી સાથે તેડી પોતે પધારિયા, આવ્યા શ્રીગોકુલ માંહે શ્રીગોવિંદ ઘાટજો,
બ્રહ્મસંબંધની આજ્ઞા પ્રભુએ ત્યાં કરી, વચન સુણ્યાં પણ સમજ્યા નહિ તલ માત્રજો.
શ્રીદામોદરદાસ... ૪

ત્યાંથી શ્રીગોવર્ધન ઉપર પધારિયા, આવી પોઢયા છોંકર છાયા માંહ્યજો,
પછી પધાર્યા શ્રીગોવર્ધનનાથજી, હાથ થંભીને રાખ્યા વેગળા તાંહ્યજો.
શ્રીદામોદરદાસ... ૫

ત્યારે શ્રીવલ્લભ ખીજીને એમ બોલિયા, દાસપણું તો જાણીને અપરાધજો,
ત્યારે શ્રીમુખેથી, શ્રીજી બોલિયા, દાસ ધર્મ રાખ્યો માટે નહિ બાધજો.
શ્રીદામોદરદાસ... ૬

એક સમે શ્રીવલ્લભ પોતે બોલિયા, પુષ્ટિપથ ચલાવ્યો પ્રકાશજો,
યે તો દમલા તાહરે સારું જાણજો, રહેશે રૂદેમાં કરીને વાસજો.
શ્રીદામોદરદાસ... ૭

એવી કૃપા જાણી શ્રીગુસાંઈજીએ, પોતે કરાવ્યું પિતાનું ત્યાંહાં શ્રાદ્ધજો,
દક્ષિણા માગી ત્યારે તો પોતે કહ્યું: સિદ્ધાંતરહસ્યના દોઢ શ્લોકની વાતજો.
શ્રીદામોદરદાસ... ૮

એવી કૃપા જાણી શ્રીવિઠ્ઠલનાથજી, બેસાડતા તે ગાદી અડધે હાથજો,
ચરણામૃત તો પોતાનું આપે જ નહિ, એવા મોટા જાણી શ્રીવલ્લભદાસજો.
શ્રીદામોદરદાસ... ૯

ત્યારે શ્રીવલ્લભ મુખેથી બોલિયા, મુજમાં ને શ્રીગુસાંઈજીમાં નથી કાંઈ ભેદ જો,
માટે ચરણામૃત તો તું લેજે સદા, શ્રીવલ્લભ વાણી કહી છે જાણી ને વેદજો.
શ્રીદામોદરદાસ... ૧૦

ત્યારે પોતે આવીને વિનતી કરી, મને કૃપા કરીને આપજો શ્રીમહારાજજો,
ત્યારે પોતે કૃપા કરીને આપિયા, વલ્લભનાં સરિયાં સઘળાં કાજજો.
શ્રીદામોદરદાસ... ૧૧

* * *

### હો હો રે મારો....

હો હો રે મારો તુલસીનો ક્યારો... ટેક
તુલસીનો ક્યારો મને લાગે ઘણો પ્યારો,
ગાયના ગોબરથી લીંપ્યો ને થાપ્યો,
ઝીણા ઝીણા ચોખલીએ વધાવ્યો રે... મારો. ૧
સવાર પડીને સાસુજી મંદિરે ગ્યાંતાં
મંદિરે ગ્યાંતાં ને દર્શને ગ્યાંતાં
વૈષ્ણવ આવ્યા ચાર રે... મારો. ૨

બેસોને વૈષ્ણવ તમને ભોજનિયા જમાડું
ઘીનો શીરો ને ઘઉંની પુરી બનાવું
વહુએ વૈષ્ણવોને જમાડ્યા રે... મારો. ૩
એટલામાં આવી મારી બેન રે પાડોશણ
બેન રે પાડોશણ મારી સાસુને ના કહેશો
વહુએ વૈષ્ણવને જમાડ્યા રે... મારો. ૪
સાંજ પડીને સાસુજી મંદિરેથી આવ્યાં,
પાડોશણ કરે છે દોડા દોડી,
વહુએ વૈષ્ણવને જમાડ્યા રે... મારો. ૫
એટલે સાસુજી એમજ બોલ્યાં
ગોવિંદની માને મૂકી આવો રે... મારો. ૬
એક વન ગયા ને બીજે વન ગયા
ત્રીજે વન મૂકી આવ્યા રે... મારો. ૭
સવાર પડીને સાસુએ ઓરડા ઉઘાડ્યા
ધનના ઢગલા રે ઢગલા... મારો. ૮
આ ધન તે કોના નસીબનું
આ ધન રે મારી વહુના નસીબનું... મારો. ૯
ગોવિંદની માને તેડી લાવો,
એક વન ગયા ને બીજા વન ગયા રે... મારો. ૧૦
ત્રીજે વનથી તેડી લાવ્યા
ધન્ય ધન્ય વહુ તારી ભક્તિ ધન્ય છે રે... મારો. ૧૧

❀

## સત્સંગી વૈષ્ણવ પધાર્યા રે

સત્સંગી વૈષ્ણવ પધાર્યા રે,
વૈષ્ણવ પધાર્યા રે સત્સંગી વૈષ્ણવ પધાર્યા રે.
નિશ્રેના મહેલથી પધાર્યા રે...
હદિયામાં જેના વસે રસેશ રે...

હદિયામાં રસ ભરી લાવ્યા...
સત્સંગી રસના રસિયા પધાર્યા રે...
રસલ્હાણ કરવા પધાર્યા રે...
વલ્લભીય વૈષ્ણવ પધાર્યા રે...
સમર્પણ ભાવને વરેલા પધાર્યા...
દુ:સંગ દુર્ગ જીતીને પધાર્યા રે...
સત્સંગ થાળના થાળને ભરી...
શ્રીવલ્લભના વહાલા પધાર્યા રે...

❀

## 'તાદૃશી જન'નું ધોળ

તાદશી જન તેને જાણીએ, જેમાં એવા ગુણ હોય,
નિંદા સ્તુતિ કોઈની નવ કરે, સઘળું સમદષ્ટિ જોય...તાદશી૦
જેનાં તે દરશન માત્રથી, ટળે પ્રપંચનું ધ્યાન,
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું નસાડે અજ્ઞાન...તાદશી૦
ગુણ ગાયે ગોવિંદના, પ્રફુલ્લિત તન થાય,
નેત્ર પ્રવાહ વહે પ્રેમનો, હરખે હૃદય રૂંધાય...તાદશી૦
પર દુઃખ દેખી દાઝે ઘણું, નવ કરે કોઈનો દ્રોહ,
ઈન્દ્રિયજિત સાચા સદા, ન પામે મન મોહ...તાદશી૦
સકળ સચરાચરને વિષે, વસ્યા દેખે ભગવાન,
શુભ ઈચ્છે સર્વ જગતનું, લેશ નહિ અભિમાન...તાદશી૦
સઘળી લીલા તે અવિનાશીની, જેમાં લુબ્ધ તેનું મન,
પ્રીતિ બહુ પર ઉપકારમાં, સદા પ્રસન્ન વદન...તાદશી૦
નટવર ઝલકે નેણમાં, કાંતિ કરુણામય હોય,
શાંતિ સ્વભાવ સંતોષ બહુ, દોષ કોઈનો નહિ જોય...તાદશી૦

હરિજન વૈષ્ણવને વિષે, જેને અતિ ઘણું વહાલ,
દ્રઢ આશરો દીનતા ઘણી, બોલે વચન રસાલ...તાદશી૦
વિહ્વળતા વિઠ્ઠલેશ શું, મુખે કૃષ્ણનું નામ,
એવા ભગવદીયના દાસના ‘હરિદાસ’ ગુણ ગાય...તાદશી૦

❀

### આયે મેરે નંદનંદનકે

આયે મેરે નંદનંદનકે પ્યારે ।
માલા તિલક મનોહર બાનો, ત્રિભુવન કે ઉજિયારે ॥૧॥
પ્રેમ સહિત ઉર બસત નિરંતર નેક હું ટરત ન ટારે ।
હૃદય કમલ કે મધ્ય બિરાજત શ્રીવ્રજરાજ દુલારે ॥૨॥
કહા જાનો કો પુન્ય ઉદય ભયો મેરે ઘર જુ પધારે ।
‘પરમાનંદ’ કર ન્યોછાવર વારિ વારિ હોં વારે ॥૩॥

❀

### હોં વારિ ઈન વલ્લભીયન પર

હોં વારિ ઈન વલ્લભીયન પર ।
મેરે તનકો કરોં બિછોના, શીશ ધરો ઈનકે ચરનન તર ॥૧॥
નેહ ભરી દેખો મેરી અખિયન મંડલ મધ્ય બિરાજત ગિરિધર ।
યહ તો મેરે પ્રાણજીવન ધન દાન દીયો શ્રીવલ્લભવર ॥૨॥
પુષ્ટિ પ્રકાર પ્રગટ કરવે કો ફિર પ્રગટે શ્રી વિઠ્ઠલ વપુ ધર ।
રસિક સદા આસ ઈનકી કર વલ્લભિયનકી ચરણરજ અનુસર ॥૩॥

❀

## બોધ-સિદ્ધાંત-દીનતા-આશ્રય-વિરહ-વિનંતીનાં ધોળ પદ

### સૂરદાસજીનું બોધ કીર્તન

રાગ : કેદારો

મન! તૂ સમજ સોચ વિચાર
ભક્તિ બિના ભગવાન દુર્લભ કહત નિગમ પુકાર ॥૧॥
સાધુ સંગતિ ડાર પાસા ફેરિ રસના સાર ।
દાવ અબકે પર્યો પૂરો ઉતરિ પેલી પાર ॥૨॥
છાંડિ સત્રહ સૂન અઠારે પંચ હી કોં માર ।
દૂરિ તેં તજી તીન કાને ચમક ચોંક વિચાર ॥૩॥
કામ ક્રોધ મદ લોભ ભૂલ્યો ઠગ્યો ઠગિની નારી ।
‘સૂર’ હરિ કે પદ ભજન બિન ચલ્યો દોઉ કર ઝારિ ॥૪॥

એક દિવસ સૂરદાસજી પાંચ દસ વૈષ્ણવોની સાથે માર્ગમાં ચાલ્યા જતા હતા. તે સમયે ત્યાં પાંચ સાત માણસો ચોપાટ ખેલતા હતા. ચોપાટની રમતમાં તેઓ એટલા બધા લીન થઈ ગયા હતા કે રસ્તા ઉપર જતા આવતા માણસોની તેમને ખબર ન હતી. તેમને તે પ્રકારે રમતમાં લીન થઈ ગયેલા જોઈને સૂરદાસજીએ પોતાની સાથેના વૈષ્ણવોને કહ્યું, ‘જુઓ, આ લોકો મનુષ્ય જન્મ વૃથા ગુમાવી રહ્યા છે. ભગવાને પોતાનું ભજન કરવા માટે મનુષ્ય દેહ આપ્યો છે. તેઓ એવા(અમૂલ્ય) દેહ વડે નકામા હાડ કૂટે છે.’ તેમના આ શબ્દોમાં લૌકિક ભાવમાં તો નિંદા છે, કે આ લોકો જુગારી છે. પરંતુ અલૌકિક ભાવમાં એનો અર્થ એ છે કે તેઓ ભગવાનથી બહિર્મુખ છે. જેમને ભગવાને આવો મુનષ્ય દેહ આપ્યો છે તેમને તો આવી (પદમાં બતાવ્યા પ્રમાણેની) ચોપાટ રમવી જોઈએ. પછી આ પદ બનાવી પોતાની સાથેના વૈષ્ણવોને સંભળાવ્યું.

તે સાંભળીને તે વૈષ્ણવોએ સૂરદાસજીને કહ્યું, ‘સૂરદાસ, આ પદમાં અમને કશું ન સમજાયું. તેથી તેનો અર્થ કરીને અમને સમજાવો. તેથી અમે તે સમજી શકીએ. ત્યારે સૂરદાસજીએ તે વૈષ્ણવોને સમજાવ્યું.

‘ચોપાટ રમવામાં ત્રણ વસ્તુની જરૂર છે. સમજ, સોચ અને વિચાર. અને આ ત્રણે વસ્તુઓ ભગવાનના ભજનમાં પણ જરૂરી છે. પહેલાં તો જ્યારે ચોપાટની રમત સમજાય ત્યારે તે રમાય. તેવી જ રીતે જે જીવ ભગવાનને સમજે, તે જ તેનું ભજન કરે. વળી ચોપાટની રમતમાં સોચ હોય, કે જો આવા પાસા પડે તો હું રમતમાં જીતી જાઉં. તેવી જ રીતે, જીવ જ્યારે કાળનો સોચ કરે ત્યારે તે પ્રભુને શરણે જાય. અને ત્રીજી વસ્તુ વિચાર. વિચારપૂર્વક માણસ પોતાની સોગઠી એવી રીતે ચલાવે કે તે મરે નહીં. તેવો જ વિચાર વૈષ્ણવને હોય કે જે કાર્ય હું કરું છું તે સારું છે કે ખરાબ. એવો વિચાર કરીને જીવ ખોટું કામ છોડીને ભગવદ્ ધર્મની ચાલ ચાલે. વળી ચોપાટમાં પાસાનો દાવ પડે(પાસા પોબાર પડે) ત્યારે બન્ને પક્ષના માણસો પોકાર કરી ઉઠે છે. તેવી રીતે જગતમાં વેદ પુરાણ જેવા શાસ્ત્રો પોકારીને કહે છે કે ભક્તિ વગર ભગવદ્ પ્રાપ્તિ દુર્લભ છે. પછી ભલેને તમે બીજા કરોડો સાધનો કરો.

વળી ચોપાટમાં બીજા કોઈનો સંગ મળે ત્યારે ચોપાટ રમાય. તે જ પ્રમાણે ભગવદ્ ભક્તિમાં કોઈ ભગવદીય વૈષ્ણવનો સંગ મળે તો ભક્તિ વધે. ચોપાટ ખેલનારના મનમાં જે રીતે આવું સ્મરણ રહ્યા કરે કે જો આવો દાવ પડે તો હું જીતું, એવી રીતે આ જીવ ભગવદ્ વાર્તામાં મન લગાવીને બધા રસના સારરૂપ ભગવન્નનામ લીધા કરે અને જે રીતે ચોપાટમાં સારો દાવ પડે ત્યારે સોગઠી તરી પાર ઉતરે અથવા આગળ ચાલીને ઘરમાં પ્રવેશે, જેથી મરવાનો ભય મટી જાય. તે જ રીતે મનુષ્ય દેહને સંસારમાંથી પાર ઉતારવા માટેનો દાવ બહુ પુણ્યશાળીને જ મળે છે. જે કોઈ આ દેહ વડે ભગવદાશ્રય કરે તે સંસારથી પાર ઉતરી જાય છે. ‘રાખિ સત્રે સુનિ અઢારે.’ જે રીતે ચોપાટમાં સત્તર અને અઢારના મોટા દાવ છે તે રીતે જગતમાં બધાં અઢાર પુરાણો છે. તેમાંથી સત્તરને બાજુ પર રાખી, અઢારમું (શ્રીમદ્ ભાગવત) પુરાણ સાંભળ અને પાંચ ઈન્દ્રિયો અને પંચપર્વા અવિદ્યા છે તેને માર.

શાસ્ત્રમાં કહ્યું છે કે-

**પતંગ, માતંગ, કુરંગ, ભૃગ, મીન હતાઃ પંચભિરેવ પંચ**
**એક પ્રમાદી સકથં ન હન્યતે યઃ સેવતે પંચભિરેવ પંચ**

પતંગ(પતંગિયું) નેત્રના વિષયથી તે દીવા ઉપર ઝંપલાવીને બળી મરે છે, હાથી સ્પર્શ વિષયથી તે બનાવટી હાથણીને જોઈ મૃત્યુને નોતરે છે. હરણ શ્રવણના વિષયથી પારધીના ગીતમાં લોભાઈને મરે છે, ભમરો નાસિકાનો વિષય(ગંધ) તેના વડે કમળમાં બંધાઈને મરે છે અને માછલી, જીભના વિષયથી તે, ગલ ગળવા જતાં કાંટામાં પકડાઈ જાય છે. આ બધાં તો એક એક વિષયમાં આસક્ત થઈને મરે છે. જ્યારે મનુષ્ય તો પાંચે વિષયોનું (રૂપ, રસ, સ્પર્શ, ગંધ અને નાદ) સેવન કરે છે. તેથી કાળ તેનું ભક્ષણ અવશ્ય કરશે જ. તેથી જે રીતે ચોપાટમાં સોગઠી મરે છે તે રીતે તું તે પાંચે(વિષયો)ને માર. વળી ચોપાટમાં સૌથી નાનો દાવ ત્રણ દાણીનો છે. તેથી કોઈને ગમતો નથી. તે રીતે તું પણ માયાના ત્રિગુણો(સત્વ, રજસ અને તમસ)ને સંસાર રૂપી ચોકમાં ચતુરાઈપૂર્વક ફેંકી દે. સાચી ચતુરાઈ ત્યારે કહેવાય જ્યારે એકવાર તેમને ફેંકયા પછી તેમના તરફ ફરીથી જુએ જ નહીં. વળી ચોપાટ ખેલવામાં રમનારાઓ બધા પોતાની સુધબુધ ભુલી જાય છે અને તેનામાં ઠગાય છે, તે રીતે આમાં(સંસારમાં) કામક્રોધાદિની જંજાળ છે અને સ્ત્રીરૂપી ભગવાનની માયા છે. તે આ આખા જગતને ઠગે છે. વળી ચોપાટ રમનાર જ્યારે હારે ત્યારે બેઉ હાથ ખંખેરીને ઉઠે છે. તે રીતે સંસારી મનુષ્ય પણ શ્રીઠાકુરજીના પદકમલના ભજન વગર બન્ને હાથ ખંખેરી પોતાનો દેહ છોડશે. કારણ કે તેણે કશી ભલાઈ, પરોપકાર કે સત્સંગ કર્યા નથી. આ રીતે પદનો ભાવ સાંભળીને બધા વૈષ્ણવો સૂરદાસ ઉપર બહુ પ્રસન્ન થયા.

⁂

## વહાલો મારો શ્રદ્ધાની...

વહાલો મારો શ્રદ્ધાની સાંકળે બંધાય છે,
શ્રીજી મારો પ્રેમને વશ થઈ જાય છે,
વહાલો મારો પ્રેમના દોરથી ગુંથાય છે...ટેક
શ્રદ્ધાની સાંકળથી વલ્લભને બાંધો,
વહાલો મારો શરણે લઈને રાજી થાય છે... શ્રીજી૦
શ્રદ્ધાની સાંકળથી ગોવર્ધનધરને બાંધો,
વહાલો મારો મીસરી મેવાથી રાજી થાય છે... શ્રીજી૦
શ્રદ્ધાની સાંકળથી યમુનામાને બાંધો,
મા મારી પય પાન કરાવી રાજી થાય છે... શ્રીજી૦
શ્રદ્ધાની સાંકળથી ગોપીજનોએ બાંધ્યો,
વહાલો મારો રાસ રમાડી રાજી થાય છે... શ્રીજી૦
શ્રદ્ધાની સાંકળથી વ્રજભક્તોએ બાંધ્યો,
વહાલો મારો માખણ મીસરી આરોગી જાય છે... શ્રીજી૦

## જયશ્રીકૃષ્ણ કહેવાની

જયશ્રીકૃષ્ણ કહેવાની મને ટેવ પડી,
હાં ટેવ પડી, હાં ટેવ પડી...જયશ્રીકૃષ્ણ૦
મારા વ્હાલાને વિસારું ના એક ઘડી,
મારા પ્રભુને વિસારું ના એક ઘડી...જયશ્રીકૃષ્ણ૦
મોર મુગટ પીતાંબર સોહીએ,
મુખ પર મોરલી અધર ધરી...જયશ્રીકૃષ્ણ૦
બાંહે બાજુબંધ બેરખા સોહીએ,
પોંચીને વીંટીઓ હીરલે જડી...જયશ્રીકૃષ્ણ૦
પુરુષોત્તમ પ્રભુકી છબી નીરખત,
શ્રીજી કે ચરણમેં જાય પડી...જયશ્રીકૃષ્ણ૦

* * *

## કનૈયા તારો છે આધાર

કરજે કરજે નૈયા પાર, કનૈયા તારો છે આધાર...
નાગર નંદાજીના લાલ, કનૈયા તારો છે આધાર...
મારી નૈયા ડગમગ ડોલે, તેને ઉતારો પાર
પડિયા પડિયા છિદ્રો અપાર, કનૈયા તારો છે આધાર... કરજે૦
એક જ છિદ્રે નૈયા મારી, પડી મહાજળમાં જઈ ડૂબે,
તું છે ભવજળ તારણહાર, કનૈયા તારો છે આધાર... કરજે૦
મનની મૂંઝવણ કોને કહીએ, હરતાં ફરતાં નામ જ લઈએ.
નામે ઉતરીએ ભવ પાર, કનૈયા તારો છે આધાર... કરજે૦
પ્રભુ તમે સુકાન હાથે ધરજો, મારી નૈયા નિર્ભય કરજો,
તું છે આશાનો એક હાર, કનૈયા તારો છે આધાર... કરજે૦
"પ્રભુદાસ" રડતો રડતો કહે છે, વ્હાલા તારા ભરોસે છૈયે,
ચડજો ચડજો મારી વાર, કનૈયા તારો છે આધાર... કરજે૦

## નિશ્ચેના મહેલમાં વસે મારો વહાલમો

નિશ્ચેના મહેલમાં વસે મારો વહાલમો,
વસે વ્રજ લાડીલો, જે રે જાયે તે ઝાંખી પામે રે.
ભૂલ્યા ભમે તે બીજા સદનમાં શોધે, હરિ ના મળે એકે ઠામે રે.
સત્સંગ દેશમાં ભક્તિ નગર છે, પ્રેમની પોળ પૂછી જાજો રે.
વિરહતાપ પોળિયાને મળી મહોલે પેસજો, સેવા સીડી ચડી ભેળા થાજો રે.
દીનતાના પાત્રમાં મનમણિ મૂકીને, ભેટ ભગવન્તજીને ધરજો રે.
હું ભાવ પુંભાવ ન્યોછાવર કરીને, શ્રી ગિરિવર ધરને તમે વરજો રે.
એ રે મંડાણનું મૂળ હરિઈચ્છા, કૃપા વિના સિદ્ધિ ન થાયે રે.
શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું, દૈવીજન પ્રત્યે 'દયો' ગાયે રે.

* * *

## સત્સંગનો રસ ચાખ ઓ પ્રાણી

સત્સંગનો રસ ચાખ ઓ પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ,
ઘડી બેઘડી સત્સંગ કરવો તેમાં નથી કોઈનો ભાગ.
પ્રથમ લાગે ખારો ને ખાટો પડતી આંબા કેરી સાખ,
કાચા તે કુંભમાં જળને ભરાવો ઘટતાં નહીં લાગે એને વાર.
હાથી ઘોડા માલ ખજાના તેમાં નથી કોઈનો ભાગ,
પુત્ર પરિવાર સગાંને વ્હાલા કોઈ ન આવે તારી સાથ.
આરે કાયાનો નહીં રે ભરોસો અંતે થવાની છે રાખ,
વલ્લભના સ્વામી રસિક શિરોમણી રાખો હૃદયની માંય.

⁂

## ગોપીજનના રે પ્રાણ મારા...

ગોપીજનના રે પ્રાણ મારા પ્રભુજીની પાસે
અહીંયા રહ્યા એ તો સૂના શરીર... ગોપીજનના૦
કરમે અમારે ક્યાંથી અક્રૂર આવ્યા
છળ કરી લઈ ગયા બલભદ્રવીર,
રથ રે રોકીને જ્યારે રહ્યા રે રાધાજી
કેટલી દીધી'તી અમને ધારણ ધીર... ગોપીજનના૦
આવ્યાની આશે અમે રહ્યાં રે વિશ્વાસે
આવડાં મે નહોતા જાણ્યા હૈયાના ક્રૂર,
શ્યામ સ્વરૂપ વિના શું કરીએ સાધન
અંબ મૂકીને કોણ સેવે કથીર... ગોપીજનના૦
ખારા તે જળમાં પંખી ચાંચ ન બોળે
ચઢ્યા ના ઉતરે એવા સતીના શણગાર,
જળ વિના જીવે એ તો હોય દારૂરડાં
મીન મરે જ્યારે ન હોય નીર... ગોપીજનના૦

કેસરી ભૂખ્યો કદી ઘાસ ના ખાયે
કેળના ફળે એ તો બીજી રે વાર,
પ્રેમની વાતો એ તો પ્રેમીજન જાણે
વંઝા શું જાણે પહેલા પ્રસવની પીડ... ગોપીજનના૦
વચન તમારા ઓધવ રૂદિયામાં આવે
તાકીને માર્યાં જાણે તનડામાં તીર,
એક પલક ઘડી કેમ ચાલે
નૈનોમાં રમી રહ્યા નંદકિશોર... ગોપીજનના૦
ગિરધરલાલ વિના ઘડીએ ના ગોઠે
'પ્રીતમ'ના સ્વામી પ્રાણ આધાર,
ગોપીજનના રે પ્રાણ મારા પ્રભુજીની પાસે
અહીંયા રહ્યા એ તો સૂના શરીર... ગોપીજનના૦

⁂

## કાગળ શ્રીનાથજી વાંચીને

કાગળ શ્રીનાથજી વાંચીને વિચારજો,
જો યોગ્ય લાગે તો પ્રભુ અમને તેડાવજો.
સાધન ના કાંઈ જાણું સેવા નથી થતી,
તુજ નામને ભૂલીને માયામાં મુઝાતી.
મનની ચિત્તવૃત્તિને ચરણોમાં વાળજો,
જો યોગ્ય લાગે તો પ્રભુ અમને તેડાવજો.
મનડું ખૂબ દોડે તુજ પાસ આવવા,
સંજોગ નથી દેતા ઈચ્છાને પામવા.
મરજી પડે તો નાથ અરજી સ્વીકારજો,
જો યોગ્ય લાગે તો પ્રભુ અમને તેડાવજો.
મુખમાં ના તું આવે હૈયામાં કૃષ્ણ ભાવે,
વિષયમાં રહી રાજી સત્સંગના અભાવે.

જેવી છું તેવી નાથ નિભાવજો,
જો યોગ્ય લાગે તો પ્રભુ અમને તેડાવજો.
શ્રીનાથજી અમે તમારે ધામ આવીશું,
દર્શન કરીને હૈયે ઉત્સવ મનાવીશું.
કંઈ જોઈતું કરતું હોય તો વળતું લખાવજો,
જો યોગ્ય લાગે તો પ્રભુ અમને તેડાવજો.
શુદ્ધ પ્રેમનો તું ભૂખ્યો જાણું છું સદા,
તારી ઈચ્છા વિના નહિ થાતું કદા.
એ પ્રેમના અંકુર આપ ઉગાડજો,
જો યોગ્ય લાગે તો પ્રભુ અમને તેડાવજો.
લિખિતના પ્રેમ દાસીના દંડવત પ્રણામ છે,
પ્રેમે સ્વીકારી લેજો અવીનાશી દાસી તમારી.
કરૂણા કરી શ્રીનાથજી ઝાંખી કરાવજો,
જો યોગ્ય લાગે તો પ્રભુ અમને તેડાવજો.

* * *

## શ્રીજી બાવા દીન દયાળા

શ્રીજી બાવા દીન દયાળા ભક્ત તમારો જાણજો,
હરિગુણ ગાતાં દોષ પડે તો સેવા અમારી માનજો.
હું અપરાધી કાંઈ ન સમજ્યો નામ તમારાં અપાર છે,
દાસ ઉપર દયા કરો તો ગુણ તમારા ગાય છે.
ઓ દીનબંધુ ઓ રે દયાળુ પ્રાર્થના કરું કરગરી,
દાસ ઉપર દયા કરો તો ફેરે જન્મ ના ધરું ફરી.
ગૌલોકવાસી વૈકુંઠવાસી બુદ્ધિ અમારી સુધારજો,
જન્મ મરણનાં બંધન છૂટે એવી ભક્તિ અમને આપજો.
અંત સમયે પ્રભુ દયા કરીને દર્શન દેવા આવજો,
દાસ ઉપર દયા કરીને ચરણ કમળમાં રાખજો.

## સાચા સંબંધી રે

સાચા સંબંધી રે, ગોકુળ કયારે જાશું.
આપણ બેઉ બાંહલડી ઝાલી શ્રીજમુનાજીમાં ન્હાશું...સાચા૦
શ્રીગોકુળિયાની ગલીએ ગલીએ, ગુણ ગોવિંદના ગાશું...સાચા૦
શ્રીગિરધારી અલબેલા જોઈ મન ચિંતવ્યા લાડ લડાવશું...સાચા૦
'ભીમ'ના ઠાકોરને જઈ ભેટશું, સદા સોહાગી થાશું...સાચા૦

* * *

## અંતકાળે હરિનું સ્મરણ

અંતકાળે હરિનું સ્મરણ થાય, પ્રભુજી કૃપા કરજો રે.
મારું મનડું ધરે આપનું ધ્યાન, પ્રભુજી કૃપા કરજો રે. ટેક
ભલે દુ:ખના ડુંગર તો આવ્યા કરે,
મારું તનડું રોગોથી પીડાયા કરે;
તોય મુખમાં રહે આપનું નામ. પ્રભુજી૦

તમારું મુખડું સદા હું નીરખ્યા કરું,
મારું ચિત્તડું ચરણોમાં સ્થિર કરું;
આપનું સ્મરણ કરું દિનરાત. પ્રભુજી૦

સંસારનાં સુખ અંતે ખારાં લાગે,
મારાં સગાં-સંબંધી સૌ દૂર ભાગે,
ત્યારે રાખજો ચરણોની પાસ. પ્રભુજી૦

મારા દોષો સામે પ્રભુ જોશો નહિ,
મારાં પાપ અનેક તમે ગણશો નહિ,
પસ્તાવો કરી પાવન થાઉં. પ્રભુજી૦

મારી આશા નિરાશા કરશો નહિ,
'ગોપીજન'ને કદી વિસરશો નહિ;
અમને આપજો વ્રજમાં રે વાસ. પ્રભુજી૦

## અષ્ટાક્ષર મહામંત્ર

શ્રીકૃષ્ણઃ શરણંમમ શ્રીકૃષ્ણઃ શરણંમમ
શ્રીકૃષ્ણઃ શરણંમમ બોલો બોલો તમે શ્રીકૃષ્ણઃ શરણંમમ.
શ્રીકૃષ્ણઃ શરણંમમ શ્રીકૃષ્ણઃ શરણંમમ
શ્રીકૃષ્ણઃ શરણંમમ બોલો બોલો તમે શ્રીકૃષ્ણઃ શરણંમમ.
બોલી અંતરપટ ખોલો, બોલો તમે શ્રીકૃષ્ણઃ શરણંમમ.
ભવનાં બંધન બધાં દૂર દૂર ભાગે,
તાપ ત્રિવિધનો નસાડે, બોલો બોલો તમે શ્રીકૃષ્ણઃ શરણંમમ
હરતાં ફરતાં ને સૂતાં, બેસતાં ને ઊઠતાં,
વૈષ્ણવજન રસ પી લો, બોલો બોલો તમે શ્રીકૃષ્ણઃ શરણંમમ

## પુષ્ટિમાર્ગના પાંચ તત્વ

પુષ્ટિમાર્ગના પાંચ તત્વ નિત્ય ગાયે જી,
તેના જનમજનમનાં પાપ સર્વે જાયે જી. ૧
શ્રીજી શ્રીનવનીતપ્રિય સુખકારીજી
સમરો શ્રી મથુરાનાથ કુંજ બિહારીજી. ૨
શ્રી વિઠ્ઠલેશરાય દ્વારકેશરાય ગિરિધારીજી
શ્રી ગોકુલચંદ્રમાજી શ્રીમદનમોહન પર વારીજી. ૩

બીજું તત્વ શ્રી વલ્લભકુલને ભજીએજી,
કુલ લોકલાજ ને કાન સર્વે તજીએજી. ૪
ત્રીજું તત્વ ક્ષી ગોવર્ધન ગ્રંથ ગાઈએજી
ગમતું શ્રી નટવરલાલજીનું થાએજી. ૫
ચોથું તત્વ શ્રી યમુનાજીને જાણોજી,
કરો દર્શન ને પય પાન, એ સુખ માણો જી. ૬
પાંચમું તત્વ શ્રી વ્રજભૂમિજીને ગાઈએજી
નિત્ય ઉઠી વૈષ્ણવજન પદ રજ લઈએજી. ૭
પાંચ તત્વનું ધ્યાન નિરંતર ધરીએજી
તો મન વાંછિતાં ફલ સરવે પાઈએજી. ૮
પાંચ તત્વ શિવ બ્રહ્માદિકને દુર્લભજી
શ્રી વલ્લભ પ્રભુ પ્રકટયા પ્રમાણ કીધા સર્વે સુલભજી. ૯
એ શોભા જોઈ 'હરિદાસ' જાય બલિહારી જી,
એ લીલા ગાજો નિત્ય નરને નારીજી. ૧૦

## શ્રી કૃષ્ણઃ શરણં મમ એ મંત્ર સદાયે જપતો જા

શ્રી કૃષ્ણઃ શરણં મમ એ મંત્ર સદાયે જપતો જા,
આવ્યો છે તો આ સંસારે જન્મ સફળ તું કરતો જા. ટેક

મનવાણી કાયા વશ રાખી મમતાનો બોજો દૂર નાખી,
દાન દીધું છે ધણીએ તુજને તો પેટ ભૂખ્યાનું ભરતો જા,
આવ્યો છે તો આ સંસારે જન્મ સફળ તું કરતો જા...૧

આ જગમાં તું મહાન કહેવાયે આશાભર્યો કોઈ બારણે આવે,
દીનદુ:ખીઓના દુ:ખની વાતો કર્ણ પટે ધરતો જા,
આવ્યો છે તો આ સંસારે જન્મ સફળ તું કરતો જા...૨

હું પદની ગ્રંથી છેદીને માયાના ઘેરા ગઢ ભેદીને,
પ્રકાશમય પ્રભુના પંથે હળવે હળવે સરતો જા,
આવ્યો છે તો આ સંસારે જન્મ સફળ તું કરતો જા...૩

ગુરૂ ગોવિંદનું શરણ લઈને દુ:ખ પડે તો પ્રેમે સહી લે,
માન સરોવરના મોંઘાં મોતી હંસ બનીને ચરતો જા,
આવ્યો છે તો આ સંસારે જન્મ સફળ તું કરતો જા...૪

## જય શ્રી કૃષ્ણ

આજે સૌને જયશ્રીકૃષ્ણ કાલે વહેલા આવજો,
હરિગુણ ગાવા, હરિરસ પીવા, આવે તેને લાવજો.
મન મંદિરના ખૂણે ખૂણેથી, કચરો કાઢી નાખજો;
અખંડ પ્રેમ તણી જ્યોતિને, કાયમ જલતી રાખજો.
વહેવારે પૂરા જ રહીને, પરમારથમાં પેસજો;
સઘળી ફરજો અદા કરીને, સત્સંગમાં આવી બેસજો.
હરતાં ફરતાં કામ જ કરતાં, હૈયે હરિને રાખજો;
માન બડાઈ મૂકી દઈને, ઈર્ષા કાઢી નાખજો.
હૈયે હૈયાં ખૂબ મિલાવી, હરિનું નામ દીપાવજો;
ભક્તિ કેરાં અમૃત પીને, બીજાને પીવડાવજો.
સૌમાં એક જ પ્રભુ બિરાજે, સમજી પ્રીતિ બાંધજો;
કહે 'પ્રીતમ' સૌ ભેગાં મળીને, હરિનાં ગુણલાં ગાજો.
આજે સોને જયશ્રી કૃષ્ણ, કાલે વહેલા આવજો;
હરિગુણ ગાવા, હરિરસ પીવા, આવે તેને લાવજો.

* * *

## વિનંતિનું ધોળ

વ્રજના જીવન કરુ વિનંતી, હો ગોકુલનારે ચંદ,
વેગે તે આણાં મોકલો, હો શ્રી વલ્લભનંદ...ટેક
તમારાં દર્શન વિના શ્રીનાથજી રે, કહો જી કેમ રહેવાય.
મનડાં તે કઈ પેરે વાળીયે, નયણે નીર ભરાય...વ્રજના. ૧
અરજ સુણો આદર કરી રે, શ્રી યમુનાજી માય,
વિયોગ તણાં દુ:ખ દોહ્યલાં, કહોજી કેમ સહેવાય...વ્રજના. ૨
નયણાં ભરી ક્યારે નિરખશું રે, શ્રી ઠકુરાણી ઘાટ,
અંતરમાં ઈચ્છા ઘણી, જોઉં છું વ્રજની રે વાટ...વ્રજના. ૩
દૂર રહ્યે કેમ ચાલશે રે, કહોને ક્યાંની એ રીત;
આજ કાલનું કાંઈ નથી, એ છે પૂર્વની પ્રીત...વ્રજના. ૪
હરિ રે હૈયાંને જાણો છો રે, એ છે પૂર્વનો સ્નેહ,
દીન જાણીને દયા કરો, નહિ તો તજશું આ દેહ...વ્રજના. ૫
તન સુકાઈ ત્વચા થયાં રે, હરિ હળધર વીર,
પાપી તે નયણાં ખુટે નહિ, ભરી ભરી આવે છે નીર...વ્રજના. ૬
વ્રજમાં તે વાસ માંગુ સદા રે, શ્રી ગોકુલ ગામ,
શ્રી જમુનાજીને કાંઠડે, શ્રી ઠકુરાણીનું ધામ...વ્રજના. ૭
રાંક ઉપર શાં રૂસણાં રે, તમો છો દીનદયાળ,
દાસ પોતાનો જાણીને, કરજો રે સંભાળ...વ્રજના. ૮

## અષ્ટાક્ષરનું પદ

કૃષ્ણ શ્રી કૃષ્ણ: શરણં મમ ઉચ્ચરે ।
રેન દિન નિત્ય પ્રતિ સદા પલ છિન ઘડી
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરહરે ।।૧।।

હોત હરિ રૂપ વ્રજ ભૂપ ભાવે સદા
અગમ ભવ સિંધુકો વિના સાધન તરે ।
રહત નિશ દિવસ આનંદ ઉરમેં ભર્યો
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરે ॥૨॥
રમા અજ શેષ સનકાદિ શુક શારદા
વ્યાસ નારદ રટે પલક મુખ ના ટરે ।
લાલ ગિરિધરનકી મહિમા અતુલ જગમગે,
શરણ 'કૃષ્ણદાસ' નિગમ નેતિ નેતિ કરે ॥૩॥

⁂

## શ્રીવલ્લભ તુમ શરણાગત આયો

શ્રીવલ્લભ તુમ શરણાગત આયો ।
સબ દુઃખ દૂર ગયે તુમ દેખી સુખકો પાર ન પાયો ॥૧॥
આજ્ઞા શ્રીગોવર્ધનધરકી બ્રહ્મસંબંધ કરાયો ।
લીલા અંખિલ પ્રગટ દિખલાઈ સેવા સુખકો બતાયો ॥૨॥
શ્રીભાગવત સુધા રસ મથકે અપનો પંથ જતાયો ।
એસે ઉગ્ર શ્રીવલ્લભ નંદન 'રસિકન' કે મન ભાયો ॥૩॥

⁂

## આશરો એક દઢ

આશરો એક દઢ શ્રીવલ્લભાધીશકો ।
માનસી રીતકી મુખ્ય સેવા વ્યસન લોકવૈદિક ત્યાગ શરણ ગોપીશ કો ॥૧॥
દીનતા ભાવ ગુણગાન ઉદ્બોધસોં ઘોષ ત્રિય ભાવના ઉભય જાને ।
કૃષ્ણ નામ સ્ફૂરે પલ ન આજ્ઞા ટરે કૃતિ વચન વિશ્વાસ દઢ ચિત્ત આને ॥૨॥
ભગવદીય જાન સત્સંગ કો અનુસરે ન દેખે દોષ અરુ સત્ય ભાખે ।
પુષ્ટિ પથ મરમ દશ ધર્મ યહ વિધિ કહે સદા ચિત્તમે 'શ્રી' 'દ્વારકેશ' રાખે ॥૩॥

## શ્રીવલ્લભ પ્રભુના અંગની ભાવના

કર મન શ્રીવલ્લભ-અંગન ધ્યાન ।
વામ ચરણ "કૃષ્ણાશ્રય" હોય કે,
દક્ષિણ ચરણ "સિદ્ધાંત" બખાન ॥૧॥
વામ ઊરુ "નવરત્ન" કહિયે
દક્ષિણ ઊરુ "ભક્તિવર્ધની" જાન ।
વામ ભુજા "વિવેકધૈર્યા" જાનિ કે,
દક્ષિણ ભુજા "પુષ્ટિપ્રવાહ મર્યાદા" જાન ॥૨॥
નાભિ "અંતકરણ" કહિયે,
"સિદ્ધાંત મુક્તાવલિ" હૃદય આન ।
"બાલબોધ" શ્રીમુખારવિંદમેં,
"જલભેદ" કંઠ કર ગુણ ગાન ॥૩॥
"સંન્યાસનિર્ણય" ભાલજુ ઝલકે,
મસ્તક "નિરોધ" પ્રમાન ।
નિત્ય પ્રતિ ક્ષણ ક્ષણ સ્મરણ કીજે,
"રસિક" શ્રીવલ્લભ જાન ॥૪॥

⁂

હરિજન સંગ છિનક જો હોઈ ।
કોટિ સ્વર્ગ સુખ કોટિ મુક્તિ સુખ તા સમ લહે ન કોઈ ॥૧॥
પૂરે ભાગ્ય પુન્ય સંચિત ફલ કૃષ્ણકૃપા વ્હે જાકે ।
સૂરદાસ હરિજન પદ મહિમા કહત ભાગવત તાકે ॥૨॥

⁂

પ્રભુ જન પર પ્રસન્ન જબ હોઈ ।
તબ વૈષ્ણવજન દર્શન પાવે પાપ રહે નહીં કોઈ ।।૧।।
હરિ લીલા આવેશ હોઈ મન સકલ વાસના નાસે ।
'સૂર' યહ નિશ્ચૈ વિચાર કરી હરિ સ્વરૂપ જબ ભાસે ।।૨।।

⁂

જા દિન સંત પાહુને આવત ।
તીરથ કોટિ સ્નાન કરન ફલ, દર્શન હિ તેં પાવત ।।૧।।
પ્રફુલ્લિત વદન રહત નિસદિન પ્રતિ ચરનકમલ ચિત લાવત ।
મન કર્મ વચન ઔર નહિ જાનત સુમિરત ઔર સુમિરાવત ।।૨।।
મિથ્યાવાદ ઉપાધિ રહિત વ્હૈ બિમલ બિમલ જસ ગાવત ।
'સૂરદાસ' પ્રીતિ કરિ ઉનસોં જો હરિ સૂરત કરાવત ।।૩।।

⁂

હમારે શ્રી વિઠ્ઠલનાથ ધની ।
ભવસાગર તેં કાઢિ મહાપ્રભુ રાખૌ શરણ અપની ।।૧।।
નિશદિન જાકો નામ રટત હૈ શેષ સહસ્ત્ર ફની ।
'છીત સ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ ત્રિભુવન મુકુટમની ।।૨।।

⁂

સબતેં શ્રી વલ્લભ નામ ભલો ।
લીજે લીજે લીજે નાતર, કલિયુગ કરત છલો ।।૧।।
સબ તીરથ એક સદન સ્યામ ઘન, તીરથ વૃથા ચલો ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, રિદ્ધિ સિદ્ધિ પ્રબલો ।।૨।।

ગોવર્ધનકી રહીએ તરેટી ।
નિત્ય પ્રતિ મદન ગોપાલ લાલ કે ચરણ કમલ ચિત લહીએ ।।
તન પુલકીત વ્રજ રજમેં લોટત ગોવિંદ કુંડમે નહીએ ।
'રસિક પ્રિતમ' હિત ચિત કી બાતે શ્રી ગિરિધારીજી શું કહીએ ।।

⁂

વૃંદાવન એક પલક જો રહીએ ।
જન્મ જન્મ કે પાપ કટત હૈ કૃષ્ણ કૃષ્ણ મુખ કહીએ ।।
મહા પ્રસાદ ઓર જલ યમુનાકો તનકતનક લઈએ ।
'સૂરદાસ' વૈકુંઠ મધુપુરી ભાગ્ય વિના કહા તે પૈયે ।।

⁂

ભરોસો શ્રીવલ્લભ કો હી ભારી ।
કાહેકો મન ભટકત ડોલત જો ચાહત ફલકારી ।।
શ્રીવિઠ્ઠલ ગિરિધર સબ બાલિક જગત કીયો ઉધ્ધારી ।
'પુરૂષોત્તમ' પ્રભુ નામ મંત્ર દે, ચરણ કમલ શિરધારી ।।

⁂

ભરોસો દ્રઢ ઈન ચરનન કેરો ।
શ્રીવલ્લભ નખ ચંદ્ર છટા બિન સબ જગ માહેં અંધેરો ।।૧।।
સાધન ઓર નહિ આ કલિમે જાસું હોત નિવેરો ।
'સૂર' કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલ કો ચેરો ।।૨।।

⁂

## એકડે એક મંગળાની...

એકડે એક મંગળાની રાખો ટેક,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
બગડે બે લાખેણો લ્હાવો લો,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
ત્રગડે ત્રણ તું ષોડશ ગ્રંથ ભણ,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
ચોગડે ચાર સેવામાં થા તૈયાર,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
પાંચડે પાંચ તું સુબોધિની વાંચ,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
છગડે છ તું બોલ વલ્લભની જય,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
સાતડે સાત નાનાથી કરજે વાત,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
આઠડે આઠ તું કર યમુનાષ્ટકના પાઠ,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
નવડે નવ સંસાર છે ખારો દવ,
વૈષ્ણવ પ્યારા પુષ્ટિનો જય જય કાર છે.
એકડે મીંડે દશ સ્મરણમાં રાખજો રસ,
દાસ વલ્લભનો આંક તું હૃદય કમલમાં ટાંક.

* * *

# વિવિધ આરતીઓ

## શ્રીમહાપ્રભુજીની આરતી

જય જય શ્રીવલ્લભ વ્હાલા, પ્રભુ જય જય શ્રીવલ્લભ વ્હાલા
નિત્ય લીલાથી પધાર્યા, (૨) સાક્ષી લીલાના - જય જય.
વિરહાનંદથી સદા પુરણ અંગે છે, સદા પુરણ અંગે છે.
દાન સદા વિરહનું (૨) ભક્તોને આપો - જય જય.
અગ્નિકુંડથી પ્રગટ્યા ચંપારણ્ય માંહ્ય, પ્રભુ ચંપારણ્ય માંહ્ય
અગ્નિ રૂપ છે આપનું (૨) તમ વિરહ્ તાપે - જય જય.
બ્રહ્મસંબંધે વિરહનું દાન કરી, પ્રભુ વિરહનું દાન કરી.
માન કરાવી નિજનું (૨) સ્વરૂપ દેખાડ્યું. - જય જય.
ચિંતા ટાળી જીવની હરિ શરણે રાખી, પ્રભુ હરિ શરણે રાખી
હરિ સેવા પધરાવી (૨) સેવા રીત શીખવી - જય જય.
સાકાર બ્રહ્મને સિદ્ધ કરી, જગમાં જય ધ્વજ ફરકાવ્યો.
મારગ વ્રજ ગોપીનો (૨) નૂતન પ્રગટાવ્યો - જય જય.
પુષ્ટિ પ્રવર્તક આપને કોટિ કોટિ વંદન કરીયે
સૌ ભક્તો ભાવે માગે (૨) પદરજ દાન દોને - જય જય.
દીનદાસે કહ્યું શ્રીવલ્લભ મંગલ સ્તવન માંહી
ચિંતા સૌની હરતી (૨) પદરજ વલ્લભની - જય જય.

* * *

## મંગલા આરતી (નિત્યની)

રાગ : ભૈરવ

મંગલ આરતી ગોપાલકી માઈ ।
નિતપ્રતિ મંગલ હોત નિરખિ મુખ, ચિતવન નૈન બિસાલકી ॥૧॥

મંગલ રૂપ શ્યામ સુંદરકો, મંગલ ભ્રકુટી સુભાલકી ।
'ચત્રભુજ' પ્રભુ સદા મંગલ નિધિ, બાનિક ગિરિધર લાલકી ॥૨॥

* * *

## મંગલા આરતી

આરતી શ્રીનાથજીની મંગળા કરી,
નિરખતાં મુખારવિંદ સોચના કરી,
વહાલા સોચના કરી (૨) .... આરતી
ઘનન ઘનન ઘંટ વાગે.... (૨)
ઝાલરો ઘણી, વહાલા ઝાલરો ઘણી.... આરતી
તાલને મૃદંગ વાગે (૨)
વાગે વેણુ વાંસળી.... વાગે વેણુ વાંસળી.... આરતી
કાને કુંડળ માથે મુકુટ (૨)
મોરલી ધરી વ્હાલા બંસરી ધરી.... આરતી
અંગે અંગે આભૂષણ ધર્યાં (૨)
ઝારીજી ભરી, વ્હાલા ઝારીજી ભરી.... આરતી
નીચે પડીને દંડવત્ કરૂં છું (૨)
અંતરમાં આશ ધરી, વ્હાલા અંતરમાં આશ ધરી.... આરતી
દાસ જાણીને દર્શન દીધાં (૨)
દયા તો કરી, વ્હાલા કૃપા તો કરી.... આરતી
દાસ 'દયા'ને અભય પદ આપો (૨)
આપનો કરી, વ્હાલા પોતાનો કરી.... આરતી

* * *

## શ્રીયમુનાજીની આરતી

જય જય શ્રી યમુના મા, જય જય શ્રી યમુના
જોતાં જંનમ સુધાર્યો (૨) ધન્ય ધન્ય તમો ધન્યા... જય જય (૧)
શામલડી સૂરત મા, મૂરત માધુરી મા (૨)
પ્રેમ સહિત પટરાણી (૨), પરાક્રમે પૂરાં... જય જય (૨)
ગહવર વન ચાલ્યાં, મા ગંભીરે ઘેર્યાં મા (૨)
ચૂંદડીએ ચટકાળાં (૨), પહેર્યાં ને લહેર્યાં... જય જય (૩)
ભુજ કંકણ રૂડાં મા ગુજરીયા ચૂડી મા (૨)
બાજુબંધ ને બેરખા (૨), પહોંચી રત્ન જડી... જય જય (૪)
ઝાંઝરને ઝમકે મા વિંછીયાને ઠમકે મા (૨)
નેપૂરને નાદે મા (૨), ઘૂઘરીને ઘમકે... જય જય (૫)
સોળે શણગાર સજ્યા, મા નક્વેસર મોતી મા (૨)
આભરણમાં ઓપો છો (૨), દર્પણ મુખ જોતાં... જય જય (૬)
તટ અન્તર રૂડાં મા, શોભિત જળ ભરિયાં મા (૨)
મનવાંછિત મુરલીધર (૨), સુન્દર વર વરિયાં... જય જય (૭)
લાલ કમળ લપટાણાં, મા જોવાને ગ્યાં'તા મા (૨)
કહે 'માધવ' પરિકમ્મા (૨) વ્રજની કરવાને ગ્યાં'તા... જય જય (૮)

* * *

## જય જય મહારાણી યમુના

જય જય મહારાણી યમુના, જય જય પટરાણી યમુના;
સુંદર સતવાદી નાર, તપ કરી પ્રભુને આરાધિયા;
પ્રીતે પરણ્યા મોરાર... જય જય.
સૂરજ દેવતાની દીકરી, વેદ પુરાણે વખાણ;

ભાઈને વ્હાલી રે બ્હેનડી, પસલી આપી છે સાર. જય જય.
રૂપે રૂડાં જળ શામળાં, વેગે ચાલે ગંભીર;
તીરે તરંગ ઓપતાં, વ્રજમાં વાધ્યો વિસ્તાર... જય જય.
ચણિયા ચોળીને ચૂંદડી, ઉર પર લટકંતા હાર;
કંકણ કુંડળને ટીલડી, સજ્યા માએ સોળે શણગાર... જય જય.
વૃંદાવન વીંટાઈ રહ્યું, મથુરા જળ સ્થળ આધાર;
ગોકુળ મહાવન પાસે વસ્યા, વહાલો મારો નંદકુમાર... જય જય.
જળ જમુનાનાં ઝીલતાં, તૂટ્યો નવસરો હાર;
મોતી સર્વે વેરાઈ ગયાં, હીરલો લાગ્યો છે હાથ... જય જય.
રામઘાટ શ્યામઘાટ ઠકુરાણીઘાટ, બીજા ઘાટ અપાર;
અજાણે અધર્મી નાહી ગયો, તેનો માએ કર્યોરે ઉદ્ધાર... જય જય.
અઠ્ઠાવીસ કુંડ ઉજ્જવલ થયા, ભાઈનો ભાંગ્યો ભણકાર;
પરાક્રમે ગેલ ચલાવીયાં, વ્રજમાં કીધો વિસ્તાર... જય જય.
ન્હાય ગાય પયપાન જે કરે, તેને જમનો નહિ ભણકાર;
કર જોડી કહે 'હરિદાસ', ન્હાજો વારંવાર... જય જય.

* * *

## વધાઈના દિવસોની આરતીઓ

### જન્માષ્ટમી : રાગ-દેવગંધાર

સાંવરો મંગલ રૂપ નિધાન
જા દિનતેં હરિ ગોકુલ પ્રગટે, દિન દિન હોત કલ્યાન ॥૧॥
બેઠિ-રહો શ્યામ ગુન સુમરૌ, રૈન દિના સબ યામ
'શ્રી ભટ' કે પ્રભુ નૈન ભરિ દેખોં, કમલ નયન ઘનશ્યામ ॥૨॥

* * *

## શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ

### રાગ - દેવગંધાર

શ્રી વલ્લભ મંગલ રૂપ નિધાન
કોટિઅમૃત સમ હસ મૃદુ બોલનિ, યાતેં હોત કલ્યાન ॥૧॥
પરમ ઉદાર ચતુર ચિંતામનિ, દેત અભૈ પદ દાન
'વિષ્ણુદાસ' જાય બલિહારી, રૂચત નાહિં કછુ આન ॥૨॥

* * *

## શ્રી ગુસાંઈજીનો ઉત્સવ

### રાગ - દેવગંધાર

શ્રી વિઠ્ઠલ મંગલરૂપ નિધાન
કોટિઅમૃત સમ હસિ મૃદુ બોલનિ, સબકે જીવન પ્રાન ॥૧॥
કરૂના સિંધુ ઉદાર કલ્પતરૂ દેત અભય પદ દાન ।
શરન આયેકી લાજ ચહુંદિસ, બાજે પ્રકટ નિશાન ॥૨॥
તુમારે ચરન કમલકો મકરંદ, મન મધુકર લપટાન।
'વિષ્ણુદાસ' પ્રભુ દ્વારે ટેરત હૈ, રુચત નાહિં કછુઆન ॥૩॥

* * *

## રાજભોગ આરતી

### રાગ સારંગ

આરતી ગોપિકા રમન ગિરિધરનકી નિરખત વ્રજ જુવતિ આનંદ ભીની ।
મણિ ખચિત થાર ઘનસાર બાતી બરે, લલિત લલિતાદિક સખી હાથ લીની ॥૧॥
બિહરત શ્રીકુંજ સુખ પુંજ પિય સંગ મિલ વિવિધ ભોજન કિયે રૂચિ નવીની ।
પ્રકટ પરમાનંદ નવલવિઠ્ઠલનાથ દાસ ગોપાલ લઘુ કૃપા કીની ॥૨॥

## સંધ્યા આરતી

રાગ : મલ્હાર

વનતેં આવત હૈં ગોપાલ ।
નેક સમઝ ચલ વનહિ દિખાઉં અતિ પ્યારો નંદલાલ ॥૧॥
ભીજત હી અપની ગાયન સબ આજ સવેરી લાયો
તેરે વચનકો મોહિ અચરજ કૌને જાય સુનાયો ॥૨॥
અબ તો ઘટા નીકી લાગત હૈ દેખત નંદકિસોર
શ્રી વિઠ્ઠલ ગિરિધરકો મિલવો ઓર બોલેંગે મોર ॥૩॥

* * *

## શયન આરતી

રાગ : કલ્યાણ

મેરે તો શ્રી ગિરિધરહી ગુનગાન ।
યહ મૂરત ખેલત નયનમેં યહી હૃદયમેં ધ્યાન ॥૧॥
ચરન-રેનુ ચાહત મન મેરો યહી દીજીયે દાન ।
'કૃષ્ણદાસ' કે જીવન ગિરિધર મંગલરૂપ-નિધાન ॥૨॥

* * *

## ગુરુદેવની આરતી

પરમકૃપાળ શ્રીવલ્લભનંદન કરત કૃપા નિજ હાથ દે માથે ।
જે જન શરણ આય અનુસરહી, ગ્રહી સોંપત શ્રીગોવર્ધનનાથ ॥૧॥
પરમ ઉદાર ચતુર ચિંતામણી, રાખત ભવધારા બહ્યો જાત ।
ભજ 'કૃષ્ણદાસ' કાજ સબ સરહી, જો જાને શ્રીવિઠ્ઠલનાથ ॥૨॥

* * *

# નિત્યનાં પદ

## શ્રીમહાપ્રભુજીનાં પદ

રાગ : ભૈરવ

જય જય શ્રી વલ્લભ પ્રભુ શ્રીવિઠ્ઠલેશ સાથે,
નિજજન પર કૃપા ધરત હાથ માથે ।

દોસ સબ દૂરિ કરત ભક્તિ ભાવ હિયેં ધરત,
કાજ સબ સરત સદા ગાવત ગુન ગાથેં ॥૧॥

કાહેકોં દેહ દમત સાધન કરિ મૂરખ જન,
વિદ્યમાન આનંદ તજિ ચલત કયોં અપાથે ।

'રસિક' ચરન સરન સદા રહત હૈં બડ ભાગી જન,
અપુનોં કરિ ગોકુલ પતિ ભરત તાહિ બાથેં ॥૨॥

* * *

ગાઊં શ્રીવલ્લભ ધ્યાઊં શ્રીવલ્લભ,
શ્રીવલ્લભ ચરનરજ તન લપટાઊં ।

વલ્લભ સંતતિ નિત્યપ્રતિ નિરખોં,
શ્રી વલ્લભદાસન દાસ કહાઊં ॥૧॥

કૃષ્ણ લીલા સેવા નિત્ય કરિકેં,
જગત સબેં તૃન તુલ્ય ધરાઊં ।

'વ્યાસદાસ' કી યહી પ્રતિજ્ઞા,
શ્રી ગોવિંદ કૃપાતેં પાઊં ॥૨॥

* * *

## શ્રીગુસાંઈજીનાં પદ

### રાગ : ભૈરવ

જય જય જય શ્રીવલ્લભ નંદ, સકલ કલા વૃંદાવન ચંદ ॥૧॥
બાની બેદ ન લહે પાર, સો ઠાકુર શ્રી અક્કાજુ દ્વાર ॥૨॥
સેસ સહસ્ત્ર મુખ કરત ઉચ્ચાર, વ્રજજન જીવન પ્રાન આધાર ॥૩॥
લીલાહીં ગિરિ ધાર્યો હાથ, 'છીત સ્વામી' શ્રી વિઠ્ઠલનાથ ॥૪॥

⁂

### રાગ : બિભાસ

પ્રાતસમેં શ્રીવલ્લભ સુતકો, ઉઠત હિ રસના લીજિયે નામ ।
આનંદકારી પ્રભુ મંગલકારી, અસુભ હરન જન પૂરન કામ ॥૧॥
યેહી લોક પર લોક કે બંધુ, કો કહિ સકેં તિહારો ગુણ ગ્રામ ।
'નંદદાસ' પ્રભુ રસિક સિરોમનિ, રાજ કરૌ શ્રી ગોકુલ ધામ ॥૨॥

⁂

## જગાવવાનાં પદ

### રાગ : ભૈરવ

લાલન જાગો હો ભયો ભોર ।
વિકસે કમલ વિમલ બાની સબ, બોલન લાગે પંછી ચહું ઓર ॥૧॥
દૂધ દહીં પકવાન મિઠાઈ, લીજે માખન રોટી બોર ।
'રસિક' પ્રીતમસોં કહત નંદરાની ઉઠ બૈઠો હો નંદકિસોર ॥૨॥

⁂

### રાગ : રામકલી

લાલકો મુખ દેખન હૌં આઈ ।
કાલિ મુખ દેખિ ગઈ દધિ બેચન, જાતહિં ગયો બિકાઈ ॥૧॥
નિતતેં દૂનોં લાભ ભયો, ઘર કાજર બછિયા જાઈ ।
આઈ હોં ધાય થંભાઈ સાથકો, મોહન દેહુ જગાઈ ॥૨॥

સુનિ તિય બચન વિહસિ ઉઠિ બૈઠે, નાગરિ નિકટ બુલાઈ ।
'પરમાનંદ' સયાની ગ્વાલિની, ચલી સેંન સંકેત બતાઈ ॥૩॥

⁂

### રાગ : બિભાસ

પ્રાત સમેં ઘર ઘરતેં મુખ દેખનકોં આઈ ગોકુલ નારી ।
અપનો કૃષ્ણ જગાય જસોદા આનંદ મંગલ કારી ॥૧॥
સબ ગોકુલકે પ્રાનજીવન ધન, યા સુતકી બલિહારી ।
'આસકરન' પ્રભુ મોહન નાગર, ગિરિગોવર્ધન ધારી ॥૨॥

⁂

## કલેઉનાં પદ

### રાગ : ભૈરવ

છગન મગન પ્યારે લાલ કીજિયે કલેવા ।
છીંકેતેં સગરી દધિ ઉખલ ચઢિ કાઢિ ધરી,
પહિર લેહો ઝગુલી ફેંટ બાંધિ લેહો મેવા ॥૧॥
(જમુના તટ) ગ્વાલન સંગ ખેલન જાવો ખેલન
મિસ ભૂખ ન લાગૈ,
કૌન પરી પ્યારે લાલ નિસ દિનાકી ટેવા ।
'સૂરદાસ' મદન મોહન ઘરહી કયોં ન ખેલૌ લલન,
દૈહોં ચક ડોર બંગી હંસ મોર પરેવા ॥૨॥

⁂

હોં બલિ બલિ જાઊં કલેઉ લાલ કીજે ।
ખીર ખાંડ ઘૃત અતિહી મીઠો હૈ, અબકી કોર બછ લીજૈ ॥૧॥
બેંની બઢૈ સુનોં મનમોહન, મેરો કહ્યૌ પતીજે ।
ઓંટયો દૂધ સદ્ય ધૌરીકો, સાત ઘુંટ ભરિ પીજે ॥૨॥

વારને જાઊં કમલ મુખ પર, અંચરા પ્રેમ જલ ભીજે ।
બોહોર્યો જાય ખેલૌ જમુનાતટ, 'ગોવિંદ' સંગ કરિ લીજે ॥૩॥

### રાગ : બિભાસ

કમલનયન હરિ કરૌ કલેવા ।
માખન રોટી સદ્ય જમ્યો દધિ, ભાંત ભાંતકે મેવા ॥૧॥
ખારેક દ્રાખ ચિરોંજી કીસમિસ, ઉજ્જવલ ધરી બદામ ।
સક્કર સેવ છુહારે સિંઘારે, હરે ખરબુજા આમ ॥૨॥
કેઈ મેવા બહુ ભાંત ભાંતકે, ખટ રસ કે મિષ્ટાન ।
'સૂરદાસ' પ્રભુ કરત કલેઉ, રીઝે શ્યામ સુજાન ॥૩॥

## શ્રીયમુનાજીનાં પદ

### રાગ : રામકલી

જો કોઈ શ્રી જમુના નામ સંભારે ।
તાકો દરસ પરસ કોઉ કરહી, વાહીકો વે તારૈ ॥૧॥
ભક્તિ કો મહિમા બરન્યો ન જાઈ, જમ હાહા કહિ હારૈ ।
'ચત્રુર્ભુજ' પ્રભુ ગિરિધરન લાલકો, નિત પ્રિત બદન નિહારૈ ॥૨॥

* * *

શ્રીજમુનાજી તિહારો દરસ મોહિ ભાવૈ,
શ્રી ગોકુલ કે નિકટ બહત હો, લહરનકી છબિ આવૈ ॥૧॥
સુખ દૈની દુઃખ હરની શ્રી જમુનાજી, જો જન પ્રાત ઉઠિ ન્હાવૈ ।
મદનમોહન જૂકી અતિહી પિયારી પટરાનીજૂ કહાવૈ ॥૨॥
વૃંદાવનમેં રાસ રચ્યો હૈ, મોહન મુરલી બજાવૈ ।
'સૂરદાસ' પ્રભુ તિહારે મિલનકોં વેદ વિમલ જસ ગાવૈ ॥૩॥

### રાગ : રામકલી

જગતમેં શ્રીયમુનાજી પરમ કૃપાલ ।
બિનતી કરત તુરત સુનિ લીની, ભયે મોપેં દયાલ ॥૧॥
જો કોઉ મજ્જન કરત નિરંતર, તાતેં ડરપત હૈ જમ કાલ ।
'વ્રજપતિ' હી કી અતિહી પિયારી, કાલિંદી સુમિરત હોત નિહાલ ॥૨॥

* * *

શ્રીજમુના યહ પ્રસાદ હો પાઊં ।
તુમ્હારે નિકટ રહૌં નિસિ બાસર, રામકૃષ્ણ ગુન ગાઊં ॥૧॥
મજ્જન કરૌં બિમલ જલ પાવન, ચિંતા કલુષ બહાઊં ।
તિહારી કૃપાતેં ભાનુકી તનયા, હરિ પદ પ્રીતિ બઢાઊં ॥૨॥
બિનતી કરૌં યહી વર માગોં, અધમન સંગ બિસરાઊં ।
'પરમાનંદ' સ્વામી ફલદાતા, મદનગોપાલ લડાઊં ॥૩॥

## મંગલા-આરતીનાં પદ

### રાગ : ભૈરવ

મંગલ મંગલં વ્રજભુવિ મંગલં ।
મંગલ-મિહ શ્રીનંદ યશોદા-નામ-સુકીર્તન-
    મેત-દ્રુચિરો-ત્સંગ-સુલાલિત પાલિત રૂપમ્ ॥૧॥
શ્રી શ્રી કૃષ્ણ ઈતિ શ્રુતિસારં,
    નામ સ્વાર્ત-જનાશય-તાપા-પહ-મતિ મંગલરાવમ્ ।
વ્રજસુંદરી-વયસ્ય-સુરભીવૃંદ-મૃગીગણ
    નિરૂપમ-ભાવા, મંગલ સિંધુચયાય ॥૨॥
મંગલમિષત્-સ્મિત-યુત-વીક્ષણ-ભાષણ-
    મુશત-નાસાપુટગત-મુક્તા ફલ ચલનમ્ ।
કોમલચલદંગુલિદલ-સંગત-વેણુનિનાદ-
    વિમોહિત-વૃંદાવન ભુવિ જાતાઃ ॥૩॥

મંગલ મખિલં ગોપી-શિતુરિતિ-
મંથરગતિ વિભ્રમ-મોહિત રાસસ્થિતગાનમ્ ।
ત્વં જય સતતં શ્રી ગોવર્ધનધર,
પાલય નિજદાસાન્ ॥૪॥

⁂

(માઈ) મંગલ આરતી ગોપાલકી ।
નિત પ્રતિ મંગલ હોત નિરખિ મુખ, ચિતવનિ નૈન બિસાલકી ॥૧॥
મંગલ રૂપ શ્યામ સુંદરકો, મંગલ ભૃકુટિ સુભાલકી ।
'ચત્રભુજ' પ્રભુ સદા મંગલ નિધિ, બાનિક ગિરિધરલાલકી ॥૨॥

⁂

## મંગલા-સન્મુખનાં પદ

### રાગ : ખટ

આજ નંદલાલ મુખચંદ નૈનન નિરખિ,
પરમ મંગલ ભયો ભવન મેરે ।
કોટિ કંદર્પ લાવન્ય એકત્ર કરિ,
વારું તબહી જબહિં નેંક હેરેં ॥૧॥
સકલ સુખ સદન હરખિત સુંદર વદન,
ગોપવર પ્રબલ દલ મદન સંગ ઘેરેં ।
કહો કોઉ કૈસેહુ નાહિં સુધબુધ બનૈ,
'ગદાધર મિશ્ર' ગિરિધરન ટેરેં ॥૨॥

⁂

આજ ઉઠિ ભોર નવકુંજ કાનન સખી ઠાડી ભઈ રાધિકા રંગ ભીની ।
બિલસિ સુખ સંગ નવરંગ પિય શ્યામ ઘન, કામકી સેન સબ જીત લીની ॥૧॥

સુભગ વિકસિત વદન નૈન અતિ રસ મસે મોરિ મુખ હાસ કછુ સકુચ કીની ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન સંગ નવ નાગરી, જાગિ સબ રૈંન આનંદ દીની ॥૨॥

⁂

### રાગ : બિભાસ

ગોવર્ધન ગિરિ સઘન કંદરા, રૈંનિ નિવાસ કિયો પિય પ્યારી ।
ઉઠિ ચલે ભોર સુરત રસ ભીને, નંદ નંદન વૃષભાન દુલારી ॥૧॥
ઈત વિગલિત કચમાલ મરગજી, અટપટે ભૂષન રગમગી સારી ।
ઉતહી અધર મસિ પાગ રહી ધસિ, દુહૂં દિસ છબિ લાગત અતિ ભારી ॥૨॥
ઘૂમત આવત રતિ રન જીતે, કરિનિ સંગ ગજવર ગિરિધારી ।
'ચત્રભુજ દાસ' નિરખિ દંપતિ સુખ, તન મન ધન કીનો બલિહારી ॥૩॥

⁂

## ખંડિતાનાં પદ

### રાગ : લલિત

કમલસી અખિયાં લાલ તિહારી ।
તિનસોં તકિ તકિ તીર ચલાવત, બેંધત છતિયાં હમારી ॥૧॥
ઈન્હેં કહા કોઉ દોસ લગાવત, યે અજહૂ ન સંભારી ।
'શ્રીવિઠ્ઠલ ગિરિધારી' કૃપાનિધિ, સુરતહીતેં સુખકારી ॥૨॥

⁂

કહૌ તુમ સાંચી કહાં તેં આયે, ભોર ભએ નંદલાલ ।
પીક કપોલન લાગિ રહી હૈ, ઘુમત નૈન બિસાલ ॥૧॥
લટ પટી પાગ અટ પટે ભૂષન, ઉરસિ મરગજી માલ ।
'કૃષ્ણદાસ' પ્રભુ રસ બસ કરિ લીને, ધન ધન વ્રજકી બાલ ॥૨॥

### રાગ : લલિત

મેરે આયે ભોર પિયારે, રૈંન કહાં ગમાઈ ।
કૌન ત્રિયા સંગ બસ પરે મોહન, જાનિ ગઈ ચતુરાઈ ॥૧॥
બિના ડોર હિય હાર બિરાજત, નખ ક્ષત દેત દિખાઈ ।
'શ્રીવિઠ્ઠલ ગિરિધર' વાહીપેં, યાવક પાગ રંગાઈ ॥૨॥

* * *

### રાગ : માલકોસ

આવન કહે ગયે અજહૂ ન આયે પિય સબ નિસિ બિતી મોહે ગિનતહી તારે ।
દીપક જ્યોતિ મલિન ભઈ હૈ કિન દુતિયન બિરમાયે પ્યારે ॥૧॥
તમચર બોલે બગર સબ ખોલે, ફૂલે કમલ મધુપ ગુંજારે ।
'તાનસેન' કે પ્રભુ તુમ બહુ નાયક, તોઉ મેરે નૈનનકે તારે ॥૨॥

* * *

### રાગ : બિલાવલ

સાંઝકે સાંચે બોલ તિહારે ।
રજની અનત જાગે નંદનંદન, આયે હો નિપટ સવારે ॥૧॥
આતુર ભયે નીલપટ ઓઢેં, પીરે બસન બિસારે ।
'કુંભનદાસ' પ્રભુ ગિરિધરન લાલ તુમ, ભલેજુ બચન પ્રતિ પારે ॥૨॥

* * *

લટપટી પાગ કે પેચ સંવારૌ ।
કર દરપન લૈ નિરખિ બારનેં, સુંદર બદન નિહારૌ ॥૧॥
રંગ ભીને મુસિકાત મનોહર, નેહ કહા નિરવારૌ ।
'સૂરદાસ' પ્રભુ સબ સુખદાતા, ચિતતેં નેક ન ટારૌ ॥૨॥

* * *

## વ્રતચર્યાનાં પદ

### રાગ : રામકલી

હરિજસ ગાવત ચલીં વ્રજ સુંદરી, નદી જમુનાકે તીર ।
લોચન લોલ બાંહ જોટી કર, શ્રવનન ઝલકત બીર ॥૧॥
બેંની સુથિર ચારુ કાંધે પર, કટિ પટ અંબર લાલ ।
હાથન લિયે ફૂલનકી ડલીયાં, ઉર મુક્તામનિ માલ ॥૨॥
જલ પ્રવેસ કરિ મજ્જન લાગીં, પ્રથમ હેમકે માસ ।
જાસોં પ્રીતમ હોય નંદ સુત, વ્રત ઠાન્યૌ ઈહિ આસ ॥૩॥
તબહીં ચીર હરે નંદનંદન, ચઢે કદમકી ડારિ ।
'પરમાનંદ' પ્રભુ વર દેવકોં ઉદ્યમ કિયો હૈ મુરારિ ॥૪॥

* * *

હમારો અંબર દેહો મુરારી ।
લૈ કર ચીર કદંબ પર બૈઠે, હમ જલ માંઝ ઉઘારી ॥૧॥
સુંદર સ્યામ કમલ દલ લોચન, હમહેં દાસી તિહારી ।
જો કછુ કહૌ સોઈ હમ કરિહેં, ચરન કમલ પર વારી ॥૨॥
અંગ અંગ કાંપત મન મોહન, બિનતી સુનૌ હમારી ।
'સૂરદાસ' પ્રભુ રસિક સિરોમનિ, તુમ જીતે હમ હારી ॥૩॥

* * *

## શૃંગારનાં પદ

### રાગ : બિલાવલ

આવો ગોપાલ સિંગાર બનાઊં ।
બિબિધ સુગંધન કરોં ઉબટનોં, પાછેં ઉષ્ણ જલ લૈ જુ ન્હવાઊં ॥૧॥
અંગ અંગોછિ ગુહૂં તેરી બેંની, ફૂલન રુચિ રુચિ ભાલ બનાઊં ।
સુરંગ પાગ જરતારી તોરા, રતન ખચિત સિરપેચ બનાઊં ॥૨॥

બાગો લાલ સુનેરી છાપો, હરી ઈજાર ચરનનિ વિરચાઊં ।
પટુકા સરસ બેંગની રંગકો, હંસલી હાર હમેલ બનાઊં ।।૩।।
ગજ મોતીનકે હાર મનોહર, બનમાલા લૈ ઉર પહિરાઊં ।
લૈ દરપન દેખો મેરે પ્યારે, નિરખિ નિરખિ ઉર નૈન સિરાઊં ।।૪।।
મધુ મેવા પકવાન મિઠાઈ, અપને કર લૈ તુમ્હેં જિમાઊં ।
‘વિષ્ણુદાસ’ કોં યહી કૃપા ફલ, બાલલીલા હોં નિસદિન ગાઊં ।।૫।।

⁂

ભોગ સિંગાર મૈયા સુનિ મોકોં શ્રીવિઠ્ઠલનાથકે હાથકો ભાવૈ ।
નીકેં ન્હવાઈ સિંગાર કરત હૈ, આછી રુચિસોં મોહિં પાગ બંધાવૈ ।।૧।।
તાતેં સદા હોં ઉહાંઈ રહત હોં, તૂ ડરિ માખન દૂધ છિપાવૈ ।
‘છીતસ્વામી’ ગિરિધરન શ્રીવિઠ્ઠલ, નિરખિ નૈન ત્રય તાપ નસાવૈ ।।૨।।

⁂

## શૃંગાર-સન્મુખનાં પદ

### રાગ : બિલાવલ

પ્રાતસમય ગિરિધર રાધા દોઉ મુખ દેખત દર્પનમેં ।
જોરિ કપોલ કહત આપુસમેં તુમ નીકે કીધોં હમ નીકી,
કરત બિચાર સોચિ અપને મનમેં ।।૧।।
હરિકી લટ પટી પાગ બિરાજત,
ઉનકી બિથુરી અલક માંગ ઝલકેં ગોરે તનમેં ।
‘કૃષ્ણદાસ’ પ્રભુ ગોવર્ધન ધારી લાલ,
ઉમગિ ચલી માનોં નવલ બેસ છબિ જોબનમેં ।।૨।।

⁂

સોભા આજ ભલી બનિ આઈ ।
જલ સુત ઉપર હંસ બિરાજત, તાપર ઈંદ્ર બધૂ દરસાઈ ।।૧।।
દધિ સુત લિયો દિયો દધિ સુતમેં, યહ છબિ દેખિ નંદ નેન મુસિકાઈ ।
નિરજ સુત વાહનકો ભક્ષન, સૂર સ્યામ લૈ કીર ચુગાઈ ।।૨।।

⁂

## શીતકાલ - રાજભોગ - આચે ભોજનનાં પદ

### રાગ : ધનાશ્રી

સુતહી જિંમાવત જસોદા મૈયા ।
સાનત કોર મધુર મૃદુ મીઠો, દૈ મુખ લેત બલૈયા ।।૧।।
ખેલનકોં ઉઠિ ઉઠિ ભાજત હૈ, રાખત હૈ બહોરૈયા ।
‘શ્રીવિઠ્ઠલગિરિધર’ માતાકી, પ્રીતિ કહી નહીં જૈયા ।।૨।।

⁂

લાલકો મીઠી ખીર જો ભાવૈ ।
બેલા ભરિ ભરિ લાવત જસોદા, બૂરોં અધિક મિલાવૈ ।।૧।।
કનિયા લિયેં જસોદા ઠાડી, રુચિકર કોર બનાવૈ ।
ગ્વાલ બાલ બનચરકે આગેં, ઝૂંઠે હી હાથ દિખાવૈ ।।૨।।
વ્રજ રાનીજુ ચહુંધા ચિતવત, તન મન મોદ બઢાવૈ ।
‘પરમાનંદદાસ’ કો ઠાકુર, હંસિ હંસિ કંઠ લગાવૈ ।।૩।।

⁂

## વ્રજ ભક્તોને ઘેર - ભોજનનાં પદ

### રાગ : આસાવરી

આજ ગોપાલ પાહુને આયે નિરખિ નૈન ન અઘાયરી ।
સુંદર વદન કમલકી સોભા, મો મન રહ્યો હૈ લુભાયરી ।।૧।।

કે નિરખોં કે ટહલ કરું એકો નહીં બનત ઉપાયરી ।
જૈસે લતા પવન બસ દ્રુમસોં, છૂટત ફિર લપટાયરી ॥૨॥
મધુ મેવા પકવાન મિઠાઈ વ્યંજન બહુત બનાયરી ।
રાગ રંગમેં ચતુર ‘સૂર’ પ્રભુ કૈસે સુખ ઉપજાયરી ॥૩॥

⁂

રાગ : ટોડી

આજ હમારેં ભોજન કીજૈ ।
બહુત ભાંતિ પકવાન મિઠાઈ, ખટ રસ વ્યંજન લીજૈ ॥૧॥
સદ્ય ઘૃત ખીચરી અરુ ખોવા, સ્યામ સલોંને લીજૈ ।
ઉરદકે બરા દહીં મેં બોરે, કછુ કોરે કછુ ભીજૈ ॥૨॥
સંગ સમાજ સખા બુલાવહુ, વાંટિ સબનકોં દીજૈ ।
‘આસકરન’ પ્રભુ મોહન નાગર, પાન્યૌ પાછાવર પીજૈ ॥૩॥

⁂

ભોજન કરત પિય અરુ પ્યારી ।
રંગ મહલ મેં ધરી અંગીઠી, પરદા પરે સુખકારી ॥૧॥
દોઉ પરસ્પર લેત દેત હૈં, બહુ બિધિ કરિ મનુહારી ।
‘રસિક પ્રીતમ’ કી યહ લીલા, ડારત તન મન વારી ॥૨॥

⁂

## ઉષ્ણકાલ રાજભોગ આયે, છાકનાં પદ

રાગ : સારંગ

મોહન જેંવત છાક સલોંની ।
સખન સહિત હુલસે દોઊ ભૈયા, ઝપટત કર લૈ દોહની ॥૧॥

આછે બિંજન બને કૌનકે, ચાહત હરિકી કોહની ।
‘પરમાનંદ’ પ્રભુ કહત સખનિસોં પહિલેં કરિ લેઉ બોહની ॥૨॥

⁂

તેને જોઈને ત્રણે લોક ખરેખર પવિત્ર બને છે. તે પછી મનુષ્ય કેમ પવિત્ર ન થાય? સર્વ મંત્રોમાં આ મંત્ર ઉત્તમમાં ઉત્તમ છે અને મંત્રોનો રાજા છે.

**ઈદમેવ પરૈકાંત-ભક્તિમાન્ યઃ સદા સ્મરેત્ ।**
**ઋદ્ધિઃ સિદ્ધિર્ગૃહેસત્યં, કૃષ્ણતાત્પર્ય સુન્દરમ્ ॥૧૬॥**
**ભકતાનાં હિતકાર્યાર્થં, જ્ઞાતવ્યં સ્વજનોત્તમૈઃ ।**

આ મંત્રને એકાન્તમાં શ્રદ્ધાથી જે ભક્તિમાન પુરુષ સદા જપ કરે તેના ઘરમાં ખરેખર રિદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કૃષ્ણ તાત્પર્ય બતાવનારો આ સુંદર મંત્ર ભક્તોના હિત કરવા માટે ઉત્તમ સ્વજનોએ જાણવા જેવો છે.

**વેદવાક્યે મહાવાકયં, પુરાણે ભારતે તથા ॥૧૭॥**

સર્વ શાસ્ત્ર, ભારત, પુરાણ, વેદ વગેરેના સારરૂપ આ મહામંત્ર છે.

**શ્રીમદ્વલ્લભવાકયાર્થં, શ્રી કૃષ્ણઃ શરણં મમ ।**

શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું અર્થ રૂપ વાકય આ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' મંત્ર છે અર્થાત્ શ્રીમહાપ્રભુજીએ કહેલા શ્રીકૃષ્ણઃ શરણં મમ નું સ્મરણ કરો.

**ઈતિ શ્રીમદ્ વિઠ્ઠલેશ્વર-વિરચિતં અષ્ટાક્ષર નિરૂપણં સમાપ્તમ્ ।**

એ પ્રમાણે શ્રીમદ્ વિઠ્ઠલનાથજી(શ્રીગુસાંઈજી)એ બનાવેલું આ અષ્ટાક્ષર નિરૂપણ સમાપ્ત થયું.

⁂

## શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્

**ભક્તાભિલાષાચરિતાનુસારી દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી ।**
**કુમારતાનન્દિતઘોષનારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૧॥**

ભક્તની ઈચ્છા પ્રમાણે વર્તનારા, બાલલીલામાં દૂધ વગેરેની ચોરી કરી યશનો પ્રચાર કરનારા, વ્રજવનિતાઓને આનંદ પમાડનારા, એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.(૧)

**વ્રજાંગનાવૃન્દસદાવિહારી, અંગૈર્ગુહાગારતમોપહારી ।**
**ક્રીડારસાવેશતમોઽભિસારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૨॥**

વ્રજની ગોપીઓના યૂથમાં હંમેશાં વિહાર કરનારા, પોતાના શ્રી અંગના અવયવોના તેજથી ઘરના આંગણાના અંધકારને દૂર કરનારા, રાસક્રીડાના રસના આવેશથી અજ્ઞાનને હરનારા એવા શ્રીગિરિરાજધરણ શ્રી કૃષ્ણ મારા પ્રભુ છે.(૨)

**વેણુસ્વનાનંદિતપન્નગારી, રસાતલાનૃત્યપદપ્રચારી ।**
**ક્રીડન્ વયસ્યાકૃતિદૈત્યમારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૩॥**

વાંસળીના શબ્દથી મયૂરોને નચાવનારા, રસાતલમાં પણ નૃત્ય પદને પ્રસારનારા, ક્રીડામાં જ વત્સાસુર દૈત્યનો સંહાર કરનારા, એવા શ્રી ગિરિરાજધરણ શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.(૩)

**પુલિન્દદારાહિતશમ્બરારી, રમાસદોદારદયાપ્રકારી ।**
**ગોવર્ધને કન્દફલોપહારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૪॥**

ભીલડીઓના હિતને માટે શંબર નામના દૈત્યને મારનારા, લક્ષ્મીજી ઉપર પરમ દયા કરનારા, ગોવર્ધન પર્વતમાં કન્દ અને ફળોને આરોગનારા, એવા શ્રીગિરિરાજધરણ શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.(૪)

**કલિન્દજાકૂલદુકૂલહારી, કુમારિકાકામકલાવિતારી ।**
**વૃન્દાવને ગોધનવૃન્દચારી, મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥૫॥**

યમુનાજીના તીર ઉપર કુમારિકાઓના ચીરને હરણ કરનારા, તેમને કામકલાપૂર્વક મનોરથોનું દાન કરનારા, વૃન્દાવનમાં ગાયોના ટોળામાં ફરનારા, એવા શ્રીગિરિરાજધરણ શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.(૫)

**વ્રજેન્દ્રસર્વાધિકશર્મકારી, મહેન્દ્રગર્વાધિકગર્વહારી ।**
**વૃન્દાવને કન્દફલોપહારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૬॥**

નંદરાયજીનું અધિક કલ્યાણ કરનારા, ઈન્દ્રના પરમ ગર્વને દૂર કરનારા, વૃન્દાવનમાં કંદ અને ફળોને આરોગનારા, એવા શ્રી ગિરિરાજધરણ શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.(૬)

**મનઃકલાનાથતમોવિદારી, બંશીરવાકારિતતત્કુમારિઃ ।**
**રાસોત્સવોદ્વેલ્લરસાબ્ધિસારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૭॥**

મનમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનારા ચન્દ્ર જેવા, બંશીના શબ્દથી વ્રજકુમારિકાઓને બોલાવનારા, રાસમહોત્સવમાં ઊછળી રહેલા રસસાગરમાં વિહરતા, એવા શ્રીગિરિરાજધરણ શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.(૭)

**મત્તદ્વિપોદામગતાનુકારી લુંઠત્પ્રસૂનાપ્રપદીનહારી ।**
**રામોરસસ્પર્શકરપ્રસારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૮॥**

ઉન્મત્ત ગજેન્દ્રના સરખી ચાલથી ચાલનારા, પગની પાની સુધી ઝૂકી રહેલા પુષ્પોના દિવ્ય હારવાળા, શ્રીલક્ષ્મીજીના વક્ષઃસ્થળને સ્પર્શ

કરવા કરકમલને લંબાવી રહેલા, એવા શ્રીગિરિરાજધરણ શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.(૮)

ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્ સમાપ્તમ્

## શ્રી નંદકુમારાષ્ટકમ્

સુંદર ગોપાલં ઉરવનમાલં નયન વિશાલં દુઃખ હરં
વૃંદાવનચંદ્રં આનંદકંદં પરમાનંદં ધરણિધરમ્ ॥
વલ્લભઘનશ્યામં પૂર્ણકામં અત્યભિરામં પ્રીતિકરં
ભજનંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૧॥
સુંદરવારિજવદનં નિર્જિતમદનં આનંદસદનં મુકુટધરં
ગુંજાકૃતિહારં વિપીન વિહારં પરમોદારં ચીર હરમ્ ॥
વલ્લભપટપીતં કૃતઉપવીતં કરનવનીતં વિબુધવરં
ભજનંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૨॥
શોભિતસુખમુલં યમુનાકુલં નિપટઅતુલં સુખદવરં
મુખ મંડિત રેણું ચારિતધેનું વાદિત વેણું મધુરસુરમ્ ॥
વલ્લભમતિ વિમલં શુભ પદ કમલં નખ રૂચિ વિમલંતિમિરહરં
ભજનંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૩॥
શિરમુકુટ સુદેશં કુચિત કેશં નટવરવેષં કામવરં
માયાકૃત મનુજં હલધર અનુજં પ્રતિહતદનુજં ભારહરમ્ ॥
વલ્લભ વ્રજપાલં સુભગ સુચાલં હિતમનુકાલં ભાવવરં
ભજનંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૪॥
ઈન્દીવરંભાસં પ્રકટસુરાસં કુસુમ વિકાસં વંશિધરં
હિતમન્મથમાનં રુપનિધાનં કૃતકલિગાનં ચિત્તહરમ્ ॥
વલ્લભમૃદુહાસં કુંજનિવાસં વિવિધ વિલાસં કેલિકરમ્
ભજનંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૫॥
અતિપરમ પ્રવીણં પાલિતદિનં ભકતાધીનં કર્મકરં
મોહનમતિધીરં કલિબલિવારં હતપરવીરં તરલતરમ્ ॥

વલ્લભ વ્રજરમણં વારિજવદનં જલધરશમનં શૈલધરં
ભજનંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૬॥
જલધરરુચિકાયં લલિતત્રિભંગં બહુકૃતિરંગં રસિકવરં
ગોકુલપરિવારં મદનાકારં કુંજવિહારં ગૂઢનરમ્ ॥
વલ્લભ વ્રજચન્દ્રં સુભગ સુછંદં પરમાનંદં ભ્રાંતિહરં
ભજનંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૭॥
વંદિતયુગચરણં પાવનકરણં જગદુધ્ધરણં વિમલકરં
કાલિયશીરગમનં કૃતફણિનમનં ઘાતિતયમનં મૃદુલતરમ્ ॥
વલ્લભદુઃખ હરણં નિર્મલ ચરણમ્ અશરણશરણં મુક્તિ કરં
ભજનંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૮॥
ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિતં શ્રી નંદકુમારાષ્ટકમ્ સમાપ્તમ્

## શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકી

(શ્રીમદ્ ભાગવત સ્કંધ-૬ અ. -૧૧ શ્લોક ૨૪ થી ૨૭)

છંદ-ઉપજાતિ

અહં હરે તવ પાદૈકમૂલ દાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ ।
મનઃ સ્મરેતાસુપતેર્ગુણાંસ્તે ગૃણીત વાક્ કર્મ કરોતુ કાયઃ ॥૧॥
ન નાકપૃષ્ઠં, ન ચ પારમેષ્ઠયં ન સાર્વભૌમં, ન રસાધિપત્યમ્ ।
ન યોગસિદ્ધીરપુનર્ભવં સમંજસ ત્વાં વિરહય્ય કાંક્ષે ॥૨॥
અજાતપક્ષા ઈવ માતરં ખગાઃ સ્તન્યં યથા વત્સતરાઃ ક્ષુધાર્તાઃ ।
પ્રિયં પ્રિયેવ વ્યુષિતં વિષણ્ણા મનોરવિંદાક્ષ દિદક્ષતે ત્વામ્ ॥૩॥
મમોત્તમશ્લોકજનેષુ સખ્યં સંસાર ચક્રે, ભ્રમતઃ સ્વકર્મભિઃ ।
ત્વન્માવયાત્મા ત્મજદાર ગેહે-ષ્વાસક્તચિત્તસ્ય ન નાથ ભૂયાત્ ॥૪॥

* * *

## જન્મવૈફલ્યનિરૂપણાષ્ટક(ઈન્દ્રવજા)

નાશ્રિતો વલ્લભાધીશો ન ચ દૃષ્ટા સુબોધિની ।
નારાધિ રાધિકાનાથો વૃથા તજ્જન્મ ભૂતલે. ॥૧॥
ન ગૃહીતં હરેર્નામ નાત્માદ્યખિલમર્પિતમ્ ।
ન કૃષ્ણસેવા વિહિતા વૃથા તજ્જન્મ ભૂતલે. ॥૨॥
ન લીલા ચિન્તનં નૈવ દીનતા વિરહાત્ હરેઃ ।
ન વા કૃષ્ણાશ્રયઃ પૂર્ણો વૃથા તજ્જન્મ ભૂતલે. ॥૩॥
ન નીતા વાર્તયા ઘસ્ત્રાઃ સાધવો નૈવ સેવિતાઃ ।
ન ગોવિન્દગુણા ગીતા વૃથા તજ્જન્મ ભૂતલે. ॥૪॥
ન કૃષ્ણરૂપસૌન્દર્યે મનો નૈવ વિરાંગિતા ।
ન દુઃસંગપરિત્યાગો વૃથા તજ્જન્મ ભૂતલે. ॥૫॥
ન ભક્તિઃ પુષ્ટિમાર્ગીયા ન નિઃસાધનતા હૃદિ ।
ન વિસ્મૃતિઃ પ્રપંચસ્ય વૃથા તજ્જન્મ ભૂતલે. ॥૬॥
ન ધર્મપરતા નૈવ ધર્મમાર્ગે મનોગતિઃ ।
ન ભક્તિર્જ્ઞાનવૈરાગ્યે વૃથા તજ્જન્મ ભૂતલે. ॥૭॥
ન નિજસ્વામિવિરહ પરિતાપો ન ભાવના ।
ન દૈન્યં પરમં યસ્ય વૃથા તજ્જન્મ ભૂતલે. ॥૮॥
ઈતિ શ્રીહરિરાયવર્યવિરચિતં જન્મવૈફલ્યનિરૂપણાષ્ટકમ્ સંપૂર્ણમ્

## શ્રી ગોકુલાષ્ટકમ્

છંદ-અનુષ્ટુપ

શ્રીમદ્ ગોકુલ સર્વસ્વં, શ્રીમદ્ ગોકુલ મંડનમ્ ।
શ્રીમદ્ ગોકુલ દકતારા, શ્રીમદ્ ગોકુલ જીવનમ્ ॥૧॥
શ્રીમદ્ ગોકુલ માત્રેશઃ, શ્રીમદ્ ગોકુલ પાલકઃ ।
શ્રીમદ્ ગોકુલ લીલાબ્ધિઃ, શ્રીમદ્ ગોકુલ સંશ્રયઃ ॥૨॥

શ્રીમદ્ ગોકુલ જીવાત્મા, શ્રીમદ્ ગોકુલ માનસમ્ ।
શ્રીમદ્ ગોકુલ દુઃખઘ્નઃ, શ્રીમદ્ ગોકુલ વીક્ષિતઃ ॥૩॥
શ્રીમદ્ ગોકુલ સૌંદર્યં, શ્રીમદ્ ગોકુલ સત્ ફલમ્ ।
શ્રીમદ્ ગોકુલ ગોપ્રાણં, શ્રીમદ્ ગોકુલ કામદઃ ॥૪॥
શ્રીમદ્ ગોકુલ રાકેશઃ, શ્રીમદ્ ગોકુલ તારકઃ ।
શ્રીમદ્ ગોકુલ પદ્માલિઃ, શ્રીમદ્ ગોકુલ સંસ્તુતઃ ॥૫॥
શ્રીમદ્ ગોકુલ સંગીતઃ, શ્રીમદ્ ગોકુલ લાસ્યકૃત્ ।
શ્રીમદ્ ગોકુલ ભાવાત્મા, શ્રીમદ્ ગોકુલ પોષકઃ ॥૬॥
શ્રીમદ્ ગોકુલ હૃત્ સ્થાનં, શ્રીમદ્ ગોકુલ સંવૃતઃ ।
શ્રીમદ્ ગોકુલ દક્ પુષ્ટં, શ્રીમદ્ ગોકુલ મોદિતઃ ॥૭॥
શ્રીમદ્ ગોકુલ ગોપીશઃ, શ્રીમદ્ ગોકુલ લાલિતઃ ।
શ્રીમદ ગોકુલ ભોગ્યશ્રી, શ્રીમદ્ ગોકુલ સર્વકૃત્ ॥૮॥
ઈમાનિ શ્રી ગોકુલેશ - નામાનિ વદને મમ ।
વસન્તુ સતતં ચૈવ, લીલાશ્ચ હૃદયે સદા ॥૯॥

॥ ઈતિ શ્રી વિઠ્ઠલેશ્વર વિરચિતં શ્રી ગોકુલાષ્ટકં સંપૂર્ણમ્ ॥

## શ્રી ગોકુલેશાષ્ટકમ્

નંદગોપ-ભૂપવંશ-ભૂષણં વિદૂષણં-
ભૂમિભૂતિભૂરિ-ભાગ્ય ભાજનં ભયાપહમ્ ।
ધેનુધર્મ - રક્ષણાવતીર્ણ - પૂર્ણવિગ્રહં
નીલવારિવાહકાંતિ - ગોકુલેશમાશ્રયે ॥૧॥
ગોપબાલસુંદરીગણાવૃતં - કલાનિધિં
રાસમંડલી વિહારકારિકામસુંદરં ।
પદ્મયોનિશંકરાદિ - દેવવૃંદવંદિતં
નીલવારિવાહકાંતિ - ગોકુલેશમાશ્રયે ॥૨॥

ગોપરાજ - રત્નરાજિ મંદિરાનુરિંગણં
ગોપબાલ બાલિકા કલાનુરુધ્ધ ગાયનમ્ ।
સુંદરીમનોજભાવ - ભાજનાંબુજાનનં
નીલવારિવાહકાંતિ - ગોકુલેશમાશ્રયે ॥૩॥
કંસકેશિકુંજરાજ - દુષ્ટદૈત્યદારણં
ચેંદ્રસૃષ્ટવૃષ્ટિવારિ - વારણોદ્ધૃતાચલમ્ ।
કામધેનુકારિતાભિધાન - ગાનશોભિતં
નીલવારિવાહકાંતિ - ગોકુલેશમાશ્રયે ॥૪॥
ગોપિકાગૃહાંતગુપ્તગવ્ય - ચૌર્યચંચલં
દુગ્ધભાંડભેદભીતલજ્જિતાસ્યપંકજમ્ ।
ધેનુધૂલિધૂસરાંગશોભિહારનૂપુરં
નીલવારિવાહકાંતિ - ગોકુલેશમાશ્રયે ॥૫॥
વત્સધેનુગોપબાલ - ભીષણાસ્યવહ્નિપં
કેકિપિચ્છકલ્પિતાવતંશ શોભિતાનનમ્ ।
વેણુવાદ્યમત્તઘોષસુંદરીમનોહરં
નીલવારિવાહકાંતિ - ગોકુલેશમાશ્રયે ॥૩॥
ગર્વિતામહેન્દ્રકલ્પ - કલ્પિતાન્નભોજનં
શારદારવિંદવૃંદ - શોભિહંસજારતમ્ ।
દિવ્યગંધલુબ્ધ - ભૃંગપારિજાતમાલિનં
નીલવારિવાહકાંતિ ગોકુલેશમાશ્રયે ॥૭॥
વાસરાવસાન - ગોષ્ઠગામિગોગણાનુગં
ધેનુદોહદેહગેહ - મોહવિસ્મયક્રિયમ્ ।
સ્વીયગોકુલેશદાન - દક્ષભક્તરક્ષણં
નીલવારિવાહકાંતિ ગોકુલેશમાશ્રયે ॥૮॥

। ઈતિ શ્રીરઘુનાથજી કૃત શ્રીગોકુલેશાષ્ટકમ્ સંપૂર્ણમ્ ।

* * *

# શ્રીકૃષ્ણ જપમાળા

ધર્મ તણા સંરક્ષક! પાપી જનોના વિનાશક!
યુગ યુગના હે અવતારક! શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧
ધર્મ તણા હે પ્રવર્તક! જ્ઞાન યોગના ઉપદેશક!
ભક્તિમાર્ગ તણા દર્શક! શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨
પરમ કૃપાળુ પરમેશ્વર, જગનિયંતા જગદીશ્વર!
હે વિશ્વાત્મા વિશ્વંભર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩
આપ અનુપમ સર્વોત્તમ, પરબ્રહ્મ હે પુરુષોત્તમ!
હે અવિનાશી અચ્યુતમ્, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪
સત્યં શિવં સુંદરં શ્યામ! દિવ્ય સુખોના દિસો ધામ!
ભક્તજનોના પૂરણકામ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫
તેજ પુંજ હે યોગેશ્વર! પ્રેમનિધિ છો પરમેશ્વર!
ગોપીજનોના હૃદયેશ્વર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬
અંતર્યામી પ્રાણજીવન! દયાસિંધુ દેવકીનંદન!
મુકુન્દ મોહન, મધુસૂદન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭
સત્ય સનાતન જ્ઞાન સ્વરૂપ! હે અલૌકિક દિવ્ય સ્વરૂપ!
અદ્‌ભુત સાચે એક અનુપ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮
હે મંગલમય શ્રી અવિનાશ! દુનિયા કેરા દિવ્ય પ્રકાશ!
વસી રહ્યા જલ, સ્થલ, આકાશ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯
સૌના ઘટ ઘટ વસિયા રામ! શાશ્વત શાંતિના છો ધામ!
પ્રેમજ્યોતિ પ્રગટાવે નામ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦
વસુદેવસુતંદેવમ્, કૃપાઝરણ વહતું નિત્યમ્,
શરણ તારું છે સત્યમ્, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૧
આપ અવિનાશી છો અનંત, નિત્ય પ્રકાશી રહ્યાં જલવંત,
અહો દિવ્ય શક્તિ વિલસન્ત, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૨

વિશ્વમહિં તું એક મહાન, નથી ત્રિલોકે તુજ સમાન,
આપ અનંત છો શક્તિમાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૩
રહ્યો સ્વયં પ્રકાશી તું, સચ્ચિદાનંદ સ્વરૂપ તું,
વિશ્વંભર વિશ્વરૂપ તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૪
સર્વ આત્માનો આત્મા તું, પરબ્રહ્મ પરમાત્મા તું,
હે વિભુવર! વિશ્વાત્મા તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૫
દેવ તણું દૈવત્વ તું, સાત્ત્વિક જનોનું સત્ત્વ તું,
તેજ શશી સૂરજનું તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૬
મન કેરું પણ મન છે તું, સર્વ ભૂતોમાં ચેતન તું,
સૌનું આતમ ધન છે તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૭
નયનો કેરું નૂર છે તું, જ્ઞાની ભક્તોનું ઉર છે તું,
શૂરવીરોનું શૂર છે તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૮
તપસ્વી કેરું તપ છે તું, તેજસ્વીનું તેજ છે તું,
બુદ્ધિશાળીની બુદ્ધિ તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૯
દેવર્ષિમાં નારદ તું, દૈત્યોમાં પ્રહ્‌લાદ છે તું,
સરિતામાં જાહ્નવી તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૦
જલાશયોમાં સમુદ્ર તું, શબ્દોમાં ૐકાર છે તું,
યજ્ઞોમાં જપયજ્ઞ તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૧
ગાન્ધર્વોમાં ચિત્રરથ તું, સિદ્ધોમાં મુની કપિલ તું,
વસુ આઠમાં અગ્નિ તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૨
કામધેનુ ગાયોમાં તું, સર્પોમાં વાસુકી તું,
નાગોમાં શેષનાગ તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૩
મહર્ષિમાં ભૃગુ ઋષિ તું, સર્વ યક્ષોમાં કુબેર તું,
નક્ષત્રોમાં ચંદ્ર તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૪
મેરુ નગ માંહી છે તું, ગરુડ ખગ માંહી છે તું,
મૃગરાજ પશુઓમાં તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૫

અનેક રૂપ ધરી અવતાર, દેવો તણી રક્ષા કરનાર,
વળી ભક્તોના ભય દૂર કરનાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૬
ભક્તજનોના ભવતારક, અધમ જનોના ઉદ્ધારક,
પાપ તાપના નિવારક, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૭
ભક્ત વત્સલ હે ભગવાન, કૃષ્ણચંદ્ર કરુણાનિધાન,
કરાવતા સુધારસ પાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૮
ભાવ ભૂખ્યા દીસો ભગવાન! બન્યા પ્રેમને વશ બળવન્ત,
આપ બંધાવો પ્રેમને તંત, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૨૯
પ્રેમી ભક્તોના પ્રેમનું સ્થાન, શરણાગતનું નિર્ભય સ્થાન,
દુઃખિયાના બેલી ભગવાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૦
હે જગવંદન નંદકિશોર, નામ પડયું તુજ માખણચોર,
તું સૌનો છે જીવનદોર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૧
વ્રજ વિહારી નન્દકુમાર, શ્રીમદ્ ભગવદ્ ગીતાકાર,
જ્ઞાન સુધારસ રેલાવનાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૨
રચી અજબ ભગવદ્ ગીતા, દિવ્ય જ્ઞાન તણી સરિતા,
ભક્તિભરી મંગલકર્તા, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૩
ત્રિવિધ તાપના નિવારક, ભક્તિનૌકા ભવતારક,
પરમ પુનિત મુક્તિદાયક, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૪
અજ્ઞાન તિમિર તણો કરે નાશ, પડે ઉરમાં દિવ્ય પ્રકાશ,
ભરે આનંદ ઉરે ઉલ્લાસ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૫
જ્ઞાન અગ્નિ પ્રગટાવી દે, પાપ પુંજ પ્રજવાળી દે,
જન્મ-મૃત્યુ ભય ટાળી દે, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૬
સ્વધર્મનું ભાન કરાવે એ, મનના રોગ મિટાવે એ,
સત્યના પંથે ચઢાવે એ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૭
સ્વર્ગના કલ્પવૃક્ષ સમાન, મનવાંછિત ફલ કરે પ્રદાન,
સાચે ભગવતી મૂર્તિમાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૮

સત્ય બ્રહ્મવિદ્યાનું ધામ, જેમાં વસિયા તીર્થ સમાન,
કરે જેહ મન પૂરણકામ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૩૯
તવ મુખની વાણી સુણાવી દે, અમૃતરસ રેલાવી દે,
નવચેતન પ્રગટાવી દે, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૦
દિવ્ય બંસીના બજાવનાર, બ્રહ્મવાદના ગજાવનાર,
ગોપીકાના ચિત્ત હરનાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૧
બંસી અલૌકિક વાગી જ્યાં, સૂણતાં ચક્તિ થયા સૌ ત્યાં,
બન્યા મુગ્ધ દિવ્યસ્વરમાં, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૨
વેણુનાદનાં સુણતાં ગાન, ઋષિમુનિનાં છૂટયાં ધ્યાન,
દેવો તણા થંભ્યા વિમાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૩
દિવ્ય બંસીના સુણતાં ગાન, પશુ-પંખી સૌ ભૂલ્યાં ભાન,
વૃક્ષો તણાં ન હાલે પાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૪
યમુના કેરા થંભ્યા નીર, વ્રજ વનિતા બની અધીર,
અવળા સજ્યા શણગાર શરીર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૫
ડોલ્યા પર્વતો, વળી નાગ, નાચ્યા મોર બપૈયા સાથ,
હૈયા કોઈના ન રહ્યાં હાથ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૬
ગુંજ્યો નાદ બ્રહ્મલોક મહીં, દેવ બાળા પણ મુગ્ધ થઈ,
તૃણ ચરતી ગૌ થંભી ગઈ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૭
રાસ રમ્યા ગોપીકા સંગ, પ્રગટયો જેને ઉરે ઉમંગ,
પ્રેમ-દાનનો બન્યો પ્રસંગ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૮
ગોપી સંગે એક એક કહાન, રમે પ્રેમમાં થઈ ગુલતાન,
ભૂલ્યાં ગોપીકા તનનું ભાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૪૯
રાસ રમે ગોપીકાને કાન, ગાતાં દિવ્ય મધુરા ગાન,
પ્રેમ સુધાના કરતાં પાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૦
કૃષ્ણ ગોપી વૃંદાવન માંહ્ય, કરે અલૌકિક નૃત્ય જ્યાંય,
થેઈ થેઈ કાર થઈ રહ્યો ત્યાંય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૧

સુર-મુનિવર જોવા લોભાય, રાસલીલા નીરખી હરખાય,
પુષ્પ-વૃષ્ટિ કરી કૃતાર્થ થાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૨
મામા કંસનો વધ કરનાર, પૂતના કેરા પ્રાણ લેનાર,
છતાં તેનો કર્યો ઉદ્ધાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૩
વસુદેવ-દેવકીજીને, કંસે પૂર્યા કારાગૃહે,
મુક્ત કર્યા પુણ્યાત્મા તે, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૪
આપ પુણ્યાત્માના પોષક અને દુરાત્માના શોષક,
દીસો સંતો તણા રક્ષક, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૫
આપ દીસો છો દીનદયાળ, છતાં કાળના છો મહાકાળ,
ધરો રૂપ કો સમે વિકરાળ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૬
દેવોને દૈત્યનો ત્રાસ, ભય મુક્ત કરવા અવિનાશ,
કર્યો એ સર્વ તણો વિનાશ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૭
માર્યા વૃષભ નરકાસુર, માર્યા અઘાસુર, બકાસુર,
માર્યા કેશી ને શકટાસુર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૮
તુણાવર્તને શંખાસુર, માર્યા યમલાર્જુન ને મુર,
માર્યા મહાવીરો ને અસુર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૫૯
બન્યા સારથી અર્જુનના, દોષ દેખી દુર્યોધનના,
સહાયક થયા પાંડવો તણા, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૦
સ્વધર્મ તણું કરાવ્યું ભાન, દીધું યુદ્ધમાં આત્મજ્ઞાન,
છેદ્યા વિષાદ અને અજ્ઞાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૧
પાંડવોને દઈ ધર્માશ્રય, સત્ય ધર્મનો કર્યો વિજય,
કૌરવ કુળનો કર્યો ક્ષય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૨
દ્રૌપદી કેરી રક્ષા કાજ, દોડયા તેજ ઘડી મહારાજ,
ભરી સભામાં રાખી લાજ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૩
પરમ સંત સુદામાને સત્કાર્યા પ્રિય સખા ગણી,
દીધી સમૃદ્ધિ રીઝીને, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૪

ભક્ત પ્રહલાદની કરવા વ્હાર, પ્રગટ થયા નૃસિંહ અવતાર,
હિરણ્યકશ્યપનો કર્યો સંહાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૫
બાલ્યવયના ધ્રુવકુમાર, ઉગ્ર તપે ભક્તિ કરનાર,
અવિચલ પદ તેને દેનાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૬
કર્યું તે રૂક્મિણી તણું હરણ, લીધું જેણે તારું શરણ,
મનોકામના કરી પૂરણ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૭
ઋષિવર દુર્વાસા ગભરાય, ચક્ર સુદર્શન પાછળ જાય,
કરવા અંબરીષની રક્ષાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૮
ગિરિરાજ ધારણ કરનાર, ગોકુળની રક્ષા કરનાર,
ઈન્દ્ર તણો મદ ઉતારનાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૬૯
પ્રસન્ન થયા કુબ્જા ઉપર, કરી દીધુ સર્વાંગ સુંદર,
લીધી શરણમાં રાધાવર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૦
કરી કાત્યાયની વ્રત મહાન, ગોપબાલા કરે અવભૃથ સ્નાન,
વસ્ત્ર હરીને દીધું જ્ઞાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૧
કૃષ્ણનો વૈભવ જોવા જાય, ભુવન ભુવન નવી લીલા થાય,
નિરખી નારદ વિસ્મય થાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૨
તુજને સર્વ ભૂતો છે સમાન, છતાં વધુ પ્રિય ભક્તિમાન,
રહે વિશેષ રૂપે ઉર સ્થાન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૩
ત્રિભુવન તારી કૃપા જો થાય, મુંગાને વાચા થઈ જાય,
પંગુથી ગિરિ ઓળંગાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૪
રંક હોય તે થાયે રાય, મૂર્ખજનો પંડિત બની જાય,
અદ્‌ભુત તારાં કાર્યો જણાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૫
વિભુવર તારી કૃપા જો થાય, માનવ દેવ સમો બની જાય,
સ્વર્ગ લોકની પ્રાપ્તિ થાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૬
જળનું સ્થળ કરી દે તું, સૂકાં સરોવર ભરી દે તું,
તૃણનો મેરુ કરી દે તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૭

ફલ, ફૂલ, વૃક્ષની માંહી, પવન, પાણી, પર્વતો માંહી,
વિલસી રહ્યો તું સર્વમાં, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૮
પુષ્પતણી સુંદરતામાં તું, મીઠી મીઠી સુવાસમાં તું,
પમરી રહ્યો ફોરમતામાં તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૭૯
મયૂર તણાં પિચ્છની અંદર, અદ્‌ભુત આંખ દીસે સુંદર,
રંગ તણો પૂરનારો તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૦
મેઘધનુષના રંગો માંહી, અજબ કૃતિ નીરખતાં ત્યાંહી,
તુજ દિવ્યતાનાં દર્શન થાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૧
મહા વિષમ છે આ કલિકાલ, વ્રત તપ ના બને લગાર,
તરવાનું તુજ નામ આધાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૨
તુજ નામનો દિવ્ય પ્રભાવ, પરમાનંદનો આવે લ્હાવ,
ભવસાગર તરવાનું નામ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૩
નામ સ્મરે પુણ્ય પ્રાપ્તિ થાય, કોટી જન્મનાં પાપ હણાય,
ભવબંધનથી છૂટી જાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૪
કૃષ્ણ કૃષ્ણ રસનાથી રટાય, પ્રેમ વડે જે ચિંતન થાય,
દિવ્ય સુખની પ્રાપ્તિ થાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૫
હરિ ભજતા હરિ રૂપ થવાય, પરમાનંદની પ્રાપ્તિ થાય,
લક્ષ ચોર્યાસી ફેરા ટળી જાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૬
સદા સ્મરવા શ્રી અવિનાશ, ઉરમાં ભરી અતિ ઉલ્લાસ,
જ્યાં લગી ચાલે શ્વાસોશ્વાસ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૭
ભક્તિમાં પ્રીતિવાળા થાવ, ઉરમાં ધરી અનન્ય ભાવ,
ભગવદ્ રસ પી લેજો લ્હાવ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૮
અહોભાગી પરીક્ષિતરાય, ભગવદ્‌રસભરી સુણી કથાય,
ભક્તિ મુક્તિનો યોગ સધાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૮૯
પ્રભુ તવ ચિંતન કરતાં ઉર, વહે ભક્તિ ગંગાના પૂર,
આનંદ ઉદધિ ઉછળે તરંગ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૦

પ્રેમ-ભક્તિનો જોડી તાર, જેહ તુંમાં છે તદાકાર,
અવિચળ પદ પામ્યા નિરધાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૧
સર્વ સર્મપણ કરીને જે, તવ શરણે આવેલા તે,
મુક્તિ પદને પામ્યા છે તે, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૨
ચોટયું તમસુ જેનું ચિત્ત, ભવોભવ તણી છે પ્રીત,
બન્યા તુજમાં તન્મય ખચિત, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૩
સમર્પી તું ને તન-મન-ધન, લાગી જેને તારી લગન,
પ્રેમરસથી બન્યા મગન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૪
જુઠી જગની છે જંજાળ, સત્વ નામ તારું ગોપાળ,
અજર-અમર પદને દેનાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૫
પરમ દયાનિધિ કિરતાર! ભક્તોની મુક્તિનું દ્વાર,
સાચો તું જીવન આધાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૬
કૃપા તણા સાગર છો નાથ! ભક્તોના પકડો છો હાથ,
સદા રહો છો તેની સાથ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૭
હે વિભુવર છો શ્યામસુંદર, પ્રેમ તણા સાગર ગંભીર,
નયણે ભર્યા અમૃત નીર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૮
હેવિભુવર! ગિરિધર ગોપાળ! મંગળ મનોહર દીનદયાળ,
આપ ખરેખર પ્રણતપાલ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૯૯
પરમ દયાનિધિ કિરતાર, તું મારો એક જ આધાર,
કૃપાનિધિ ઉતારો પાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૦
માત-પિતા મારા પ્રભુ તું, પ્રિય સખાને બંધુ તું,
જીવ તણું સર્વસ્વ છે તું, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૧
હે યદુનન્દન! આનંદઘન! ઉરથી ઈચ્છું તવ દર્શન,
ઘો દયાળુ થઈ બહુ પ્રસન્ન, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૨
અહો અજબ દુનિયાનું નૂર, વસી રહ્યા ભક્તોના ઉર,
પ્રેમ વશ થઈ ખસોના દૂર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૩

પરમ કૃપાનિધિ કિરતાર, સદા વસો મમ હૃદય મોઝાર,
અળગા થાઓ નહી લગાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૪
હે આભમાંના વિશાળ વ્યોમ, મમ હૃદયના સૂરજ સોમ,
રહ્યા પ્રકાશી રોમે રોમ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૫
તું જ પરમ ધન છે મારું, મારે શરણ એક તારું,
કર ગ્રહી લે હે કૃપાળુ, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૬
હે સૃષ્ટિના સર્જનહાર! અકળ લીલા તવ અપરંપાર,
ઋષિમુનિ નવ પામ્યા પાર, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૭
જપમાળા જો કોઈ આ ગાય, તેહ ઉપર પ્રભુ પ્રસન્ન થાય,
અંત સમયે વ્રજમાં લઈ જાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ...૧૦૮

## ભક્તિ-પોષણ

### : મંગળા ચરણ :

શ્રી ગુરુ વલ્લભદેવને, હું પ્રથમ કરું પ્રણામ;
શ્રીવિઠ્ઠલ, શ્રીકૃષ્ણ, શ્રીયમુને મહા પૂરણ કામ.
પૂર્ણકામ દામોદરદાસ,
અષ્ટ સખા પૂરો ઉર વાસ;
શુભ મતિ દ્યો અતિ પરમ પવિત્ર,
'ભક્તિ-સુપોષણ' ગાઉં ચરિત્ર...
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ..... ૧.

### : સિદ્ધાંત-સાર :

ચાર વેદ, ખટ્ શાસ્ત્રનો, વારે વારે કર્યો રે વિચાર;
ઉપનિષદના અર્થનો, શોધતાં નીકળ્યો સાર.

નીકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ,
સત્સંગમાં કરવી આસક્તિ;
શ્રી-પૂર્ણ-પુરુષોત્તમને યુગ-ચરણે,
સર્વ સમર્પીને રહેવું શરણે... સેવો... ૨.
નહિ કોઈ જેની સમોવડી, કોઈ ઈશ ન જેને શીશ;
સર્વ વસ્તુ તે થકી થઈ, જે કોઈ કહાવે સર્વના અધીશ.
સર્વાધીશ વંદે સહુ જેને,
નિગમ 'નેતિ નેતિ' કહે છે તેને;
શેષ - મહેશ - વિધિ - શ્રી - અગમ્ય,
તેને કહીએ પૂર્ણ પુરુષોત્તમ... સેવો... ૩.
શ્રીપુરુષોત્તમને પરહરિ, જેનું અન્ય અમરે મન મોહે;
તે કામદૂધા મળી મૂકીને, મહિષીપુત્રનું પય દોહે.
દોહે ગાય મૂકી મૂઢ પાડો,
તરસ્યો ગંગા તીરે ખોદે ખાડો;
તેમ પૂર્ણ તજી અવર આરાધે,
મહેનત માથે પડે કાંઈ ન લાધે... સેવો... ૪.
રાખી ભરોંસો અન્યનો, ન કરે આશ્રય અવિનાશ;
ઈચ્છે અખિલ દુઃખ વામવા, વળી શ્રેય થવા મન આશ.
આશ કરે તરવા દધિ-પૂર,
શ્વાનનું હાથ ગ્રહી લંગૂર;
તે જેવો પામશે સાગર પાર,
તરશે તેવો હરિ - વિમુખ સંસાર... સેવો... ૫.
કોટી ઉપાસન મલિનનું, જનનું તામ્ર મુદ્રા સમ જાણો;
રૂપૈયો સુર-સેવના, વ્યૂહ કંચન મહોર પ્રમાણો.
કંચન મહોર વ્યૂહ, હરિ હીરો.
એમ અંશ અંશી સમઝી રહો;

સર્વ એ દ્રવ્ય હીરાથી થાય,
હીરો કોઈએ કર્યો નવ કહેવાય... સેવો... ૬.
જગત વૃક્ષ, તેહનું મૂળ હરિ, મૂળ પોષે વૃક્ષ પોષાય;
પ્રતિ શાખા જળ સિંચિયે, તેથી તરુવર તૃપ્તિ ન થાય.
તૃપ્તિ ન થાય, વૃથા શ્રમ પહોંચે,
સમજણ આવે ત્યારે પછી શોચે;
મુખ દ્વારા સહુ ઈંદ્રિય સંતોષે,
ભોજન અંગે લેપ્યું કોઈને ન પોષે... સેવો... ૭.
જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, જનના અવગુણ પણ ગુણ જાણે;
અવળું પડે અન્ય દેવને, સામું દુ:ખ દે શત્રુ પ્રમાણે.
પ્રમાણ નહિ, ફળ દે તોયે જાય,
હરિનું આપ્યું કદી નાશ ન થાય;
અમર અલ્પ વર, અધિક પ્રયત્ન,
પ્રભુ કોડી સાટે દે રત્ન... સેવો... ૮.
વેળુ પીલતાં જો તેલ નીકળે, જળ મથ્યે જો નવનીત હોય;
મૃગજળથી જો તૃષા ટળે તોય, હરિ ભક્તિ વિના ભદ્ર ન હોય,
ન હોય ભદ્ર હરિ વિના કદાપી,
અભય ન હરિ વિના કો શકે આપી;
હું નથી કહેતો પોકારે છે વેદ,
સ્મરો શ્રીકૃષ્ણ, ટળે સહુ ખેદ... સેવો... ૯.
મંત્રાધીન સહુ દેવતા, યોગે વિરાટ પણ વશ થાય;
જ્ઞાની અક્ષરને જઈ મળે, પણ પુરુષોત્તમ પ્રેમે પમાય.
પ્રેમ ભક્તિ-વશ પૂર્ણાનંદ,
એ ન પડે, અન્ય સાધન ફંદ;
શ્રીમુખે ભાખ્યું ગીતા માંહ્ય,
ન માનો તો જો જો ત્યાંય... સેવો... ૧૦.

### : નવધા ભક્તિ :

શ્રવણ, કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ, સેવન, અર્ચન;
વંદન, દાસત્વ, સખ્યતા, વળી આત્મ-નિવેદન.
આત્મ-નિવેદન નવધા કહિયે,
પ્રેમ-લક્ષણા દશમી લહિયે;
એ ભક્તિ સહુ સાધન-તાજ,
જે પામે વશ થાય વ્રજરાજ... સેવો... ૧૧.
શ્રવણ પરીક્ષિત, શુક કરી કીર્તન, સ્મરણ કરી પ્રહ્લાદ;
શ્રીસેવન, પૂજન પૃથુ, વંદન અક્રુર આહ્લાદ.
આહ્લાદ માન્યો કપીશ કિંકરતા,
સખ્યતા-ભક્તિ સુભદ્રા-ભર્તા;
આત્મ-નિવેદન બલિએ કીધી,
ગોપીજને પ્રેમ લક્ષણા લીધી... સેવો... ૧૨.

### : શ્રવણ ભક્તિ :

નામ કેશવનું કર્ણમાં પડતાં સહુ થાય પવિત્ર;
શરદ ઋતુના સંગથી, જેમ નિર્મળ નીર વિચિત્ર.
વિચિત્ર જળ તેમ જાતિ રે જાણો,
સર્વ શુચિ સદા નામે પ્રમાણો;
શુદ્ધ સુવર્ણ જેવું અગ્નિથી થાય,
માંજે ઓપે તેવો મેલ ન જાય... સેવો... ૧૩.

### : કીર્તન ભક્તિ :

નામ કીર્તન શ્રીકૃષ્ણનું, કલિમાં સહુ સાધન તાજ;
ભવ સાગર તરવા તણી, સહુને એ સુખ પથ પાજ.
પાજ પ્રગટ, શ્રમ નહિ, ઘણું સહેલું,
દામ વિના ફળ થાય સહુ પહેલું;

સર્વ અવસ્થામાં ને સૌ ઠોર,
અધમ ઉત્તમ સૌને અધિકાર... સેવો... ૧૪.
સત યુગે જે ફળ ધ્યાનથી, થાતું ત્રેતામાં યજ્ઞથી જેહ;
દ્વાપરે પૂજને પામતાં, સહુ કલિ હરિ-કીર્તને તેહ.
તે થકી(પણ) અધિક ફળ હરિ ગુણ ગાતાં,
તો શું થયું તપ તીર્થમાં નાહાતાં?
મણિ મળ્યો તે શોધે શીદ કોડી?
વિના વિશ્વાસે મૂઢ મરે દોડી... સેવો... ૧૫.
કળિ રૂપી આશૌચમાં, કોઈ કર્મનો નહિ અધિકાર;
અડે ન સૂતક નામને, નિર્ભય નિત્ય કરિયે ઉચ્ચાર.
ઉચ્ચાર માત્રે અભય પદ આપે,
સકળ પાપ સંતાપને કાપે;
વેદશાસ્ત્ર સહુ પુરાણ પોકારે,
તો હરિ હરિ, તું શે ના ઉચ્ચારે?... સેવો... ૧૬.
નામે અજામિલ ઉદ્ધર્યો, નામે તાર્યા શિવે બહુ પાપી;
અવળે નામે વાલ્મીક તર્યો, અર્ધે ગુણિકા ગતિ આપી.
આપી ગતિ ઈત્યાદિ બહુને,
જેણે જેણે આશ્રય કર્યો તે સહુને;
બે અક્ષરમાં બધોય સાર,
જેણે લહ્યો તે પામ્યો પાર... સેવો... ૧૭.
સ્નેહ સહિત શ્રીકૃષ્ણનું, કથા કીર્તન જ્યાં નિત્ય થાય;
કોટિ તીર્થ આવી ત્યાં વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય.
ન્હાય તેમાં તે પવિત્ર પ્રમાણો,
તે વિના સર્વને સૂતકી જાણો;
જીવતાં શબ સરખા સહુ તેહ,
ભૂતલે ભાર કર્યો ધરી દેહ... સેવો... ૧૮.

નટવર છબિ નંદલાલની, એનું ચિંતન કરે ચિત્ત માંહ્ય;
મોર મુકુટ શિર તિલક કુંડળ, નક્વેસર ચિબુક સોહાય.
સોહે કૌસ્તુભ મુક્તા વનમાળ,
કિંકિણી કર ગ્રહી મુરલી રસાળ;
પીતાંબર કટિમેખલા સોહે,
નેપુર નખશિખ શું છબિ મન મોહે... સેવો... ૧૯.
સોળ ચિહ્ન પદ-પંકજે, દક્ષિણે નવ, વામે સાત;
સ્વસ્તિક, અષ્ટકોણ, જંબુફળ, યવ
વજ, ધ્વજ, ઉર્ધ્વરેખા વિખ્યાત.
ખ્યાતે અંકુશ, અંબુજ, મચ્છ, વ્યોમ,
કળશ, ઈન્દ્રધનુ ને અર્ધ સોમ;
ત્રિકોણ, ગોપદ, ખટ્દશ ધ્યાન,
નિત્ય કરે નિર્ભય-પદ-દાન... સેવો... ૨૦.
જેમ નટ-દગ દોરમાં, પનિહારીની બેડા માંહે;
ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રહે ત્યાંનું ત્યાંહે.
ત્યાંહાં તેમ ચિત્ત પ્રભુમાં નિત્ય દેવું,
સંસારમાં સાક્ષીવત્ રહેવું;
જગત જાણે જે એ છે જંજાળી,
રાખે હૃદે ત્રિમકશું તાળી... સેવો... ૨૧.
કંસ, શિશુપાળ, કુબ્જાદિકે વૈરે-કામે સમર્યા શ્યામ;
એ વિના નાના ભાવથી, સ્મર્યે સર્યાં સર્વનાં કામ.
કામ થયાં તુચ્છ ભાવે જ્યારે,
શું કહેવું સ્નેહે સ્મરે પછી ત્યારે?
ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું,
તો ભવસંકટ સહુ તેનું ભાગ્યું... સેવો... ૨૨.

અન્ય સાધને શ્રેય આપણું, પણ શ્રીહરિને શું સુખ?
સેવામાં આનંદ ઉભયને, મારે ભજનાનંદ જ મુખ્ય.
મુખ્ય સેવન તે સુખી પ્રભુ કરવા,
લોક વેદના ભય નવ ધરવા;
પૂજા તે ચાલે શ્રુતિ પ્રમાણ,
સેવા તે જેમાં સ્નેહ બંધાણ... સેવો... ૨૩.
એક વાર આખા જન્મમાં, જો શ્રીકૃષ્ણ-ચરણ સ્મરાય;
તો દર્શન યમદૂતનું, કદી સ્વપ્ને પણ નવ થાય.
થાય તો ભાવ સહિત નિત્ય, ધ્યાન,
તો પછી શું કહું ભાગ્યનું માન?
હરિ ઉર નહિ તો તપે શું થાય?
જો છે તો કરે કષ્ટ બલાય... સેવો... ૨૪.

### : પાદ-સેવન ભક્તિ :

આપ્યું ઉરસ્થળ મૂકીને, રમા ચરણ-સેવા નવ ચૂકે;
હૃદય રહિત કદી હરિ કરે, પણ પદાશ્રિત નહિ મૂકે.
મૂકે ના અંઘ્રિ છે ભક્તિ-નિવાસ,
માટે અવલંબે સહુ દાસ;
એ ભક્તિ છે અતિશે દુર્લભ,
પ્રાપ્તિ થયે સર્વે પદ સુલભ... સેવો... ૨૫.

### : અર્ચન ભક્તિ :

હરિ વ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઈનો દોષ;
મન-કર્મ-વચને જેમ બને તેમ, કરવો સર્વને સંતોષ.
સંતોષે પ્રાણી, પ્રભુ પ્રસન્ન,
તેથી સુખી પોખે હરિજન;

સઘળે દયા, એ પૂજા પ્રભુ કેરી,
દેહીને દુભવે તે કૃષ્ણનો વેરી... સેવો... ૨૬.

### : વંદન ભક્તિ :

એકવાર પ્રણામ શ્રીકૃષ્ણને, જન્મ ધરી જેણે કીધો;
અશ્વમેઘ દશ અવભૃથના, ફળ પર પગ તેણે દીધો.
પગ દીધો શા માટે કહેવાય?
યજ્ઞ કરે તોયે જન્મ તો થાય;
કૃષ્ણ પ્રણામીને નહિ દેહ,
મખથી અધિકતા એમાં એહ... સેવો... ૨૭.
નમન કર્યું નંદલાલને, સ્નેહે મન-કર્મ-વચને જેણે;
ધર્મ-સાધન પૂર્ણ સહુ કર્યાં, નિશ્ચે જાણજો તેણે.
તેણે કર્યું હરિપદ અનુકૂળ,
દુઃખ પાપનું ટાળ્યું મૂળ;
દીન ભાવે કર્યું વંદન હરિને,
તે જનની ગર્ભ ન આવે ફરીને... સેવો... ૨૮.

### : દાસ્ય ભક્તિ :

દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરુષોત્તમ જેને માથે;
ધણી છતે વિધવાપણું, બ્રહ્મજ્ઞાની માન્યું મન સાથે.
મન સાથે માને જે હું જ ભૂપ,
જગત પૂજે જાણી રાણીનું રૂપ;
પણ પતિ-સુખ સ્વપ્ને નહિ એને,
એળે એ અથડાય છે શેને?... સેવો... ૨૯.
દાસપણે જે આનંદ છે, તે નથી ભળ્યે જગદીશ;
જ્ઞાનીનું સુખ એવું જાણજો, પાઘ-આશે છેદાવે શીશ.

શીશ છેદ્યા પછી મુકુટ ક્યાં ધારે?
સહુ મૂર્ખ કોઈ મનમાં ન વિચારે;
જળને તે શો જળપાનનો સ્વાદ?
જન જુદો રહી પામે આહ્લાદ... સેવો... ૩૦.
જીવ બ્રહ્મ થાયે નહિ, થાયે તો બ્રહ્માનંદ કો'ને;
ભોક્તાપણું જો માનશો, તો જીવ ટળ્યો કહો શાને?
શાને કહો 'ન્યારો નથી બ્રહ્મ નામી',
કયમ બોલ્યો જનક સાયુજ્યતા પામી?
બોલે તે બીજો કહેવાય,
ઈશ્વર જીવ કદી નવ થાય... સેવો... ૩૧.

### : સખ્ય ભક્તિ :

અહોભાગ્ય-મહોભાગ્ય, ધન્ય વ્રજ-જન પરમ પવિત્ર;
પૂર્ણ બ્રહ્મ સનાતન, પરમાનંદ થયા જેના મિત્ર.
મિત્ર થઈ સર્વે સુખ દીધું,
સર્વ ભાવે કારજ બહુ કીધું;
શેષ - મહેશ - વિધિ - શ્રી - અલભ્ય,
તે ફળ શ્રીગોપીજન-લભ્ય... સેવો... ૩૨.

### : આત્મ-સમર્પણ ભક્તિ :

દેહ, પ્રાણ, ઈન્દ્રિય, અંતઃકરણ, ધર્મ, દારા, ગૃહ, ધન;
પુત્ર, આપ્ત, આત્મા સહ, સર્વે સમર્પ્યું જીવ જીવન.
જગ જીવનને, સર્વાત્મભાવે,
સેવા કરે સદા સહજ સ્વભાવે;
તે જ ગમે પ્રભુ જયમ સુખી થાય.
આત્મ નિવેદન એ કહેવાય... સેવો... ૩૩.

સર્વ વસ્તુ છે શ્રીકૃષ્ણની, જેની છે તેને શેં ન સમર્પે?
આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની શીદ ડરપેં?
ડરપે છે કાળથી, રહે છે ઊચાટે,
તેં પરનું માન્યું પોતાનું તે માટે;
જેથી બંધાયો તે વસ્તુ દે મૂકી,
તારી ન જાણીશ-રાઢ એ ચૂકી... સેવો... ૩૪.

### : પ્રેમ લક્ષણા ભક્તિ-સ્નેહ અને એની ચાર અવસ્થા :

રૂપ, ગુણ, દ્રવ્ય, ત્રણ એ કારણ પ્રીત થવાનાં કહાવે;
એ ત્રણ વિકાર રહિત સહજ 'સ્નેહ' તે કૃષ્ણને ભાવે.
ભાવે, એ પ્રેમે વહાલો વશ થાય.
તેને મૂકી ક્ષણું દૂર ન જાય;
તે જને સુખ માન્યું મન એહ,
જયમ ત્યમ થાય સુખી પ્રભુ તેહ... સેવો... ૩૫.
પ્રેમ, આસક્તિ, વ્યસન, એ ત્રણે રૂપ સ્નેહનાં લહિયે;
તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કાંઈ ન કહિયે.
કહિયે 'પ્રેમ'નું લક્ષણ એહ,
જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ;
વિયોગ થાય ત્યારે તપે તન,
ત્યાંનું ત્યાં વળગ્યું રહે મન... સેવો... ૩૬.
એક વાર આખા દિવસમાં પણ, મળ્યા વિના ન રહેવાય;
જો ન મળે તો વિકળ થાય, 'આસક્તિ' એ કહેવાય.
કહેવાયે વ્યસન, આવું જ્યારે થાય,
સામાસામી હૃદય વીંધાય;
'તન્મયતા' તે મૃત્યુ સમાન,
આ ચારે આવે, આપે હરિ દાન... સેવો... ૩૭.

પ્રેમ-લક્ષણા વળી, દગરુચિ સ્મૃતિ અભિલાષ ઉદ્વેગ ચાર;
વ્યાધિ, પ્રલાપ, ઉન્માદ, ત્રણે 'આસક્તિ'ના પ્રકાર.
પ્રકાર 'વ્યસન' તણા બે કહિયે,
જડતા ને વળી મૂર્છા તે લહિયે;
'તન્મયતા'નું લક્ષણ એક,
મૃત્યુ-સાદશ્ય, પણ મરણ ન છેક... સેવો... ૩૮.
જાતિ જુઓ તો આહિરની, તેમાં અબળા અધમ અવતાર;
એ વેદાદિ નહોતી ભણી, નહોતો ઉત્તમ કર્મ અધિકાર.
અધિકાર વિણ એક પ્રેમ-પ્રતાપ,
કર્યા આધીન શ્રીકૃષ્ણજી આપ;
તે ગોપી - પદરજ વંદે ઈશ,
'પ્રેમ લક્ષણા' તે સહુને શીશ... સેવો... ૩૯.
સેવા-સંગત હરિ ભક્તની, કરે 'પ્રેમ-ભક્તિ' ઉત્પન્ન;
તે કરે કૃતારથ એકલી, નવ જોઈએ કોઈ સાધન.
જોઈએ ન વય, વિદ્યા, વિત્ત, વર્ણ,
રૂપ, પરાક્રમ, પવિત્ર આચરણ;
કહેશો, જોયા નથી, કહો કિયે ઠામ?
તો સુણો પ્રગટ બતાવું નામ... સેવો... ૪૦.
ધ્રુવજીને ક્યાં વય હતું? ક્યાં હતું સુદામાને ધંન;
કુબ્જાને રૂપ ક્યાં હતું? ઉગ્રસેનમાં શું પુરુષાતંન?
પુરુષાતન નોહોતું ઉગ્રરાય.
ગજને ક્યાં હતી બ્રહ્મવિદ્યાય?
પારધીમાં ક્યાંથી શુભ આચરણી
કેવળ ભક્તિ પામ્યાં ગિરિધરણ... સેવો... ૪૧.
દ્વાદશ ગુણ-સંયુક્ત છે, દ્વિજ પંડિત સરખો કોય;
પદ્મનાભ-પદ વિમુખ છે, તો તેથી શ્વપચ ભલેરો હોય.

શ્વપચ ભલો જેહને કૃષ્ણાસક્તિ,
મન-કર્મ-વચને કરે કૃષ્ણ ભક્તિ;
કુળ સહિત શ્રેય પામે તેહ,
વિપ્ર શકે ન કરી શુચિ દેહ... સેવો... ૪૨.
શ્રીકૃષ્ણની ભક્તિ અંક છે, બીજા સાધન સર્વે શૂન્ય;
અંક વિના સહુ અફળ છે, સહ શૂન્ય શૂન્ય દશ ગુન્ય.
દશ ગણાં બિંદુ, આધ અંક એક,
અંક વિના સુની શૂન્ય અનેક;
ભક્તિ કરી તેણે સર્વ કાંઈ કીધું,
ભક્તિ વિના સર્વ કાંઈ ન સીધું... સેવો... ૪૩.
નૃગ ભૂપે ગોદાન કર્યાં કેટલાં? કાંઈ ગણતાં ન આવે પાર;
એક દિવસ અણુ દોષ પડ્યો, કૃકલાશ થયો અવતાર.
અવતાર અધમ, થઈ જગ હાંસી,
ગોદાન-પુણ્ય ગયું ક્યાં નાસી?
દાન કર્યાં તો યે પામ્યો દુઃખ,
શા માટે? જે હતો ભક્તિ-વિમુખ... સેવો... ૪૪.
પ્રાચીન-બર્હિષ ભૂપતે, જુઓ કીધા યજ્ઞ અપાર;
ઉર્વી મખાંકિત સૌ કરી, તોયે કાંઈ ન દીઠો સાર.
સાર ભાળ્યો, જે જે પશુ પાડ્યાં,
તે તે રહ્યાં હણવા, નારદે દેખાડ્યાં.
ભય દેખી લીધું સુર-ઋષિ શરણ;
ભક્તિ કરીને પામ્યો હરિ-ચરણ... સેવો... ૪૫.
ભક્તિ તારે ચાંડાળને, જેમાં એકો ન શુભ આચરણ;
તો શું કહેવું પછી તેહનું, ઉદ્ધારે અધમ અન્ય વર્ણ?
વર્ણ સર્વે ઉદ્ધારે જક્ત,
નીચ ઊંચ જે નિજ-આસક્ત;

એક અંગ ભક્તિ ભદ્રદાય,
આશ્ચર્ય શું પૂર્ણ શ્રેય થાય!... સેવો... ૪૬.
ભક્તિ નૌકા તારે સર્વને, જે કો શરણે આવે શુચિ-પાપી;
અન્ય સાધન દારુ-તુંબિકા, ગ્રહે સભય તરે કો કદાપિ.
તરે કદાપિ, બચે કામાદિ ગ્રાહથી,
સામર્થ્ય નહિ અણુ તારવા સાથી;
વિબુધ વિચારી જુઓ નિજ મંન,
ભક્તિ ભલી કે સાધન અન્ય?... સેવો... ૪૭.
ભક્તિ મણિ, જ્ઞાન દીપ છે, ટાળે ઉભય ખરા અંધકાર;
મણિ અભય, દ્યુતિ અચળ છે, દીપકને તો ભય છે અપાર.
અપાર ભય વાયુથી વામે,
તૈલ-પાત્ર બત્તી વણ લય પામે;
જ્ઞાન સભય તો અન્ય કોણ માત્ર?
નિર્ભય ભક્તિ સકળ સુખ-પાત્ર... સેવો... ૪૮.
ભક્ત તે ભક્તિ સ્વરૂપ છે, તેને માયા ન પીડે લેશ;
સ્ત્રી થકી સ્ત્રી મ્હોવાય નહિ, મોહ પામે પુરુષને વેશ.
પુરુષ જ્ઞાન વૈરાગ્ય ને યોગ,
તેને પીડે અજા-રૂપી રોગ.
તે કારણ ભ્રષ્ટ થાય છે તેહ,
ભક્તને અચળ હરિશું સ્નેહ... સેવો... ૪૯.
નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિ કથા, રટે મુખ નામ;
નાસિકા સૂંઘે પ્રેમશું, પ્રસાદી તુલસી પુષ્પ-દામ,
દામ ઘ્રાણ કરે, કર હરિ-સેવા,
દોડે ચરણ પ્રભુ-દર્શન લેવા;
મને ધ્યાન નટવર-છબિ શ્યામ,
સર્વાંગે કરે પ્રભુને દંડ-પ્રણામ... સેવો... ૫૦.

ભક્તિ વિના કેવળ કૃતિ કરે, તેને ફળ પરલોકે ન થાય;
મણિધર પવન ભક્ષી રહે, જુઓ મચ્છ તીર્થ જળ ન્હાય.
મીન તીર્થ, ભીલ-મૃગ વનવાસી,
અંધ ગ્રહે દંડ, કાસદ જાય કાશી
સર્પ દંડવત્, નટ સિધ્ધ-વેશ,
દરશ તપોધન, ભાવ ના લેશ... સેવો...૫૧

### : ભક્ત મહિમા :

શ્રી કૃષ્ણ, શ્રી ગુરુ, ભગવદી, એ ત્રણે એક સ્વરૂપ;
ત્રણ ધારા જયમ સુરસરી, તેમાં ભેદ નહિ તદ્રુપ,
ભેદ નહિ, ત્રણ નામ જ માત્ર,
જોતાં વિચારી દીસે એક જ ગાત્ર;
સ્નેહ વિવેક સેવો, સરે અર્થ,
અવસર અમૂલ્ય ખુઓ શીદ વ્યર્થ? સેવો...૫૨
સત્સંગ સર્વનો સાર છે, તેનો મૂઢ ન જાણે મર્મ;
અદીપ દીપ મળે થયો, દીપ સમતા મળી વણ શ્રમ,
શ્રમ વિના શ્રીનાથ મિલાવે,
કલ્પનું કામ તે પલકે સરાવે;
જયમ નીચ નીર મળતાં ગંગે ગંગ,
એમ સમોવડ દે સત્સંગ... સેવો... ૫૩.
લવ હરિ સંગીના સંગના, સુખની સમતા નહિ કોય;
સ્વર્ગ તથા અપવર્ગનું, સુખ પણ સમોવડ નવ હોય.
નવ હોય સમતા મોક્ષાનંદ,
તો ક્યાં જન ઈચ્છિત સુખ મંદ?
અણ- અનુભવીને આશ્ચર્ય થાય,
પણ અણુ સંદેહ છે નહિ, રાય!... સેવો... ૫૪.

ગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગયે શરણ;
દારિદ્રય ટાળે સુરતરુ, મળી ત્રણ કરે ત્રણ હરણ.
હરણ કરે ત્રણ તે તત્કાળ,
મળતાંમાં હરિજન દયાળ;
જ્ઞાને તાપ હણે, દર્શને દોષ,
દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ... સેવો... ૫૫.
યોગ, યજ્ઞ, જપ, તપ, વ્રતો, બહુ કીધે કષ્ટ કર્મ;
જ્ઞાન, ધ્યાન, અતિ દાનથી, તીર્થ આચરતાં ધર્મ.
ધર્માધ્યયન, વેદ, શાસ્ત્ર પુરાણ,
કોટિ સાધનથી ન પરમ કલ્યાણ;
શ્રેય નવ થાય ઉપાય અનેક,
વિના મહત્ પદ-રજ-અભિષેક... સેવો... ૫૬.
હરિજન તે હરિ-રૂપ છે, તેને મૂરખ નિજ સમ જાણે;
જયમ શશી સાગરમાં હતો, માન્યો મીને તે મીન પ્રમાણે.
મીન પ્રમાણે થયો નહિ સોમ,
મકર રહ્યું ભોમ ને તે વસ્યો વ્યોમ;
ત્યમ વૈષ્ણવ તે વૈકુંઠે જાશે,
અધમ અહીંના અહીં અથડાશે... સેવો... ૫૭.
ચાર વર્ણમાં શ્રેષ્ઠ સર્વથી, બ્રાહ્મણ વર્ણ વિખ્યાત;
તે સહુના પણ કહાવે શિરોમણિ, મોટા મુનિવર સાત.
તે સાતે કરે ધ્રુવની પરિક્રમ્મા,
ધ્રુવ સુત-ક્ષત્રી ને તે સુત બ્રહ્મા;
વિબુધ, વિચાર કરો તમે એહ,
ભક્ત મોટા કે બ્રાહ્મણ-દેહ?... સેવો... ૫૮.
બ્રહ્માદિક વ્રજ-ભક્તની, પદ-રજ વંદે ગુણધામ;
દુર્વાસા ઋષિએ દીન થઈ, કર્યો અંબરીષને પ્રણામ.

કર્યો પ્રણામ જ્યારે અથડાયા,
વળી શબરી પદ-જળે દ્વિજ નાહ્યા;
હરિજનથી મોટું નથી કોઈ,
દુભવે તે દુઃખ પામે, પત ખોય... સેવો... ૫૯.
સંત સેવે નારદ થયા, જુઓ દાસી સુત હરિમન;
તે સુરઋષિના સંગથી, ટળી વ્યાસના ઉરની અગન.
અગન મટી, સમજાવ્યો મર્મ,
શ્રીભાગવત રચ્યું છાંડીને કર્મ;
કલેશ ટાળે, કરે પ્રભુજન-પ્રીત,
દુભવ્યેથી સાંતે સુકીત... સેવો... ૬૦.
યોગી તરે કદી એકલો, હરિજન તારે સહુ સંગી;
સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સંત સુંદર રસરંગી.
રંગે રસિક સેવે ગુણ ગાય,
પોતે પિયે સુધા, સામાને પાય;
ભક્ત સ્નેહી સૌનું સારે કામ,
ધ્યાની સાથે કોઈનો નહિ ઠામ... સેવો... ૬૧.

## : કર્તવ્ય-નિરૂપણ :

સર્વ પ્રાણી ઉપર દયા, આણવો નહિ કોઈનો દોષ;
વશ કરવી ઈંદ્રિય સહુ, યથા લાભ સંતોષ,
સંતોષ ધરી વદવી સત્ય વાણી,
દૃઢ આશ્રય-પ્રભુ દીનતા આણી;
દુષ્ટ સંગથી રહેવું દૂર,
વસવું સદા હરિજનની હજૂર... સેવો... ૬૨.
દુષ્ટ સંગત તેને જાણિયે, જે ભુલાવે ભગવંત;
સ્નેહ કરાવે કૃષ્ણશું, તે તો કહીએ સાચા સંત.

સંત સાચા તેની સંગત કરીએ
અસમર્પિત અન્યાશ્રયથી ડરિયે;
'હું હરિનો' 'હરિ મારા નાથ',
એ નિશ્ચે કરવું મન સાથ... સેવો... ૬૩.
અન્યાશ્રય અસમર્પિત એ બે મોટા દુસ્તર રોગ;
સર્વ વસ્તુ શ્રીનાથને અર્પી, ઉચ્છિષ્ટ કરવો ભોગ.
ભોગ કરવો હરિ-ભક્તની સંગે,
એકજ શ્રીકૃષ્ણ સેવવા રંગે;
દૃઢ આશ્રય ગુરુદેવનો ધરવો,
(તો) ગોવત્સ-પદવત્ ભવદધિ તરવો... સેવો... ૬૪.
ગુણની ઉપર ગુણ કરે, એ તો રીત જગતમાં પ્રકાશ;
અવગુણ સામો ગુણ કરે, તે મોટા હરિના દાસ.
દાસ દોષ સહુના સંતાડે.
ગુણ હોય અલ્પ તે અધિક દેખાડે;
સાગર-લાંછન વિષ શિવે પીધું,
શશી-યશ પ્રગટ લલાટે દીધું... સેવો... ૬૫.
વિશ્વંભર વશ તેહને, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ;
હિત ઈચ્છે સહુ જગતનું, નવ ધરે કોઈની આશ.
આશ કરે એક શ્રીગોપાળ,
વ્યતીત કરે હરિ-સેવામાં કાળ;
સેવે ગુરુનો લઈ ઉપદેશ,
ધરિયે સાચો વૈષ્ણવનો વેશ... સેવો... ૬૬.

### : ગુરુદેવનું માહાત્મ્ય :

ધ્યાન મૂળ રૂપ શ્રી ગુરુ, પૂજનનું મૂળ ગુરુ-પાય;
મંત્ર મૂળ ગુરુ-વાક્ય છે, મૂળ મોક્ષનું ગુરુ-કૃપાય.

ગુરુ કૃપા વાંછિત ફળ થાય,
હરિ રૂઠે તો ગુરુ કરે સહાય;
ગુરુ કોપે કયહુ નહિ ઠેકાણું,
અધિક આચાર્યથી કો નવ જાણું... સેવો... ૬૭.
ક્રોધી ગુરુ તો નૃસિંહજી, કામી હોય તો કૃષ્ણ કહિયે;
લોભ દાખે તો વામનજી, પણ હરિ સાચા એ લહિયે.
લહિયે એ પાખે દાખે જો કુકૃત્ય,
તો પણ માનિયે એ થકી ગત્ય;
જેણે સોંપી આપ્યા જગદીશ,
તેનો ઋણી સદા તે શિષ્ય... સેવો... ૬૮.

### : અનન્ય શરણનો પ્રતાપ :

ભોજન-વસનની ચિંતા કરી, વૈષ્ણવે ન થાવું ઉદાસ;
વિશ્વંભર પૂરે વિશ્વને તે, કયમ ભૂલે નિજ દાસ?
દાસ-આશ પૂરે સહુ વણ-માગ્યે,
વણ કહ્યે સહાય કરે અનુરાગે;
હરિ ભજતાં કાંઈ નવ રહે ખામી,
નથી અજાણ્યા એ અંતર્યામી... સેવો... ૬૯.
અજબ ગુલમેહેરી જળ વસે, પક્ષિણી મુખ રટે હરિ નામ;
ખાન-પાન મોઢે નવ કરે, છૂટે મુખ થકી સુંદર શ્યામ.
શ્યામે વિચારી કર્યું તેહને સુખ,
ચરણ ચરવા કર્યાં મયૂરનાં મુખ;
પૂંછે વદન કર્યું, ઊંટની ગ્રીવા,
શ્રીહરિ યુક્તિ કરી જળ પીવા... સેવો... ૭૦.
અજગરને અનાયાસ હરિ, આપે આહાર વનમાં લાવી;
સક્કરખોરને સાકર, સાગર-બેટમાં દે છે મિલાવી.

મિલાવે ચાતકને જળ-સ્વાતી,
ગિરિ-શૃંગે વૃક્ષ પોષે કોઈ ભાતી;
સ્ત્રી-સ્તને પય કર્યું પોષવા બાળ,
તે તુંને નહિ ભૂલે, ભજ ગોપાળ... સેવો...૭૧
ભક્ત-મનોરથ સૌ પૂરે પ્રભુ, કઠિન સરળ ગુરુ નાના,
જેહનાં પૂર્યાં તેનાં નામ કહું, તું પૂછીશ કોહના.
કહાન ગયા કુબ્જા-પતિ થાવા,
પારથ-પત્ની થયા જળ પાવા;
પૂરી પુત્ર થઈ અદિતિની આશ,
પાંડવ-કાર્ય કર્યાં થઈ દાસ... સેવો... ૭૨.
છડીદાર ઉગ્રસેનના, થયા દ્વારપાળ બલિ-ભૂપ;
નરસૈયાના બાપનું શ્રાધ કર્યું, સેના માટે નાપિક-રૂપ.
રૂપ-મહાર દામાજી સારુ,
નામાનું છાપરું છાયું ચારું;
વારિ વહ્યું ત્રિલોચન ઘેર,
મીરાંબાઈનું પીધું ઝેર... સેવો... ૭૩.
ઈચ્છે રૂડું પ્રભુ જગતનું, તે કયમ બુરું કરે નિજ દાસ?
જે કરશે હરિ તે ભલું તાહરું, તું ધર દૃઢ વિશ્વાસ.
વિશ્વાસ રાખ, કલ્પના મૂક,
સેવા-સ્મરણમાં નવ ચૂક;
નહીં મળે ફરી અવસર આવો,
હરિ ભજી લો મનુષ્ય દેહ લ્હાવો... સેવો... ૭૪.
જો દુઃખ થાયે હરિ સેવતાં, તો તે સુધા સમું પ્રમાણો;
વિષય ભોગવતાં સુખ છે, તે વિષ સરખું સર્વ જાણો.
જાણો જેમ ખસ ખણતાં મીઠી,
ક્ષણ પછી આગ ઊઠે અંગીઠી;

ઓસડ પીતાં કટુ તુરું લાગે,
રોગ ગયા પછી આનંદ જાગે... સેવો... ૭૫.
શ્રીગિરિવરધર સેવતાં, ભય રાખવો ભૂપતિ સમાન;
બાળક સમ વાત્સલ્યને, ધરવો સ્નેહ તો જાર સમાન.
જાર સમાન પ્રિય પ્રભુ લાગે,
તો દુઃખ જન્મ-જન્મનાં ભાગે;
પ્રેમ-પીયૂષ પીધું તે જાણે,
નથી સ્વાદ કોઈ એહ પ્રમાણે... સેવો... ૭૬.

### : કર્તવ્ય-અકર્તવ્ય વિચાર :

જે પ્રતિકૂળ પ્રભુ સેવતાં, તેને તજિયે, ના વળગિયે વ્યર્થ;
જનની, જનક, પતિ, પુત્ર, ભ્રાત, ગુરુ છાંડવા જદપિ સમર્થ.
સમર્થ તાત ત્યજ્યો પ્રહ્લાદે,
ભરતે માત મૂકી હરિ સ્વાદે;
પતિ ઋષિ પત્ની, વિભીષણ ભ્રાત,
ગુરુ ના ગણ્યા બલિએ સાક્ષાત્... સેવો... ૭૭.

### : શરણ-માહાત્મ્ય :

દેવ પિતૃને મનુષ્ય-ઋણ, ત્યાં લગી માણસને કહેવાય;
જ્યાં લગી સર્વાત્મ-ભાવે, શ્રીકૃષ્ણને શરણે ન જાય.
શરણ ગયે સર્વે ઋણ છૂટે,
ચિત્રગુપ્તનું લેખું ત્રૂટે;
કાલ કર્મનો ભય નહિ તેને,
શીશ ધણી સમર્થ હરિ જેને... સેવો... ૭૮.
કર્તું અકર્તું અન્યથાકર્તું, સમર્થ શ્રીહરિરાય;
ના થાવાનો કરે પદારથ, થાવાનું મટી જાય.

મટી ગયું જે વસિષ્ઠે વિચાર્યું.
તે ક્ષણે વન, જે સમે રાજ્ય ધાર્યું;
બ્રહ્માના સુત, એ ત્રિકાળના જ્ઞાની,
ઈચ્છાએ વચન, તેની પણ હાની... સેવો... ૭૯.
સહસ્ર ભુજાપતિ રાખશે, તેને હણશે શું બે ભુજાવાળો?
તેજ પુરુષ જ્યારે મારશે, ત્યારે કોઈ નથી રખવાળો.
રખવાળો - રિપુ છે નહિ કોય,
સઘળી વસ્તુ શ્રીકૃષ્ણથી હોય;
કર્તા-હર્તા એક શ્રી વ્રજરાય,
એના કર્યા વિના કાંઈ નવ થાય... સેવો... ૮૦.
કર્યું થાય શ્રીકૃષ્ણનું, કોથી ઘટે વધે નહિ લેશ;
તેજ પ્રમાણે સુખ-દુઃખ લાભાલાભ, ન સંશય રેશ.
રેશ રહે નહિ તે સમે શુદ્ધિ,
જેવું હોનાર તેવી થાયે બુદ્ધિ;
થનાર તે સહેજે પણ થાય,
તું કર્તા નથી, શીદ પસ્તાય?... સેવો... ૮૧.
હરિ જંત્રી, તું જંત્ર છે, તેમ વાજે વજાડે જયંમ;
કાષ્ઠ પૂતળી નૃત્ય કરે, સુત્રધાર નચાવે ત્યંમ.
ત્યંમ વિધિ-નિષેધ સૌ હરિ-હાથે,
તું મિથ્યા તાણી લે શીદ માથે?
વિચાર, જો જીવનું કર્યું હોય,
તો દુઃખી જગતમાં થાય ન કોય... સેવો... ૮૨.
જેની રચના જોઈને, ઘણો મોહ ઉપજે છે મંન;
તે કર્તામાં શી કમી હશે? તું જોની વિચારી જંન.
જન, પૂર્ણ મનોરથ થાશે તાહારો,
ઘાટે શું મોહ્યો? તું જો ઘડનારો;

તેને મળ્યે પૂર્ણાનંદ થાશે,
ભવ વૈભવ તૃષ્ણા ટળી જાશે... સેવો... ૮૩.
કરવા પ્રસન્ન ચાહે પ્રભુને તો, અભિમાન અળગું નાખ;
શીઘ્ર દયા કેશવ તણી ઈચ્છે, તો તું દીનતા રાખ.
રાખ દીનતા એકજ કરીને,
કરવા કૃપા મન થાશે હરિને;
બોત્તેર કોટિએ સર્યું ન કામ,
દીનતા એક બંધાયા દામ... સેવો... ૮૪.
શિલા બુદ્ધિ શાલિગ્રામમાં, હરિ-સ્વરૂપને ધાતુ પ્રમાણે;
મનુષ્ય લહે ગુરુદેવને, જાતિ-ભાવ વૈષ્ણવમાં આણે.
આણે મહાપ્રસાદ મતિ-અન્ન,
હરિ ચરણોદક પ્રીછે વંન;
અન્ય વરણ સમ લહે હરિનામ,
ઈત્યાદિકનાં નરકમાં ઠામ... સેવો... ૮૫.
નિગમ ચાર, ખટ્શાસ્ત્ર, અષ્ટાદશ પુરાણ, ચૌદ વિદ્યાય;
વ્યાકરણ નવ, બત્રીશે (વળી) લક્ષણ, જાણે ચોસઠ કળાય.
કળા, રાગ છત્રીશે ગાય,
વિશદ કીર્તિ ચક્રવર્તી રાય;
પણ નથી ભક્તિ જો નંદકુમાર,
તો સહુ ધૂળ મળ્યું ધિક્કાર... સેવો... ૮૬.
શ્રમ કરી સહુ વિદ્યા ભણ્યો, મહાપંડિત કહાવ્યો જકત;
પણ તેનો સાર સમજ્યો નહિ, (જો) ન થયો ભગવદ્ ભક્ત.
ભક્તિ વિના શ્રમ અફળ સૌ સાર,
જયમ રાસભ વહે ચંદન-ભાર;
જ્યમ અહિ મણિ-દ્યુતિ મેળવે આહાર,
ત્યમ તેં ઉદર ભર્યું, ધિક્કાર... સેવો... ૮૭.

સ્પર્શ મણિના પુર વિશે, રચ્યું ચિંતામણિ મય ધામ;
કલ્પવૃક્ષની વાડ, ગાય ઘેર કામદુધા જેહનું નામ.
કામદૂધા, અક્ષય પાત્ર અતૂલ,
નવ નિધિ, અષ્ટ મહાસિદ્ધિ અનુકૂળ;
પણ નથી વલ્લભ જો વ્રજનાથ,
તો એટલું મળ્યે ઘસવા હાથ... સેવો... ૮૮.
કૃષ્ણ કીર્તન નહિ કર્ણમાં, તે તો શ્રવણ રાફડા કહિયે;
નિરખ્યા નહિ જેણે નેત્રે હરિ, કેકિ પિચ્છ ચાંદલા લહિયે.
લહિયે દાદુર-જિહ્વા હરિ નવ બોલે,
કર-પદ સેવા રહિત શબ-તોલે;
વૃક્ષ-જીવન શ્વાસ ધમણ સમાન,
ગ્રામ-શુકર સમ છે ખાન-પાન... સેવો... ૮૯.
જગ દર્પણ જોનાર તું, સાહામું દીસે જેહેવું તુજ પાસે;
દુષ્ટને દુષ્ટ, સાધુને સાધુ, ભવ-આદર્શમાં ભાસે.
ભાસે તે સૌ નિજમાં છે જાણો,
દોષ રહિત દુનિયા પરમાણો;
એહ વિવેકે જો રહેવાય,
તો રાગ-દ્વેષ નવ કો થકી થાય... સેવો... ૯૦.
જીવ સર્વ હરિ-અંશ છે, તેનાં વિચિત્ર ભાંતિ સ્વભાવ;
સર્વથી હળી મળી ચાલીયે, આતો છે સંજોગ નદી નાવ.
નાવ-તરંગ-નદી એમ જાણો
કોથી ન બગાડ, બે દિનનો પ્રાહાણો;
સહુને સદા એક સ્થળ નથી રહેવું,
કટુક વચન માટે કોઈને ન કહેવું... સેવો... ૯૧.
પ્રભુ પાસે કંઈ ના માગિયે, માગ્યે પસ્તાવો થાય;
ઉદાસી આવે નાથને, વેપાર સરીખું જણાય.

જણાય એહેવું માટે રખે જાચો!
સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો;
વણ માગ્યે સહુ આપે એ સ્વામી,
નથી અજાણ્યા અંતર્યામી... સેવો... ૯૨.
દાસીના સુતના સૌ પિતા, રાણી-સુતનો તો એક જ રાય;
ભક્તિ અંશ શ્રીકૃષ્ણ જ સેવે, ને માયિક સર્વને ધાય.
ધાયે તો યે કરે સહાય ન કોય,
કામ પડે ત્યારે અંતે રોય;
આવાગમનમાં સદા અથડાય,
કો કાળે હરિ વિના ગત્ય ન થાય... સેવો... ૯૩.
નાહાનો પદાર્થ મોટો દેખાડે, ને પાક્યાને દાખે કાચો;
ઉગ્ર હોય તેને અણુ બતાવે, ને જૂઠાને મનાવે સાચો.
સાચો ભાસે એ જ માયાનું રૂપ,
એણે કીધા વશ રંકને ભૂપ;
એને જીત્યાનો છે એક ઉપાય,
સાચું શરણ લહો શ્રીવ્રજરાય... સેવો... ૯૪.
માયા છે ઘંટી, ખીલડો હરિ, તેમાં જીવ ચરાચર અન્ન;
જે પડ્યું તે પીસાય છે, તું જોની પ્રકટ લોચંન.
લોચને જો, એક બચે છે તેહ,
ખીલ સમીપે રહે છે જેહ;
જે ક્ષણે ત્યાંથી ખસ્યો કણ આઘો,
તે તત્કાળ દળાવા લાગ્યો... સેવો... ૯૫.
પરિવારિ સૌ કામથી, કોઈ મૃત્યુ ન પામ્યો જંત;
આ કીધું છે, આ કરવું છે, એમ કરતાં આવશે અંત.
અંત આવ્યો હરિ ક્યારે ગાશે?
ચેત ચેત નહિ તો પસ્તાશે;

એ મરણ નહિ આવે કાને કહીને;
થશે અંધારું ઓચિંતુ થઈને... સેવો... ૯૬.
ઉત્તર વચન તે માનવું, પૂર્વનું નહિ પ્રમાણ;
છેલ્લું રચ્યું શ્રીભાગવત, સૌ પહેલાં રચ્યાં અન્ય પુરાણ.
પુરાણ પૃથક્ પૃથક્ કર્યાં વ્યાસે,
તો યે રહેતું ઉર ભરિયું ઉદાસે;
મર્મ બતાવ્યો નારદ મિત્ર,
'સુખ થાશે, રચો ભક્તિ-ચરિત્ર'... સેવો... ૯૭.

### : શરણ-રીતિ :

પુષ્ટિ પથ-પ્રભુ શ્રીવલ્લભકુળ, જઈએ ત્હેને શરણ;
નામ નિવેદન-મર્યાદા ધરી, સેવિયે શ્રીગિરિધરણ.
શ્રીગિરિધરણ-ગુરુ-વૈષ્ણવ પ્યાર,
ઉધ્ધારે, ગતિ કરે માર્ગ અનુસાર;
મનુષ્ય જન્મનો એ છે સાર,
જે માને તે પામે પાર... સેવો... ૯૮.

### : ગ્રંથ-રચન-પ્રયોજન :

મહામંદ-મતિ જીવ કલિના તે સર્વ શાસ્ત્ર ક્યાં ખોળે?
માટે સકળ સિદ્ધાંત-સાર, શોધી કીધો છે ટોળે.
ટોળે કરાવ્યો પ્રભુ મતિ દીધી!
નિજજન જાણીને કરુણા કીધી;
'ભક્તિ પોષણ' ધર્યું ગ્રંથનું નામ,
કથે, સુણે, સરે સર્વનાં કામ... સેવો... ૯૯.

### : ફલ-શ્રુતિ :

એકસો ને એક ચંદ્રાવલાં, આ ગ્રંથ તણા છે સાર;
પ્રતિ પદ શુભ સિદ્ધાંત ભર્યું છે, વાંચીને કરજો વિચાર,

વિચારતાં વલ્લભ હરિ થાશે,
સર્વ ક્લેશ સમૂળા જાશે.
આચરણ કરતાં આનંદની હેલી,
ભક્તિ શ્રીકૃષ્ણની કરજો વ્હેલી... સેવો... ૧૦૦.

### : કવિની ઓળખ :

મહા નદી શ્રીનર્મદા-તટે, ચંડી-પુરી મહાધામ;
જ્ઞાતિ નાગર સાઠોદરા દ્વિજ, ભટ 'દયાશંકર' નામ.
નામ વલ્લભી વૈષ્ણવ દાસ,
ગુરુ-પ્રતાપે કર્યા ગ્રંથ પ્રકાશ;
શીખે સાંભળે જે જન ગાય.
તેને મન-વાંછિત ફળ થાય... સેવો... ૧૦૧.
(ભક્ત કવિ 'શ્રીદયારામભાઈ' કૃત ભક્તિ-પોષણ સમાપ્ત)

## બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ

ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપકલેશનો આનંદ થવો જોઈએ તે જેને તિરોધાન થયો છે એવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રી ગોપીજનવલ્લભને) દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું. હે કૃષ્ણ! હું તમારો છું.

⁂



શ્રી હરિરાયજી મહાપ્રભુ

## શ્રીવલ્લભ સાખી

કોઈ પણ ગ્રંથારંભે મંગલાચરણ કરવાની પ્રાચીન પરંપરા છે. તદનુસાર પુષ્ટિમાર્ગના સર્વજ્ઞ શ્રીહરિરાયચરણ 'રસિક' છાપથી શ્રીવલ્લભને વંદન કરી આ લઘુગ્રંથનો આરંભ કરે છે :

શ્રીવલ્લભ પદ વંદો સદા, સરસ હોત સબ જ્ઞાન ।
'રસિક' રટત આનંદ સોં, કરત સુધારસ પાન ॥૧॥

શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાધીશના ચરણકમળોમાં હું સદા વંદન કરું છું કે જેનાથી શ્રીવલ્લભના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન થાય છે તથા આનંદપૂર્વક નામ રટણ કરવાથી શ્રીવલ્લભ સુધારસ પાન કરવાનું સૌભાગ્ય સાંપડે છે.

ઓર કછુ જાન્યો નહીં, બિના શ્રીવલ્લભ એક ।
કર ગ્રહિ કે છાંડે નહીં, જિનકી એસી ટેક ॥૨॥

હું(શ્રીહરિરાયજી) શ્રીવલ્લભ વિના અન્ય કંઈ જ જાણતો નથી. આપશ્રીની એવી તો ટેક છે કે જેનો હાથ પકડે છે તેવા જીવોને ક્યારેય છોડતા નથી.

શ્રીવલ્લભ શ્રીવલ્લભ રટત હોં, જહાં દેખો તહાં યેહ ।
ઈનહિં છાંડ ઔરહિં ભજે, તો જર જાવો વા દેહ ॥૩॥

હું 'શ્રીવલ્લભ, શ્રીવલ્લભ'એ પ્રમાણે નિત્ય સ્મરણ કરું છું. જ્યાં જ્યાં મારી દૃષ્ટિ પડે ત્યાં ત્યાં મને શ્રીવલ્લભનું જ દર્શન થાય છે. શ્રીવલ્લભને ત્યજી અન્યને ભજે તો આ દેહ તરતજ બળી જવો જોઈએ. અર્થાત્ શ્રીવલ્લભાધીશનો અનન્ય આશ્રય હોવો જોઈએ.

('અન્ય સંબંધ ગંધોપિ કંદરામેવ બાધતે' અર્થાત્ અન્ય દેવી-દેવતાઓનો સહેજ પણ સંબંધ કંઠને બાધકરૂપ છે. - શ્રીગુસાંઈજી કૃત 'ભક્તિહેતુનિર્ણય' ગ્રંથ.)

**દેવી દેવ આરાધિકેં, ભૂલ્યો સબ સંસાર ।**
**શ્રીવલ્લભ નામ નૌકા બિના, કહો કો ઉતર્યો પાર ॥૪॥**

દેવી-દેવતાઓની ઉપાસનાથી આ સંસારમાં ભૂલા પડાય છે. કેવળ શ્રીવલ્લભનામરૂપી નૌકા વિના આ ભાવસાગરમાંથી કોઈ પાર ઉતરી શક્યું નથી.

(દેવ-દેવીઓ ભગવાનના અંશ-કલા રૂપ છે. જુઓ ૨૫૨ વૈષ્ણવ વાર્તા ૬૬ અને ૧૪૮. વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજી પણ ગાય છે ‘વિબુધ વાંછે વાસ વસુમતિ ઉપરે શ્રીવલ્લભકુંવરની ટહેલ કરવા.’ આથી દેવી-દેવતાઓનો આશ્રય મહાબાધકરૂપ છે.)

**એસે પ્રભુ ક્યોં વિસારિયે, જાકી કૃપા અપાર ।**
**પલ પલમેં રટતે રહો, શ્રીવલ્લભ નામ ઉચ્ચાર ॥૫॥**

જેઓની આટલી બધી કૃપા છે એવા શ્રીવલ્લભ પ્રભુને કેમ ભૂલી શકાય? ક્ષણે ક્ષણે શ્રીવલ્લભનામનો ઉચ્ચાર કરતાં રહેવું જોઈએ.

(ભગવદ્નામનું માહાત્મ્ય શ્રીમહાપ્રભુજી અને શ્રીચૈતન્ય પ્રભુના મિલનપ્રસંગે થયેલા વાર્તાલાપમાં જોવા મળે છે. જીવ એકવાર પણ ભગવદ્નામ લે તો તેના કરોડો પાપોનો ક્ષય થઈ જાય છે. એવા શ્રીચૈતન્ય પ્રભુના વચનોના પ્રત્યુત્તરમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ગાયના શિંગડા પર રાઈનો એક દાણો કહે તેટલી ક્ષણ પણ જો જીવ ભગવદ્નામ ભૂલે તો તેજ ક્ષણે આસુરાવેશ થાય છે. અર્થાત્ ભગવદ્નામ વિના એક પળ પણ જવી ન જોઈએ.)

**શ્રીવલ્લભ નામ અગાધ હૈ, જહાં તહાં મત બોલ ।**
**જબ હરિજન ગ્રાહક મિલે, તા આગે તૂ ખોલ ॥૬॥**

શ્રીવલ્લભનું નામ મહા અલૌકિક-અગાધ છે. દરેક જીવ તે નામ લેવાનો અધિકારી નથી. આથી ગમે ત્યાં શ્રીવલ્લભનું નામ બોલવું જોઈએ નહિ. જ્યારે વૈષ્ણવરૂપી ગ્રાહક મળે ત્યારે તેની સમક્ષ જ શ્રીવલ્લભનામનો ઉચ્ચાર કરવો.

**શ્રીવલ્લભ વર કો છાંડિકે, ઔર દેવકો ધ્યાય ।**
**તા મુખ પન્હૈયા કૂટિયે, જબ લગ કૂટી જાય ॥૭॥**

શ્રીમહાપ્રભુજીને છોડીને જે અન્ય દેવી-દેવને ભજે તેના મુખ પર પન્હૈયા અર્થાત્ જૂતાં મારવા જોઈએ. જૂતાં એટલા સુધી મારવાં કે તેનું મુખ છૂંદાઈ જાય. (અહીં અન્યાશ્રયથી સદા દૂર રહેવાની શ્રીહરિરાયજી આજ્ઞા કરી રહ્યા છે. સ્વયં શ્રીમહાપ્રભુજી પણ ‘વિવેકધૈર્યાશ્રય’ ગ્રંથના શ્લોક-૧૪માં ‘અન્યદેવનું ભજન, અન્ય દેવના સ્થાને સ્વયં સામે ચાલીને જવું તથા કોઈપણ પ્રકારની લૌકિક-અલૌકિક પ્રાર્થના’ આ ત્રણેનો સદા ત્યાગ કરવાની આજ્ઞા કરે છે.)

**શ્રીવલ્લભ શ્રીવલ્લભ રટત હો, વલ્લભ જીવન પ્રાણ ।**
**શ્રીવલ્લભ કબહું ન વિસરી હો, મોહિ માત પિતાની આન ॥૮॥**

શ્રીવલ્લભ મારા જીવનના પ્રાણરૂપે છે. હું સદા ‘શ્રીવલ્લભ, શ્રીવલ્લભ’ નામનું રટણ કરું છું. મારા માતા-પિતાની આન(સોગંદ) લઈને કહું છું કે શ્રીવલ્લભને ક્યારેય ભૂલીશ નહિ.

**મૈં ઈન ચરન ન છાંડિહોં, શ્રીવલ્લભવર વ્રજ ઈશ ।**
**જો લૈં તન મેં શ્વાસ હૈ, તોલોં ચરણ ધરો મમ શીશ ॥૯॥**

શ્રીવલ્લભ વ્રજના અધિપતિ છે. આપશ્રીના ચરણકમળોનો હું કદાપિ ત્યાગ કરીશ નહિ. જ્યાં સુધી મારા દેહમાં શ્વાસ છે, ત્યાં સુધી આપશ્રીના ચરણારવિંદ પર જ મારું મસ્તક ધરીશ.

(જેમ ભગવાન શ્રીકૃષ્ણ વ્રજના ઈશ છે તેમ શ્રીમહાપ્રભુજી પણ વ્રજના ઈશ છે, કારણ કે ‘વસ્તુતઃ કૃષ્ણ એવ’ એમ શ્રીગુસાંઈજી શ્રીવલ્લભાષ્ટકમાં આપશ્રીનું સ્વરૂપ પ્રગટ કરે છે.)

**બહુત દિન ભટકત ફિર્યો, કછુ ન આયો સાથ ।**
**શ્રીવલ્લભ સુમર્યો તબૈ, પર્યો પદારથ હાથ ॥૧૦॥**

ઘણા દિવસોથી સંસારસાગરમાં હું ભટક્યા કરું છું, પરંતુ કંઈ જ મારા હાથમાં આવ્યું નથી. જ્યારથી શ્રીવલ્લભના ચરણારવિંદનું સ્મરણ કર્યું છે, ત્યારથી પુષ્ટિના ચારે પદાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મને પ્રાપ્ત થયા છે.

**પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોર્થો હરિરેવ હિ ।**
**કામો હરેર્દિદૃક્ષૈવ મોક્ષઃ કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ॥**

(શ્રીમદ્ભાગવત-વૃત્રાસુર ચતુઃશ્લોકી પર શ્રીમહાપ્રભુજી કૃત કારિકા)

પુષ્ટિમાર્ગના ચાર પુરુષાર્થો : ૧. શ્રીહરિની સેવા એજ ધર્મ, ૨. શ્રીહરિ એ જ અર્થ, ૩. શ્રીહરિદર્શનની અભિલાષા એ જ કામ અને ૪. શ્રીહરિનું દાસ્ય એ જ મોક્ષ.

**બહે જાત ભવસિંધુમેં, દૈવી સૃષ્ટિ અપાર ।**
**તિનકો કરન ઉદ્ધાર પ્રભુ, પ્રકટે પરમ ઉદાર ॥૧૧॥**

લીલામાંથી વિખૂટા પડયા પછી આ દૈવી સૃષ્ટિ ભવ સાગરમાં વહી જતી હતી. આથી તેનો ઉદ્ધાર કરવા માટે જ પરમ કૃપા કરીને શ્રીવલ્લભ ભૂતળ પર પધાર્યા છે.

**શ્રીવલ્લભ કરુના કરી, કલિમેં લિયો અવતાર ।**
**મહા પતિત ઉદ્ધાર કે, કીનો યશ વિસ્તાર ॥૧૨॥**

પ્રવર્તમાન કલિકાલમાં અત્યંત કૃપા કરી, મહાપતિત જીવોના ઉદ્ધાર અર્થે શ્રીમહાપ્રભુજી ભૂતળ પર પ્રગટ થયા છે અને સ્વયશનો વિસ્તાર કર્યો છે.(પતિતપાવનઃ 'સ્ત્રીશુદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ' વગેરે આપશ્રીના નામ છે. શ્રીસુબોધિનીજી, અણુભાષ્ય, નિબંધ આદિ ગ્રંથો દ્વારા આપશ્રીએ સ્વકીર્તિનો વિસ્તાર કર્યો છે.

**શ્રીવલ્લભ વલ્લભ કહત હોં, વલ્લભ ચિતવન બેન ।**
**શ્રીવલ્લભ છાંડ ઔરહિ ભજે, તો નહિ નિરખો નેન ॥૧૩॥**
(પાઠભેદ - ફુટ જાઓ દોઉ નેન)

મારા ચિત્તમાં અને વાણીમાં શ્રીવલ્લભ જ છે. હું સદા 'શ્રીવલ્લભ' નામનું જ સ્મરણ કરું છું. શ્રીવલ્લભને છોડી અન્યને ભજે તો આ બંને નયનોએ અન્ય કંઈ જ જોવું જોઈએ નહિ, અથવા બંને નયનો ફૂટી જવા જોઈએ.

**ધૂર પરો વા વદનમેં, જાકો ચિત્ત નહીં ઠૌર ।**
**શ્રીવલ્લભવરકો વિસારીકે, નયનન નિરખો ઔર ॥૧૪॥**

જેના ચિત્તમાં એકાગ્રતા નથી અને શ્રીવલ્લભને છોડી જેના નયનો અન્યને નિરખવા આતુર બનતા હોય તેવા જીવના જીવનમાં ધૂળ પડવી જોઈએ અર્થાત્ તેવા જીવને ધિક્કાર છે.

**શરણાગતિ જબ લેત હૈં, કરત ત્રિવિધ દુઃખ દૂર ।**
**શોક મોહ તેં કાટિકે, દેત આનંદ ભરપૂર ॥૧૫॥**

શ્રીવલ્લભના શરણથી જીવના ત્રિવિધ દુઃખ-આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક તરત જ દૂર થાય છે. જીવના શોક-મોહ દૂર કરીને સ્વરૂપાનંદનું દાન કરે છે.(ચોરાસી વૈષ્ણવ વાર્તા-પ્રસંગોમાં અનેક દૈવી જીવોના આવા દુઃખો દૂર કર્યાના પ્રસંગો છે.)

**યશ હી ફેલ્યો જગતમેં, અધમ ઉદ્ધારન આય ।**
**તિનકી વિનતી કરત હોં, ચરણ ચિત્ત નામ લાય ॥૧૬॥**

અધમ જીવોના ઉદ્ધારને માટે જ આપશ્રીએ ભૂતળ પર પધારીને દશે દિશામાં સ્વયશ પ્રસરાવ્યો છે. આથી આવા મહાકારૂણિક શ્રીવલ્લભના ચરણારવિંદમાં એક ચિત્ત રહે તેવી શ્રીહરિરાયજી વિનંતી કરી રહ્યા છે.

**પતિતનમેં વિખ્યાત હોં, મહા પતિતકો ધામ ।**
**અબ યાચક હોય જાંચ હોં, શરણાગતિ સબ યામ ॥૧૭॥**

'હું પતિતોમાં પ્રસિદ્ધ છું.' મહાપતિતનું ધામ છું' આથી આઠે પ્રહર શરણે રાખવા યાચક બનીને શ્રીહરિરાયચરણ વિજ્ઞપ્તિ કરી રહ્યા છે.

**શ્રીવલ્લભ વિઠ્ઠલનાથ જૂ, સુમૈર એક ઘડી ।**
**તાકે પાતક યોં જરે, જ્યોં અગ્નિમેં લકડી ॥૧૮॥**

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સ્મરણ માત્રથી જ જીવના કોટાનકોટિ પાપો, જેમ અગ્નિમાં કાષ્ઠ બળે તેમ ભસ્મીભૂત થઈ જાય છે.

**ધરણી અતિ વ્યાકુલ ભઈ, વિધિ સોં કરી પુકાર ।**
**શ્રીવલ્લભ અવતાર લે, તાર્યો સબ સંસાર ॥૧૯॥**

પૃથ્વી પર જ્યારે અધર્મ વધે છે ત્યારે પૃથ્વી વ્યાકુળ બની બ્રહ્માજીને શરણે જઈ પ્રાર્થના કરે છે અને ભગવદ્ અવતાર થાય છે. વર્તમાન કલિકાલમાં પણ શ્રીવલ્લભે પ્રગટ થઈ, ખુલ્લા ચરણારવિંદે ત્રણ ત્રણ પૃથ્વી પરિક્રમા કરી તેને સનાથ બનાવી છે અને સંસારના પ્રવાહમાંથી દૈવી જીવોને તાર્યા છે.

**શ્રીવલ્લભ રાજકુમાર બિનુ, મિથ્યા સબ સંસાર ।**
**ચઢિ કાગદકી નાવ પર, કહો કો ઉતર્યો પાર ॥૨૦॥**

શ્રીવલ્લભ રાજકુમાર એટલે શ્રીગુસાંઈજી વિના આ સર્વ સંસાર મિથ્યા છે. શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલનામરૂપી નૌકાના સહારે જ આ ભવસાગરમાંથી પાર ઉતરી શકાય તેમ છે, પરંતુ કાગળની નાવ પર બેસીને કોઈ પાર ઉતરી શક્યું નથી.(કાગળની નાવ અર્થાત્ જીવના સાધનબળે.)

**કલયુગ ને સબ ધર્મકે, દ્વાર જુ રોકે આય ।**
**શ્રીવલ્લભ ખિડકી પ્રેમકી, નિકસ જાય સો જાય ॥૨૧॥**

કલિયુગ દોષોનો નિધિ છે અને તેણે ભગવદ્પ્રાપ્તિના સર્વ માર્ગો રોકી લીધા છે. માત્ર શ્રીવલ્લભપ્રેમની અર્થાત્ પ્રેમલક્ષણા ભક્તિની ખિડકી જ ખુલ્લી છે કે જેના દ્વારા આપશ્રીના કૃપાબળે આ ભવસાગરમાંથી પાર જઈ શકાય છે.

**ભગવદ્ ભગવદી એક હૈ, તિનસો રાખો નેહ ।**
**ભવસાગરકે તરનકી, નીકી નૌકા યેહ ॥૨૨॥**

ભગવદીયોનો ઉત્કર્ષ દર્શાવતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે ભગવાન અને ભગવદીયોમાં સમાન ભાવ રાખવો જોઈએ. ભવસાગરને તરવા માટેની આ જ એકમાત્ર સરળ નૌકા છે.(૮૪-૨૫૨ વૈષ્ણવોના ચરિત્રોનું નિત્ય અવગાહન આજ કારણથી કરવામાં આવે છે.)

**શ્રીવલ્લભ કલ્પદ્રુમ ફલ્યો, ફલ લાગ્યો વિઠ્ઠલેશ ।**
**શાખા સબ બાલક ભયે, તાકોં પાર ન પાવત શેષ ॥૨૩॥**

શ્રીમહાપ્રભુજી કલ્પવૃક્ષ સમાન છે અને શ્રીગુસાંઈજી આ કલ્પવૃક્ષનું ફળ છે. તેની શાખા-ઉપશાખાઓ શ્રીવલ્લભ કુળના બાળકો છે. આ કલ્પવૃક્ષનો શેષજી પણ પાર પામી શક્યા નથી.

(વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજી પણ ગાય છે કે 'વિઠ્ઠલ કલ્પદ્રુમ ફળ્યો, તેની શાખા પ્રસરી અનેક રે રસના')

**શ્રીવલ્લભ આવત મૈં સુને, કછુ નિયરે કછુ દૂર ।**
**ઈન પલકનસોં મગ ઝાર હોં, વ્રજ ગલિયનકી ધૂર ॥૨૪॥**

કંઈક નિકટ અથવા દૂરથી શ્રીવલ્લભ પધારી રહ્યાનો અનુભવ શ્રીહરિરાયજી કરી રહ્યા છે. આથી જ પોતાના નેત્રપલકોથી આપશ્રીના પધારવાના માર્ગને તથા વ્રજગલીઓની રજને દૂર કરવાની અભિલાષા પ્રગટ કરે છે.

કૃપાસિંધુ જલ સીંચ કે, રાખ્યો જીવન મૂલ ।
સ્નેહ બિના મુરઝાત હૈં, પ્રેમ બાગ કે ફૂલ ।।૨૫।।

ભક્તિરૂપી પ્રેમઉદ્યાનનું પુષ્પ શ્રીવલ્લભના કૃપાજળ વિના કરમાઈ જાય છે. કૃપાસિંધુ શ્રીમહાપ્રભુજી પોતાના અંગીકૃત જીવોનું સિંચન(ભાવપોષણ) કૃપાકટાક્ષથી સદા કરે છે.

જગમેં મિલન અનૂપ હૈ, ભગવદીયન કો સંગ ।
તિનકે સંગ પ્રતાપતેં, હોત શ્યામ સોં રંગ ।।૨૬।।

જગતમાં ભગવદીયોનો સંગ થવો દુર્લભ છે, અને જો સંગ મળે તો આવા ભગવદીયોના પ્રતાપથી જ ભગવદ્ પ્રાપ્તિ સુલભ બને છે. (શ્રીમદ્ ભાગવત સ્કંધ-૬ વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં પણ વૃત્રાસુર 'ઉત્તમશ્લોક જનેષુ સખ્યમ્' કહી ભગવદીયના સંગની પ્રાર્થના કરે છે. શ્રીમદ્ભાગવત-દશમસ્કંધ-યમલાર્જુનમોક્ષ પ્રસંગમાં પણ નલ-કુબેર 'સતાં દર્શનેસ્તુભગવત્તનૂનામ્' દ્વારા ભગવદીયોના દર્શનની કામના પ્રગટ કરે છે. શિક્ષાપત્રમાં પણ શ્રીહરિરાયચરણ ભગવદીયના સંગનો ઉત્કર્ષ વારંવાર દર્શાવે છે.)

**હરિજન આવે બારને, હંસિ હંસિ નાવે શીશ ।**
**ઉનકે મનકી વે જાને, મેરે મન જગદીશ ।।૨૭।।**

વૈષ્ણવ ઘેર પધારે ત્યારે પ્રેમથી-હસીને-બે હાથ જોડી-મસ્તક નમાવી તથા ભગવદ્સ્મરણ કરીને આદર સત્કાર કરવો જોઈએ. આગંતુક વૈષ્ણવના હૃદયની વાત તો તે સ્વયં જ જાણે છે પરંતુ મારા મનની વાત તો અંતઃકરણ સ્થિત પ્રભુ જાણે છે. આથી મારે દોષદૃષ્ટિરહિત થઈ આવકાર આપવો જોઈએ.

હરિ બડે, હરિજન બડે, બડે હૈં હરિ કે દાસ ।
હરિજન સોં હરિ પાવહીં, જો હૈ ઈનકેં પાસ ।।૨૮।।

શ્રીહરિ કરતાં પણ શ્રીહરિના જનો-શ્રીહરિના દાસ સૌથી મોટા છે. શ્રીઠાકોરજી પણ આવા ભગવદીયોની પાસે જ સદા બિરાજે છે. આથી આવા ભગવદીયોની કૃપાથી શ્રીહરિની પ્રાપ્તિ સુલભ બને છે. (ભગવદીયોનો સંગથી જ ભગવદ્પ્રાપ્તિ થયાના અનેક દૃષ્ટાંતો ૮૪-૨૫૨ વૈષ્ણવ વાર્તા પ્રસંગોમાં છે.)

મન નગ તાકોં દીજીયે, જો પ્રેમ પારખી હોય ।
નાતર રહિયે મૌન વ્હૈ, કાહે જીવન ખોય ।।૨૯।।

મનરૂપી રત્ન ગમે તેને અપાય નહિ અર્થાત્ પોતાના હૃદયનો ભાવ ગમે ત્યાં પ્રગટ કરવો નહિ, પરંતુ ભગવદ્ પ્રેમના પારખી ભગવદીય સમક્ષ જ પ્રગટ કરવો. ભગવદીયના સંગના અભાવમાં મૌન રહેવું જ ઉચિત છે પણ દુઃસંગમાં જીવન વ્યર્થ વેડફી નાખવું નહિ.

**પ્રેમ પારખી જો મિલેં, તાકી કરી મનુહાર ।**
**તિનસોં પ્રિયા પ્રીતમ મિલે, સબ સુખ દીજે વાર ।।૩૦।।**

ભગવદ્ પ્રેમના પારખી આવા ભગવદીયો જો મળી જાય તો અતિ મનુહાર(વિનંતી) કરી તેમને દૈન્યપૂર્વક સેવાથી પ્રસન્ન કરવા. કારણકે ભગવદીયોની કૃપાથી જ પ્રિયા-પ્રીતમનું દર્શન થાય છે. અને સર્વસુખની પ્રાપ્તિ થાય છે.

રંચક દોષ ન દેખિયે, વે ગુણ પ્રેમ અમોલ ।
પ્રેમ સુહાગી જો મિલે, તાસોં અંતર ખોલ ।।૩૧।।

ભગવદીયોના રંચક પણ દોષ જોવા ન જોઈએ કારણકે તેઓ અમૂલ્ય ભગવદ્પ્રેમથી ભરેલા છે. આવા પ્રેમ સુહાગી ભગવદીયો મળે તો તેઓની સમક્ષ પોતાના હૃદયનો ભાવ પ્રગટ કરવો જોઈએ.

સાધના કરો દૃઢ આશરો, ફુલ ભજવો ફલ એક ।
પલક પલક કેં ઉપરેં, વારો કલ્પ અનેક ।।૩૨।।

શ્રીવલ્લભના દઢ આશ્રય માટે જ પ્રયત્નશીલ રહેવું. 'શ્રીવલ્લભકુલમેં સબહી વલ્લભરૂપ' એ જ ભાવથી શ્રીવલ્લભકુળને ભજવા અને એજ ફળરૂપ છે એમ જાણવું. નેત્રોના પલકારા જેટલા સમય માટે પણ શ્રીવલ્લભકુળનાં દર્શન થાય તો તે પર અનેક કલ્પ(કલ્પ એટલે બ્રહ્માજીનો દિવસ) વારી નાખવા.

**શ્રીવલ્લભ જીવન પ્રાણ હું, નયનન રાખો ઘેર ।**
**પલકન કેં પરદા કરોં, જાન ન દેહો ફેર ॥૩૩॥**

શ્રીવલ્લભ જ જીવનના પ્રાણરૂપ છે. પોતાના નયનરૂપ નિવાસમાં સદા રાખવા જોઈએ. નયનોની પાંપણનો પડદો પાડી દો જેથી આપશ્રી અન્ય સ્થળે પધારી ન જાય(શ્રીવલ્લભ વિના અન્ય કંઈપણ ન નીરખવાની શીખ શ્રીહરિરાયજી અહીં જીવોને આપી રહ્યા છે.)

**પૂરણ બ્રહ્મ પ્રકટ ભયે, શ્રીલક્ષ્મણ ભટ્ટ ગેહ ।**
**નિજજન પર બરખત સદા, શ્રીવ્રજપતિ પદ નેહ ॥૩૪॥**

નિજ જનો પર સદા કૃપાવૃષ્ટિ કરવા અને વ્રજપતિ શ્રીકૃષ્ણના ચરણકમલોમાં સ્નેહ(ભક્તિ) દર્શાવવા શ્રીલક્ષ્મણ ભટ્ટજીના ઘેર પૂર્ણ બ્રહ્મ સ્વરૂપે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય થયું છે.(પ્રથમ વલ્લભાખ્યાનના અંતે ગોપાલદાસજી પણ ગાય છે કે -

'પૂર્ણ બ્રહ્મ શ્રીલક્ષ્મણસુત, પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ
શ્રીગોકુલમાં પ્રગટ પધાર્યા, સ્વજન કીધાં સનાથ)

**જાગત સોંવત સ્વપ્ન મેં, ભોર દ્યોસ નિસ સાંઝ ।**
**શ્રીવલ્લભ વ્રજઈશ કે, ચરણ ધરોં હિય માંઝ ॥૩૫॥**

શ્રીવલ્લભ વ્રજના ઈશ-સ્વામી છે. સાક્ષાત શ્રીકૃષ્ણ જ છે. આપશ્રીના ચરણકમલો હૃદયમાં સદા ધારણ કરવા જોઈએ અર્થાત્ આપશ્રીનાં સેવા-સ્મરણ-ગુણગાનમાં તત્પર રહેવું જોઈએ. જાગતાં, ઊંઘતાં કે સ્વપ્નમાં, સવારે, મધ્યાહને, સાયંકાળે અથવા રાત્રે-શ્રીવલ્લભનું જ સ્મરણ કરતાં રહેવું જોઈએ.

**હા હા માનોં કહત હૌં, કરિ ગિરિધર સોં નેહ ।**
**બહુરિ ન એસી પાવહીં, ઉત્તમ માનુષ દેહ ॥૩૬॥**

શ્રીહરિરાયજી ભારપૂર્વક આજ્ઞા કરી રહ્યા છે કે આ ઉત્તમ મનુષ્ય દેહ પ્રાપ્ત થયો છે, તે વારંવાર મળવો દુર્લભ છે. માટે સદા સ્નેહથી શ્રીકૃષ્ણની સેવા કરવી

દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભંગુરઃ ।
તત્રાપિ દુર્લભં મન્યે વૈકુંઠ પ્રિયદર્શનમ્ ॥

અર્થાત્ દેહધારીઓમાં મનુષ્ય દેહ દુર્લભ છે અને વળી ક્ષણભંગુર છે. તેમાં પણ ભગવાનના પ્રિય ભક્તનાં દર્શન દુર્લભ છે.(શ્રી.ભા. ૧૧-૨-૨૯)

**ચતુરાઈ ચુલ્હે પરો, જ્ઞાની કો યમ ખાઉ ।**
**જા તનસોં સેવા નહીં, સો જડમૂલ સોં જાઉ ॥૩૭॥**

ભગવદ્સેવાની ઉત્તમતા સમજાવતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જીવનું ચાતુર્ય, જ્ઞાન અને સાધન બળનું અભિમાન કશા કામનું નથી. ચતુરાઈ ચૂલામાં બાળી નાખો. શુષ્ક જ્ઞાનીને યમરાજ ખાઈ જાઓ. પરંતુ જો તનરૂપી વૃક્ષથી શ્રીહરિની સેવા ન થાય તો તે જડમૂળથી ઉખડી જાય એ જ યોગ્ય છે.

**દેખી દેહ સુરંગ યહ, મતિ ભૂલે મન માંહિ ।**
**શ્રીવલ્લભ બિનુ ઔર કોઈ, તેરો સંગી નાહિં ॥૩૮॥**

આ દેહના બાહ્ય સૌંદર્યથી પ્રભાવિત થઈ હે જીવ! તું તારી સુધ-બુધ ભૂલી જતો નહિ, કારણકે આ ભવસાગરમાં શ્રીવલ્લભ વિના અન્ય કોઈ તારો સાચો સંગી નથી.

તેરી સાથિન દેહ નહીં, યાકે રંગ મત ભૂલ ।
અંત તૂહિં પછતાયગો, તુરત મિલેગી ધૂલ ॥૩૯॥

આ અનિત્ય દેહ તારો સાચો સાથી નથી. જો તું દેહના જ રંગમાં અર્થાત્ સંસારીજનોના સંગમાં રચ્યોપચ્યો રહીશ તો અંતે તારે પસ્તાવાનો જ વારો આવશે; કારણકે આ નાશવંત દેહ અંતે ધૂળમાં-રાખમાં જ મળી જવાનો છે.

દેહ દેખિ સુરંગ યહ, મતિ લડાવે લાડ ।
ગણિકા કી સી મિત્રતા, અંત હોયગી ભાડ ॥૪૦॥

આ નશ્વર દેહસૌંદર્યને જોઈ તેને બહુ લાડ લડાવશો નહિ. જેવી રીતે ગણિકા સાથેની મિત્રતા કામનાપૂર્તિ અર્થે ક્ષણિક જ હોય છે અને અંતે ફજેતી કરાવે છે તેવી જ રીતે દેહસંબંધ પણ ક્ષણિક અને નાશવંત જાણવો.

દેહ દેખ સુરંગ યહ, મત ભૂલે તૂં ગંવાર ।
હાડ માંસકી કોટડી, ભીતર ભરી ભંગાર ॥૪૧॥

હે મૂર્ખ! બહારથી સુંદર દેખાતો આ દેહ તો હાંડકાં, માંસ, ચરબી વગેરેની કોટડી જ છે. અંદર તો દુર્ગંધયુક્ત ભંગાર ભરેલો છે એ તું ભૂલીશ નહિ.

મહામાન મદ ચાતુરી, ગરવાઈ ઔર નેહ ।
યહ પાંચો જબ જાયેંગે, તબ માનો સુખ દેહ ॥૪૨॥

માન, મદ, ચતુરાઈ, અહંકાર અને ભૌતિક દેહ સાથેનો સ્નેહ આ પાંચ જ્યારે જશે ત્યારે જ સાચો ભગવદ્ સ્નેહ ઉદ્ભવશે અને સુખની પ્રાપ્તિ થશે.

ભવસાગરકે તરનકી, બડી અટપટી ચાલ ।
શ્રીવિઠ્ઠલેશ પ્રતાપ બલ, ઉતરત હૈં તત્કાલ ॥૪૩॥

જન્મમરણરૂપ આ ભવસાગરને તરવાની ચાલ બહુ જ અટપટી છે. જીવ સ્વપ્રયત્ને તેને પાર કરી શકતો નથી. પરંતુ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના પ્રતાપ બળે અર્થાત્ કેવળ કૃપાબળે તરત જ પાર કરી શકાય છે.

મીન રહત જલ આસરે, નિકસત હી મર જાય ।
ત્યોં શ્રીવિઠ્ઠલનાથ કે, ચરણ કમલ ચિત્ત લાય ॥૪૪॥

જેવી રીતે માછલી જળના આશરે જ રહે છે અને જળમાંથી બહાર કાઢતાં તરત જ મરી જાય છે તેવી જ રીતે શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીનાં ચરણકમળોમાં અહર્નિશ ચિત્ત રાખવું જોઈએ.

શ્રીવલ્લભ કો કલ્પદ્રુમ, છાય રહ્યો જગ માંહી ।
પુરુષોત્તમ ફલ દેત હૈ, નેક જો બેઠો છાંહી ॥૪૫॥

શ્રીમહાપ્રભુજી રૂપી કલ્પવૃક્ષ પુષ્ટિજગતમાં છવાઈ રહ્યું છે. આપશ્રીના જે અંગીકૃત જીવો આ કલ્પવૃક્ષની છાયામાં બેઠા છે. તેમને શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમનું અર્થાત્ શ્રીઠાકોરજી રૂપી ફળનું દાન કરે છે.

ચતુરાઈ સોઈ ભલી જો, કૃષ્ણ કથા રસ લીન ।
પરધન પરમન હરન કો, કહિયે વહી પ્રવીન ॥૪૬॥

શ્રીકૃષ્ણ કથારસમાં જેનું મન સદા ઓતપ્રોત હોય તેની જ ચતુરાઈ સાચી છે, બાકી તો પારકાનું ધન અને મન હરણ કરવામાં જે પ્રવીણ હોય તે કશા કામનો નથી.

ચતુરાઈ ચૂલ્હે પરો, જ્ઞાની કો યમ ખાઉ ।
દયાભાવ હરિભક્તિ બિન, જ્ઞાન પરો જરિ જાઉ ॥૪૭॥

લૌકિક ચતુરાઈ ચૂલામાં ભસ્મ થઈ જાય અને શુષ્ક જ્ઞાનીને પણ યમરાજ ખાઈ જાય એજ ઉચિત છે. દયાભાવ અને શ્રીહરિની ભક્તિ વિનાનું જ્ઞાન પણ બળી જાય, કારણકે ભગવદ્પ્રાપ્તિમાં આ બધા કંઈ ઉપયોગી નથી.

**શ્રીવલ્લભ સુમર્યો નહીં, બોલ્યો અટપટો બોલ ।**
**તાકી જનની બોંઝન મરી, વૃથા બજાવે ઢોલ ।।૪૮।।**

શ્રીવલ્લભનામ સ્મરણ વિના જે જીવ ગમે તેવા અટપટા વચનો બોલે છે તે પોતાની માતા માટે બોજારૂપ ઢોલ જેવો છે, કારણકે જેમ ઢોલને ગમે તેમ વગાડવામાં આવે તો તેમાંથી અપ્રિય અવાજ ઉત્પન્ન થાય છે તેમ શ્રીવલ્લભ ગુણગાન સિવાયના વચનો બેસૂરા ઢોલ જેવા છે.

**ઘર આવે વૈષ્ણવ જબહી, દીજે ચાર રતન ।**
**આસન જલ વાણી મધુર, યથા શક્તિ સોં અન્ન ।।૪૯।।**

ઘેર આવનાર વૈષ્ણવને ભગવદ્સ્મરણ સાથે ચાર રત્નો દ્વારા આદર સત્કાર કરવાની શીખ શ્રીહરિરાયજી આપે છે : ૧. બેસવા માટે સુંદર આસન, ૨. પ્રસાદી જળ, ૩. મધુર વાણી અર્થાત્ દીનતાપૂર્વકના વચનોથી સ્વાગત અને ૪. ભોજન માટે યથાશક્તિ મહાપ્રસાદ.

**શ્રીવલ્લભ ધીરજ ધરે તેં, કુંજર મન ભર ખાય ।**
**એક ટૂક કે કારનેં, શ્વાન બહુત ઘર જાય ।।૫૦।।**

વિશ્વાસ અને ધીરજ રાખવાથી હાથીને મણ જેટલો ખોરાક પ્રભુ અવશ્ય આપે છે પરંતુ કૂતરાને અવિશ્વાસ હોવાથી રોટલીના એક ટુકડા માટે ઘેર ઘેર ભટકયા કરે છે. આથી શ્રીવલ્લભ ચરણારવિંદમાં દૃઢ આશ્રય સાથે ધૈર્ય રાખવાની શીખ શ્રી હરિરાયજી અહીં આપે છે.

**રસિક જન બહુ ના મિલે, સિંહ યૂથ નાહિં હોય ।**
**વિરહ બેલ જહાં તહાં નહીં, ઘટઘટ પ્રેમ ના હોય ।।૫૧।।**

સિંહના ટોળાં હોતાં નથી. વનનો રાજા સિંહ તો પોતાની મસ્તીમાં એકલો જ વિચરતો હોય છે. એવી રીતે રસિકજનો અર્થાત્ ભગવદીયો પણ ઠેર ઠેર ટોળાબંધ મળતા નથી. પ્રભુવિરહની વેલ અર્થાત્ ભગવદ્વિયોગાગ્નિમાં ઝૂરતા ભગવદીયો જ્યાં ત્યાં પ્રાપ્ત થતા નથી.

**હરિજનકી હાંસી કરે, તાહિ સકલ વિધિ હાનિ ।**
**તાપર કોપત વ્રજપતિ, દુઃખકો નહીં પરમાનિ ।।૫૨।।**

ભગવદીયોની હાંસી કરનાર પર વ્રજપતિ શ્રીકૃષ્ણ કોપાયમાન થાય છે તથા ઉપહાસ કરનારને દુઃખ અને દંડ આપે છે. તેની સર્વ પ્રકારે હાનિ થાય છે. અને તેના દુઃખનો કોઈ પાર રહેતો નથી.

**છિન ઉતરે છિન હીં ચઢે, છિન છિન આતુર હોય ।**
**નિશ વાસર ભીંજયો રહે, પ્રેમી કહિયે સોય ।।૫૩।।**

ક્ષણે ક્ષણે ભગવદ્ દર્શન માટે આતુર રહે અને ભગવદ્ પ્રેમમાં રાત્રિદિવસ સદાય જેનું હૃદય ભીંજાયેલું રહે તે જ સાચો ભગવદ્ પ્રેમી કહેવાય છે.

**ઉર બિચ ગોકુલ નયન જલ, મુખ શ્રીવલ્લભ નામ ।**
**અસ તાદૃશી કે સંગ તેં, હોત સકલ સિદ્ધ કામ ।।૫૪।।**

એવા તાદૃશીજનો કે જેના હૃદયમાં અને નયનોમાં શ્રીગોકુલેશ બિરાજમાન હોય તથા સ્વમુખેથી શ્રીવલ્લભનામનું અહર્નિશ સ્મરણ કરતા હોય-તેઓના સંગથી જ સર્વ કંઈ અલૌકિક કાર્યો સિદ્ધ થાય છે.

**બિનુ દેખ આતુર રહે, પ્રેમ બાગકો ફૂલ ।**
**ચિત્ત ન માને તાહિ બિનુ, પ્રેમ જો સબકો મૂલ ।।૫૫।।**

ભક્તોના હૃદયરૂપી પ્રેમબાગનું ફૂલ શ્રીવલ્લભ ભાનુના ઉદય સાથે જ ખીલે છે અને દર્શન માટે સદા આતુર રહે છે. શ્રીવલ્લભચરણો સિવાય અન્ય ક્યાંય ચિત્ત લાગે નહિ એવો જે ભગવત્ પ્રેમ છે તે જ સર્વનું મૂળ છે.

**કૃષ્ણ પ્રેમ માતો રહે, ધરે ન કાહૂ શંક ।**
**તીન ગાંઠ કોપીન પેં, ગિને ઈન્દ્ર કો રંક ।।૫૬।।**

શ્રીકૃષ્ણપ્રેમમાં જે ઓતપ્રોત છે તે ક્યાંયે શંકાશીલ બનશે નહિ, કારણકે તે પ્રભુપ્રેમમાં જ સદા ડૂબેલો રહે છે. કોપીન ધારણ કરનારો હોવા છતાં ઈન્દ્રને પણ તે ગરીબ ગણે એટલે કે ભગવદ્ પ્રેમની મસ્તી આગળ ઈન્દ્રનું સ્વર્ગસુખ પણ તેને તુચ્છ જણાય છે.

**શ્રીવલ્લભ શ્રીવલ્લભ જે કહે, રહત સદા મન તોષ ।**
**તાકે પાતક યોં જરે, જ્યોં સૂરજ તે ઓષ ॥૫૭॥**

શ્રીવલ્લભ નામનું સ્મરણ કરનાર જીવો સદા પોતાના મનથી સંતુષ્ટ હોય છે. તેમને કોઈ અપેક્ષા હોતી નથી. જેમ સૂર્યકિરણોથી ઝાકળબિંદુઓ શોષાઈ જાય તેમ શ્રીવલ્લભ નામથી તેના સર્વ પાપો ભસ્મ થઈ જાય છે.

**શ્રીવલ્લભ શ્રીવલ્લભ ભજે, સદા સોહિલો હોય ।**
**દુઃખ ભાજે દારિદ્ર ટરે, વૈરી ન ગાજે કોય ॥૫૮॥**

શ્રીવલ્લભને ભજનાર સદા સોહાગી હોય છે. તેનાં દુઃખો દૂર ભાગી જાય છે અને તેનું દારિદ્ર પણ ટળી જાય છે. સંસારમાં તેનો કોઈ શત્રુ રહેતો નથી.

**શ્રીવલ્લભ વર કો છાંડિકે, ભજે જો ભૈરવ ભૂત ।**
**અંત ફજેતી હોયગી, જ્યોં ગણિકા કો પૂત ॥૫૯॥**

શ્રીવલ્લભવરને ત્યજી જે ભૈરવ-ભૂત વગેરેને ભજે છે, તેની અંતે ફજેતી જ થાય છે. જેવી રીતે વેશ્યાના પુત્રાનો સર્વ સ્થળે અનાદર-અપમાન થાય છે તેવી રીતે ભૂત-પ્રેતાદિનો આશ્રય કરનારની પણ એવી જ દશા થાય છે.

**વૈષ્ણવ જન કી ઝોંપડી ભલી, ઔર દેવકો ગામ ।**
**આગ લગો વા મેંડમેં, જહાં ન વલ્લભ નામ ॥૬૦॥**

ભગવદ્ સેવા - સ્મરણ અને શ્રીવલ્લભનામવાળી વૈષ્ણવની ઝૂંપડી સારી, પરંતુ અન્ય દેવી-દેવતાઓના ગામમાં જવું એ તો મહા અન્યાશ્રય છે. ભગવદ્ભાવ વિનાની અને શ્રીવલ્લભ નામરહિત જો મેંડ હોય તો તેમાં આગ લાગે એવું શ્રીહરિરાયજી કહી રહ્યા છે.

**શ્રીવલ્લભ પર રુચિ નહીં, ના વૈષ્ણવ સોં સ્નેહ ।**
**તાકો જન્મ વૃથા જુ ત્યોં, જ્યોં ફાગુન કો મેહ ॥૬૧॥**

જેવી રીતે ફાગણ માસનો વરસાદ બિનઉપયોગી અને નુકસાનકર્તા છે તેવી રીતે જેને શ્રીવલ્લભ પર રુચિ નથી તેમજ વૈષ્ણવો પર સ્નેહ નથી તેનો મનુષ્ય જન્મ વૃથા છે.

**મો મેં તિલભર ગુન નહીં, તુમ હો ગુનન કે જહાંજ ।**
**રીઝ બૂઝ ચિત્ત રાખિયો, બાંહ ગહે કી લાજ ॥૬૨॥**

શ્રીહરિરાયચરણ વિજ્ઞપ્તિ કરતાં કહે છે કે મારામાં તલમાત્ર પણ કોઈ ગુણ નથી અને હે પ્રભુ! આપ તો ગુણના જહાજ છો. પ્રસન્નતાથી મારા ચિત્તમાં પધારો કારણકે આપે જ મારો હસ્ત ગ્રહણ કર્યો છે અને સેવકની લાજ રાખવી પણ આપના હાથમાં છે.

**તીન દેવકે ભજન તેં, સિદ્ધ હોત નહીં કામ ।**
**ત્રિમાયા કો પ્રલય કર, મિલવે હરિ નામ ॥૬૩॥**

ત્રણ દેવો-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ને ભજવાથી જીવનું કોઈ જ કાર્ય સિદ્ધ થતું નથી. આથી જ ત્રણ પ્રકારની માયાના આવરણને દૂર કરી શ્રીહરિ મિલનનો કૃપામાર્ગ આપે પ્રગટ કર્યો છે.

**સુમરત જાય કલેશ મિટે, શ્રીવલ્લભ નિજ નામ ।**
**લીલા લહર સમુદ્રમેં, ભીંજો આઠોં યામ ॥૬૪॥**

જે શ્રીવલ્લભના અલૌકિક નામનું સ્મરણ કરે છે તેના સાંસારિક કલેશો નિર્મૂળ થાય છે અને લીલાસમુદ્રની લહેરોથી આઠે પ્રહર તે ભીંજાયેલા રહે છે.

તિનકે પદ યુગ કમલકી, ચરન રેનુ સુખદાય ।
હિયમેં ધારણ કિયે તેં, સબ ચિંતા મિટ જાય ॥૬૫॥

શ્રીવલ્લભ યુગલ ચરણકમલોની રેણુ સદા સુખદાયી છે. હૃદયમાં ધારણ કરવાથી સર્વ લૌકિક-અલૌકિક ચિંતાઓ દૂર થાય છે.(મંગલાચરણનો પ્રથમ શ્લોક ‘ચિન્તાસંતાન હન્તારો....’ આ જ ભાવથી વૈષ્ણવો નિત્ય બોલે છે.)

શ્રીવલ્લભ કુલ બાલક સબેં, સબહિ એક સ્વરૂપ ।
છોટો બડો ના જાનિયેં, સબહિ અગ્નિ સ્વરૂપ ॥૬૬॥

શ્રીવલ્લભકુળનું અલૌકિક સ્વરૂપ સમજાવતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે શ્રીવલ્લભકુળના સર્વ બાળકો શ્રીવલ્લભરૂપ જ છે. નાના હોય કે માટો - સર્વ અગ્નિસ્વરૂપ છે.

મન નગ તાકોં દીજિયે, જો પ્રેમ પારખી હોય ।
નાતર રહિયે મૌન ગહિ, વૃથા ન જીવન ખોય ॥૬૭॥

મનરૂપી રત્ન ઘણું જ અમૂલ્ય છે. આથી જે ભગવદ્ પ્રેમના પારખી હોય તેને જ આપવું અર્થાત્ ભગવદીયોનો જ સંગ કરવો. જો સત્સંગ ન મળે તો મૌન રહેવું પરંતુ જીવન વ્યર્થ વેડફી નાખવું નહિ.

મન પંછી તન ઉડી લગો, વસો વાસના માંહિ ।
પ્રેમ બાજકી ઝપટિમેં, જબ લગ આયો નાહિં ॥૬૮॥

જ્યાંસુધી ભગવદ્ પ્રેમ રૂપી બાજપક્ષીના ઝપટમાં મનરૂપી પંખી આવતું નથી ત્યાં સુધી સંસારની વિષય વાસનાઓમાં જ ઊડયા કરે છે. ભગવદીયોનો સંગ મળતાં જ તે લૌકિક ત્યજી અલૌકિકમાં આસક્ત થાય છે.

શ્રીવલ્લભ મનકો ભામતો, મો મન રહ્યો સમાય ।
જ્યોં મેંહદી કે પાતમેં, લાલી લખી ન જાય ॥૬૯॥

જેવી રીતે મહેંદીવાળા પાત્રમાં મહેંદીના રંગથી લખવા જતાં લખી શકાતું નથી, કારણકે મહેંદીના રંગથી જ આખું પાત્ર રંગાઈ ગયેલ હોય છે તેવી રીતે શ્રીવલ્લભ મનને એટલા બધા રૂચિકર બન્યા છે કે મારું મન આપશ્રીના ચરણકમળોમાં સમાઈ ગયું છે.

શ્રીવલ્લભ વિટ્ઠલ રૂપકો, કો કરિ સકે વિચાર ।
ગૂઢ ભાવ યહ સ્વામિની, પ્રકટ કૃષ્ણ અવતાર ॥૭૦॥

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં અલોકિક પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો વિચાર કોણ કરી શકે તેમ છે? આપશ્રી ગૂઢ ભાવાત્મક સ્વામિની સ્વરૂપ છે અને સાક્ષાત શ્રીકૃષ્ણ અવતાર રૂપે જ ભૂતળ પર પ્રગટ થયા છે.

શ્રીવૃંદાવન કે દરસ તેં, ભયે જીવ અનુકૂલ ।
ભવસાગર અથાહ જલ, ઉતરન કો યહ તૂલ ॥૭૧॥

વૃંદાવનમાં ભગવાન અખંડ અને નિત્ય લીલા કરે છે, આથી આ વૃંદાવનના દર્શન માત્રથી જીવને બધું જ સાનુકૂળ થઈ જાય છે. આ ભવસાગરના અગાધ જળને પાર કરવા જાણે નૌકા સમાન બને છે.

શ્રીવૃંદાવન બાનિક બન્યો, કુંજ કુંજ અલિ કેલિ ।
અરુઝિ શ્યામ તમાલ સોં, માનોં કંચન વેલિ ॥૭૨॥

શ્રીવૃંદાવનની અલૌકિક શોભાનું વર્ણન કરતાં શ્રીહરિરાયજી જણાવે છે અહીં શ્યામતમાલ વૃક્ષોને કંચન વેલી વીંટળાઈ રહેલ છે અને કુંજ-કુંજમાં ભ્રમરાઓ ગુંજન કર્યા કરે છે.

શ્રીવૃંદાવન કે વૃક્ષ કો, મરમ ન જાણે કોય ।
એક પાત કે સુમરિકે, આપ ચતુર્ભુજ હોય ॥૭૩॥

આવા વૃંદાવનના અલૌકિક વૃક્ષોના સ્વરૂપનો મર્મ કોઈ જાણી શકતું નથી. આ વૃક્ષના એક પાનના સ્મરણ માત્રથી શ્રીઠાકોરજી ચતુર્ભુજ રૂપે

દર્શન આપે છે. ('વૃક્ષે વૃક્ષે વેણુધારી, પત્રે પત્રે ચતુર્ભુજ:'- વૃંદાવનના આવા અલૌકિક સ્વરૂપના દર્શન શ્રીમહા-પ્રભુજીએ પ્રભુદાસ જલોટાને કરાવ્યા હતા.)

**કોટિ પાપ છિનમેં ટરે, લેહિ વૃંદાવન નામ ।**
**તીન લોક પર ગાજિયે, સુખનિધિ ગોકુલ ગામ ॥૭૪॥**

વૃંદાવનના નામ-ઉચ્ચાર માત્રથી જીવના કરોડો પાપો ક્ષણમાં નાશ પામે છે અને સુખનિધિ શ્રીગોકુલ ગામ ત્રણે લોકમાં ગાજી ઉઠે છે.

**નંદનંદન શિર રાજહીં, બરસાનોં વૃષભાન ।**
**દોઉ મિલ ક્રીડા કરત હૈ, ઈત ગોપી ઉત કાન્હ ॥૭૫॥**

શ્રીમદ્ ગોકુલમાં શ્રીકૃષ્ણ અને બરસાનામાં વૃષભાન સુતા શ્રીસ્વામિનીજી બિરાજી રહ્યાં છે અને બંને સ્વરૂપો ગોપીજનો સાથે નિત્ય લીલા કરી રહ્યા છે.

**શ્રીયમુનાજી સોં નેહ કરિ, યહી નેમ તૂ લેહ ।**
**શ્રીવલ્લભ કે દાસ બિનુ, ઔરન સોં તજિ સ્નેહ ॥૭૬॥**

શ્રીયમુનાજીમાં સ્નેહ અર્થાત્ અલૌકિક ભાવ ધરી તથા શ્રીવલ્લભના સેવક વિના અન્ય લૌકિકજનો પરનો સ્નેહ ત્યજી દેવાનો નિયમ લેવાની શ્રીહરિરાયચરણ જીવોને આજ્ઞા કરી રહ્યા છે.

**મન પંછી તન પાંખ કર, ઉડ જાવો વહ દેશ ।**
**શ્રીગોકુલ ગામ સુહાવનો, જહાં ગોકુલચંદ્ર નરેશ ॥૭૭॥**

સુહાવનું શ્રીગોકુલ ગામ તથા જ્યાં શ્રીગોકુલ નરેશ શ્રીકૃષ્ણ નિત્ય લીલા કરી રહ્યા છે. તે દેશમાં તનરૂપી પાંખો વડે આ મનરૂપી પંખીને ઊડી જવા માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે.

**મનિન ખચિત દોઉ કૂલ હૈ, સીઢી સુભગ નગ હીર ।**
**શ્રીયમુનાજી હરિ ભામતી, ધરે સુભગ વપુ નીર ॥૭૮॥**

અલૌકિક વ્રજધામમાં શ્રીયમુનાજીના રત્નજડિત બંને તટ છે અને તટ ઉપર હીરાજડિત પગથિયાં(સીઢી) છે. વચમાં સુભગ જળપ્રવાહરૂપી વપુ ધારણ કરતાં શ્રીયમુનાજી શ્રીહરિની ચતુર્થ પ્રિયા રૂપે વિલસી રહ્યાં છે.

**ઉભય કૂલ નિજ ખંભ હૈ, તરંગ જુ સીઢી માન ।**
**શ્રીયમુના જગત વૈકુંઠ કી, પ્રકટ નિસેની જાન ॥૭૯॥**

શ્રીયમુનાજી જગત અને વૈકુંઠ વચ્ચે નિસરણીરૂપ છે. શ્રીયમુનાજીના બંને તટ આ નિસરણીના સ્તંભ અને જળતરંગો પગથિયાં સમાન છે. (છિતસ્વામી પણ ગાય છે કે,

'દોઉ કૂલ ખંભ તરંગ સીઢી,
શ્રીયમુના જગત વૈકુંઠ નિશ્રેની')

**રતન ખચિત કંચન મહા, શ્રીવૃંદાવન કી ભૂમિ ।**
**કલ્પવૃક્ષસે દ્રુમ રહે, ફલ ફૂલન કરિ ઝૂમિ ॥૮૦॥**

શ્રીવૃંદાવનની ભૂમિ રત્નજડિત કંચનથી વ્યાપ્ત છે. વૃંદાવનના વૃક્ષ, લતા, ફૂલ વગેરે કલ્પવૃક્ષ સમાન ઝૂમી રહ્યાં છે. (ભગવદ્ કૃપાથી અધિકારી જનોને આવાં દર્શન થાય છે.)

**ધન્ય ધન્ય શ્રીગિરિરાજ જૂ, હરિદાસન મેં રાય ।**
**સાનિધ્ય સેવા કરત હૈ, બલિ મોહન જિય ભાય ॥૮૧॥**

શ્રીગિરિરાજજી ધન્ય છે કારણકે હરિદાસોમાં શ્રેષ્ઠ છે. નિરંતર શ્રીગોર્વધનનાથજીના સાનિધ્યમાં જે સેવાનું સુખ પ્રાપ્ત કરી, શ્રીઠાકોરજી તથા શ્રીબલદાઉજી એમ ઉભય સ્વરૂપોના પ્રિયપાત્ર પણ બન્યા છે.

**કોટિ કટત અઘ રટત તેં, મિટત સકલ જંજાલ ।**
**પ્રકટ ભયે કલિકાલમેં, દેવદમન નંદલાલ ॥૮૨॥**

સાંપ્રત કળિકાળમાં સાક્ષાત નંદલાલ શ્રીકૃષ્ણ દેવદમન શ્રીનાથજી સ્વરૂપે શ્રીગિરિરાજજીમાં પ્રગટ થયા છે. તેના નામ સ્મરણથી જીવના કરોડો પાપો નાશ પામે છે અને આ સંસારરૂપી જંજાલ નિવૃત્ત થાય છે.

હવે સાતે નિધિ સ્વરૂપોના લીલાભાવ શ્રીહરિરાયજી પ્રગટ કરે છે:

પ્રૌઢ ભાવ ગિરિવરધરણ, શ્રીનવનીત દયાલ ।
શ્રીમથુરાનાથ નિકુંજપતિ, શ્રીવિઠ્ઠલેશ સુખ સાલ ॥૮૩॥

શ્રીગિરિવરધરણ શ્રીનાથજીમાં પ્રૌઢભાવ પ્રગટ છે, કારણકે આપ નિકુંજનાયક હોવાથી સર્વલીલા સમન્વિત છે. શ્રીનવનીત પ્રિયાજીમાં બાલભાવ મુખ્ય છે. શ્રીમથુરાનાથજી ગોચારણાદિ લીલાના ભાવરૂપ તથા શ્રીવિઠ્ઠલનાથજી રાસોત્સવમાં અંતર્ધાનાદિ લીલાના ભાવરૂપ છે.

શ્રીદ્વારકેશ તદ્ભાવમેં, ગોકુલેશ વ્રજ ભૂપ ।
અદ્ભુત ગોકુલચંદ્રમા, મન્મથમોહન રૂપ ॥૮૪॥

શ્રીદ્વારકાનાથજી આંખમિચૌલી લીલાના ભાવનું સ્વરૂપ છે. શ્રીગોકુલનાથજી ગોવર્ધનધારણ લીલાના સ્વરૂપે-વ્રજભૂપ તરીકે બિરાજે છે. શ્રીગોકુલચંદ્રમાજી મહારાસની લીલાના અદ્ભુત સ્વરૂપે તથા શ્રીમદમોહનજી વેણુનાદ દ્વારા મન્મથ(કામદેવ)ને પણ મોહ ઉપજાવનાર સ્વરૂપે છે.

ઝૂલત પલના મોદ મેં, શ્રીબાલકૃષ્ણ રસ રાસ ।
તારે શકટ રસ બસ કિયે, વ્રજ યુવતિન કરિ હાસ ॥૮૫॥

રસનિધિ શ્રીબાલકૃષ્ણજી નિત્ય પલનામાં આનંદથી ઝૂલે છે. તેમણે શકટભંજન લીલા દ્વારા શકટાસુરનો ઉદ્ધાર કર્યો છે અને વ્રજલલનાઓને પોતાના હાસ્ય દ્વારા રસવશ કરી છે.

માટ લિયે માખન લિયે નૂપુર બાજે પાય ।
નૃત્યન નટવર લાલ જુ, મુદિત યશોદા માય ॥૮૬॥

એક શ્રીહસ્તમાં માટ અને બીજા શ્રીહસ્તમાં માખણ, ચરણોમાં નૂપુરના રણકાર સાથે નૃત્ય કરતા શ્રીનટવરલાલજીનું સ્વરૂપ માતા યશોદાજીને આનંદ આપી રહ્યું છે.

હવે શ્રીગુસાંઈજીના સાતે બાળકોનું અલૌકિક સ્વરૂપ પ્રગટ કરતાં શ્રીહરિરાયજી કહે છે-

શ્રીગિરિધર ગોવિંદ જૂ, બાલકૃષ્ણ ગોકુલેશ ।
રઘુપતિ યદુપતિ ઘનશ્યામજૂ, પ્રકટે બ્રહ્મ વિશેષ ॥૮૭॥

શ્રીગુસાંઈજીના સાતે બાળકોમાં ભગવાન ધર્મી અને ષડ્ધર્મો સહિત વિશેષ પ્રકારથી પ્રગટ બ્રહ્મ સ્વરૂપે બિરાજે છે.

શ્રીગિરિધરજી ધર્મી સ્વરૂપ, શ્રીગોવિંદજી ઐશ્વર્ય સ્વરૂપ, શ્રીબાલકૃષ્ણજી વીર્ય સ્વરૂપ, શ્રીગોકુલનાથજી યશ સ્વરૂપ, શ્રીરઘુનાથજી શ્રી સ્વરૂપ, શ્રીયદુનાથજી જ્ઞાન સ્વરૂપ અને ઘનશ્યામજી વૈરાગ્ય સ્વરૂપે પ્રગટ થયા છે.

પરમ સુખદ અભિરામ હે, શ્રીગોકુલ સુખ ધામ ।
ઘુટરુવન ખેલત ફિરત, શ્રીકમલ નયન ઘનશ્યામ ॥૮૮॥

શ્રીમદ્ ગોકુલ ભક્તોનું પરમ સુખદ ધામ છે. અહીં કમલનયન ભગવાન શ્રીકૃષ્ણ ઘુટુરુવન લીલા કરતા અહર્નિશ ખેલી રહ્યા છે.

ગોવિંદ ઘાટ સુહાવનો, છોંકર પરમ અનૂપ ।
બૈઠક વલ્લભદેવકી, નિજ્જનકો ફલ રૂપ ॥૮૯॥

શ્રીમદ્ગોકુલના સુંદર ગોવિંદઘાટ પર પરમ શોભાયમાન છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીના બેઠકજી આજે પણ પ્રગટ બિરાજે છે, જે નિજ્જનોને સદા ફળરૂપ છે.

બેલિ લતા બહુભાંતકી દ્રુમન રહી લપટાય ।
માનોં નાયક નાયકા મિલી, માન તજિ આય ॥૯૦॥

વ્રજની વિવિધ લતા-વેલીઓ વૃક્ષોને એવી રીતે વીંટળાયેલી દૃષ્ટિગોચર થાય છે કે જાણે નાયક અને નાયિકા માન ત્યજીને મળી રહ્યાં ન હોય!

**કેકી, શુક, પિક દ્રુમ ચઢેં, ગુંજત હૈ બહુ ભાય ।**
**રાસ કેલિ કે આગમન, પ્રમુદિત મંગલ ગાય ॥૯૧॥**

રાસક્રીડાના આગમનની વધાઈરૂપે કોયલ, પોપટ, પપૈયો વગેરે વ્રજનાં વૃક્ષો પર બેસીને વિવિધ સ્વરોથી ગુંજન કરતા આનંદપૂર્વક મંગળ ગાન ગાઈ રહ્યાં છે.

**ગોપી ઓપી જગતમેં, ચલિકે ઉલટી રીત ।**
**તિનકે પદ વંદન કિયે, બઢત કૃષ્ણ સોં પ્રીત ॥૯૨॥**

ગોપીજનોની પ્રીત અને રીત લૌકિક વૈદિક માર્ગથી વિરૂધ્ધ કેવળ નિષ્કામ પ્રેમલક્ષણાભક્તિની છે. આવા વ્રજભક્તોના ચરણવંદનથી શ્રીકૃષ્ણમાં પ્રેમ વૃધ્ધિ પામે છે.

**ઠકુરાની ઘાટ સુહાવનો, છોંકર પરમ અનૂપ ।**
**દામોદરદાસ સેવા કરેં, જો લલિતા રસ રૂપ ॥૯૩॥**

સુંદર ઠકુરાની ઘાટ પર, છોંકરના પરમ અનુરૂપ વૃક્ષ નીચે રસરૂપ લલિતાજી રૂપે દામોદરદાસ હરસાનીજી શ્રીમહાપ્રભુજીની નિત્ય સેવા કરે છે.

**કૃષ્ણદાસ નંદદાસજૂ, સૂર સુ પરમાનંદ ।**
**કુંભન ચત્રભુજદાસ જૂ, છીતસ્વામી ગોવિંદ ॥૯૪॥**

શ્રીઠાકોરજીના અષ્ટ સખાઓ - ૧. કૃષ્ણદાસજી, ૨. સૂરદાસજી, ૩. પરમાનંદ દાસજી, ૪. કુંભનદાસજી(શ્રીમહાપ્રભુજીના સેવકો તથા) ૫. નંદદાસજી, ૬. ચતુર્ભુજદાસજી, ૭. છીતસ્વામી અને ૮. ગોવિંદદાસ (શ્રીગુસાંઈજીના સેવકો) -વિવિધ ભગવદ્‌લીલા ગુણગાન દ્વારા અષ્ટપ્રહર સેવામાં નિત્ય તત્પર રહે છે. દિવસની લીલામાં સખા સ્વરૂપે અને રાત્રે નિકુંજલીલામાં સખી સ્વરૂપે સેવા કરે છે.

**શ્રીરાધા માધો પરમ ધન, શુક અરુ વ્યાસ લિયો ઘૂંટ ।**
**યહ ધન ખરચે ઘટત નહીં, ચોર લેત ના લૂંટ ॥૯૫॥**

શ્રીરાધા-માધવરૂપી પરમ ધનને મહર્ષિ વેદવ્યાસ અને શુકદેવજીએ શ્રીમદ્‌ભાગવતમાં ઓતપ્રોત કરી દીધું છે. આ અલૌકિક ધન ખર્ચ કરવા છતાં પણ ઘટતું નથી તેમજ ચોર પણ ક્યારે લૂંટી શકે તેમ નથી.

**શ્રીવલ્લભ રતન અમોલ હૈં, ચુપ કર દીજે તાલ ।**
**ગ્રાહક મિલે તબ ખોલિયે, કૂંચી શબ્દ રસાલ ॥૯૬॥**

શ્રીવલ્લભ નામરૂપી રત્ન અમૂલ્ય છે તેને ગોપ્ય રાખવું. શ્રીવલ્લભના અનન્યાશ્રિત જનો મળે ત્યારે જ શ્રીવલ્લભ નામની કૂંચી પ્રગટ કરવી.

**સબકોં પ્રિય સબકોં સુખદ, હરિ આદિક સબ ધામ ।**
**વ્રજલીલા સબ સ્ફુરત હૈ, શ્રીવલ્લભ સુમરત નામ ॥૯૭॥**

શ્રીહરિનાં વિવિધ લીલા સ્થળો નિજજનોના પ્રિય, સુખપ્રદ અને સર્વસ્વ છે. શ્રીવલ્લભના નામસ્મરણથી જ સઘળી વ્રજલીલા સ્ફુરાયમાન થાય છે.

**ચાર વેદ કે પઠન તેં, જીત્યો જાય ના કોઈ ।**
**પુષ્ટિમાર્ગ સિદ્ધાંત તેં, વિજય જગતમેં હોઈ ॥૯૮॥**

ચાર વેદોના પાઠથી જગતમાં કોઈને પણ જીતી શકાતું નથી, પરંતુ પુષ્ટિભક્તિના સિદ્ધાંતોથી જ અને શ્રીવલ્લભકૃપાબળે જગતમાં વિજય પ્રાપ્ત કરી શકાય છે. (શ્રીમહાપ્રભુજીના અનુગ્રહથી જ રાણા વ્યાસ, મુકુંદદાસ વગેરે ભગવદીયો શાસ્ત્રાર્થમાં જીતી શક્યા હતા.)

**વૃંદાવન કી માધુરી, નિત્ય નિત્ય નૌતન રંગ ।**
**કૃષ્ણદાસ ક્યોં પાઈયે, બિનુ રસિકન સંગ ॥૯૯॥**

વૃંદાવનના નિત્ય નૌતન રંગ-વિવિધ લીલાઓ, તેની અલૌકિક રસ માધુરી વગેરેની પ્રાપ્તિ શ્રીકૃષ્ણના દાસ એવા રસિકજનોના સંગ વિના પ્રાપ્ત થવી દુર્લભ છે.

ગ્રંથસમાપ્તિમાં શ્રીહરિરાયચરણ ફળશ્રુતિ વર્ણવે છે-

જો ગાવે સીખેં સુને, મન વચ કર્મ સમેત ।
'રસિકરાય' સુમરો સદા, મન વાંછિત ફલ દેત ॥૧૦૦॥

જે કોઈ મન, વચન અને કર્મથી એકરસ બની આ વલ્લભસાખી ગાશે, અર્થ સહિત શીખશે, સાંભળશે તેમજ સદા સ્મરણ કરશે તેને મનઈચ્છિત ફળનું દાન શ્રીમહાપ્રભુજી અવશ્ય કરશે.

❋

## ''શ્રી યમુનાજીનાં ૪૧ પદ''

(રાગ - રામકલી)

૧. પિય સંગ, રંગ ભરિ કરિ કલોલેં,
સબનકોં સુખ દેન, પિય સંગ કરત સેન;
ચિત્તમેં તબ પરત ચેન, જબહી બોલે. ૧
અતિહિ વિખ્યાત, સબ બાત ઈનકે હાથ,
નામ લેત હી, કૃપા કરિ અતોલે;
દરસ કર પરસ કર, ધ્યાન હિયમેં ધરે,
સદા બ્રજનાથ, ઈન સંગ ડોલે, ૨
અતિહિ સુખ કરન, દુ:ખ સબન કે હરન,
યેહી લીનો પરન, દે જુ કોલે;
એસી શ્રી યમુને જાન, તુમ કરો ગુન ગાન,
'રસિક' - પ્રીતમ પાયે, નગ અમોલેં. ૩

૨. શ્યામ સુખ ધામ, જહાં નામ ઈનકે,
નિસ દિના પ્રાણ પતિ, આય હિયમેં બસેં;
જોઈ ગાવે, સુજસ ભાગ્ય તિનકેં. ૧
યેહી જગમેં સાર, કહત વારંવાર,
સબનકે આધાર, ધન નિર્ધનન કે;

લેત શ્રી યમુને નામ, દેત અભય પદ દાન,
'રસિક' - પ્રીતમ - પિયા, બસ જુ ઈનકે. ૨

૩. કહત શ્રુતિ સાર નિરધાર કરકેં,
ઈન બિના કોન, એસી કરે હે સખિ;
હરત દુ:ખ-દ્વંદ્વ, સુખ કંદ બરખેં. ૧
'બ્રહ્મ સંબંધ' જબ, હોત યા જીવકો,
તબહી ઈનકી, ભુજા વામ ફરકેં;
દોર કર સોર કર, જાય પિયસોં કહે,
અતિહી આનંદ, મનમેં જુ હરખેં. ૨
નામ નિરમોલ નગ, લે કોઉ ના સકે,
ભક્ત રાખત, હિયેં હાર કરકેં;
'રસિક' - પ્રીતમ જાુકી, હોત જા પર કૃપા,
સોઈ શ્રી યમુનાજીકો, રૂપ પરખેં. ૩

૪. નેન ભર દેખ, અબ ભાનુ-તનયા,
કેલિ પિયસોં કરે, ભ્રમર તબહી પરે;
શ્રમ-જલ ભરત, આનંદ મનયા. ૧
ચલત ટેઢિ હોઈ, લેત પિયકો મોહિ,
ઈન બિના, રહત નહીં એક છિનયા;
'રસિક' - પ્રીતમ રાસ કરત શ્રી યમુના પાસ,
માનો નિર્ધનનકી, હે જુ ધનયા. ૨

૫. શ્યામ સંગ શ્યામ, વ્હે રહી શ્રી યમુને,
સુરત શ્રમ બિંદુતે, સિંધુસી બહી ચલી;
માનો આતુર અલી, રહી ન ભવને. ૧
કોટિ કામહિ વારોં, રૂપ નેનન નિહારોં,
લાલ ગિરિધરન, સંગ કરત રમને;
હરખિ 'ગોવિંદ' પ્રભુ, નિરખિ ઈનકી ઓર,
માનો નવ દુલહની, આઈ ગવને. ૨

૬. શ્રી યમુનાસી નાહીં કોઊ ઓર દાતા,
જો ઈનકી સરન જાત હેં દોરકેં;
તાહિકોં તિહિ છિનુ કર સનાથા. ૧
યેહિ ગુન ગાન રસ ખાન રસના એક,
સહસ્ત્ર રસના કયોં ન દઈ વિધાતા;
‘ગોવિંદ’ પ્રભુ તન, મન, ધન વારને,
સબહિંકો જીવન ઈનકે જુ હાથા. ૨

૭. શ્રી યમુના-જશ જગતમેં જોઈ ગાવે,
તાકે આધિન વ્હે રહત હે પ્રાણ પતિ;
નેન અરુ બેનમેં રસ જુ છાવે. ૧
વેદ પુરાનતેં બાત યહ અગમ હૈ,
પ્રેમકો ભેદ કોઊ ન પાવે;
કહત ‘ગોવિંદ’ શ્રી યમુનેકી જા પર કૃપા,
સોઈ શ્રી વલ્લભ કુલ સરન આવે. ૨

૮. ચરણ - પંકજ - રેણુ શ્રી યમુને જુ દેની,
કલિયુગ જીવ ઉદ્ધારન કારન;
કાટત પાપ અબ ધાર પેની. ૧
પ્રાણ પતિ, પ્રાણ - સુત, આયે ભક્તન હિત,
સકલ સુખકી તુમ હો જુ શ્રેની;
‘ગોવિંદ’ પ્રભુ બિના રહત નહીં એક છિનુ,
અતિહી આતુર ચંચલ જુ નેની. ૨

૯. ધાયકે જાય જો શ્રી યમુના તીરે,
તાકી મહિમા અબ કહાં - લગ બરનિયે;
જાય પરસત અંગ પ્રેમ-નીરે. ૧
નિસ દિના કેલિ કરત મન મોહન.
પિયા સંગ ભક્તનકી હે જુ ભીરે;
‘છીત સ્વામી’ ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
ઈન બિના નેક નહીં ધરત ધીરે. ૨

૧૦. જા મુખતેં શ્રી યમુને, યહ નામ આવે,
તાપર કૃપા કરે, શ્રી વલ્લભ પ્રભુ;
સોઈ શ્રી યમુનાજીકો, ભેદ પાવે. ૧
તન, મન, ધન સબ, લાલ ગિરિધરનકોં,
દેકેં ચરણ જબ ચિત્ત લાવે;
‘છિતસ્વામી’ ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
નેનન પ્રગટ લીલા દિખાવે. ૨

૧૧. ધન્ય શ્રીયમુને નિધિ દેન હારી,
કરત ગુણ ગાન, અજ્ઞાન-અઘ દૂર કરિ;
જાય મિલવત પિય પ્રાણ પ્યારી. ૧
જિન કોઉ સંદેહ કરો, બાત ચિત્તમેં ધરો,
પુષ્ટિ પથ અનુસરો, સુખ જુ કારી;
પ્રેમકે પુંજમેં, રાસ-રસ કુંજમેં,
તાહી રાખત, રસ-રંગ ભારી. ૨
શ્રી યમુને અરુ પ્રાણ પતિ, પ્રાણ અરુ પ્રાણ સુત,
ચહું જન જીવ પર દયા વિચારી;
‘છીતસ્વામી’ ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
પ્રીતકે લિયે અબ સંગ ધારી. ૩

૧૨. ગુણ અપાર, મુખ એક, કહાંલોં કહિયે,
તજો સાધન ભજો, નામ શ્રી યમુનાજીકો;
લાલ ગિરિધરન વર તબહિં પૈયે. ૧
પરમ પુનિત પ્રીતકી, રીત સબ જાનકે,
દૃઢ કરિ ચરન - કમલ જુ ગ્રહિયે;
‘છીત સ્વામી’ ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
એસી નિધિ છાંડિ અબ કહાં જુ જૈયે. ૨

૧૩. ચિત્તમેં શ્રી યમુના નિસ દિન જુ રાખો,
ભક્ત કે વસ કૃપા કરત હેં સર્વદા;

એસો શ્રી યમુનાજી કો હે જુ સાખો. ૧
જા મુખતેં શ્રી યમુને યહ નામ આવે,
સંગ કીજે અબ જાય તાકો;
'ચતુર્ભુજદાસ' અબ કહત હેં સબનસોં,
તાતે શ્રી યમુને - યમુને જુ ભાખો. ૨

૧૪. પ્રાણ પતિ વિહરત શ્રી યમુના કૂલેં,
લુબ્ધ મકરંદકે, ભ્રમર જ્યોં બસ ભયે;
દેખ રવિ ઉદય, માનો કમલ ફૂલે. ૧
કરત ગુંજાર મુરલી જુ લે સાંવરોં,
સુનત બ્રજ બધુ તન સુધિ જુ ભૂલેં;
'ચતુર્ભુજદાસ' યમુને પ્રેમ - સિંધુમેં,
લાલ ગિરિધરન વર હરખી ઝૂલેં. ૨

૧૫. વારંવાર શ્રી યમુને ગુણ ગાન કીજેં,
યેહી રસનાતેં જો નામ-રસ અમૃત;
ભાગ્ય જાકે હેં સોઈ જુ પીજેં. ૧
ભાનુ - તનયા દયા અતિહીં કરુણા મયા,
ઈનકી કર આસ, અબ સદાહી જિજે;
'ચતુર્ભુજદાસ' કહે, સોઈ પ્રિય માસ રહે,
જોઈ શ્રી યમુનાજીકે, રસ જુ ભીજેં. ૨

૧૬. હેત કરિ દેત શ્રી યમુને વાસ કુંજે,
જહાં નિસ વાસર, રાસમેં રસિક વર;
કહાં લગ બરનિયેં, પ્રેમ - પુંજે. ૧
થકિત સરિતા - નીર, થકિત બ્રજ બધૂ ભીર,
કોઉ ન ધરત ધીર, મુરલી સુનિજે;
'ચતુર્ભુજદાસ' યમુને પંકજ જાનિ,
મધુપકી નાંઈ ચિત્ત લાય ગુંજે. ૨

૧૭. ભક્ત પર કરિ કૃપા શ્રી યમુને જુ એસી,
છાંડિ નિજ ધામ વિશ્રામ ભૂતલ કિયો;
પ્રકટ લીલા દિખાઈ જુ તેસી. ૧
પરમ પરમારથ કરત હેં સબનકોં,
દેત અદ્ભુત રૂપ આપ જેસી;
'નંદદાસ' યોં જાની દૃઢ કરિ ચરણ ગહે,
એક રસના કહા કહોં વિસેસી. ૨

૧૮. નેહ કારન શ્રી યમુને પ્રથમ આઈ,
ભક્ત કે ચિત્તકી વૃત્તિ સબ જાનકે;
તહાંતે અતિહિ આતુર જુ ધાઈ. ૧
જાકે મન જેસી, ઈચ્છા હતી તાહી કી,
તેસી હી આય સાધ જુ પૂજાઈ;
'નંદદાસ' પ્રભુ તા પર રિઝિ રહે,
જોઈ શ્રી યમુનાજીકો જસ જુ ગાઈ. ૨

૧૯. તાતેં શ્રી યમુને-યમુને જુ ગાઓ,
સેસ સહસ્રા મુખ નિસ દિન ગાવત;
પાર નહીં પાવત તાહી પાઓ. ૧
સકલ સુખ દેન હાર તાતેં કરો ઉચ્ચાર,
કહતહોં વારંવાર જિન ભૂલાઓ;
'નંદદાસ' કી આસ શ્રી યમુને પૂરણ કરી,
તાતેં ઘરી ઘરી ચિત્ત લાઓ. ૨

૨૦. ભાગ્ય સૌભાગ્ય શ્રી યમુને જુ દેઈ,
બાત લૌકિક તજો, પુષ્ટિ યમુને ભજો;
લાલ ગિરિધરન વર તબ મિલેઈ. ૧
ભગવદીય સંગ કર બાત ઈનકી લહેં,
સદા સાનિધ્ય રહે કેલિમેંઈ;
'નંદદાસ' જા પર કૃપા શ્રી વલ્લભ કરે.
તાકે શ્રી યમુને સર્વસ જુ દેઈ. ૨

૨૧. નામ મહિમા એસી જુ જાનો,
મર્યાદાદિક કહે, લૌકિક સુખ લહે;
પુષ્ટિકોં પુષ્ટિ-પથ, નિશ્ચે માનો. ૧
સ્વાતિ જલ - બુંદ જબ પરત હે જાહિમેં,
તાહિમેં હોત તેસો જુ વાનો;
શ્રી યમુને કૃપા સિંધુ જાની, સ્વાતિ જલ બહુ માનિ,
‘સૂર’ ગુણ-પૂર, કહાંલો બખાનોં. ૨

૨૨. ભક્ત કોં સુગમ, શ્રી યમુને અગમ ઓરેં,
પ્રાતહીં નહાત, અઘ જાત તાકે સકલ;
યમહૂં રહત તાહિ હાથ જોરે. ૧
અનુભવી બિના અનુભવ કહા જાન હિ,
જાકો પિયા નહીં ચિત્ત ચોરે;
પ્રેમ કે સિંધુકો મરમ જાન્યો નહીં,
‘સૂર’ કહે, કહા ભયો દેહ બોરે. ૨

૨૩. ફલ ફલિત હોય ફલ રૂપ જાને,
દેખીહું ના સુની, તાહીકી આપુની;
તાકી બાત કહો કેસેં જુ માને. ૧
તાહિકે હાથ નિરમોલ નગ દીજિયે,
જોઈ નીકે કરિ પરખિ જાને;
‘સુર’ કહે કૂરતેં દૂર બસિયે સદા,
શ્રી યમુનાજીકોં નામ લીજેં જુ છાને. ૨

૨૪. શ્રી યમુને-પતિ-દાસ કે ચિન્હ ન્યારે,
ભગવદીકોં ભગવત્સંગ મિલિ રહે;
જાકે હિયે બસત પ્રાણ પ્યારે. ૧
ગૂઢ શ્રી યમુને બાત સોઈ અબ જાનહીં,
જાકે મન મોહન નેન તારે;
‘સૂર’ સુખ સાર નિરધાર વે પાવહીં,
જા પર હોય શ્રી વલ્લભ કૃપા રે. ૨

૨૫. શ્રી યમુને રસ ખાનકોં, શિષ નાઊં,
એસી મહિમા જાન, ભક્તકોં સુખ દાન;
જોઈ માંગોં સોઈ જુ પાઊં. ૧
પતિત પાવન કરન, નામ લીનો તરન,
દૃઢ કર ગહિ ચરન, કહૂં ન જાઊં;
‘કુંભનદાસ’ લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી ચાહત, નહીં પલક લાઊં. ૨

૨૬. શ્રી યમુને અગનિત ગુન, ગિને ન જાઈ,
યમુને તટ - રેણુતેં, હોત હે નવીન તનુ;
ઈનકે સુખ દેનકી, કહા કરોં બડાઈ. ૧
ભક્ત માંગત જોઈ, દેત હે તિહીં છિનુ,
સો એસી કો, કરે પ્રણ નિવાઈ;
‘કુંભનદાસ’ લાલ ગિરિધરન મુખ નિરખત.
કહો કેસેં કરિ મન અઘાઈ. ૨

૨૭. શ્રી યમુને પર તન, મન, ધન, પ્રાણ વારોં,
જાકી કિરતિ વિસદ, કોન અબ કહિ સકે;
તાહિ નેનનતેં ન નેક ટારોં. ૧
ચરણ કમલ ઈનકે જુ ચિંતત રહોં,
નિસદિના નામ મુખતેં ઉચ્ચારોં;
‘કુંભનદાસ’ કહે, લાલ ગિરિધરન મુખ,
ઈનકી કૃપા ભઈ તબ નિહારોં. ૨

૨૮. ભક્ત ઈચ્છા પૂરન શ્રી યમુને જુ કરતા,
બિના માંગેહુ દેત, કહાંલોં કહોં હેત;
જેસેં કાહુકો કોઊ હોય ધરતા. ૧
શ્રી યમુના પુલિન રાસ, બ્રજ-બધૂ લિયે પાસ,
મંદ-મંદ હાસ કર, મન જુ હરતા;
‘કુંભનદાસ’ લાલ ગિરિધરન સુખ નિરખત,
યહી જિય લેખત શ્રી યમુને જુ ભરતા. ૨

૨૯. રાસ-રસ-સાગર શ્રી યમુને જુ જાની,
બહત ધારા તન પ્રતિ છિન નૌતન;
રાખત અપને ઉરમેં જુ ઠાની. ૧
ભક્તકો સહે ભાર, દેતજુ પ્રાણ - આધાર,
અતિહીં બોલત મધુર - મધુર બાની;
'શ્રી વિઠ્ઠલ' - ગિરિધરન વર બસ કિયે.
કોનપેં જાત મહિમા બખાની. ૨

૩૦. ભક્ત - પ્રતિ પાલ, જંજાલ ટારે,
અપને રસ - રંગમેં, સંગ રાખત સદા;
સર્વદા જો શ્રી યમુને નામ ઉચ્ચારે. ૧
ઈનકી કૃપા અબ કહાં લગ બરનિયે,
જેસેં રાખત જનની પુત્ર બારેં;
'શ્રી વિઠ્ઠલ' - ગિરિધરન સંગ વિહરત,
ભક્તકોં એક છિનુ ના બિસારે. ૨

૩૧. કોનપેં જાત શ્રી યમુને જુ બરની,
સબહીકો મન મોહત મોહન;
સો પિયાકો મન હે જુ હરની. ૧
ઈન બિના એક છિન, રહત નહિ જીવન ધન,
બ્રજચંદ મન આનંદ કરની;
'શ્રીવિઠ્ઠલ' - ગિરિધરન સહિત આય.
ભક્તકે હેત અવતાર ધરની. ૨

૩૨. શ્રી યમુનાજીકો નામ લે સોઈ સુહાગી,
ઈનકે સ્વરૂપકો સદા ચિંતન કરત;
કલ ન પરત, જાય લેહ લાગી. ૧
પુષ્ટિ-મારગ મરમ, અતિહી દુર્લભ,
કરમ છાંડ સગરે, પરમ પ્રેમ પાગી;
'શ્રી વિઠ્ઠલ-ગિરિધરન' એસી નિધિ,
ભક્તકોં દેત હેં બિના માગી. ૨

૩૩. શ્રી યમુનાકે નામ અઘ દૂર ભાજે,
જિનકે ગુન સુનન કોં, લાલ ગિરિધરન પિય;
આય સન્મુખ, તાકે બિરાજે. ૧
તિહિં છિનું કાજ, તાકે સગરે સરે,
જાયકે મિલત, બ્રજ બધૂ સમાજે;
'કૃષ્ણદાસનિ' કહે, તાહિ અબ કોન ડર,
જાકે ઉપર, શ્રી યમુનેસી ગાજે. ૨

૩૪. શ્રી યમુનાજીકો નામ તેઈ જુ લેહેં,
જાકી લગન લાગી નંદલાલ સોં;
સર્વસ્વ દેકેં નિકટ રહે હેં. ૧
જિનહીં સુગમ જાનિ, બાત મનમેં જુ માનિ,
બિના પહેચાનિ કૈસે જુ પૈયે;
'કૃષ્ણદાસનિ' કહે શ્રી યમુને નામ નૌકા,
ભક્ત ભવ - સિંધુતેં યોંહિ તરિયે. ૨

૩૫. શ્રી યમુને તુમસી, એક હો જુ તુમહીં,
કરિ કૃપા દરસ, નિસ વાસર દીજિયે;
તિહારે ગુન ગાન કોં, રહે ઉદ્યમહીં. ૧
તિહારે પાયેતેં, સકલ નિધિ પાવહીં,
ચરણ કમલ ચિત્ત, ભ્રમર ભ્રમહી;
'કૃષ્ણ દાસનિ' કહેં, કોન યહ તપ કિયો,
તિહારે ઢિંગ રહત હેં, લતા દ્રુમહીં. ૨

૩૬. એસી કૃપા કીજિયેં, લીજિયેં નામ,
શ્રીયમુને જગવંદની, ગુણ ન જાત કાહુ ગિની;
જિનકે એસે ધની, સુંદર શ્યામ. ૧
દેત સંયોગ રસ, એસે પિયુ હે જુ બસ,
સુનત તિહારો સુજસ, પૂરે સબ કામ;
'કૃષ્ણ દાસનિ' કહે, ભક્ત હિત કારને,
શ્રી યમુને એક છિન, નહિ કરે વિશ્રામ. ૨

૩૭. શ્રી યમુને કે સાથ, અબ ફિરત હેં નાથ,
ભક્ત કે મનકે, મનોરથ પૂરન કરત;
કહાંલો કહિયે, ઈનકી જુ ગાથ. ૧
વિવિધ શૃંગાર, આભૂષણ પહેરેં,
અંગ - અંગ શોભા બરની ન જાત;
'દાસ પરમાનંદ', પાયે અબ બ્રજચંદ,
રાખે અપને સરન, બહે જુ જાત. ૨

૩૮. શ્રી યમુને કી આસ, અબ કરત હેં દાસ,
મન-કર્મ-વચન, કર જોરિકેં માગત;
નિસ દિના રાખિયે, અપને જુ પાસ. ૧
જહાં પિય રસિક વર, રસિકનિ રાધિકા,
દોઊ જન, સંગ મિલ કરત રાસ;
'દાસ પરમાનંદ', પાયે અબ બ્રજચંદ,
દેખિ સિરાને, નેન મંદ હાસ. ૨

૩૯. શ્રી યમુને પિયકોં, બસ તુમ જુ કીને,
પ્રેમકે ફંદતેં, ગહિ જુ રાખે નિકટ;
એસે નિરમોલ, નગ મોલ લીને. ૧
તુમ જુ પઠાવત, તહાં અબ ધાવત,
તિહારે રસ-રંગમેં, રહન ભીને;
'દાસ પરમાનંદ', પાયે અબ બ્રજચંદ,
પરમ ઉદાર, શ્રી યમુને જુ દીને. ૨

૪૦. શ્રી યમુને સુખ કારની પ્રાણ પતિકે,
જિન્હે ભૂલી જાત પિય, તિન્હે સુધિ કરી દેત;
કહાંલોં કહિયેં, ઈનકે જુ હિતકે, ૧
પિય સંગ ગાન કરે, ઉમંગિ જ્યોં રસ ભરે,
દેત તારી કર, લેત ઝટકે;
'દાસ પરમાનંદ', પાયે અબ બ્રજચંદ,
યેહી જાનત, સબ પ્રેમ ગતિકે. ૨

૪૧. શરણ-પ્રતિ પાલ, ગોપાલ રતિ-વર્ધિની,
દેત પતિ-પંથ, પિય-કંથ સન્મુખ કરત;
અતુલ કરુણા મયી, નાથ-અંગ અર્ધિની. ૧
દીન જન જાન, રસ - પુંજ કુંજેશ્વરી.
રમત રસ - રાસ, પિય - સંગ નિસ સરદની;
ભક્તિ દાયક, સકલ ભવ સિંધુ - તારિણી,
કરત વિધ્વંસ, જન અખિલ અઘ-મર્દિની. ૨
રહત નંદ સૂનુ, તટ નિકટ નિસ દિન સદા,
ગોપ - ગોપી રમત, મધ્ય રસ - કંદની;
કૃષ્ણ તન-વર્ણ, ગુણ-ધર્મ-શ્રી કૃષ્ણ કે,
કૃષ્ણ - લીલા મયી, કૃષ્ણ - સુખ કંદની. ૩
પદ્મજા પાય, તૂ - સંગ હી મુરીરપુ,
સકલ સામર્થ્ય મયી, પાપકી ખંડની;
કૃપા-રસ-પૂર, વૈકુંઠ - પદકી સિઢી,
જગત વિખ્યાત, શિવ - શેષ શિર મંડની. ૪
પર્યો પદ - કમલ - તર, ઔર અબ છાંડકે,
દેખ દગ કર દયા, હાસ્ય - મુખ - મંદની;
ઉભય કર જોર, 'કૃષ્ણદાસ' વિનતિ કરે,
કરો અબ કૃપા, કલિંદ - ગિરિ - નંદિની. ૫

* * *

## પુષ્ટિમાર્ગીય સંક્ષિપ્ત સેવા-રીતિ

**સંકલન : શ્રી હસમુખભાઈ વી. દેસાઈ**

**નિત્યક્રમ - જગાવવાની રીત,**

૧. વૈષ્ણવનો ધર્મ છે કે સવારે ઊઠી પ્રથમ તો પ્રાતઃકાલમાં શ્રીઠાકોરજીનું સ્મરણ કરવું.

૨. શ્રીઠાકોરજીની સેવા કરવી છે, સામગ્રી તૈયાર કરવી છે, સેવામાં મોડું થશે એમ ચિંતન કરતાં ઉઠવું.

૩. પછી ગળામાંની તુલસી-માલાનાં દર્શન કરવાં.

૪. શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજી તથા નિજ ગુરુનું સ્મરણ કરી નમસ્કાર કરવા.

૫. સ્નાન કરવાને શરીર અશક્ત હોય ત્યારે ચરણામૃત લેવાથી દેહશુદ્ધિ થાય છે.

૬. જેવી રીતે સ્નાન કરવાથી દેહ શુદ્ધિ થાય છે, તેમ અંતઃકરણની શુદ્ધિ તો ચરણામૃત લેવાથી થાય છે.

૭. વૈષ્ણવોને જ્યારે અસમર્પિત ખાવાપીવાનો પ્રસંગ આવે ત્યારે ચરણામૃત પધરાવીને અને શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ કરીને લેવું.

૮. વૈષ્ણવ કંઠી વિના જીવન પર્યંત રહે નહિ, અને કોઈ શુભ ક્રિયા કરી શકે જ નહિ.

૯. દેહકૃત્ય કરી મુખશુદ્ધિ માટે દાતણ કરવું. પછી તેલ મર્દન કરીને સ્નાન કરવું ત્યારે આ શ્લોક બોલવો.

> શ્રીકૃષ્ણ વલ્લભે દેવિ, યમુને તાપહારિણિ ।
> સેવાયૈ સ્નાતુમિચ્છામી, જલેસ્મિન સન્નિધિં કુરુ ॥

૧૦. પછી શરીરને વસ્ત્રથી લુછી, અપરસ વસ્ત્ર પહેરી ચરણામૃત લેવું, તે સમયે નીચેનો શ્લોક બોલવો. ચરણામૃત લઈ, માટી લગાવી હાથ ખાસા કરવા (શુદ્ધ જળથી ધોવા.)

> ''અકાલ-મૃત્યુ-હરણં, સર્વ વ્યાધિવિનાશનં-
> શ્રીકૃષ્ણ પાદોદકં તીર્થં, સર્વ-પાપ-પ્રણાશનં''

૧૧. પછી તિલક કરવું, પછી નિજ ઠાકોરજીના મંદિર પાસે જઈ દંડવત કરી શ્રીઠાકોરજી જાગી જાય નહિ એમ ધીમેથી નીચેનો શ્લોક બોલવો

> ''ભગવદ્ધામ ભગવાન, નમસ્તેઽલંકરોમિ તત્,
> અંગીકુરુ હરેરર્થં ક્ષાત્વા, પાદોપસર્પણમ.''

આ શ્લોક ભણતાં મંદિરને ભગવત્ સ્વરૂપની ભાવના અથવા શ્રીનંદરાયજીના ઘરની ભાવના કરવી. કમાડને સ્વામિનીજીનાં નેત્રની પાંપણની ભાવના કરવી. પછી નંદ-સુનંદ વગેરે દ્વારપાલોનું સ્મરણ કરતાં શ્રીયશોદાજી, રોહિણીજી, સખા ગોવાળિયા તથા રહસ્ય લીલામાં લલિતાજી, વિશાખાજી વગેરે સખીઓનું સ્મરણ કરી, નમસ્કાર કરીને વિનંતી કરવી કે 'શ્રી મહાપ્રભુજી તથા શ્રીગુંસાઈજીની' કાનિથી શ્રીયુગલ સ્વરૂપની સેવા માટે મને શ્રીઠાકોરજી દર્શન આપે એવી કૃપા મારા પર કરો. એમ વિનંતી કરીને મંદિરના દ્વાર ધીમેથી ઉઘાડવાં. પછી શુદ્ધ જળથી હાથ ધોવા, પછી વ્રજની ગાયોનાં કંઠમાં રહેલા ઘંટની ભાવનાથી ત્રણ વાર ઘંટનાદ કરવો. (વૈષ્ણવોને ત્યાં શંખનાદ કરવો નહીં)

પછી મંદિરમાં જઈ ધીમેથી શય્યા ભોગના બંટા, માલા, બીડાં, ઝારી વગેરે ઉઠાવી ખાલી કરવાં, પછી મંદિરમાં બુહારી કરી ભીનું વસ્ત્ર ફેરવવું-સિંહાસન ગાદી તકીયા ઝાટકી, પિછવાઈ વગેરે બદલવાં, પછી ઝારીને સ્વચ્છ કરી જળ ભરવું. લાલ વસ્ત્ર શ્રીયશોદાજીની સાડીની ભાવનાથી લપેટી ઝારી શ્રીઠાકોરજીની ડાબી તરફ ધરવી. સવારે મંગલામાં, શૃંગારમાં રાજભોગ ધરતાં પહેલાં, રાજભોગ સરાવ્યા પછી, ઉત્થાપનમાં, શયનભોગ ધરતાં પહેલાં અને પછી એમ છ વાર ઝારીજી ભરવાં. ઉત્સવમાં બે ઝારી વધારે ભરવી.

મંગળ ભોગમાં સુગંધી ઉકાળેલું દૂધ, દહીં, ખાંડ, મલાઈ, માખણ, સાકર ધરવાં. મગજ વગેરે નાગરી કે અનસખડી નિત્ય નવી ધરવી. આવી રીતે મંગળ ભોગ તૈયાર કરવો. શ્રી મહાપ્રભુજી શ્રીઠાકોરજીનું મુખરાવિંદ છે એવી ભાવના કરીને શ્રીઠાકોરજી તથા શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરી, કીર્તન કરતાં શ્રીઠાકોરજીને જગાડવા.

(૧) શિયાળો હોય તો હાથ અંગીઠી ઉપર ગરમ કરીને પ્રભુને જગાવવા.

(૨) યુગલ સ્વરૂપ હોય તો સિંહાસન ઉપર સાથે પધરાવવા, નહિ તો ભાવના કરવી. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, પોતાના ગુરુ, અષ્ટ સખા અને ચોર્યાસી વૈષ્ણવની કાનિથી મંગલ ભોગ આરોગજો. આમ કાની આપી ટેરો કરવો. ટેરો છે તે માયારૂપ છે. વાત્સલ્ય ભાવમાં ટેરો કરવાથી કોઈની નજર ન લાગે શ્રીયશોદાજીના બાલભાવથી મંગલ ભોગ ધરવો.

(૩) પછી શય્યા મંદિરમાં જઈને શય્યા ઉઠાવી, તે જગ્યાએ મંદિરવસ્ત્ર કરવું. શય્યા ભક્તનું સ્વરૂપ છે. શય્યા ઉપરનું વસ્ત્ર ભક્તનું હૃદય છે. બે તકિયા ભક્તોનો હાથ છે.

(૪) શીતકાલનો સમય હોય તો અંગીઠી-સગડી સન્મુખમાં રાખવી. મંગળભોગ સરાવી, આચમન કરાવી ઝારી ભરવી, બીડાં ધરવાં.

(૫) પછી આરતી કરવી - શિયાળાની ઋતુ હોય તો સોળ વાટની અને ઉનાળો હોય તો ચાર વાટની આરતી થાય છે. વૈષ્ણવોને ઘેર ભાવનાથી આરતી થઈ શકે.

(૬) પછી દંડવત કરી હાથ ધોઈને શ્રીને સ્નાન કરાવવું. સ્વરૂપ સેવા હોય તો થાળીમાં ચોકી ઉપર ચાદર બિછાવી, તનિયો ધરી, ફૂલેલ લગાવી, નિત્ય સ્નાન કરાવવું.

(૭) બાલ સ્વરૂપને સ્નાન કરાવતાં ફૂલેલમાં ચંદન પધરાવી સ્નાન કરાવવું.

(૮) અભ્યંગનો દિવસ હોય તો આંબળા પલાળી, તે પાણીને ગાળી તેમાં હળદર, સૂકાં તુલસી તથા ફૂલેલ પધરાવી શ્રીઠાકોરજીનો અપરાધ ન થાય તેમ સ્નાન કરાવવું. સ્નાન કરાવતાં દૃષ્ટિદોષ ન લાગે માટે સ્નાન કરાવતાં વધેલા જળનો લોટો શ્રી ઠાકોરજી ઉપર ફેરવીને લોટાનું જળ થાળીમાં રેડી દેવું. પછી ભીનાશ જાય તેમ કોમળ રીતે અંગવસ્ત્ર કરવું.

(૯) અભ્યંગ સ્નાન દર શનિવારે થાય છે.

(૧૦) જન્માષ્ટમીના દિવસે પંચામૃત સ્નાન થાય છે.

(૧૧) પંચામૃત-સ્નાનમાં પ્રથમ દૂધ, પછી દહીં, પછી ઘી, પછી મધ, અને પછી ખાંડ અને ફરીથી દૂધ વડે એ પ્રમાણે સ્નાન કરાવવું.

(૧૨) શીતકાળમાં ઉષ્ણ અને ઉનાળામાં સહેજ સોહાતું જળ સ્નાન માટે લેવું. ફક્ત સ્નાનયાત્રાના દિવસે જ શીતળ જળથી સ્નાન કરાવવું.

(૧૩) પછી શ્રીઠાકોરજીનું શ્યામ સ્વરૂપ હોય તો શ્રીઅંગ ઉપર ચોવા અર્પણ કરવું. અને ગૌર સ્વરૂપ હોય તો અત્તર સમર્પણ કરવું.

(૧૪) શ્રીઠાકોરજીનું મોટું સ્વરૂપ હોય તો તનિયો ધરવો.

(૧૫) શીતકાલમાં રૂએલ વાઘા અને ઉનાળામાં ઓઢણી ધરવી, અને વિવિધ શૃંગાર આભૂષણ ધરવાં, પુષ્પમાળા ધરવી, પછી મુરલી ધરવી. જ્યારે હૃદયમાંથી લૌકિક વૈદિક વાસના છોડી, કેવળ ભક્તિ-રસ માટે શ્રીઠાકોરજીની પાસે મુરલી આવી ત્યારે તેનો શુદ્ધ ભાવ જોઈ શ્રીઠાકોરજીએ એને પોતાનો આનંદ આપવા માટે અધર પર ધરીને અધરામૃત આપ્યું છે. વગેરે ભાવ વિચારવા.

(૧૬) એવી રીતે પુષ્ટિમાર્ગમાં જીવ મુરલીની પેઠે સાંસારિક વાસનાઓ છોડે અને ભગવદ્-રસમાં લીન થાય ત્યારે મુરલીની પેઠે એને રસની પ્રાપ્તિ થાય.

(૧૭) પાઘ શ્રી યમુનાજીનો ભાવ છે.

(૧૮) મુકુટ શ્રી સ્વામિનીજીનો ભાવ છે.

(૧૯) ટોપી શ્રી યશોદાજીના ભાવથી પ્રભુ ધારણ કરે છે.

(૨૦) સાત્ત્વિક ભક્તોના ભાવથી ફેંટાને ધારણ કરે છે.

(૨૧) શ્રી આચાર્યજીએ પોતે મોરપીચ્છનો મુકુટ તથા ચંદ્રિકા અને પાઘ ધરાવ્યા છે.

(૨૨) કુલેહ ઉત્સવમાં ધરાય છે.

(૨૩) શ્રીનવનીતપ્રિયજી તથા શ્રી બાલકૃષ્ણજીને ફક્ત વેણુ ધરાય છે, વેત્ર નથી ધરાતું.

(૨૪) વેત્ર તો ઠાડા સ્વરૂપને ધરાય છે.

(૨૫) પછી દર્પણ દેખાડી ચરણ સ્પર્શ કરવાં.

(૨૬) શ્રીઠાકોરજીનાં ચરણાવિંદ ભક્તિનું સ્વરૂપ છે. તેને સ્પર્શ કરવાથી ભક્તિ હૃદયમાં આવે છે ને ભક્તિ ભાવ વધે છે. અને મન આનંદમાં રહે છે.

(૨૭) પછી માળાજી વડાં કરવાં અને શૃંગાર ભોગમાં દૂધગર-મેવા-મીસરી ધરવાં.

(૨૮) ગોપી વલ્લભ ભોગ વૈષ્ણવને ત્યાં ધરાતો નથી.

(૨૯) શ્રીયશોદાજીના ભાવથી ઠાકોરજી પલના ઝૂલે છે. જ્યાં સુધી રાજભોગની સામગ્રી સિદ્ધ થાય ત્યાં સુધી પલનામાં ઝૂલે.

(૩૦) હંમેશા પોતાના વૈભવનો વિચાર કરીને જ રાજભોગ વગેરેમાં દરેક સામગ્રી ધરવી. પદ્મનાભદાસના છોલા અને સંતદાસજીના ચણા પણ પ્રભુ આરોગ્યા હતા.

(૩૧) પછી ધૂપદીપ કરવા અને ભોગ સામગ્રીમાં તુલસી ધરવાં. તુલસીજી સામગ્રીમાં પધારે ત્યારે સામગ્રીનો દોષ નિવૃત થાય છે.

(૩૨) તુલસી ધરતાં પંચાક્ષર મંત્ર ભણવો.

(૩૩) અપરસમાં ગદ્યમંત્ર બોલાય છે.

(૩૪) શ્રીઠાકોરજીને તુલસી બહુ જ પ્રિય છે.

(૩૫) રાજભોગ સમર્પણ કર્યા પછી પોતે પાઠ વગેરે કરવા.

(૩૬) વધારેમાં વધારે અડતાલીસ મિનિટ સુધી અથવા અનુકૂળતા પ્રમાણે ટેરો રાખવો.

(૩૭) પ્રભુ ભોગ આરોગે ત્યારે શિયાળામાં ભોજનના અને ઉષ્ણકાળમાં તથા વર્ષાકાળમાં છાકનાં પદ બોલવાં.

(૩૮) પછી આચમન, મુખવસ્ત્ર કરી બીડાં આરોગાવવાં.

(૩૯) પછી ભોગ સરાવી, ચોકી ઉઠાવી, ધોઈ મંદિર વસ્ત્ર કરવું.

(૪૦) તુલસીદલ રાજભોગ સમયે ડાબા ચરણારવિંદમાં ધર્યા હોય તે વડાં કરવાં.

(૪૧) પછી પુષ્પમાળા ધરવી.

(૪૨) પછી આરતી કરવી.

(૪૩) ઉનાળાનો સમય તથા ગરમી હોય તો દિવાળી સુધી પંખા રાખવા.

(૪૪) ખંડપાટ ચોકી ચોપાટ વગેરે ધરવાં પછી દર્પણ દેખાડવું. રાજભોગ આરતી કરવી.

(૪૫) અખાત્રીજથી રથયાત્રા સુધી ચંદનનો બંટો અનોસરમાં ધરવો.

(૪૬) સિંહાસનથી શય્યા સુધી વસ્ત્ર પાથરવું. તેને પેંડો બિછાવવો કહે છે.

(૪૭) પછી મંદિરને તાલા મંગલ કરવા.

(૪૮) પ્રથમ ગૌગ્રાસ કાઢવો.

(૪૯) વૈષ્ણવોના હૃદયમાં શ્રીઠાકોરજી બિરાજે છે, એમ ધારી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો. પછી પોતે પ્રસાદ લેવો.

(૫૦) પોતાના મુખ હાથ શુદ્ધ કરી વૈષ્ણવોને પ્રસાદી બીડાં આપવાં અને પોતે લેવાં.

(૫૧) પછી વ્યાપાર ઉદ્યોગ અર્થે જવું અથવા બે ઘડી સૂવું.

(૫૨) પછી ત્રણ કલાક દિવસ બાકી રહે ત્યારે સ્નાન કરી અપરસમાં ઉત્થાપનની સામગ્રી (લીલા મેવા વગેરે) ઋતુ અનુસાર તૈયાર કરવા.

(૫૩) લીલા મેવા સાથે ઉત્થાપનમાં અખાત્રીજથી રથયાત્રા સુધી મગની કે ચણાની પલાળેલી દાળ અને સાકર-એલચી મીશ્રિત જળ - પનો ધરવો.

(૫૪) રથયાત્રાથી જન્માષ્ટમી સુધી ચણા કે મગની પલાળેલી દાળ, મરી મીઠું નાંખી ધરવી.

(૫૫) પ્રબોધિનીથી ડોલ સુધી શેરડી તથા તેનો રસ-અનસખડી વગેરે ધરવું.

(૫૬) ત્રણ વાર ઘંટા વગાડી શ્લોક બોલી મંદિરમાં જવું.

(૫૭) પછી પેંડાને ઉઠાવી કમાડ ખોલવાં અને ઝારી ભરીને ધરવી.

(૫૮) પછી ભોગ ધરવો.

(૫૯) પછી સમયાનુસાર આચમન કરાવી ભોગ સરાવવો.

(૬૦) શિયાળામાં ભોગ ધર્યા પછી અંગીઠી ધરવી ને ઉનાળામાં પાણીનો છંટકાવ કરવો.

(૬૧) ભોગ સમયનો ભોગ વૈષ્ણવને ઘેર ભાવના જ કરવી, ધરવો નહિ.

(૬૨) વૈષ્ણવને ઘેર સંધ્યા આરતી પણ હોય નહિ.

(૬૩) પછી શૃંગાર વડા કરવા, કર્ણફૂલ, વેસર, તિલક, ચિબુક, કંઠસરી તથા કટિ કિંકિણી, પહોંચી, નૂપુરના શૃંગાર વડા કરવા નહિ.

(૬૪) પછી ઝારી ભરવી

(૬૫) ડબરા ભોગ વૈષ્ણવને ત્યાં હોય નહિ.

(૬૬) શયનભોગમાં દૂધ, દૂધભાત વગેરે સામગ્રી, સંધાણું વગેરે ધરવા, સખડી ધરવાનું રોજ ન બને તો દૂધ તો અવશ્ય ધરવું.

(૬૭) ભોગ ધરી કાનિ આપી બહાર આવવું.

(૬૮) પછી થોડો સમય થાય ત્યારે આચમન મુખવસ્ત્ર કરી બીડાં ધરવાં

(૬૯) બીડાં જમણી બાજુએ ધરવાં.

(૭૦) શયન આરતી વૈષ્ણવને ત્યાં ન હોય.

(૭૧) પછી વાઘા વડા કરવા.

(૭૨) પાઘ અથવા ટોપી ધરી રાખવી.

(૭૩) બે ઝારી ન બને તો એક ઝારી તો અવશ્ય ધરવી.

(૭૪) બંટો ભરવો. મીસરી વગેરે પણ ધરવાં.

(૭૫) પછી રીતિ અનુસાર ઠાકોરજીને પોઢાડવા.

(૭૬) સ્વામિનીજી હોય તો વામ ભાગે પોઢાડવાં, અને ઓઢાડવું.

(૭૭) પછી વૈષ્ણવે મહાપ્રસાદ લઈ, ભગવદ્ વાર્તા કીર્તન કરીને સૂવું.

**- ('વીણેલાં મોતી'માંથી સાભાર)**

# શ્રીવલ્લભશરણાષ્ટકમ્

નિ:સાધનજનોદ્ધારકરણપ્રકટીકૃત: ।
ગોકુલેશસ્વરુપ: શ્રીવલ્લભ: શરણં મમ ॥૧॥

ભજનાનંદદાનાર્થં પુષ્ટિમાર્ગપ્રકાશક: ।
કરુણાવરણીય: શ્રીવલ્લભ: શરણં મમ ॥૨॥

સ્વામિનીભાવસંયુક્ત ભગવદ્ભાવભાવિત: ।
અત્યલૌકિક મૂર્તિ: શ્રીવલ્લભ: શરણં મમ ॥૩॥

શ્રીકૃષ્ણવદનાનંદો વિયોગાનલમૂર્તિમાન્ ।
ભક્તિમાર્ગાબ્જભાનુ: શ્રીવલ્લભ: શરણં મમ ॥૪॥

રાસલીલારસભર સમાક્રાંતાડખિલાંગભૃત્ ।
ભાવરુપાખિલાંગ શ્રીવલ્લભ: શરણં મમ ॥૫॥

શ્રીભાગવતભાવાર્થાવિર્ભાવાર્થાવતારિત: ।
સ્વામિસંતોષહેતુ: શ્રીવલ્લભ: શરણં મમ ॥૬॥

વલ્લવી વલ્લભાંત:સ્ય લીલાનુભવ વલ્લભ: ।
અન્યાસ્ફૂરણરુપ: શ્રીવલ્લભ: શરણં મમ ॥૭॥

જિતાંભોજપદાંભોજ વિભૂષિત વસુંધર: ।
સદા ગોવર્ધનસ્થ: શ્રીવલ્લભ: શરણં મમ ॥૮॥

અનન્યસ્તન્મના નિત્યં પઠેદ્ય: શરણાષ્ટકમ્ ।
સ લભેત્સાધનાભાવમુક્તોડપ્યે તત્પદાશ્રય: ॥૯॥

। ઇતિ શ્રીહરિરાયજી વિરચિતં શ્રીવલ્લભશરણાષ્ટકં સંપૂર્ણમ્ ।